BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# BACHELOR OF SOCIAL WORK



## BSWR-501
## કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-501**

# કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

વિભાગ

# 1

## કુટુંબનો પારંપારિક ખ્યાલ


**એકમ–1** કુટુંબનો અર્થ અને તેના લક્ષણ

**એકમ–2** કુટુંબ વ્યવસ્થાના કાર્યો

**એકમ–3** કુટુંબના પ્રકાર

**એકમ–4** પુનર્લગ્ન આધારિત કુટુંબો

**એકમ–5** વૈકલ્પિક કુટુંબ

**ISBN : 978-93-91071-83-7**

## લેખક


| | |
|---|---|
| **ડૉ. વિપીન મકવાણા** | નિયામક, ગ્રામ સેવા કેન્દ્ર,<br>દેથલી, ગૂજરાત વિદ્યાપીઠ. |


## પરામર્શક (વિષય)


| | |
|---|---|
| **ડૉ. નયનેશ એ. ગઢવી** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>ગુજરાત વિનયન અને વિજ્ઞાન કોલેજ,<br>અમદાવાદ. |


## પરામર્શન (ભાષા)


| | |
|---|---|
| **ડૉ. હેતલ ગાંધી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનો–શારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનો–શારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

# દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ–અવરોહ, ભાવ–ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઊણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ–અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ–અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન–મૂલ્યાંકન પણ કરે છે.

## <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-501 કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર


વિભાગ–1 : કુટુંબનો પારંપારિક ખ્યાલ

એકમ–1 કુટુંબનો અર્થ અને તેના લક્ષણ

એકમ–2 કુટુંબ વ્યવસ્થાના કાર્યો

એકમ–3 કુટુંબના પ્રકાર

એકમ–4 પુનર્લગ્ન આધારિત કુટુંબો

એકમ–5 વૈકલ્પિક કુટુંબ

વિભાગ–2 : કુટુંબના કાર્યો તરીકે લગ્ન સંસ્થા

એકમ–1 લગ્ન : એક સંસ્થા તરીકે

એકમ–2 દરમિયાનગીરીની વ્યૂહરચના-કુટુંબ સહાય માટે કાર્યરત એજન્સીઓની ભૂમિકા અને કાર્યો

એકમ–3 લગ્ન પૂર્વે, દામ્પત્ય અને છૂટાછેડા વિશે પરામર્શન

એકમ–4 કુટુંબમાં કટોકટી સમયે દરમિયાનગીરી, ઉપચાર અને લોકપેરવી

એકમ–5 સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ અને કેસ વિશેની રજૂઆત

વિભાગ–3 : માનસિક અસ્વસ્થતા

એકમ–1 વ્યાખ્યા, કારણો, કૌટુંબિક વ્યવસ્થાની અસરો તેમજ વર્તમાન પ્રવાહો

એકમ–2 વૈવાહિક ભંગાણ – ત્યકત્વું, છૂટાછેડા, અલગ થવું, તેના પ્રકારો, પ્રક્રિયા અને નિર્ણયાત્મક પરિબળો

એકમ–3 કૌટુંબિક હિંસા : વ્યાખ્યા અને પ્રકારો

વિભાગ–4 : કુટુંબ અને કૌટુંબિક બાબતો

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન : ખ્યાલ અને લાક્ષણિકતાઓ

વિભાગ–5 : સામાજિક પરિવર્તન

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 સામાજિક પરિવર્તનના કારણો અને તેની અસરો

એકમ–3 વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં આવતા પરિવર્તનો

## ઘટક પરિચય :

સમાજશાસ્ત્ર સમાજજીવનનાં જુદાં–જુદાં પાસાંઓનો અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન છે. સમાજનાં એક પાયાના અંગ તરીકે કુટુંબનો અભ્યાસ જરૂરી છે. કુટુંબનું સમાજશાસ્ત્ર, કુટુંબ અને સમાજ વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરે છે. જેમાં પરિવર્તન પામતા સમાજજીવનની વિવિધ બાબતો વિશેની માહિતી અને જાણકારી સામાજિક કાર્યકર્તાઓને મળી રહે છે. સામાજિકરણની પ્રક્રિયામાં કુટુંબજીવન, લગ્નજીવન અને સગાઈ જેવાં સંબંધોની વિશિષ્ટ પ્રકારની ભૂમિકા છે.

આપણે આદિમાનવથી લઈ આધુનિક માનવ સુધીની સફરને જો તપાસીએ તો, કુટુંબનું મહત્ત્વ અને તેની ઉપયોગિતા વિશેનો ખ્યાલ આવી શકે છે. પ્રજોત્પાદન અને બાળઉછેર જેવા મહત્ત્વનાં કાર્યો કુટુંબ સંસ્થા દ્વારા થાય છે. વ્યક્તિના ઘડતર ઉપર શાળા કોલેજ, મિત્ર–વર્તુળ વગેરેની એક ચોક્કસ ભૂમિકા છે; પરંતુ, આ બધામાં સૌથી મહત્ત્વની ભૂમિકા કુટુંબની છે. કુટુંબ વ્યક્તિને જીવન ઘડતર અને વિકાસ માટેના પાયાના પદાર્થપાઠ ભણાવે છે. દરેક વ્યક્તિ કુટુંબ પાસેથી ઘણું શીખી શકે છે અને જે શીખે છે, તેની ઘણી અસર તેના જીવનકાળ દરમિયાન રહે છે. જુદાં– જુદાં સમાજશાસ્ત્રીઓએ માનવના કુટુંબજીવનના વિવિધ પાસાંઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરેલો છે. સમાજકાર્યના એક વિદ્યાર્થી તરીકે કુટુંબજીવનનાં વિવિધ પાસાંઓના અભ્યાસ માટે કુટુંબ વિશેની વૈજ્ઞાનિક માહિતી અને જાણકારી મેળવવી જરૂરી છે.

સમાજકાર્યમાં વ્યક્તિ કેન્દ્ર સ્થાને છે. વ્યક્તિની વિવિધ સમસ્યાઓ વિશેની જાણકારી માટે કુટુંબજીવનનો અભ્યાસ કરવો જરૂરી છે. કુટુંબજીવનમાં અભ્યાસ વગર કૌટુંબિક પ્રશ્નોમાં સામાજિક કાર્યકર અસરકારક દરમિયાનગીરી કરી શકતો નથી. આમ, સમાજજીવનનાં જુદાં–જુદાં પાસાંઓમાં અસરકારક દરમિયાનગીરી કરવા માટે કુટુંબનું સમાજશાસ્ત્ર જાણવું જરૂરી છે. આ દૃષ્ટિએ આ ઘટક સામાજિક કાર્યકર્તાઓને ઘણી રીતે ઉપયોગી બની શકે તેમ છે. પ્રસ્તુત એકમમાં કુટુંબજીવનનાં મુદ્દાઓ વિશેની પાયાની સમજણ આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. સમાજજીવનનાં વિવિધ મુદ્દાઓ વિશેની જાણકારી કાર્યકરની પાસે હોવી જરૂરી છે. જાણકારીનો કોઈ વિકલ્પ નથી. આ દૃષ્ટિએ કુટુંબ સાથે સમાજકાર્ય કરવા માટે ઉપયોગી કેટલીક બાબતોનો અભ્યાસ આ એકમમાં કરવામાં આવેલ છે.

આ ઘટકમાં કુટુંબ એટલે શું ? કુટુંબના વિવિધ પ્રકાર અને કુટુંબના લક્ષણો વિશેનો વિગતે ખ્યાલ આપવામાં આવેલ છે જે કુટુંબના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે.

**ઘટક હેતુઓ :**

(1) વ્યાવસાયિક સામાજિક કાર્યકર તરીકે કુટુંબ વિશેની સૈદ્ધાંતિક સમજ સ્પષ્ટ થશે.

(2) કુટુંબ એટલે શું ? અને તેના વિવિધ પ્રકારો વિશેની જાણકારી મળશે.

(3) વ્યાવસાયિક સમાજકાર્યકર તરીકે સમાજમાં એક નિષ્ણાંત તરીકેની ભૂમિકા ભજવવા માટે કાર્યકરે સમાજજીવનના વિવિધ પાસાંઓનો અભ્યાસ કરવો જરૂરી છે.

(4) આધુનિક સમયમાં સમાજજીવનની વિવિધ સમસ્યાઓ જાણવા માટે કુટુંબનું સમાજશાસ્ત્ર જાણવું જરૂરી છે.

(5) આધુનિક કુટુંબ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(6) કુટુંબનાં વિવિધ પ્રકારો વિશેની ઊંડી અને વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થશે.

(7) કુટુંબવ્યવસ્થાતંત્ર સાથે કાર્ય કરવા માટે કૌટુંબિક સમાજકાર્યની સમજણ મેળવવી જરૂરી છે.

# એકમ-1 કુટુંબનો અર્થ અને તેના લક્ષણ

: એકમનું માળખું :

**1.0 એકમનો પરિચય**

**1.1 એકમના હેતુઓ**

**1.2 પ્રસ્તાવના**

**1.3 કુટુંબ એટલે શું ?**

**1.4 કુટુંબના લક્ષણો**

**1.5 ઉપસંહાર**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**1.8 ચાવીરૂપ શબ્દો**

**1.9 સ્વાધ્યાય લેખન**

**1.10 પ્રવૃત્તિ**

**1.11 કેસ સ્ટડી**

**1.12 સંદર્ભગ્રંથ**

## 1.0 એકમનો પરિચય :

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. સમાજ વગર તેનો વિકાસ શક્ય નથી. સામાજિક વ્યવસ્થામાં કુટુંબનું એક આગવું સ્થાન અને મહત્ત્વ છે. કુટુંબ એ સમાજની પાયાની સાર્વત્રિક સંસ્થા છે. કુટુંબ દ્વારાં બાળકોનું પ્રજનન અને બાળઉછેર જેવાં મહત્ત્વના કાર્યો થાય છે. વ્યક્તિના જીવન ઉપર કુટુંબની વિશેષ અસર જોવા મળે છે. કુટુંબ અને સમાજમાં સંસ્કૃતિનું સાતત્ય જાળવવામાં કુટુંબની વિશેષ જવાબદારી જોવા મળે છે.

કુટુંબ સાર્વત્રિક હોવા છતાં તેના સ્વરૂપ, રચના અને કાર્યમાં તફાવત હોય છે. દા.ત. સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ લગન, રક્ત સબંધ કે દત્તક સબંધ પર આધારિત પરસ્પર હકો અને ફરજો ધરાવતા સ્ત્રી–પુરુષ અને બાળકોનું જૂથ છે. સમાજમાં કેન્દ્રગત સ્થાન ધરાવતી, બધા જ સમાજમાં દષ્ટિગોચર થતી સાર્વત્રિક છતાં અનેક સ્વરૂપે જોવા મળતી આ સામાજિક સંસ્થા છે.

વ્યક્તિ કુટુંબના પ્રવેશદ્વાર દ્વારાં જ સમાજમાં પ્રવેશે છે. વ્યક્તિને ઓળખ અને સામાજિક સ્થાન કુટુંબ જ આપે છે. મનુષ્ય પ્રાણી તરીકે જન્મતા માનવબાળને તે સામાજિક બનાવે છે. પ્રસ્તુત એકમમાં કુટુંબની વિસ્તૃત વિભાવનાને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. જેમાં કુટુંબ એટલે શું ? તેનો અર્થ સ્પષ્ટ કરી તેના લક્ષણો વિશેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.

## 1.1 એકમનો હેતુ :

આ એકમનો અભ્યાસ કરી વિદ્યાર્થીઓ નીચેની બાબતો શીખી શકશે.

(1) કુટુંબ એટલે શું ? તેના વિશેની પાયાની જાણકારી મેળવી શકશે.

(2) કુટુંબ કોને કહેવાય ? તે અંગે વિવિધ સમાજશાસ્ત્રીઓએ આપેલ સમજ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(3) વ્યક્તિના વિકાસમાં કુટુંબની શી ઉપયોગિતા છે ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(4) કુટુંબના વિવિધ લક્ષણો / વિશેષતાઓ વિશે વિશેષ જાણકારી પ્રાપ્ત થશે.

## 1.2 પ્રસ્તાવના :

વ્યક્તિના ઘડતરમાં કુટુંબનું મહત્ત્વ વિશેષ છે. કુટુંબ વગર વ્યક્તિનો વિકાસ અધૂરો છે; કારણ કે, વ્યક્તિના જીવનની શરૂઆત કુટુંબથી થાય છે. ભાષા, બોલી, પહેરવેશ વગેરે બાબતો તે કુટુંબ પાસેથી શીખે છે. બાળકોના શરૂઆતનું ઘડતર કુટુંબમાં જ થાય છે. સામાજિકીકરણના પાયાના પદાર્થપાઠ બાળકો પોતાના કુટુંબમાંથી શીખે છે. બાળકના ઘડતરમાં કુટુંબનું વિશેષ પ્રદાન છે તેની અસર આજીવન વધતા–ઓછા પ્રમાણમાં બાળક ઉપર રહે છે. આ દૃષ્ટિએ સામાજિક વિજ્ઞાનોમાં કુટુંબનું સવિશેષ મહત્ત્વ છે. સમાજશાસ્ત્રમાં કુટુંબ વિશેનો વિગતવાર અભ્યાસ કરવામાં આવે છે.

સામાજિક મનોવિજ્ઞાન જેવાં ઘણાં વિષયોમાં કુટુંબનું સમાજશાસ્ત્ર શું છે ? તે વિશે વિગતવાર ભણાવવામાં આવે છે. સમાજશાસ્ત્રના એક ભાગ તરીકે કુટુંબનું સમાજશાસ્ત્ર કુટુંબ અને સમાજ વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરે છે. સામાજિક દૃષ્ટિએ કુટુંબ, લગ્ન અને તેનાં દ્વારા બનતા સગપણ– સબંધો ગાઢ રીતે જોડાયેલા છે. આથી, એમ કહેવાય છે કે, કુટુંબ સગપણ–સંબંધ જૂથ છે. કુટુંબ અને સગપણ સંબંધોની વચ્ચે લગ્ન નામની સંસ્થા ગોઠવાયેલી છે. આમ, કુટુંબનું સમાજશાસ્ત્ર આ ત્રણેય સામાજિક ઘટનાઓની સાથે સંકળાયેલું છે.

આદિમાનવથી લઈ આજના આધુનિક માનવ સમાજમાં કુટુંબનું વિશેષ મહત્ત્વ રહેલું છે. સામાજિક જીવનની પાયાની લાક્ષણિકતાઓ કુટુંબ દ્વારા શીખે છે. એક સામાજિક કાર્યકરે સમાજજીવનનાં જુદાં–જુદાં પ્રશ્નોમાં અસરકારક દરમિયાનગીરી કરવાની છે આવા સમયે સામાજિક કાર્યકર કુટુંબ અને તેના વિવિધ લક્ષણો વિશેની વિગતે ચર્ચા આ એકમમાં કરવામાં આવેલી છે. કુટુંબ વિશેની પાયાની જાણકારી માટે આ સમજણ ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 1.3 કુટુંબ એટલે શું ?

આપણે કુટુંબથી પરિચિત છીએ. દરેક સમાજમાં કુટુંબનું એક આગવું સ્થાન અને મહત્ત્વ છે. દરેક વ્યક્તિ કુટુંબમાં જ વસવાટ કરે છે. કુટુંબનાં સ્વરૂપમાં ઘણી ભિન્નતા જોવા મળે છે. જેના પરિણાને કુટુંબ શબ્દને એક વ્યાખ્યાના રૂપમાં શબ્દબદ્ધ કરવામાં મુશ્કેલી પડે છે. આમ છતાં, કેટલાંક જાણીતા સમાજશાસ્ત્રીઓએ કુટુંબ શબ્દને વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

(1) **રોબર્ટ બાર્સ્ટિડ્ટ**ના જણાવ્યા પ્રમાણે કુટુંબ એ પ્રજનન અને બાળઉછેર માટેની પ્રમાણભૂત, કાયદેસરની અને નિયમબદ્ધ કાર્યપ્રણાલી છે.

(2) **મેકાઈવર અને પેજ**ના જણાવ્યા પ્રમાણે કુટુંબ એ પ્રજનન અને બાળઉછેર માટે ચોક્કસ અને લાંબાગાળા સુધી ટકી રહેતા જાતીય સંબંધો દ્વારા રચાયેલું જૂથ છે.

o

(3) **કિંગ્સે ડેવિસ** કુટુંબનો અર્થ સમજાવતા જણાવે છે કે, કુટુંબના સભ્યો પ્રજનન કાર્ય દ્વારા વધુ નિકટથી સંબંધિત છે. પતિ—પત્ની જાતીય સંબંધ અને સંયુક્ત રીતે પ્રજનન દ્વારા જૈવિક રીતે સંકળાયેલ છે. મા—બાપ અને સંતાનો લોહી અને પ્રેમના સંબંધો વડે જોડાયેલા છે. ભાઈ—બહેનો એક જ મા—બાપના સંતાનો હોવાના લીધે પરસ્પર સંબંધિત છે. પ્રજનન કાર્ય વડે સ્થાપિત થતા આ સંબંધો તેમના હક્કો અને ફરજો નક્કી કરવામાં મદદરૂપ બને છે. સમાજનાં બીજા જૂથના સભ્યો વચ્ચે આ પ્રકારના સંબંધો હોતા નથી. કુટુંબના સભ્યો વચ્ચે જેટલી શારીરિક અને માનસિક નિકટતા હોય છે. એટલી નિકટતા અને તેવા સંબંધો બીજા કોઈ જૂથમાં જોવા મળતા નથી.

(4) **ઓગબર્ન તેમજ નીમકાફ**ના જણાવ્યા પ્રમાણે, કુટુંબ સ્ત્રી—પુરુષ અને બાળક સહિત કે બાળકો વિના અથવા માત્ર બાળકો સહિત પુરુષની અથવા બાળકો સહિત સ્ત્રીની એક ટૂંકાગાળાની અથવા કાયમી સમિતિ છે.

(5) **ચાલ્સ અને પેજ**ના જણાવ્યા પ્રમાણે, કુટુંબ એ જરૂરી નક્કી થયેલ જાતિય સંબંધોથી ઓળખાતું એક એવું જૂથ છે. જે બાળકોને જન્મ આપવાનો અને ઉછેર કરવાની વ્યવસ્થા ઊભી કરે છે.

(6) **બીસેન્જ અને બીસેન્જ** ના જણાવ્યા પ્રમાણે, એક અથવા વધુ બાળકો સહિત એક સ્ત્રી અને તેમના દેખરેખ કરવા માટે પુરુષ હોય તો આ બધાને ભેગા કરવાથી કુટુંબ બની જાય છે.

(7) **બોગાર્ડસ**ના જણાવ્યા પ્રમાણે, કુટુંબ એક નાનું સામાજિક જૂથ છે. જેમાં સામાન્ય રીતે માતા—પિતા તથા એક અથવા તેથી વધુ બાળકો હોય છે. જેઓ વચ્ચે પ્રેમ તથા જવાબદારીમાં સરખો હિસ્સો હોય છે, તેમજ તેમાં બાળકોના ઉછેર તેમજ સ્વનિયંત્રણ અને સમાજોભિમુખ વ્યક્તિ બનાવવામાં આવે છે.

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, કુટુંબએ એક સ્થાયી સામાજિક સંગઠન છે. જેનો પાયો સ્ત્રી—પુરુષોના જાતિય સંબંધો ઉપર રહેલો છે. બાળકોના જન્મ, ઉછેર તેમજ તેનું સામાજિકીકરણ કરવા કુટુંબની જવાબદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કુટુંબ એ સાચા અર્થમાં સમાજની ખૂબ જ પાયાની સંસ્થા છે. જેમાં માતા—પિતા, ભાઈ—બહેન, કાકા—કાકી, ભત્રીજા—ભત્રીજી, દિકરા—દિકરી વગેરે હોય છે. જે પરસ્પર પ્રેમ અને જવાબદારીની ભાવનાથી વસવાટ કરે છે. આ પ્રકારના વાતાવરણમાં કુટુંબના સભ્યો દ્વારા પરસ્પર પ્રેમ, લાગણીની હૂંફ મળી રહે છે. સુખ—દુઃખના પ્રસંગોએ કુટુંબના સૌ સભ્યો સાથે હોય છે. જેના પરિણામે કુટુંબમાં પારિવારિક ભાવનાનું વાતાવરણ જોવા મળે છે; કુટુંબનું આવું સ્વરૂપ માત્ર ભારતમાં જ જોવા મળે છે. જ્યારે, પશ્ચિમના દેશોમાં કુટુંબનો અર્થ માત્ર પતિ—પત્ની અને તેના અવિવાહિત બાળકો પૂરતો જ સમજવામાં આવે છે. આ કુટુંબનાં કેટલાક લક્ષણો છે. જે અંગેની વિગતવાર ચર્ચા આપણે આગળ કરીશું.

## 1.4 કુટુંબના લક્ષણો :

આપણે અગાઉ કુટુંબ એટલે શું ? તે અંગેની વિગતવાર ચર્ચા કરેલ છે. જુદી–જુદી વ્યાખ્યાઓના આધારે કુટુંબ કોને કહેવાય તે સમજવાનો પ્રયત્ન કરેલ છે. જેના આધારે કુટુંબને ઓળખવું હોય તો તેના લક્ષણોના આધારે ઓળખી શકાય. દા.ત. માણસને ઓળખવો હોય તો માણસને એક માથું, બે કાન, બે હાથ, બે પગ અને બે કાન હોય છે. પગ દ્વારા તે ચાલી શકે છે. બે આંખ દ્વારા તે જોઈ શકે છે. નાક દ્વારા તે સૂંઘી શકે છે. આમ, આ લક્ષણો દ્વારા આપણે એમ કહી શકીએ કે આ માણસ છે. કુટુંબના કેસમાં પણ આવું જ છે. જુદાં–જુદાં વિદ્વવાનો દ્વારા કુટુંબ વિશેની સમજણ આપવામાં આવેલ છે. મેકાઈવર અને પેજ નામના સમાજશાસ્ત્રીએ કુટુંબ વિશેનો ખ્યાલ સ્પષ્ટ કરવા માટે તેના જુદાં–જુદાં લક્ષણો વર્ણવ્યા છે. તે અંગેની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે છે.

(1) **જાતિય સંબંધ :** કુટુંબનું પાયાનું લક્ષણ છે. સ્ત્રી–પુરુષ વચ્ચેના જાતીય સંબંધોને કાયદાની દૃષ્ટિએ માન્યતા મળેલ છે. કુટુંબમાં ચોક્કસ અને લાંબા સમય સુધીના જાતીય સંબંધો જોવા મળે છે. અહીં પતિ અને પત્ની જાતીય સંબંધના માધ્યમથી જૈવિક રીતે જોડાયેલા છે.

કુટુંબનો વિકાસ જાતિય સંબંધ દ્વારા થાય છે. પતિ–પત્નીના જાતિય સંબંધો વગર કુટુંબની કલ્પના કરવી મુશ્કેલ છે. સ્ત્રી અને પુરુષ લગ્નગ્રંથીથી જોડાયા પછી જાતિય સંબંધોને કાયદેસર રીતે જોવા મળે છે. આ સંબંધ એક લગ્નપ્રથાના રૂપમાં જોવા મળે છે. તો ક્યાંક બહુલગ્ન પ્રથાના રૂપમાં જોવા મળે છે. સ્ત્રી અને પુરુષો વચ્ચેના સંબંધોને નિયમિત કરતી સંસ્થાએ લગ્ન છે.

(2) **વંશાવલી પદ્ધતિ :** વંશ પરંપરાગત આ પદ્ધતિ ચાલ્યા કરે છે. કુટુંબમાં બાળકનો જન્મ થયા પછી માતાના નામે જે સંતાનો ઓળખાય છે. તેને માતૃવંશી પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત. જો કુટુંબમાં દિકરાનો જન્મ થાય અને દિકરાનું નામ દક્ષ અને માતાનું જ્યોતિકાબેન હોય તો માતૃવંશી કુટુંબોમાં બાળકનું નામ દક્ષકુમાર જ્યોતિકાબેન એમ લખાય. જ્યારે જે સમાજમાં બાળકની પાછળ પિતાનું નામ લખાય તેવી પદ્ધતિને પિતૃવંશી પદ્ધતિ કહેવાય છે. જેમાં ઉપર મુજબ સંતાનના નામની પાછળ પિતાનું નામ લખાય છે. માતૃવંશી કુટુંબવ્યવસ્થા પ્રમાણમાં ઓછી જોવા મળે છે. ભારતમાં ખાસ કરીને આદિવાસી સમુદાયમાં જોવા જઈએ તો ખાસી અને ગારો આદિવાસીઓમાં તેમજ દક્ષિણ ભારતમાં નાયર લોકોમાં માતૃવંશી કુટુંબવ્યવસ્થા જોવા મળે છે.

(3) **આર્થિક આયોજન :** આર્થિક આયોજન એ કુટુંબનું મહત્ત્વનું લક્ષણ છે. દરેક કુટુંબને પોતાના ભરણ–પોષણ અને નિભાવ માટેનું આર્થિક આયોજન હોય છે. દૈનિક, માસિક અને વાર્ષિક જરૂરિયાતોના આધારે આર્થિક યોજના બનાવાય છે.

જેમ કે ઘર ખર્ચ, બાળકોનું શિક્ષણ ખર્ચ, સામાજિક વ્યવહાર પેટેનું ખર્ચ, આરોગ્ય ખર્ચ, મનોરંજન ખર્ચ અને માસિક બચત વગેરે જેવી બાબતોનો આર્થિક આયોજનમાં સમાવેશ થાય છે. ટૂંકાગાળાના આયોજનની સાથે લાંબાગાળાનું આયોજન પણ કુટુંબ દ્વારા થતું

હોય છે. દા.ત. લગ્ન માટે ખર્ચનું આયોજન બાળક નાનું હોય પણ પુખ્ત થતાં તેનું લગ્ન કરવા માટે અંદાજિત કેટલું ખર્ચ કરવું પડે તેના આધાર લગ્નના ખર્ચને પહોંચી વળવા માટેનું ભાવિ આયોજન ઘડવામાં આવે છે. ઘણાં કુટુંબો દિકરા–દિકરીના જન્મ સાથે ઘણી આગોતરી તૈયારી કરી તેનું પહેલેથી આયોજન કરે છે.

(4) **નિવાસ સ્થાન :** કુટુંબના સભ્યો પોતાની જુદી–જુદી જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સાથે નિવાસ કરે છે. કુટુંબના સભ્યો સાથે નિવાસ કરે છે. કુટુંબના સભ્યો સાથે નિવાસ કરવાનાં પરિણામે કુટુંબના સભ્યો પ્રત્યે પરસ્પર પ્રેમ, લાગણી અને વિશ્વાસ સંપાદન થાય છે. દરેક સમાજમાં પોતાની જરૂરિયાતોના આધારે સંયુક્ત અને વિભક્ત સ્વરૂપમાં પરિવારોમાં વસવાટ થતો જોવા મળે છે. વર્તમાન સમયમાં આપણી સામાજિક વ્યવસ્થામાં ઘણો બદલાવ આવેલ છે. સંયુક્ત કુટુંબોનું પ્રમાણ ઘટી રહ્યું છે અને વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધી રહ્યું છે.

(5) **સાર્વત્રિકતા :** કુટુંબ સાર્વત્રિક છે સમગ્ર સ્થાને જોવા મળે છે. પ્રાચીનથી માંડી અર્વાચીન સમયમાં પણ કુટુંબવ્યવસ્થા જોવા મળે છે. સમગ્ર વિશ્વ અને તેની જુદી–જુદી સંસ્કૃતિઓમાં પણ કુટુંબવ્યવસ્થા જોવા મળે છે; કારણ કે, કુટુંબ વગર સમાજનો વિકાસ શક્ય નથી. આ દૃષ્ટિએ કુટુંબનો ખ્યાલ સાર્વત્રિક છે.

(6) **ભાવાત્મક આધાર :** કુટુંબના સભ્યો વચ્ચે અંદરો–અંદર પ્રેમ, લાગણી, હૂંફ, જાતીય ઇચ્છાઓ, દયા અને મમતા જોવા મળે છે. આ સંબંધો ભાવાત્મક પાસાંઓ સાથે સંકળાયેલાં છે. લાગણી અને ભાવાત્મક સંબંધોના પરિણામે કુટુંબ વ્યવસ્થા ટકી રહી છે.

(7) **બાળકોનું ઘડતર :** બાળકોના ઘડતર માટેની શૈક્ષણિક ભૂમિકા કુટુંબ પૂરી પાડે છે. બાળક જન્મે છે ત્યારે તેનું મન કોરી સ્લેટ જેવું હોય છે; પરંતુ, તે ધીરે–ધીરે બધું જ શીખે છે, ગ્રહણ કરે છે. ટૂંકમાં, તેનું સામાજિકીકરણ કુટુંબમાં થાય છે. બાળકનો જૈવિક વિકાસ પણ કુટુંબમાં જ શક્ય છે.

(8) **નાનું કદ :** કુટુંબનું કદ નાનું/સીમિત છે; કારણ કે, કુટુંબમાં સીધો લોહીનો સંબંધ ધરાવતા જ સભ્યોનો સમાવેશ થાય છે. વિભક્ત કુટુંબના પ્રકારનાં કુટુંબોમાં બે પેઢી સુધીનાં સભ્યો અને સંયુક્ત કુટુંબમાં ચાર પેઢી સુધીના કુટુંબમાં સભ્યોનો સમાવેશ થાય છે. ટૂંકમાં, સંખ્યાબળની દૃષ્ટિએ નાનું કદ એ કુટુંબનું મહત્ત્વનું લક્ષણ છે.

(9) **કેન્દ્રવર્તી સ્થાન :** જુદાં–જુદાં જૂથોની સરખામણીમાં કુટુંબ એ વ્યક્તિ અને સમાજ માટે કેન્દ્રવર્તી ભૂમિકા અદા કરે છે. સમગ્ર સમાજ રચના કુટુંબ દ્વારા જ રચાય છે તે દૃષ્ટિએ આ કુટુંબની ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિશેષતા ગણાવી શકાય.

(10) **જવાબદારપણું :** કુટુંબવ્યવસ્થા માટે કુટુંબના સભ્યોમાં જવાબદારીની ભાવના હોવી જરૂરી છે. જેમ કે, કુટુંબના વડા કુટુંબના નિભાવની ભૂમિકા અદા કરે છે. કુટુંબ વિવેકબુદ્ધિથી સંપૂર્ણ મુક્ત નથી. એકબીજા પ્રત્યે જવાબદારી નિભાવવી એ કુટુંબના દરેક સભ્યો પોતાની નૈતિક જવાબદારી સમજે છે.

(11) **સામાજિક નિયંત્રણ :** કુટુંબમાં સામાજિક નિયંત્રણ જોવા મળે છે. કુટુંબ વ્યવસ્થા ચલાવવા માટે સમાજે નક્કી કરેલા નીતિ–નિયમોને અનુસરવા જરૂરી છે. જો કોઈ કુટુંબ તેનો અનાદર કરે તેવા સંજોગો સામાજિક નિયંત્રણ લાદવામાં આવે છે.

(12) **પરિવર્તન :** સાતત્ય અને પરિવર્તન કુટુંબનું ખૂબ જ મહત્ત્વનું લક્ષણ છે. કુટુંબ એક સંસ્થા છે. જ્યાં સંસ્થા શબ્દ આવે ત્યાં ચોક્કસ પ્રકારના નીતિ–નિયમો હોય છે; પરંતુ, સમયની સાથે કુટુંબમાં સાતત્યતા અને પરિવર્તન જોવા મળે છે.

આમ, ઉપર મુજબના જુદાં–જુદા લક્ષણોના આધારે કુટુંબને ઓળખી શકાય છે.

## 1.5 ઉપસંહાર :

આપણી જુદી–જુદી સામાજિક સંસ્થાઓમાં સૌથી જૂની અને પ્રાચીન સમાજવ્યવસ્થા એ કુટુંબવ્યવસ્થા છે જે સાર્વત્રિક છે. વિશ્વનાં તમામ દેશો અને આપણી જુદી–જુદી સંસ્કૃતિમાં સમગ્ર જગ્યા એ આ વ્યવસ્થા જોવા મળે છે. હા, કુટુંબના સ્વરૂપમાં ફેરફાર હોઈ શકે છે; પરંતુ, માનવવિકાસમાં કુટુંબનું વિશેષ મહત્ત્વ છે. આ દૃષ્ટિએ કુટુંબ એ સામાજિક વિકાસ માટેનું ખૂબ જ મહત્ત્વનું પરિબળ ગણાવી શકાય છે.

સામાજિક કાર્યકરે કુટુંબવ્યવસ્થા વિશેનો અભ્યાસ કરવો જરૂરી છે. કુટુંબ વિશેની જાણકારીની સાથે તેના લક્ષણો વિશેની સમજણ હોવી જરૂરી છે. કુટુંબનાં વિભાવનાત્મક ખ્યાલમાં અત્રે ટૂંકાણમાં કુટુંબ વિશેની પાયાની સમજણ આપવાનો પ્રયત્ન કરેલ છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો :

1. "કુટુંબ પ્રજનન અને બાળઉછેર માટે ચોક્કસ અને લાંબાગાળા સુધી ટકી રહેતા જાતિય સબંધો દ્વારા રચાયેલું જૂથ છે" – એમ કોણે કહ્યું છે ?

   (A) કિંગ્સલે ડેવિસ (B) ઓગબર્ન

   (C) ચાર્લ્સ (D) મેકાઈવર અને પેજ

2. કુટુંબના લક્ષણો કયા છે તે જણાવો.

   (A) જાતિય સબંધ (B) વંશાવલી પદ્ધતિ (C) નિવાસ સ્થાન (D) ઉપરોક્ત બધા

3. દક્ષિણ ભારતમાં કયા લોકોમાં માતૃવંશી કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે ?

   (A) નાગર (B) નાયર (C) બ્રાહ્મણ (D) ઉપરોક્ત બધા

4. કયા આદિવાસી સમુદાયમાં માતૃવંશી કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે ?

   (A) ખાસી અને ગારો (B) ચૌધરી

   (C) ભીલ (D) ઉપરમાંથી એકેય નહિ

5. "કુટુંબ એ પ્રજનન અને બાળઉછેર માટેની પ્રમાણભૂત કાયદેસરની અને નિયમબદ્ધ કાર્ય પ્રણાલિ છે" એમ કયા વિદ્વાનો કહ્યું છે ?

   (A) મેકાઈવર (B) ચાર્લ્સ (C) ઓગ્બર્ન (D) રોબર્ટ બાર્સ્ટિડટ્

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (D) **3.** (B) **4.** (A) **5.** (D)

## 1.8 ચાવીરૂપ શબ્દો :

1. **માતૃવંશી પદ્ધતિ :** કુટુંબમાં બાળકનો જન્મ થયા પછી માતાના નામે જે સંતાનો ઓળખાય છે તેને માતૃવંશી પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.
2. **પિતૃવંશી પદ્ધતિ :** કુટુંબમાં બાળકના જન્મ પછી પિતાના નામે જે સંતાનો ઓળખાય છે તેને પિતૃવંશી પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.
3. **વંશ પરંપરાગત :** જેને વંશાવલી પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે.

## 1.9 સ્વાધ્યાય લેખન :

1. કુટુંબનો અર્થ જણાવો.
2. કુટુંબ વિશેની જુદી–જુદી વ્યાખ્યાઓ આપો.
3. કુટુંબનો અર્થ સ્પષ્ટ કરી કુટુંબનાં જુદાં–જુદાં લક્ષણોની ચર્ચા કરો.
4. કુટુંબના જુદાં–જુદાં લક્ષણો જણાવી કોઈપણ બે લક્ષણો વિશેની ચર્ચા કરો.
5. સામાજિક કાર્યકરે કુટુંબનો અભ્યાસ શા માટે કરવો જોઈએ ? ઉદાહરણ સાથે સમજાવો.

## 1.10 પ્રવૃત્તિ :

1. કુટુંબની મુલાકત લઈ કુટુંબના વિવિધ લક્ષણો વિશે ચર્ચા કરી નોંધ તૈયાર કરો.
2. આપણી સામાજિક વ્યવસ્થામાં માતૃવંશીય કુટુંબ વિશે સમાજનાં વિવિધ લોકો શું માને છે ? તે અંગે નોંધ તૈયાર કરો.

## 1.11 કેસ સ્ટડી :

1. બાળકના સામાજિકીકરણની પ્રક્રિયામાં કુટુંબની ભૂમિકા અંગે કેસ સ્ટડી તૈયાર કરો.
2. ઝૂંપડપટ્ટી વિસ્તારની મુલાકાત લઈ સામાજિકીકરણનાં સંદર્ભમાં કોઈ એક બાળકની વિગતે કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.12 સંદર્ભગ્રંથ :


- કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય : અર્પણ નાયક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
- સગપણ–સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબ કલ્યાણ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- ભારતીય સમાજનાં પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.

| | | |
|---|---|---|
| **કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર** | • | સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ. |
| | • | સમાજકાર્ય(હિન્દી) : તેજસ્કર પાંડેય, ઓજસ્કર પાંડેય |
| | • | સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ. |

# એકમ–2 કુટુંબ વ્યવસ્થાના કાર્યો

: એકમનું માળખું :

2.0 એકમનો પરિચય

2.1 એકમના હેતુઓ

2.2 પ્રસ્તાવના

2.3 કુટુંબના આવશયક કાર્યો

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગતિ ચકાસો

2.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 સ્વાધ્યાય લેખન

2.9 પ્રવૃત્તિ

2.10 કેસ સ્ટડી

2.11 સંદર્ભગ્રંથ

## 2.0 એકમનો પરિચય :

કોઈપણ મજબૂત દેશની રચનામાં કુટુંબ એક પાયાની સંસ્થા છે. જે તેના વિકાસ કાર્યક્રમોથી પ્રગતિના નવા પગલાંઓ સુયોજિત કરે છે. કુટુંબ એ આપણી સામાજિક વ્યવસ્થાની સૌથી વ્યાપક અને કાયમી સંસ્થા છે. પરિવારમાં માતા–પિતા અને બાળકોનો સમાવેશ થાય છે. જે કુટુંબમાં વ્યક્તિનો જન્મ થાય છે તે તેનું મૂળ કુટુંબ છે. તેમાં માતા–પિતા અને ભાઈ–બહેનનો સમાવેશ થાય છે. કુટુંબના દરેક સભ્યો સાથે મળીને કામ કરે છે. દરેકની જવાબદારી અને કામની વહેંચણી યોગ્ય રીતે થયેલી છે. જેના પરિણામે કુટુંબ વ્યવસ્થા સુંદર રીતે ચાલે છે.

આ એકમમાં કુટુંબ વ્યવસ્થાના વિવિધ મુદ્દાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે. જેમાં કુટુંબને એક વ્યવસ્થાના રૂપમાં રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## 2.1 એકમનો હેતુ :

એકમનાં મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :

(1) કુટુંબ અંગે વિસ્તૃત માહિતી અને જાણકારી પ્રાપ્ત થશે.

(2) કુટુંબના કાર્યો વિશે જાણકારી પ્રાપ્ત થશે.

(3) કુટુંબ વ્યવસ્થાના કાર્યો વિશે જાણકારી પ્રાપ્ત થશે.

## 2.2 પ્રસ્તાવના :

કુટુંબ એ સમાજમાં સૌથી મહત્ત્વનું નિકટવર્તી જૂથ છે. કુટુંબવ્યવસ્થાએ બદલાતા સમય સાથે વિવિધરૂપ ધારણ કર્યા છે. કુટુંબ પહેલાના સમયમાં માનવીની દરેક જરૂરિયાત પૂર્ણ કરતું સ્વયં સંપૂર્ણ એકમ હતું.

કુટુંબ શબ્દ આપણે કયા અર્થમાં વાપરીએ છીએ તે વિશે સ્પષ્ટતા કરવી જરૂરી છે. આ સ્પષ્ટતા ખૂબ જ આવશ્યક છે; કારણ કે, કુટુંબ વ્યવસ્થાએ અનેક સ્વરૂપે ધારણ કર્યા છે. આ દરેક સ્વરૂપોમાં રહેલું સામ્ય સમજવું જરૂરી છે અને બીજું કુટુંબવ્યવસ્થા લોહીના સંબંધ ઉપર રચાયેલા કેટલાંક સ્વરૂપો સરખા જૂથો સાથે ખૂબ નિકટનો સંબંધ ધરાવે છે. ઘણા અભ્યાસીઓ આ નિકટના સંબંધને કુટુંબ વ્યવસ્થા વચ્ચે ભેદ પાડી શકતા નથી.

કુટુંબ એટલે બાળકોના પ્રજનન, સર્જન અને ઉછેર માટે એકંદરે સ્પષ્ટ અને લાંબાગાળા સુધી ટકી રહે એવા સમાજ સ્વીકૃત જાતીય સંબંધ ઉપર રચાયેલું જૂથ. આ જૂથમાં દૂરના અને નજીકના સંબંધીઓ પણ હોય; પરંતુ, પતિ–પત્ની અને બાળકોના સહજીવનના એકમ તરીકે તેનું અસ્તિત્વ તેમાં આવશ્યક છે.

કુટુંબની અનેક રીતે કલ્પના કરી શકાય છે. દરેક કુટુંબનું બંધારણ અને સમાજમાં તેના કાર્યો એ મૂળભૂત વિચાર છે. કેટલાંક કુટુંબને ફક્ત એક કુટુંબના સભ્યો સાથે વહેંચણીની દૃષ્ટિએ વ્યાખ્યાયિત કરે છે. એક સાથે રહેતા વ્યક્તિઓનું જૂથ અન્ય સગપણ સંબંધો પર આધારિત કુટુંબ તરીકે વ્યાખ્યાયિત કરે છે. કુટુંબ એ એવા લોકોનું જૂથ છે. જે માતા–પિતા અને તેમના બાળકોનું બનેલું મૂળભૂત એકમ છે. કેટલાક વિદ્વવાનો માને છે કે, જૈવિક સગપણ એ કુટુંબને નિર્ધારિત કરતું તત્ત્વ છે. જ્યારે, કેટલાક વિદ્વવાનો એવું માને છે કે, કુટુંબ લગ્ન, દત્તક, લોહી અથવા મિત્રતા દ્વારા જોડાયેલા વ્યક્તિઓનું બનેલું જૂથ છે. સામાજિક સિદ્ધાંતવાદીઓએ પ્રાચીન સમયથી કુટુંબની પ્રકૃતિ અંગે પ્રશ્ન કર્યો છે. આધુનિક યુગમાં કુટુંબના પ્રવર્તમાન ખ્યાલોમાં અસંખ્ય પરિવર્તન જોવા મળે છે.

સિગ્મન ફ્રોઈડ **'લવ એન્ડ ધ ફોર્મેશન્સ ઑફ ફેમિલી'**માં ભૌતિક, જૈવિક, ભાવનાત્મક અને આર્થિક જરૂરિયાતો દ્વારા રચાયેલ વ્યાપક સામાજિક એકમ તરીકે કુટુંબની વિભાવનાની ચર્ચા કરે છે. **"Myth of the Perfect Family"** સંપૂર્ણ કુટુંબની સાંસ્કૃતિક માન્યતાને રજૂ કરે છે. છૂટાછેડા થયેલા કુટુંબના માળખાના વિચારને રજૂ કરે છે. **"Blended Families and other euphemisms"** છૂટાછેડા અને પુનર્લગ્ન દ્વારા કુટુંબોની સામાન્ય પુર્નરચનાની વાત કરે છે.

વ્યક્તિઓ કુટુંબની કલ્પના કેવી રીતે કરે છે ? તે સંસ્કૃતિ, ધર્મ, કાયદો અને રાજકારણ દ્વારા પ્રભાવિત છે.

કુટુંબની વિભાવનાઓ વિવિધ છે. કુટુંબના વિવિધ ખ્યાલો સમજવા માટેના મૂળભૂત કેટલાંક આવશ્યક પ્રશ્નો છે.

કુટુંબ કેવી રીતે બનાવવામાં આવે છે અને જાળવવામાં આવે ? કુટુંબના સભ્યો કોણ–કોણ છે ? કુટુંબના સભ્યોની ભૂમિકા શું છે ? સમાજમાં કુટુંબની ભૂમિકા શું છે ? સમાજ માટે કુટુંબો કેવી રીતે આવશ્યક છે ? શું સામાજિક પરિબળો એ કુટુંબની ધારણાંઓને આકાર આપ્યો છે ?

## 2.3 કુટુંબના આવશ્યક કાર્યો :

કુટુંબના કાર્યો નીચે મુજબ છે :

(1) **જાતીય જરૂરિયાતોનો સંતોષ :** જાતીય જીવનની જરૂરિયાતોનો સંતોષ આપવાનું કાર્ય કુટુંબ કરે છે. જાતીયવૃત્તિ મનુષ્યની કુદરતી અને જૈવિક આવશ્યકતા છે. જાતીયવૃત્તિના સંતોષ માટે પુરુષ અને સ્ત્રીએ પતિ–પત્ની તરીકે જીવવું જોઈએ, તેથી કુટુંબ એકમાત્ર એવી સંસ્થા છે; જ્યાં સ્ત્રી–પુરુષ તેમની જાતીયવૃત્તિને સંતોષી શકે છે. કૌટુંબિક લગ્ન સંસ્થા દ્વારા પુરુષ અને સ્ત્રીની જાતીય ઇચ્છાઓ સંતોષાય છે. કુટુંબ વિના જાતીય જરૂરિયાતોનો સંતોષ અશક્ય છે. આધુનિક કુટુંબ પરંપરાગત કુટુંબ કરતાં વધુ પ્રમાણમાં જાતીયવૃત્તિને સંતોષવાનું કાર્ય કરે છે.

(2) **પ્રજનન :** જાતિ ટકાવી રાખવાનું કાર્ય હંમેશા કુટુંબનું મહત્ત્વનું કાર્ય રહ્યું છે. ચાલુ સમાજને તેના સભ્યોને બદલવાની જરૂર છે તે મુખ્યત્વે પોતાના સભ્યોના જૈવિક પ્રજનન પર આધાર રાખે છે.

કુટુંબ એ પ્રજનન અને બાળઉછેરનું મહત્ત્વનું કાર્ય કરતી સંસ્થા છે. જાતીય વર્તણૂકનું નિયમન કરીને તે પ્રજનન માટે કાયદેસર અને જવાબદારી આધારે સુરક્ષિત કરે છે. તે નવા જન્મેલા બાળકોને સંભાળ અને વ્યક્તિગત રક્ષણ પૂરું પાડે છે.

(3) **સ્થિરતાનું કાર્ય :** કુટુંબ તેના આશ્રિત સભ્યોને વૃદ્ધોને અને બાળકોને વ્યક્તિગત રક્ષણ પૂરું પાડે છે. કટોકટીના સમયે કુટુંબ વ્યક્તિગત વીમાની ગરજ સારે છે. કુટુંબના દરેક સભ્યની કાળજી રાખવાનું કામ કુટુંબ કરે છે.

(4) **સામાજિકરણ :** માનવી એક સામાજિક પ્રાણી છે. કુટુંબના સભ્યો દ્વારા સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા તેમને સામાજિક બનાવવામાં આવે છે. સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા તે જે જૂથમાં જન્મ્યાં છે તે જૂથની આદતો, વર્તન, મૂલ્યો અને માન્યતાઓ શીખે છે.

સમાજના દૃષ્ટિકોણથી કુટુંબના આ કાર્યથી સંસ્કૃતિનું પ્રસરણ થાય છે અને વ્યક્તિ પોતાની જાતને જાળવે છે. નવા સભ્યોની ભરતી દ્વારાં સમાજને જાળવી રાખવાનું કાર્ય થાય છે. કુટુંબ પોતે બાળકને સૌથી મૂળભૂત પ્રકારના એક શિક્ષણ જૂથ તરીકે રજૂ કરે છે. તે સાંસ્કૃતિક પ્રક્રિયાના કોંક્રિટ સ્વરૂપ તરીકે પોતાને રજૂ કરે છે. કુટુંબ પહેલું સામાજિક પર્યાવરણ છે જે નવજાત બાળકને તાલીમ અને શિક્ષણ આપે છે માટે કુટુંબ અનિવાર્ય છે. કુટુંબ વગર વ્યક્તિનો સંપૂર્ણ વિકાસ શક્ય નથી.

**યંગ અને મેક જણાવે છે** કે "બાળકનું મૂળભૂત સામાજિકીકરણ કુટુંબમાં થાય છે તે વ્યક્તિગત સામાજિકીકરણ કરે છે. કુટુંબ નવી પેઢીને સામાજિક વારસો પ્રદાન કરે છે તેથી તેને સંસ્કૃતિના સ્થળાંતર બિંદુ તરીકે વર્ણવવામાં આવે છે." પાર્સન્સ જણાવે છે કે, "કુટુંબ સાંસ્કૃતિક મધ્યસ્થી તરીકે કામ કરે છે."

(5) **ઘરની જોગવાઈ(રહેઠાણ) :** કુટુંબનું રહેઠાણ અથવા રહેઠાણની સ્થાપના કુટુંબનું એક આવશ્યક કાર્ય છે. ઘરની ઇચ્છા પુરુષો અને સ્ત્રીઓ દરેકને હોય છે. રહેઠાણ કુટુંબના સભ્યોને ખુશીથી સાથે રહેવા માટે તક પૂરી પાડે છે. દિવસની સખત મહેનત પછી માણસ ઘરે પરત ફરે છે જ્યાં તેમના કુટુંબના સભ્યોની હાજરીથી થાકને દૂર કરે છે.

હોટલ અને ક્લબ સમાજમાં મનોરંજન પૂરું પાડે છે; પરંતુ, ઘર હજુ પણ સ્વર્ગ છે. જ્યાં કુટુંબના સભ્યોને આરામ અને લાગણી મળે છે. ઘર કુટુંબનો પાયો, પતિ–પત્નીનું સભાસ્થાન, બાળકોનું જન્મ સ્થળ અને મકાન છે. કુટુંબ એક મનોવૈજ્ઞાનિક રાહત મથક છે જેમાં કુટુંબના સભ્યો સુરક્ષિત રીતે આરામ કરી શકે છે. ગમે તેટલું ફરીને આવ્યા બાદ માનવી કુટુંબના સભ્યો સાથે ઘરમાં આવીને હાશકારો અનુભવે છે.

ભારતીય સમાજમાં પહેલા વિસ્તૃત કુટુંબો હતાં. કુટુંબ સ્વરૂપે ગમે તે હોય; પરંતુ, તેના કાર્યોને લીધે કુટુંબની અનિવાર્યતા છે. કોઈપણ સમાજમાં કુટુંબની આવશ્યકતા રહેલી છે. જે ભૂતકાળમાં પણ હતી આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેવાની. કુટુંબના સ્વરૂપ અને પ્રકારોમાં પરિવર્તન આવે છે; પરંતુ, કુટુંબના કેટલાક આવશ્યક કાર્યોને લીધે કુટુંબની અનિવાર્યતા રહેલી છે. આ માટે ગુજરાતી ભાષામાં કહેવત છે કે **"ધરતીનો છેડો ઘર."** પ્રાચીન સમયથી જ આપણી સામાજિક વ્યવસ્થામાં કુટુંબનું એક આગવું મહત્ત્વ જોવા મળે છે.

- **કુટુંબના પરંપરાગત કાર્યો :**

કુટુંબના પરંપરાગત કાર્યો ઘણા છે; પરંતુ, તેમાં મુખ્ય ત્રણ કાર્યો છે, જેમ–જેમ સમાજ સવિશેષ જટિલ અને વ્યવસ્થિત થતો ગયો, તેમ–તેમ કેટલાક સમાન હિતોની પરિપૂર્તિ માટે ખાસ મંડળો અસ્તિત્વમાં આવતા ગયા છે. કુટુંબના કેટલાંક કાર્યો આવા મંડળોએ ઉપાડી લીધાં છે.

વિલિયમ ઓડબર્ન નામના સમાજશાસ્ત્રી કુટુંબના જુદાં–જુદાં ક્ષેત્રોને સ્પર્શતા નીચે મુજબના સાત કાર્યો દર્શાવે છે, જે પરંપરાગત સમાજ વ્યવસ્થામાં અસ્તિત્વ ધરાવતા હતા. જેવા કે,

(1) વાત્સલ્ય

(2) અર્થોપાર્જન

(3) કેળવણી

(4) સંરક્ષણ

(5) આનંદ–પ્રમોદ

(6) દરજ્જા

(7) ધર્મ

આ કાર્યોમાં કેટલાક સમાજશાસ્ત્રીમાં કુટુંબના અન્ય કાર્યો જેવા કે બાળઉછેર, વ્યક્તિમતાનો વિકાસ, વ્યક્તિનું સામાજિકીકરણ, સામાજિક વારસાનું પ્રદાન વગેરેનો ઉમેરો કરે છે.

આ ઉપરાંત, કુટુંબના ત્રણ સાર્વત્રિક કાર્યો છે. મેકાઈવર કુટુંબના ત્રણ મુખ્ય કાર્યો નીચે મુજબ દર્શાવે છે :

(1) જાતીય સુખની પ્રાપ્તિ

(2) સંતાન પ્રાપ્તિ અને સંતાનોનું પાલનપોષણ(પ્રજનન અને બાળઉછેર)

(3) ગૃહ ભાગીદારી કે જેમાં ભૌતિક, સાંસ્કૃતિક અને વાત્સલ્યના સંતોષનું મિશ્રણ થયેલું છે.

કુટુંબના આ જ કાર્યોને બીજી રીતે દર્શાવીએ તો કુટુંબના સાર્વત્રિક કાર્યો નીચે મુજબ છે :

(1) મનુષ્યની વૃત્તિઓને નિયંત્રિત કરી તેને અમુક પ્રકારનું સ્વરૂપ આપવું.

(2) પોતાની જાતિમાં નવા સભ્યો ઉત્પન્ન કરવા.

(3) કુટુંબની આર્થિક વ્યવસ્થા સંભાળવી.

કુટુંબનું મુખ્ય અને સાર્વત્રિક કાર્ય જાતીય તૃપ્તિ અને પ્રજનન દ્વારા સમાજમાં નવી વ્યક્તિઓ પેદા કરવાનું છે. ઉપર જણાવ્યા મુજબના બધા કાર્યો આ મુખ્ય કાર્યને આનુષાંગિક છે. નવા સભ્યો પેદા કરવાના કાર્ય સાથે અન્ય કાર્યો જોડાયેલા છે. જેમાં પ્રજનન, ભરણપોષણ, સામાજિક દરજ્જો અને વ્યક્તિનું સામાજિકીકરણ મુખ્ય છે.

પ્રજનન એ કુટુંબનું અગત્યનું કાર્ય બની રહે છે. લગ્નની બહાર પણ જાતીયવૃત્તિને સંતોષી શકાય છે; પરંતુ, તેનાથી જે બાળકો જન્મે છે. તેમનું સમાજમાં ખાસ સ્થાન હોતું નથી. લગભગ દરેક સમાજની પ્રથા વિરુદ્ધ, લગ્નની બહાર જન્મેલા બાળકો કાયદેસરના ગણાતા નથી. દરેક સમાજના નિયમો મુજબ થયેલા લગ્ન દ્વારા જ જન્મેલા બાળકો માન્ય ગણાય છે. તેવા બાળકો કુટુંબના કાયદેસરના સભ્યો બને છે, માતા–પિતા તથા બાળકોની અરસપરસ ફરજો વંશપરંપરાથી ઉતરી આવેલા નિયમો મુજબની રહે છે. પ્રજનનને જૈવિક ઘટના તરીકે કોઈપણ સમાજ સ્વીકારતો નથી, તેવા સ્વીકારથી સમાજમાં અવ્યવસ્થા ઊભી થવા સંભવ છે.

## 2.4 ઉપસંહાર :

કુટુંબના બાળકો માટે તેઓ પુખ્તવયના થાય ત્યાં સુધી માતા–પિતા તરફથી ભરણપોષણ તથા લાલનપાલનની જોગવાઈ કરવામાં આવી હોય છે. બાળકના માતા–પિતા તેમજ કુટુંબના સભ્યો તેનું યોગ્ય પોષણ તથા રક્ષણ કરવા માટે બંધાયેલા છે. દરેક બાળકને જન્મથી જ પોતાના કુટુંબનો દરજ્જો મળે છે. આ રીતે કુટુંબનું જૈવિક સાતત્ય ચાલુ રહે છે. દરેક બાળકને તેના કુટુંબનું નામ મળે છે. દરેક કુટુંબની પોતાની વંશ ગણવાની કોઈ ખાસ રીત હોય છે. કુટુંબનો દરજ્જો વ્યક્તિને સામાજિક પ્રતિષ્ઠા, ધંધો, મિલકત, કેળવણી, ધર્મ વગેરેમાં દરજ્જો મેળવવામાં મદદરૂપ થાય છે. બદલામાં કુટુંબની પ્રતિષ્ઠા જળવાઈ રહે તેવા વર્તનની કુટુંબના સભ્યો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

બાળક સૌ પ્રથમ કુટુંબના સભ્યો, ખાસ કરીને માતા–પિતા સાથે સંપર્કમાં આવે છે. તેમના દ્વારા તે સમાજની ટેવો, રિવાજો, રીત–ભાત વગેરેથી માહિતગાર થાય છે અને તે અનુસાર વર્તન કરવા માટેની તાલીમ પ્રાપ્ત કરે છે.

તેની વ્યક્તિમતા સામાજિકીકરણ દ્વારા જ વિકસે છે. લોકરીતિઓ, લોકનીતિઓ, ધર્મ, સામાજિક રીતરિવાજો, મૂલ્યો વગેરેનું શિક્ષણ તે કુટુંબ દ્વારા જ મેળવે છે. કુટુંબના સભ્યો દ્વારા જ તેને પોતાના સમાજની સંસ્કૃતિનો પરિચય થાય છે. આ રીતે કુટુંબ બાળકના ઘડતરનું મહત્ત્વનું કાર્ય કરવા માટે અનિવાર્ય છે.

બાળકના સામાજિકીકરણ જેવું મહત્ત્વનું કાર્ય કુટુંબ સિવાય અન્ય કોઈ સંગઠન કરી શકે જ નહી. રશિયાએ આ દિશામાં અખતરા કર્યા અને પરિણામ એ લાગ્યું કે માતા–પિતા બાળકનું

જે વાત્સલ્યથી સામાજિકીકરણ કરે તે કક્ષાએ અન્ય કોઈ સંગઠન કાર્ય કરી શકે નહીં. કુટુંબમાં માતા–પિતાના વાત્સલ્યનો પૈસાથી કામ કરતા સંગઠનોમાં અભાવ હોય છે. તેથી બાળકના સામાજિકીકરણની અગત્યની જવાબદારી કુટુંબના શિરે જ રહી છે, તેથી જ તો કુટુંબનો ખ્યાલ અનિવાર્ય અને સવિશેષ છે તેમ કહી શકાય.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો :

1. નીચેનામાંથી કુટુંબના આવશ્યક કાર્યોમાં કોનો સમાવેશ થાય છે ?

   (A) પ્રજનન (B) રહેઠાણ (C) જાતિય સંતોષ (D) ઉપરોક્ત બધા

2. કુટુંબના પરંપરાગત કાર્યોમાં કોનો સમાવેશ થાય છે ?

   (A) વાત્સલ્ય (B) અર્થોપાજન (C) કેળવણી (D) ઉપરોક્ત બધા

3. કુટુંબના સાર્વત્રિક કાર્યો કયા છે તે જણાવો.

   (A) કુટુંબની આર્થિક વ્યવસ્થા (B) નવા સભ્યો ઉમેરવા

   (C) મનુષ્યની વૃત્તિઓને નિયંત્રણ (D) ઉપરોક્ત બધા

4. જૂથની આદતો, વર્તન, મૂલ્યો અને માન્યતાઓ વ્યક્તિ શીખે છે. આ પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

   (A) સંસ્કાર સિંચન (B) કેળવણી

   (C) સામાજિકીકરણ (D) ઉપરમાંથી એકપણ નહી

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (D) **3.** (D) **4.** (C)

## 2.7 ચાવીરૂપ શબ્દો :

**1.** **સામાજિક પર્યાવરણ :** વ્યક્તિની આસપાસના સમાજનું વાતાવરણ તેને સામાજિક વાતાવરણ તરીકે ઓળખવામાં આવે છે.

**2.** **અર્થોપાજન :** આર્થિક ઉપાર્જન મેળવવાની પ્રક્રિયાને અર્થોપાજન કહે છે.

**3.** **પરંપરાગત :** વર્ષોથી... પેઢીઓથી ચાલી આવતી બાબતોને પરંપરાગત બાબતો તરીકે ઓળખાવી શકાય.

## 2.8 સ્વાધ્યાય લેખન :

1. કુટુંબના કાર્યો વિસ્તૃતમાં સમજાવો.
2. વિલિયમ ઓડબર્ન દ્વારા અપાયેલા કુટુંબના કાર્યો જણાવો.
3. મેકાઈવર દ્વારા અપાયેલા કુટુંબના કાર્યો જણાવો.

## 2.9 પ્રવૃત્તિ :

1. ભારતીય કુટુંબ વ્યવસ્થા અને પશ્ચિમી કુટુંબ વ્યવસ્થા અંગેની તુલના કરો.
2. ફિલ્ડવર્કના અનુભવોને આધારે વ્યક્તિના વિકાસમાં અવરોધક બાબતો વિશેની યાદી તૈયાર કરો અને તેની સુધારણા માટે એક કાર્યકર તરીકે તમે શું કરી શકો તે જણાવો.

## 2.10 કેસ સ્ટડી :

1. કુટુંબના આવશ્યક કાર્યોમાં કુટુંબ અંગે યુવાનોનાં વિચારો જાણી કોઈ બે યુવાનો વિશે વિગતે કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.11 સંદર્ભગ્રંથ :


- કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય : અર્પણ નાયક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
- સગપણ–સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબ કલ્યાણ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- ભારતીય સમાજનાં પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સમાજકાર્ય(હિન્દી) : તેજસ્કર પાંડેય, ઓજસ્કર પાંડેય
- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.

# એકમ–3 કુટુંબના પ્રકારો

## : એકમનું માળખું :

3.0 એકમનો પરિચય

3.1 એકમના હેતુઓ

3.2 પ્રસ્તાવના

3.3 કુટુંબના પ્રકારોનું વર્ગીકરણ

3.4 સંયુક્ત કુટુંબ એટલે શું ?

3.5 સંયુક્ત કુટુંબના લક્ષણો

3.6 વિભક્ત કુટુંબ એટલે શું ?

3.7 વિભક્ત કુટુંબના લક્ષણો

3.8 સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ વચ્ચેનો ભેદ

3.9 ઉપસંહાર

3.10 તમારી પ્રગતિ ચકાસો

3.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

3.12 ચાવીરૂપ શબ્દો

3.13 સ્વાધ્યાય લેખન

3.14 પ્રવૃત્તિ

3.15 કેસ સ્ટડી

3.16 સંદર્ભગ્રંથ

## 3.0 એકમનો પરિચય :

કુટુંબ એ સમાજની સાર્વત્રિક સંસ્થા છે. કુટુંબ સાર્વત્રિક હોવા છતાં તેના સ્વરૂપ, રચના અને કાર્યમાં તફાવત જોવા મળે છે. કુટુંબ સગપણ સબંધ છે. કુટુંબ સમાજ અને સંસ્કૃતિના સાતત્યમાં કેન્દ્રવર્તી સ્થાન કુટુંબનું છે.

કુટુંબના અલગ–અલગ પ્રકાર છે. કુટુંબના જુદા–જુદા પ્રકારો, વંશષ સત્તા, સ્થાન અને સહનિવાસના આધારે કરવામાં આવેલ છે. મિત્રો, આજે એકમ 03 અંતર્ગત કુટુંબના જુદા–જુદા પ્રકારો વિસે વિગતે ચર્ચા કરવામાં આવેલ છે. જેમાં સંયુક્ત કુટુંબ કોને કહેવાય ? વિભક્ત કુટુંબ કોને કહેવાય ? વર્તમાન સમયમાં કુટુંબના બદલાયેલા સ્વરૂપો વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે.

## 3.1 એકમનો હેતુ :

પ્રસ્તુત એકમનો અભ્યાસ સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે શા માટે કરવો જોઈએ તેના હેતુઓ વિશે નીચે મુજબ જાણકારી પ્રાપ્ત થશે.

(1) કુટુંબ વિશએની વિભાવના અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(2) કુટુંબના વિવિધ પ્રકાર વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(3) કુટુંબના વિવિધ પ્રકારનાં લાભાલાભ વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(4) વર્તમાન સમયમાં કુટુંબના સ્વરૂપોમાં પરિવર્તન આવવા પાછળના કારણો અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

## 3.2 પ્રસ્તાવના :

આપણે સૌ કુટુંબથી પરિચિત છીએ; પરંતુ, કુટુંબના સ્વરૂપમાં ઘણી વૈવિધ્યતા જોવા મળે છે. વિસ્તાર અને સંસ્કૃતિ પ્રમાણે જુદાં–જુદાં પ્રકારની કૌટુંબિક વ્યવસ્થા જોવા મળે છે. સામાન્ય રીતે કુટુંબ એ સમાજમાન્ય રીતે પ્રજનન અને બાળઉછેરની પ્રવૃત્તિનું જૂથ છે. આ દૃષ્ટિએ કુટુંબ એ પ્રજનન અને બાળઉછેર માટેની પ્રમાણભૂત અને કાયદેસરની સંસ્થા ગણાવી શકાય.

વ્યક્તિના ઘડતરમાં કુટુંબની વિશિષ્ટ ભૂમિકા છે. કિંગ્સલે ડેવિસ કુટુંબનો અર્થ સમજાવતાં નોંધે છે કે, કુટુંબના સભ્યો પ્રજનન કાર્ય દ્વારા વધુ નિકટથી સંબંધિત છે. પતિ–પત્ની એ જાતીય સંબંધ અને સંયુક્ત રીતે પ્રજનન દ્વારા જૈવિક રીતે સંકળાયેલા છે. માતા–પિતા અને સંતાનો લોહીના સંબંધથી જોડાયેલા છે. કુટુંબના સભ્યો વચ્ચે પારસ્પરિક નિકટતા હોય છે. તેટલી નિકટતા બીજા કોઈપણ સંબંધમાં જોવા મળતી નથી. લગ્નથી થતી સંતતિ વ્યક્તિને એક વિશિષ્ટ માતા–પિતા તરીકેનો દરજ્જો આપે છે અને આ વંશનો ક્રમ પેઢી દર પેઢી ચાલ્યા કરે છે. વંશ ગણતરીની દૃષ્ટિએ કુટુંબને જુદાં–જુદાં પ્રકારમાં વિભાજિત કરી શકાય છે.

કૌટુંબિક સમાજકાર્યમાં સામાજિક કાર્યકરે કુટુંબ સાથે કામ કરવાનું છે. આપણે અગાઉના એકમોમાં જોયું તે પ્રમાણે કુટુંબ એ સમાજની વ્યવસ્થાતંત્રનો ખૂબ જ મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. જેમાં અસરકારક રીતે સામાજિક કાર્યકરે દરમિયાનગીરી કરવા માટે કુટુંબ અને તેના વિવિધ પ્રકારો વિશેની જાણકારી મેળવવી જરૂરી છે. કુટુંબનો પોતાનો વર્ષો જૂનો ઈતિહાસ છે, માનવના જન્મની સાથે જ કુટુંબવ્યવસ્થા જોડાયેલી છે. સમય, સંજોગોને આધિન કુટુંબવ્યવસ્થામાં ઘણાં ફેરફારો થયા છે. પ્રાચિન સમયમાં સતત ડર, ભય અને ખચકાટની વચ્ચે રહેવું પડે તેવી સ્થિતિ હતી, ત્યારે આપણી સમાજવ્યવસ્થામાં સંયુક્ત કુટુંબો વધુ પ્રમાણમાં જોવા મળતા હતાં. જ્યારે, આજના આધુનિક સમયમાં વ્યક્તિ સંયુક્ત કુટુંબોમાં ઓછું રહેવાનું પસંદ કરે છે, માટે સમાજમાં વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધ્યું છે. આમ, કુટુંબના વિવિધ પ્રકારો વિશેની જાણકારી આપવાનો પ્રસ્તુત એકમમાં પ્રયત્ન કરવામાં આવેલો છે.

## 3.3 કુટુંબના પ્રકારોનું વર્ગીકરણ :

માનવ સમાજમાં જુદા–જુદા પ્રકારના કુટુંબો આપણને જોવા મળે છે, જેનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય :

**(1) વંશ ગણતરીની દૃષ્ટિએ :**

1. પિતૃવંશી કુટુંબ
2. માતૃવંશી કુટુંબ

વંશ ગણતરીની દૃષ્ટિએ થતા કુટુંબનાં વર્ગીકરણમાં સંતાનોની વંશ ગણતરી જે કુટુંબોમાં પિતાના નામે થતી હોય તેવા કુટુંબોને પિતૃવંશી કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે જે સંતાનોની વંશ ગણતરી તેના માતાના નામે થતી હોય તેવા કુટુંબોને માતૃવંશી કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે. આમ, વંશના આધારે કુટુંબને વર્ગીકૃત કરી શકાય છે.

આ ઉપરાંત, વસવાટના આધારે કુટુંબને અલગ રીતે વર્ગીકૃત કરી શકાય છે. જેમાં દરેક સમાજમાં આ અંગે વ્યવસ્થા પહેલેથી જ ગોઠવાયેલી છે. સ્થળ અને સંસ્કૃતિ પ્રમાણે અહીં ઘણું વૈવિધ્ય જોવા મળે છે.

**(2) વસવાટના આધારે કુટુંબો :**

1. માતૃસ્થાની કુટુંબો
2. પિતૃસ્થાની કુટુંબો

જે કુટુંબમાં માતૃપક્ષનું નિવાસસ્થાન સંતાનોનું નિવાસસ્થાન બને છે. જેમાં લગ્ન પછી પત્નીના ઘરે શ્વસુર ગૃહે વસવાટ કરે છે અથવા ક્યારેક પતિ પોતાના માતાના કુટુંબમાં રહેવાનું ચાલુ રાખીને શ્વસુર ગૃહે પોતાની પત્નીને મળવા માટે જાય છે. જ્યારે, પિતૃસ્થાની કુટુંબોમાં લગ્નબાદ પત્ની તેના પતિના ઘરે વસવાટ કરે છે. લગ્ન પછી જે બાળકો જન્મે તે પણ પિતાના ઘરે જ વસવાટ કરે છે. અહીં પત્ની પરણીને આવ્યા પછી સમાજ અને કુટુંબના રીતિ રિવાજો અનુસાર થોડો સમય પોતાના ઘરે આવ–જા કરી પછી કાયમી ધોરણે પતિના ઘરમાં જ વસવાટ કરે છે અને પ્રશંગોપાત પોતાના પિયર પક્ષે જાય છે.

**(3) સત્તાની દૃષ્ટિએ કુટુંબના પ્રકાર :**

1. પિતૃસત્તાક કુટુંબો
2. માતૃસત્તાક કુટુંબ

આ પ્રકારના કુટુંબમાં સત્તાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. પિતૃસત્તાક કુટુંબની વ્યવસ્થામાં નામ પ્રમાણે, કોઈપણ પ્રકારની બાબતોમાં નિર્ણય લેવાની સત્તા પિતા અથવા પુરુષની હોય છે.

દા.ત. જુદા–જુદા પ્રકારના સામાજિક વ્યવહારો કઈ રીતે કરવા તે અંગે નિર્ણય લેવાની સત્તા કુટુંબમાં પિતા અથવા પુરુષ વ્યક્તિને હોય છે.

જ્યારે, માતૃસત્તાક કુટુંબોમાં સત્તા માતા કે માતાના ભાઈની પાસે હોય છે. કેટલાક સમાજશાસ્ત્રીઓ આ પ્રકારની કુટુંબવ્યવસ્થાને માતૃકીય કુટુંબ તરીકે પણ ઓળખાવે છે.

**(4) પતિ–પત્નીની સંખ્યાના આધારે કુટુંબનું વર્ગીકરણ :**

1. એકસાથી કુટુંબ
2. બહુસાથી કુટુંબ

આ પ્રકારની કુટુંબવ્યવસ્થામાં સંખ્યા ઉપર ભાર મૂકવામાં આવેલ છે. એકસાથી કુટુંબમાં સ્ત્રીને એક પતિ હોય છે અને પુરુષ ને એક પત્ની હોય છે. આવા કુટુંબોને એકસાથી કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે, બહુસાથી કુટુંબમાં એક પત્નીને એક કરતાં વધારે પતિ અને પુરુષને એક કરતાં વધારે પત્ની હોય છે આવા કુટુંબને સમાજશાસ્ત્રની પરિભાષામાં બહુપતિ કુટુંબ અથવા બહુપત્ની કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન સમયમાં આપણી સમાજવ્યવસ્થામાં બહુસાથી કુટુંબો વધારે પ્રમાણમાં જોવા મળતાં હતાં; પરંતુ, આજે ગુજરાત સહિત ભારતના ઘણા રાજ્યોમાં એકસાથી કુટુંબો વધારે પ્રમાણમાં જોવા મળે છે.

**(5) પેઢીઓને આધારે કુટુંબનું વર્ગીકરણ :**

1. સંયુક્ત કુટુંબ
2. વિભક્ત કુટુંબ

આ બંને પ્રકારના કુટુંબો વિશેની વિગતે ચર્ચા નીચે પ્રમાણે છે :

## 3.4 સંયુક્ત કુટુંબ એટલે શું ?

સામાન્ય રીતે સંયુક્ત કુટુંબમાં ત્રણથી ચાર પેઢીના સગાંઓ જેવા કે પિતા અને તેના ભાઈઓ, પિતરાઈઓ, પુત્રો, ભત્રીજા, ભત્રીજીઓ તથા આ બધા જ પુરુષ સગાની પત્નીઓ તેમજ પોતાની અપરિણીત બહેનો અને પુત્રીઓનો સમાવેશ થાય છે. તેઓ બધા જ એક જ મકાનમાં વસવાટ કરે છે. તેમની બધી જ મિલકત સહિયારી હોય છે અને તેઓ એક જ રસોડે જમે છે. બધા જ સભ્યોની આવક સંયુક્ત ગણાય છે.

પ્રો. ડી.જી. મેન્ડલ બોમે સંયુક્ત કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે, સંયુક્ત કુટુંબ એવું કુટુંબ છે જેમાં અનેક પરિણીત યુગલો તેમના સંતાનો સહિત એક જ ઘરમાં વસવાટ કરે છે. બધા જ પુરુષો રક્ત સંબંધો જોડાયેલા હોય છે. જેમ કે, પિતા અને તેના પુત્રો, પૌત્રો અથવા ભાઈઓ અને તેમના પુત્રો, પૌત્રો, ઘરની અંદરના સ્ત્રીવર્ગમાં પુરુષોની પત્નીઓ, કુંવારી પુત્રીઓ તથા કોઈ નજીકના સગાંઓનો પણ સમાવેશ થાય છે. લગ્ન બાદ કન્યા પોતાના પિતાનું ઘર છોડીને પોતાના પતિના સંયુક્ત કુટુંબનો એક ભાગ બને છે.

આમ, સંયુક્ત કુટુંબ એ સમાજવ્યવસ્થાની દૃષ્ટિએ ખૂબ સારી બાબત ગણાય છે. આવા કુટુંબોમાં સંપ અને પરસ્પર સહકારની ભાવના ખૂબ સારી હોય છે. કુટુંબવ્યવસ્થાની દૃષ્ટિએ આ ઉત્તમ વ્યવસ્થા ગણી શકાય. આ સંયુક્ત કુટુંબવ્યવસ્થાના કેટલાક લક્ષણો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

## 3.5 સંયુક્ત કુટુંબના લક્ષણો :

સંયુક્ત કુટુંબોને જુદાં–જુદાં લક્ષણોના આધારે ઓળખી શકાય છે.

(1) **સાથે વસવાટ :** સંયુક્ત કુટુંબમાં ત્રણથી ચાર પેઢીના સીધા લોહીના સંબંધથી જોડાયેલા વ્યક્તિઓનો સમાવેશ થાય છે. ત્રણથી ચાર પેઢીના લોકો આ પ્રકારની કુટુંબવ્યવસ્થામાં એક સાથે વસવાટ કરે છે. હા, વ્યવસ્થાની દૃષ્ટિ અને કુટુંબના સભ્યોના અંગત ઉપયોગ માટે અલગ–અલગ ઓરડાઓ જોવા મળે છે. દરેક યુગલનો શયનખંડ જુદો હોય છે; પરંતુ, રસોડું એક જ હોય છે. સંયુક્ત કુટુંબોને ગ્રામ્ય સમાજમાં "મોટા ઘર" તરીકે ઓળખવામાં આવે છે.

આ પ્રકારના કુટુંબોમાં સાથે વસવાટ કરવાની સાથે કૃષિ, પશુપાલન તેમજ અન્ય વ્યવસાયલક્ષી કામો કુટુંબના બધા સભ્યો સાથે મળીને કરે છે. કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર સામૂહિક ભાવના આધારે જોવા મળે છે. મુશ્કેલીના સમયે કુટુંબના અન્ય સભ્યોનો સાથ–સહકાર અને એકબીજાની હૂંફ મળી રહે છે.

(2) **એક જ રસોડે ભોજન :** સંયુક્ત કુટુંબવ્યવસ્થાનું આ ખૂબ મહત્ત્વનું અને પાયાનું લક્ષણ છે. અહીં દરેક કુટુંબના સભ્યો સાથે વસવાટ કરે છે તેની સાથો–સાથ દરેકનું ભોજન એક જ રસોડે બને છે અને બધા સંપીને એક જ સાથે જમે છે. કુટુંબની ઉંમરલાયક સ્ત્રી કુટુંબની અન્ય સ્ત્રીઓ પર દેખરેખ રાખે છે. જરૂર પડયે માર્ગદર્શકની ભૂમિકા અદા કરે છે. સામાન્ય રીતે આ પ્રકારની કુટુંબમાં વ્યવસ્થામાં પુરુષો પહેલાં જન્મે છે અને પુરુષોના જમ્યા પછી જ સ્ત્રીઓ જન્મે છે.

(3) **ભેગી મિલકત :** આ સંયુક્ત કુટુંબ પ્રથાનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ લક્ષણ ગણાવી શકાય; કારણ કે, અહીં આર્થિ ઉપાર્જનની પ્રવૃત્તિમાં શ્રમ બધા જ કરે છે. ખેતીકામ, પશુપાલન કામ અને અન્ય વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓ બધા જ ભેગા મળીને કરે છે. વધુ સંખ્યાબળ હોવાના કારણે પુષ્કળ માનવ શક્તિ મળી રહે છે. માટે ઉત્પાદકીય પ્રવૃત્તિઓમાં શ્રમ મળી રહે છે. જે આવક પ્રાપ્ત થાય છે. તેમ બધાનો સહિયારો અધિકાર છે જે આવક પ્રાપ્ત થાય છે તે કોઈ એક વ્યક્તિની માલિકીની હોતી નથી. જ્યાં જરૂર જણાય ત્યાં સહિયારી મિલકતમાંથી પ્રાપ્ત થયેલ આવકનો ઉપયોગ થાય છે

(4) **સંયુક્ત પૂજા વિધિ :** દરેક વ્યક્તિ પોતાના ઈષ્ટદેવની પૂજા આરાધના કરે છે. દરેક પ્રસંગો પ્રમાણે જુદાં–જુદાં પ્રકારની વિધિ અને પૂજા–આરાધના કરવામાં આવે છે. જેમ કે, લગ્ન, મૃત્યુ, શ્રાદ્ધ વગેરે જેવા પ્રસંગો કુટુંબના સૌ સભ્યો સાથે મળીને આ વિધિ કરે છે.

(5) **સત્તા વડા પાસે :** સંયુક્ત કુટુંબમાં હંમેશા સત્તા કુટુંબના વડા પાસે હોય છે. શું કરવું ? કંઈ રીતે કરવું ? આ પ્રકારની કોઈપણ પરિસ્થિતિમાં શું કરવું તે અંગેનું માર્ગદર્શન કુટુંબની વડીલ વ્યક્તિ પાસે હોય છે. પેઢીદર પેઢી આ સત્તા નીચલી પેઢીને મળતી જાય છે. પરિણામે સત્તાની દ્વિતીય હરોળ ઊભી થાય છે. જેના પરિણામે આ કુટુંબની શાસનવ્યવસ્થા સતત ચાલ્યા કરે છે. પુરુષ વડીલની સાથે સ્ત્રી વડીલની પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. નાના બાળકો, રસોઈકાર્ય, ધાર્મિક અને સામાજિક વિધિઓમાં કુટુંબની વડીલ સ્ત્રી વ્યક્તિની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની હોય છે.

(6) **લોહીના સંબંધો :** સંયુક્ત કુટુંબના લક્ષણોમાં લોહીના સંબંધોનું લક્ષણ ખૂબ જ અગત્યનું છે. સંયુક્ત કુટુંબમાં ત્રણ કે તેથી વધુ પેઢીના સભ્યો એક જ નિવાસમાં વસવાટ કરે છે. અહીં દરેકની ભૂમિકા સ્પષ્ટ છે. કુટુંબના દરેક સભ્યોનું ભરણપોષણ, શિક્ષણ અને લગ્ન સુધીની તમામ પ્રકારની જવાબદારી કુટુંબના વડાના હાથમાં હોય છે. આ ઉપરાંત, કુટુંબની વડીલ સ્ત્રીની જવાબદારી મહત્ત્વની બની રહે છે. સંયુક્ત કુટુંબવ્યવસ્થામાં ઉપર મુજબના લક્ષણો જોવા મળતા હતા; પરંતુ, આધુનિક સમયમાં આ કુટુંબવ્યવસ્થામાં ઘણા ફેરફારો નોંધાય છે. કેટલાંક લક્ષણો મહદ્ અંશે નાશ પામ્યાં છે; પરંતુ, આ બધાની વચ્ચે આ વ્યવસ્થા આજે પણ કેટલાંક કુટુંબોમાં ટકી રહી છે, તે મહત્ત્વની બાબત છે.

## 3.6 વિભક્ત કુટુંબ એટલે શું ?

વિભક્ત કુટુંબ જુદું અથવા સ્વતંત્ર તેવો અર્થ કરવામાં આવે છે. આ કુટુંબમાં સામાન્ય રીતે પરિણીત સ્ત્રીપુરુષ અને તેમના અપરિણીત બાળકોનો સમાવેશ થાય છે. પતિ–પત્ની વચ્ચેના સંબંધોને આધારે જોઈએ તો વિભક્ત કુટુંબ લગ્ન સંબંધી કુટુંબ છે અને આ પ્રકારના કુટુંબના સંતાનોને આધારે જોવા જઈએ તો વિભક્ત કુટુંબએ લોહીના સંબંધીઓના કુટુંબનો જ એક ભાગ છે, વિભક્ત કુટુંબમાં પતિ–પિતા, પત્ની–માતા, પુત્ર–ભાઈ–પુત્રી–બહેન જેવી જુદાં–જુદાં પ્રકારની ભૂમિકાઓ જોવા મળે છે.

## 3.7 વિભક્ત કુટુંબના લક્ષણો :

આ કુટુંબ વ્યવસ્થાના કેટલાક પ્રમુખ લક્ષણો નીચે પ્રમાણે છે.

વિભક્ત કુટુંબને નીચેના લક્ષણોના આધારે ઓળખી શકાય છે :

(1) વિભક્ત કુટુંબમાં એક કે બે પેઢીના સભ્યોનો સમાવેશ થાય છે.

(2) વિભક્ત કુટુંબમાં પતિ, પત્ની અને તેમના અપરિણીત બાળકોનો સમાવેશ થાય છે.

(3) વિભક્ત કુટુંબમાં તમામ જવાબદારી પત્ની–પતિના શીરે હોય છે.

(4) ઘરકામ અને બાળઉછેરનું કામ આ પ્રકારની કુટુંબવ્યવસ્થામાં અઘરું છે.

(5) વિભક્ત કુટુંબનું સંખ્યાબળ ઓછું હોય છે. કૃષિ, પશુપાલન સંબંધી કામો કરવામાં મુશ્કેલી પડે છે.

(6) આ પ્રકારની કુટુંબવ્યવસ્થામાં સ્ત્રીઓ વધુ સ્વતંત્ર હોય છે.

(7) વિભક્ત કુટુંબમાં લગ્ન પછી છૂટા–છેડા જેવા પ્રસંગો બનતાં પરિવારની સ્થિતિ વધુ કફોડી બને છે.

## 3.8 સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ વચ્ચેનો ભેદ :

| સંયુક્ત કુટુંબ | વિભક્ત કુટુંબ |
|---|---|
| 1. બધા સાથે રહે છે અને વસવાટ કરે છે. | 1. બધા જુદા–જુદા સ્વતંત્ર વસવાટ કરે છે. |
| 2. સંયુક્ત કુટુંબમાં ચાર પેઢીઓ સુધીનો સમાવેશ થાય છે. | 2. વિભક્ત કુટુંબમાં વધુમાં વધુ બે પેઢીઓનો સમાવેશ થાય છે. |

| | |
|---|---|
| 3. સંયુક્ત કુટુંબમાં બધાનું રસોડું એક જ હોય છે. | 3. વિભક્ત કુટુંબમાં રસોડું જુદું હોય છે. |
| 4. સંયુક્ત કુટુંબ કદની દષ્ટિએ ખૂબ મોટું હોય છે. | 4. વિભક્ત કુટુંબમાં કુટુંબના સભ્યોની સંખ્યા ઓછી હોય છે. |
| 5. કુટુંબના વડા સર્વસ્વ હોય છે. તેમના નિયંત્રણ હેઠળ રહેવાનું હોય છે. | 5. અહીં પતિ–પત્ની વધારે સ્વતંત્રતા ભોગવે છે. |
| 6. સંયુક્ત કુટુંબમાં પરસ્પર સહકારનું વાતાવરણ હોય છે. | 6. વિભક્ત કુટુંબમાં બિમારી, છૂટાછેડા સમયે મુશ્કેલ વાતાવરણ ઊભું થાય છે. |
| 7. કુટુંબના ભરણપોષણ, શિક્ષણની જવાબદારી કુટુંબના વડાની પાસે હોય છે. | 7. વિભક્ત કુટુંબમાં ભરણપોષણ અને શિક્ષણની જવાબદારી માતાપિતાની હોય છે. |
| 8. સંયુક્ત કુટુંબમાં વિકાસની તકો વધુ હોય છે. | 8. વિભક્ત કુટુંબમાં વિકાસની તકો વધુ હોય છે. |
| 9. સંયુક્ત કુટુંબમાં સંયુક્ત પૂજા આરાધના અને વિધી કરવામાં આવે છે. | 9. વિભક્ત કુટુંબમાં સ્વતંત્ર રીતે કરવામાં આવે છે. |

આમ, ઉપર મુજબના તફાવત સંયુક્ત અને વિભક્ત પ્રકારની કુટુંબવ્યવસ્થામાં જોવા મળે છે.

## 3.9 ઉપસંહાર :

સમાજ વ્યવસ્થામાં કુટુંબની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. સામાજિક કાર્યકરે કુટુંબ જીવનમાં જુદા–જુદા પ્રશ્નોમાં દરમિયાનગીરી કરવા માટે કુટુંબનું વ્યવસ્થાતંત્ર, રચનાતંત્ર સમજવું જરૂરી છે. જ્યાં સુધી કુટુંબનું તંત્ર ન સમજાય ત્યાં સુધી તેના પ્રશ્નોમાં અસરકારક દરમિયાનગીરી થઈ શકે નહીં. કુટુંબના જુદાં–જુદાં પ્રકારોનું વર્ગીકરણ, તે અંગેની પાયાની સમજણ, સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ વિશેનો ખ્યાલ તેના લક્ષણો વિશે કાર્યકરની પાસે માહિતી અને જ્ઞાન હોવું જરૂરી છે. આ દષ્ટિએ પ્રસ્તુત એકમમાં કુટુંબના પ્રકારો વિશેની સમજણ અને તફાવત અને ભેદ વિશેની માહિતી સૌને ઉપયોગી બની રહેશે.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો :

1. વંશ ગણતરીની દષ્ટિએ કુટુંબના કેટલા પ્રકારો છે તે જણાવો.

   (A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

2. પેઢીઓને આધારે કુટુંબના વર્ગીકરણના કેટલા પ્રકાર છે તે જણાવો.

   (A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

3. સંયુક્ત કુટુંબ પ્રથાના મુખ્ય લક્ષણો જણાવો.

   (A) સાથે વસવાટ (B) એક રસોડે ભોજન

   (C) ભેગી મિલકત (D) ઉપરોક્ત બધા

4. વિભક્ત કુટુંબનું મુખ્ય લક્ષણ કયું છે તે જણાવો.

(A) એક કે બે પેટીઓના સભ્યોનો સમાવેશ (B) વડા પાસે સત્તા

(C) સંયુક્ત મિલકત (D) ઉપરમાંથી એકપણ નહિ

5. સત્તાની દૃષ્ટિએ કુટુંબના કેટલા પ્રકાર છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) છ

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (B) **3.** (D) **4.** (A) **5.** (A)

## 3.12 ચાવીરૂપ શબ્દો :

**1.** **સંયુક્ત કુટુંબ :** ત્રણ થી ચાર પેઢીઓના સભ્યોના વસવાટવાળા કુટુંબને સંયુક્ત કુટુંબ કહે છે.

**2.** **વિભક્ત કુટુંબ :** વિભક્ત એટલે જુદું અથવા સ્વતંત્ર કુટુંબ. જેમાં પરિણીત સ્ત્રી-પુરુષ અને અપરિણીત બાળકોનો સમાવેશ થાય છે.

## 3.13 સ્વાધ્યાય લેખન :

1. કુટુંબના જુદાં–જુદાં પ્રકારોનું વર્ગીકરણ કરો.
2. સંયુક્ત કુટુંબ એટલે શું ? જણાવો.
3. વિભક્ત કુટુંબ એટલે શું ? જણાવો.
4. સંયુક્ત કુટુંબના લક્ષણો જણાવો.
5. વિભક્ત કુટુંબનાં લક્ષણો જણાવો.
6. સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબના લાભાલાભ જણાવો.
7. કુટુંબના પ્રકારોનું વર્ગીકરણ કરી, સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ વિશેનો ખ્યાલ આપો.

## 3.14 પ્રવૃત્તિ :

1. તમારા ફિલ્ડવર્કનાં ગામમાં સંયુક્ત કુટુંબો કેટલા છે ? તેની યાદી તૈયાર કરી સંયુક્ત કુટુંબની ઉપયોગિતા જણાવો.
2. સંયુક્ત કુટુંબ તૂટવાના કારણો – ફિલ્ડવર્કના અનુભવના આધારે જણાવો.

## 3.15 કેસ સ્ટડી :

1. સંયુક્ત કુટુંબની ઉપયોગિતા અંગે તમારાં ગામના કોઈ એક સંયુક્ત પરિવારની મુલાકાત લઈ કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.16 સંદર્ભગ્રંથ :


- કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય : અર્પણ નાયક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
- સગપણ–સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબ કલ્યાણ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- ભારતીય સમાજનાં પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સમાજકાર્ય(હિન્દી) : તેજસ્કર પાંડેય, ઓજસ્કર પાંડેય
- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.

# એકમ–4 પુનર્લગ્ન આધારિત કુટુંબો

: એકમનું માળખું :

4.0 એકમનો પરિચય

4.1 એકમના હેતુઓ

4.2 પ્રસ્તાવના

4.3 પુનર્લગ્ન આધારિત પરિવારનો ખ્યાલ અને અસર કરતાં પરિબળો

4.4 પુનર્લગ્નના પરિણામો

4.5 પુનર્લગ્ન કુટુંબની રચના

4.6 પુનર્લગ્ન કુટુંબના પ્રશ્નો અને વિરોધાભાસ

4.7 બેવડી આવક ધરાવતા કુટુંબો અને તેમની પરિસ્થિતિ

4.8 ખાલી માળો(ઘર) ધરાવતા કુટુંબો

4.9 ખાલી માળો(ઘર) અંગે થયેલા અભ્યાસો

4.10 ઉપસંહાર

4.11 તમારી પ્રગતિ ચકાસો

4.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

4.13 ચાવીરૂપ શબ્દો

4.14 સ્વાધ્યાય લેખન

4.15 પ્રવૃત્તિ

4.16 કેસ સ્ટડી

4.17 સંદર્ભગ્રંથ

## 4.0 એકમનો પરિચય :

લગ્ન એક એવી સંસ્થા છે કે એક અથવા એકથી વધારે પુરુષોનો એક અથવા એકથી વધારે સ્ત્રીઓ વચ્ચેનો પતિ–પત્ની તરીકેનો દરજ્જો નક્કી કરતી સંસ્થા છે. લગ્ન સબંધથી જોડાયેલા પુરુષો અને સ્ત્રી વચ્ચેના જાતિય સબંધોને સમાજના રિવાજોએ તથા રાજ્યના કાયદાઓએ માન્યતા આપેલ છે.

વિશ્વભરના દરેક સમાજમાં સ્ત્રીનાં સહજીવનની શરૂઆતની વિધિને લગ્ન તરીકે ઓળખવામાં આવે છે. આ લગ્ન વ્યવસ્થાને એક પવિત્ર બંધન માનવામાં આવે છે પરંતુ આ લગ્ન વ્યવસ્થામાં ક્યારેક ભંગાણ પડે છે. જેના પરિણામે લગ્ન તૂટી જાય છે અને પુનઃ લગ્ન કરવાની જરૂરિયાત

ઊભી થાય છે. આ એકમ અંતર્ગત પુનઃ લગ્ન આધારિત કુટુંબો અંગેની જાણકારી મેળવવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## 4.1 એકમનો હેતુ :

આ એકમનાં અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીઓ નીચેના મુદ્દાઓ અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(1) કુટુંબનો સરળ રીતે પરિચય થશે.

(2) કુટુંબના લગ્ન વિષયક જાણકારી પ્રાપ્ત થશે.

(3) લગ્ન વ્યવસ્થા તૂટવાના વિવિધ કારણો અંગે જાણકારી પ્રાપ્ત થશે.

(4) પુનઃ લગ્ન આધારિત કુટુંબોનો વિગતે પરિચય થશે.

## 4.2 પ્રસ્તાવના :

ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એક એવા સંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે. જે સાત જન્મ સુધી નિભાવવા પડતાં હોય છે; પરંતુ, બદલાતી સમાજ વ્યવસ્થા અને સ્ત્રી–પુરુષની ભૂમિકાઓની આ લગ્ન સંસ્કાર પર ઘણી અસર પડી છે. વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે લગ્ન વ્યવસ્થામાં પુનર્લગ્નની વ્યવસ્થાનો પણ સહજભાવે સ્વીકાર થવા લાગ્યો છે, જે એક હકારાત્મક પાસું કહી શકાય.

પુનર્લગ્નનો પ્રાથમિક ખ્યાલ, તેને અસર કરતાં પરિબળો અને કારણો તથા તેના પરિણામો વિશે આ એકમમાં વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી છે. ઉપરાંત, વર્તમાન સમયમાં સ્ત્રી–પુરુષ બંને વ્યક્તિઓ આવકનું ઉત્પાદન કરે છે. આવા પરિબળો દ્વારા કઈ પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. તે પણ અહીં સમજવાનો પ્રયત્ન કર્યો છે. સમાજકાર્યકર તરીકે કૌટુંબિક સમાજકાર્ય કરતી વખતે આ એકમનો અભ્યાસ ખૂબ ઉપયોગી નીવડશે.

## 4.3 પુનર્લગ્ન આધારિત પરિવારનો ખ્યાલ અને અસર કરતાં પરિબળો :

પુનર્લગ્ન છૂટાછેડા થયેલ વ્યક્તિ લગ્નના કાનૂની કરાર છે. આ લગ્નમાં ફક્ત એક વ્યક્તિના છૂટાછેડા આપવાની જરૂર છે, અથવા તો અગાઉના જીવનસાથીનું નિધન થયેલું હોય તો પણ પુનર્લગ્ન થઈ શકે છે. તેમાં કોઈ એક સાથીનું પ્રથમ લગ્ન પણ હોઈ શકે છે અથવા તો બંનેના પુનર્લગ્ન હોઈ શકે છે.

ભારતીય પરંપરાગત સમાજમાં જીવનસાથીનું મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં માત્ર પુરુષ પુનર્લગ્ન કરી શકતા હતાં. વિધવા સ્ત્રીને પુનર્લગ્નનો અધિકાર નહોતો. પરંતુ સમાજ–સુધારકોના પ્રયત્નોથી વિધવાઓને પણ ઇ.સ.1956માં પુનર્લગ્નનો અધિકાર મળ્યો છે. આજે વિધવા પણ પુનર્લગ્ન કરી શકે છે.

છૂટાછેડા લીધા હોય તેવા કિસ્સામાં બંને વ્યક્તિ પુનર્લગ્ન કરી શકે છે; પરંતુ, પરંપરાગત ભારતીય સમાજમાં બહુપત્ની પ્રથાનો રિવાજ હતો ત્યારે પુરુષ એક પત્ની હયાત હોય તો પણ પુનર્લગ્ન કરી શકતો હતો. પુનર્લગ્ન એટલે વિધવા કે છૂટાછેડા લીધેલી સ્ત્રી સાથેનું લગ્ન.

પતિ કે પત્ની બેમાંથી એકનું મૃત્યુ કે છૂટાછેડાથી તેની જગ્યાએ બીજી વિજાતીય વ્યક્તિનું લગ્ન કરવું એટલે પુનર્લગ્ન.

લગ્નવિધિ વિના પતિના મૃત્યુ બાદ અથવા પરણેલ પતિથી છૂટાછેડા લઈ સ્ત્રીએ બીજા પુરુષ સાથે પરણવું તે, ઘરઘરણું કરવું તે સ્ત્રીએ વિધિ સિવાયનું પુનર્લગ્ન કરવું તે, વિધવા સ્ત્રી લગ્નની વિધિ સાથે પરણે તેને પુનર્લગ્ન કહે છે. વિધિ સિવાય વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી બીજો ધણી કરે તો તે નાતરું કર્યું કહેવાય છે. નાતરામાં ગોત્રજની પૂજા કરી સ્ત્રી ચૂડો પહેરે છે અથવા તો પાણીનું બેડું ભરી દેવાલયમાં જાય છે ને ત્યાં દેવને દીવો કરી નવા પતિનો ચૂડો પહેરે છે ને તેને ઘરે જાય છે. એ પણ એક પ્રકારના પુનર્લગ્ન જ કહેવાય. પુનર્લગ્ન શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રદાન કરે છે.

યુ.એસ.એ.માં 50% જેટલા યુગલો છૂટાછેડામાં પ્રથમ લગ્ન સમાપ્ત કરે છે. યુગલો ભાગીદારી દરમિયાન નાખુશ હોય ત્યારે સામાન્ય રીતે લગ્નનો અંત લાવે છે. તેમના પાર્ટનર પાસેથી અપેક્ષાઓ છોડી દે છે. તેનો અર્થ એવો નથી કે તેઓ લગ્ન સંસ્થા પરની આશા છોડી દે છે જે લોકોએ છૂટાછેડા લીધા છે. (મોટાભાગના 80%) ફરીથી લગ્ન કરે છે. નાની વયના લોકો વયોવૃદ્ધ લોકો કરતાં વધુ ઝડપથી પુનર્લગ્ન કરે છે.

જે પોતાની જાતને અગાઉના લગ્નના અંત માટે જવાબદાર ગણતા નથી. તેવા લોકો ફરી લગ્ન કરવા આતુર હોય છે. સામાન્ય રીતે તેઓ માને છે કે, પોતાના જીવનસાથીની વર્તણૂંક છૂટાછેડાનું કારણ છે અને તેમની ક્રિયાઓના પ્રભાવને ઓછો કરે છે. નવી ભાગીદારી વધુ સારા પરિણામો તરફ લઈ શકે.

- **પુનર્લગ્નની સંભાવના પર અસર કરતા પરિબળો :**

કેટલાક પરિબળો છૂટાછેડા પછી પુર્નલગ્નની સંભાવનાને પ્રભાવિત કરે છે. જેવા કે પુરુષોને સંતાનોમાં ઉછેર માતા–પિતાની સારસંભાળ ઘરની સંભાળ વગેરે જ્યારે સ્ત્રીઓ માટે સામાજિક–આર્થિક સલામતી, બાળકોની જવાબદારી વગેરે. જ્ઞાતિ આધારિત અલગ પડે છે. જેમ કે નિમ્ન જ્ઞાતિઓમાં પુર્નઃલગ્ન સામાન્ય બાબત છે. જ્યારે, ઉચ્ચ જ્ઞાતિઓમાં સ્ત્રીઓને ફરી લગ્ન કરવાની સૌથી ઓછી સંભાવના છે. ઉંમર એ મહત્ત્વનું નિર્ણાયક પરિબળ છે.

## 4.4 પુનર્લગ્નના પરિણામો :

જે લોકો પુનર્લગ્ન કરે છે તે એકલા રહેતા લોકોની સરખામણીમાં વધુ સારી ગોઠવણ ધરાવે છે. જ્યારે પુર્નલગ્ન ન કરનાર વ્યક્તિઓમાં શારીરિક–માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓનું જોખમ રહેલું છે.

યુનાઈટેડ સ્ટેટ્સના 2006માં સેસન્સ મુજબ 2004 સુધીમાં ઓછામાં ઓછા કોઈના પુનર્લગ્નમાં સમાવિષ્ટ તમામ લગ્નના 36% લગ્નમાં રસપ્રદ બાબત એ છે કે વર્ષ 2001માં તે સંખ્યા 38% હતી અને વર્ષ 1996માં 43% હતી. તે પ્રગતિ થવાના સમય તરીકે જણાય છે. ઓછા લોકો ફરીથી લગ્ન કરી રહ્યાં છે. આ આંકડામાં આશરે 10% લોકો વિધવા હોવાના પુનર્લગ્નનો સમાવેશ થાય છે.

પુનર્લગ્નના કારણો અલગ–અલગ હોઈ શકે છે. જેવા કે સ્ત્રીઓની સામાજિક સલામતી નાણાંકીય સુરક્ષા અને એકલતાનો ભય, બાળકોની સુરક્ષા, માતા–પિતાની ઈચ્છા, જાતીય

વૃત્તિનો સંતોષ, પોતાના અને પોતાના બાળકોની આર્થિક સુરક્ષા, સામાજિક દરજ્જો, પારિવારીક જીવનની ઝંખના, સહારો બનવાની અને આપવાની વૃત્તિ, વંશ—વારસાની મહેચ્છા, ભારતીય સમાજમાં જ્યારે પુરુષ વિધુર બને છે કે છૂટાછેડા આપે કે સમાજના લોકો અને તેમના કુટુંબીજનો તુરત જ તેમના પુનર્લગ્ન માટે પ્રોત્સાહિત કરે છે. પત્નીનું મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં જે પુરુષને પુનર્લગ્ન કરવાનું હોય તેને પત્નીની સ્મશાનયાત્રામાં પણ જવા દેવામાં આવતો નથી. તેના કપાળે ચાંદલો કરી મીઠું મોં કરાવવામાં આવે છે. પત્નીના મૃત્યુની વિધિ પતી ગયા બાદ કુટુંબીજનો અને સગા—સંબંધીઓ કન્યાની શોધ આદરે છે અને પુનર્લગ્ન કરાવી દે છે.

જ્યારે, પરંપરાગત ભારતીય સમાજમાં માત્ર છૂટાછેડા લીધેલ સ્ત્રી પુનર્લગ્ન કરતી. આવા પુનર્લગ્ન પણ ઘરઘરણું કે નાતરું સ્વરૂપના હતા. વિધવાને પુનર્લગ્નનો અધિકાર નહોતો. પતિના મૃત્યુ બાદ સ્ત્રી સતી થતી અથવા તો વિધવાનું જીવન વ્યતીત કરતી. વર્ષ 1956ના વિધવા પુનર્લગ્નના કાયદા બાદ સ્ત્રીને પણ પુનર્લગ્ન કરવાની છૂટ મળી. આમ છતાં, વિધવા બનેલ સ્ત્રી જો સંતાન હોય તો પુનર્લગ્ન કરવાનું ટાળી સંતાનોની જવાબદારી નિભાવતી, સાસરીમાં કે પિયરમાં રહી વૈધવ્ય જીવન વ્યતીત કરતી ધીમે—ધીમે નિમ્ન જ્ઞાતિઓમાં સ્ત્રીઓ ઘરઘરણું કે નાતરાં સ્વરૂપના પુનર્લગ્ન કરવા લાગી આજે દરેક જ્ઞાતિઓની વિધવા સ્ત્રીઓ પુનર્લગ્ન કરે છે અને હવે તો સાસરીયા દ્વારા વિધવા માટે યુવક શોધી પુનર્લગ્ન કરે છે અને હવે તો સાસરિયા દ્વારા વિધવા માટે યુવક શોધી પુનર્લગ્ન કરાવ્યાના ઉદાહરણ છે.

રાજકોટના જામકંડોરણામાં રહેતા વિઠ્ઠલભાઈ રાદડીયાના પુત્રનું અવસાન થતા વિઠ્ઠલભાઈએ તેમની પુત્રવધુ માટે યોગ્ય યુવક શોધી ફરીથી લગ્ન કરાવી આપ્યાં તે જ રીતે મોરબીના એક ભાઈના પુત્રનું અવસાન થતા તેમણે તેમની પુત્રવધુનું લગ્ન કરાવી આપ્યું છે. પરંપરાગત વિચારથી આગળ વધીને મહિલાઓના વિકાસ માટે આવી નોંધપાત્ર પહેલ કર્યાના ઘણાં દાખલા આપણને જોવા મળે છે. આવા વિચારો થકી સમાજને એક ચોક્કસ રાહ જોવા મળે છે.

## 4.5 પુનર્લગ્ન કુટુંબની રચના :

પુનર્લગ્ન કુટુંબનું માળખું પુનર્લગ્ન વખતે અને પછીના પ્રજનન દ્વારા થતાં બાળકો અને માતા—પિતાની લાક્ષણિકતાઓ દ્વારા અનુકૂલિત છે. જે લોકો એ પુનર્લગ્ન કર્યા છે. તેમની પુનર્લગ્ન સમયની વય તેમના સંતાનોની સંખ્યા, સંતાનોની વય નવા સાવકા માતા અને પિતાના પુનર્લગ્ન પહેલાં એક માતા—પિતા તરીકેના અનુભવનો સમયગાળો વગેરે બાબતોના આધારે રચાય છે.

પુનર્લગ્ન કુટુંબમાં પતિના માતા—પિતા હયાત હોય અને સાથે રહેતા હોય તો પતિના માતા—પિતા, અપરિણિત ભાઈ—બહેન, પતિના અગાઉના લગ્નથી થયેલ સંતાનો અને પત્નીના અગાઉના લગ્નથી થયેલ સંતાનો હોય અને તે સાથે લાવેલ હોય તો તે સંતાનો અને પુનર્લગ્ન બાદ થયેલા સંતાનોનો સમાવેશ થાય છે.

મોટાભાગના કિસ્સાઓમાં છૂટાછેડા લેનાર સાસરિયા પક્ષના કુટુંબીજનો પાસે રહેતા હોય છે. પરંતુ, વિધવા સ્ત્રીઓ સંતાનોને પોતાની સાથે રાખવાનું વધારે ઉચિત માને છે. આમ, છતાં કેટલાક કિસ્સામાં સ્ત્રીના માતા—પિતા પાસે પણ સંતાનને રાખવામાં આવે છે.

## 4.6 પુનર્લગ્ન કુટુંબના પ્રશ્નો અને વિરોધાભાસ :

અગાઉ જોયું તેમ પુનર્લગ્ન કુટુંબ રચાય છે. ત્યારે સ્ત્રી કે પુરુષના અથવા તો બંનેના અગાઉ એક લગ્ન થયેલા હોય છે તેથી તે લગ્નજીવનના દરજ્જાની અગાઉના લગ્ન દ્વારા થયેલ સંતાન વગેરેની અસર પુનર્લગ્ન કુટુંબ પર થાય છે, જેની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ છે :

(અ) **પહેલાના કુટુંબમાં દરજ્જો :** પુનર્લગ્ન કુટુંબ રચાય છે ત્યારે સ્ત્રી–પુરુષનું અગાઉ લગ્ન થયેલ હોય તેના કુટુંબનો દરજ્જો વર્તમાન કુટુંબ કરતા ઊંચો હોય તો માનસિક નિરાશા અને હતાશાનો અનુભવ થાય છે. વ્યક્તિનું સામાજિક સ્થાન નીચું જતા તે માનસિક તાણ અનુભવે છે અને તેની અસર તેના કુટુંબજીવન ઉપર થાય છે. અગાઉના લગ્નના પાત્રના શિક્ષણ અને દરજ્જાની અસર વર્તમાન કુટુંબજીવન પર પડે છે.

(બ) **પુનર્લગ્ન કુટુંબમાં દરજ્જો :** પુનર્લગ્ન દ્વારા રચાતાં કુટુંબમાં અગાઉના લગ્ન દ્વારા થયેલા સંતાનોનો પણ સમાવેશ થાય છે. અગાઉના લગ્ન દ્વારા પતિના સંતાન હોય અને પત્નીના ન હોય તો સાવકી માતાનો દરજ્જો મળે છે. સમાજમાં સાવકી માતાનો દરજ્જો નીમ્ન ગણવામાં આવે છે. ક્યારેક સંતાનો સાવકી માતાના આગમનથી ખુશ થતા નથી અને સમાજના લોકો દ્વારા પણ સાવકી માતા વિશેના ખ્યાલો નિમ્ન કક્ષાના છે. તેથી સ્ત્રી સાવકી માતા તરીકે ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં આવા કુટુંબમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકતી નથી. પુરુષે પુનર્લગ્ન કરેલ હોવાથી સંતાનો જો પુખ્ત વયના હોય તો તેમના મનમાં માતા–પિતા બંને પ્રત્યે અણગમો પેદા થાય છે. પુનર્લગ્ન સમાજમાં સંપૂર્ણપણે સ્વીકાર્ય ન હોવાથી સંતાનો તેને ઝડપથી સ્વીકારવા તૈયાર થતા નથી. સંતાનો પિતાના લગ્નથી નાખુશ હોવાથી તેમની કોઈ વાત માનવા ઝડપથી તૈયાર થતાં નથી. અતડું વર્તન કરે છે અને કુટુંબનું વાતાવરણ કલેશમય બનવાની સંભાવના રહે છે.

સ્ત્રીને અગાઉના લગ્નથી સંતાનો હોય તો તેના સાસરી પક્ષવાળા સંતાન સ્ત્રીને આપવા તૈયાર હોતા નથી. આવા કિસ્સામાં સંતાન અને માતાએ વિખૂટા પડવાની પરિસ્થિતિ પેદા થાય છે. પિતાનું પણ મૃત્યુ થયું હોય તેવા કિસ્સાઓમાં બાળક અનાથ બને છે. આવી પરિસ્થિતિની અસર પુનર્લગ્ન કુટુંબ પર પડે છે. સ્ત્રી પોતાના પ્રથમ લગ્નથી થયેલ સંતાનને ભૂલી શકતી નથી અને પતિના અગાઉના લગ્નથી થયેલ સંતાનને ભૂલી શકતી નથી અને પતિના અગાઉના લગ્નથી થયેલ સંતાનો સ્ત્રીને માતા તરીકે સ્વીકારતા ન હોય ત્યારે કુટુંબમાં અસંતોષનું વાતાવરણ પેદા થાય છે.

કેટલીક વખત સ્ત્રી અગાઉના લગ્ન દ્વારા થયેલ સંતાનને પુનર્લગ્ન દ્વારા રચાતા કુટુંબમાં રાખે છે. આવા કુટુંબમાં પતિના અગાઉના લગ્ન દ્વારા થયેલા સંતાનો હોય તો પતિ–પત્ની સાવકા માતા–પિતાનો દરજ્જો મળે છે અને પુરુષ અન્ય પુરુષના સંતાનોને પોતાના કુટુંબમાં ઝડપથી સ્વીકારી શકતો નથી તેથી સ્ત્રીના અગાઉના લગ્નજીવનથી થયેલ બાળકો પ્રત્યે પુરુષ ઓરમાયું વર્તન દાખવે છે અને સ્ત્રી પુરુષના અગાઉના લગ્નજીવનથી થયેલા સંતાનો પ્રત્યે ઓરમાયું વર્તન રાખે છે. આ બાળકો પણ એકબીજાને પોતાના ભાઈ–બહેન તરીકે ઝડપથી સ્વીકારી શકતા નથી. તેથી આવા કુટુંબમાં સંઘર્ષમય વાતાવરણ ઊભું થવાની સંભાવનાઓ વધારે રહે છે.

પુનર્લગ્ન કુટુંબમાં સ્ત્રી કે પુરુષને કે બંનેને અગાઉના લગ્નજીવનથી થયેલા સંતાનો હોય અને તેમના પુનર્લગ્ન બાદ પણ પતિ–પત્ની બાળકને જન્મ આપે તો અલગ–અલગ રક્ત સંબંધીઓના બાળકોને ભાઈ–બહેનનો દરજ્જો મળે છે. આવા કુટુંબમાં મિલકત સંબંધી પ્રશ્નો અને સાર–સંભાળના વિવિધ પ્રશ્નો ઉપસ્થિત થતાં આવા કુટુંબો ભાગ્યે જ સુખપૂર્વક જીવન પસાર કરી શકે છે.

સ્ત્રી–પુરુષના નાની વયમાં અને સંતાન વિહિન અવસ્થામાં થતા લગ્નમાં અગાઉના પાત્રનો દરજ્જો વર્તમાન પાત્ર કરતા ઊંચો હોય તો શરૂઆતમાં કુટુંબજીવન પર અસર થાય છે; પરંતુ, સમય જતા સંતાનોત્પત્તિ થતા મહ્‌દઅંશે કુટુંબજીવન સ્થિરતા પ્રાપ્ત કરી લે છે.

## 4.7 બેવડી આવક ધરાવતા કુટુંબો અને તેમની પરિસ્થિતિ :

ઔદ્યોગિક સમાજોમાં કુટુંબ પરના સંશોધનમાં બેવડી કમાણીવાળા કુટુંબોની પરિભાષા વિકસિત થઈ. એકવાર કુટુંબની અંદર રહીને બાળઉછેર અને કૌટુંબિક જવાબદારી નિભાવતી સ્ત્રી, કુટુંબ બહારના ક્ષેત્રમાં કે ઘરમાં રહીને વિવિધ ઉદ્યોગોમાં કામ કરી આવક મેળવતી થઈ છે. એટલે કે કુટુંબના પુરુષની સાથોસાથ કુટુંબની સ્ત્રી પણ રોકડ અર્થ–વ્યવસ્થામાં સામેલ થઈ છે. નોકરીયાત મહિલાઓના પગારમાંથી કે અન્ય પગારવાળી રોજગારીમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નો કુટુંબ પર અસર કરે છે. મહિલાઓની આવકની અસરથી લઈને તેમના પર સતાના, બાળકોની સંભાળના અને વડીલોની સંભાળના પ્રશ્નો ઊભા થાય છે. આવા કુટુંબોમાં મોટાભાગના યુગલો નાના કુટુંબ(વિભક્ત કુટુંબ)માં રહે છે. રોકડ અર્થતંત્રનું વર્ચસ્વ છે. ત્યાં પતિ–પત્ની બંને તેમના કુટુંબની જરૂરિયાત પૂરી કરવા નાણાં કમાવવા માટે કુટુંબની વ્યવસ્થા છોડી દે છે.

ભારતમાં નાના કુટુંબોમાં બેવડી આવક મેળવનાર કુટુંબો વધતા જાય છે. સામાન્ય રીતે પરિણિત સ્ત્રીઓ પગાર માટે કામ કરે છે. કારણ કે તેમના પતિઓ સીમાંત નોકરીઓ પર કામ કરે છે અને કુટુંબને બચાવવા માટે વધારાની આવકની જરૂર છે. એશિયામાં થયેલ વિવિધ સંશોધનો સૂચવે છે કે મોટાભાગની મહિલાઓ ગૃહિણી છે; કારણ કે, આ સ્થિતિ સંપત્તિ સાથે એકરૂપ છે. આ મૂલ્ય એશિયામાં મહિલાઓની પરંપરાગત માન્યતા સાથે સારી રીતે બંધ બેસે છે. જ્યાં મહિલાઓની વફાદારીને ફક્ત તેમના પતિ, બાળકો અને કુટુંબના સભ્યો માટે જ ગણવામાં આવે છે.

સ્ત્રીઓ પગાર માટે કામ કરે છે ત્યારે પણ તેમની પાસેથી પતિ, બાળકો અને ઘરની જવાબદારીની અપેક્ષા રખાય છે. પતિ આ કાર્યોમાં આધાર આપવા અસમર્થતા બતાવે છે અને જો પુરુષો કામમાં ભાગીદારી કરે તો સમાજમાં પત્નીઓ સામે કલંક ગણાય છે. ઘણી વખત તેમના પતિ, બાળકો અને ઘરના સભ્યોની ઉપેક્ષા કરતી હોવાના આક્ષેપો મૂકાય છે. શહેરી ભારતમાં દંપતિને આરામદાયક જીવન જીવવું મુશ્કેલ છે સિવાય કે પતિ–પત્ની બંને કામ કરતાં હોય સમતાવાદી આદર્શોને બદલે આર્થિક જરૂરિયાતોને કારણે આવા કુટુંબો વધી રહ્યાં છે. ડબલ કમાણી કરનાર જીવનશૈલી સામાન્ય રીતે સ્ત્રીઓને લાભ આપે છે; પરંતુ, તેમના પતિઓને હોદ્દામાં ભાર મૂકે છે. કેટલાંક સંશોધકોએ શોધી કાઢયું છે કે ભારતમાં નોકરીયાત અને બેરોજગાર સ્ત્રીઓ માનસિક સુખાકારીમાં અલગ નથી બેવડી કમાણી કરનાર પત્નીઓ તેમના જીવનમાં કેટલીક બાબતોમાં વધુ સ્વતંત્રતા દર્શાવતી હતી જો કે તેમના પતિઓ હજુ પણ નાણાંકીય

બાબતોને નિયંત્રિત કરતા હતાં. કામ(નોકરી)કરતી પત્નીઓને હજુ પણ તેમના ઘરના કામ કરતા વધુ કામ કર્યુ હતું. અન્ય મહિલાઓ કરતા નોંધપાત્ર રીતે ઓછું પરંપરાગત વલણ પણ રાખતા નથી. બેવડી આવક મેળવનાર કુટુંબોની સમસ્યાઓ શું છે ? જાહેર એટલે કે આર્થિક વળતર મેળવવા અને ખાનગી એટલે કે ઘરેલું કામ અને બાળ ઉછેર કરતા કાર્યો અંગે લોકોના વલણો જુદા–જુદા હોય છે. બેવડી આવક મેળવનારા યુગલો કામ અને પરિવારને માંગને સંતુલિત કરવા માટે લિંગ અને કુટુંબની ભૂમિકાઓનું પુનઃનિર્માણ કરે છે. ખાસ કરીને કાર્ય વિભાજન, વડીલની સંભાળ ઘરનું નાણાકીય વ્યવસ્થાપન, ઓળખની દ્વિધાઓ વગેરે જેવા વિષયો ફેર–વિચારણા માંગી લે છે. સ્ત્રી પરના અભ્યાસો, કુટુંબના અભ્યાસો સમાજશાસ્ત્ર, નીતિ વિષયક અભ્યાસો અને સંગઠનો અભ્યાસની ઉપયોગિતાને ધ્યાનમાં લઈલિંગ સમાનતાના અભ્યાસો પર ભાર મૂકશે.

રોજિંદા જીવનની જરૂરિયાતો વ્યવસ્થિત કરવા માટે પતિ–પત્ની બંનેને પગાર(રોજગારી) લેવાની જરૂરિયાત ઊભી થઈ છે. તો કુટુંબના માળખામાં પત્નીઓ માટે સમસ્યાઓ પણ નિર્માણ કરી છે. પૂર્વ યુરોપ અને રશિયા સમાજવાદી હતા. બેવડી આવક મેળવનાર કુટુંબો કુટુંબનો આદર્શ પ્રકાર હતો. આ વિસ્તારોમાં બજારની અર્થવ્યવસ્થામાં સંક્રમણ થવાથી, સરકારી વિચારધારાએ કેટલીકવાર નોકરીઓમાંથી તેમના નિરાકરણને યોગ્ય ઠેરવવા માટે મહિલાઓના ઘરેલું જવાબદારીનો ઉપયોગ કર્યો છે અને સ્ત્રીઓના વ્યવસાય પ્રવેશથી બેરોજગારીમાં નોંધપાત્ર વધારો થયો હોવાનો આક્ષેપ કરે છે. એવો કોઈ પુરાવો નથી કે સ્ત્રીઓ પોતાને ગૃહિણી તરીકે વ્યાખ્યાયિત કરવા માંગે છે. સ્ત્રીઓ બેરોજગાર છે અને આવક મેળવવા માટેની રીતો શોધી રહ્યાં છે. મોટાભાગના સમાજમાં બેવડી કમાણી કરનાર કુટુંબ મોડલ કુટુંબનો પ્રકાર છે. મોટાભાગના રશિયન અને પૂર્વીય યુરોપિયન મહિલાઓ પોતાની જાતને પોતાના કુટુંબના પ્રાથમિક ઉછેરનાર તરીકે માને છે. મહિલાઓના ભારણને કારણ પૂર્વીય યુરોપમાં બમણા બોજની કલ્પના કરવામાં આવી છે. બેવડી આવક મેળવતા કુટુંબોમાં સ્ત્રીઓ હંમેશા બાળજન્મ પછી પગાર માટે કામ કરે છે અને ઘર અને પરિવાર જાળવી રાખે છે. જ્યારે, પુરુષો પગાર માટે કામ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. સમાજવાદી યુગ દરમિયાન આ બેવડો બોજ મૂડીવાદી સમાજો કરતા ઓછો હતો. કારણ કે બાળસંભાળ સવલતોની વ્યાપક ઉપલબ્ધિ, માતૃત્ત્વ, રજા અને આરોગ્ય સંભાળ સહિત સરકારી સબસીડી જો કે સામ્યવાદી દેશો અમુક અંશે કેટલીક એવી નીતિઓ ધરાવે છે જેમાં આવી નીતિઓ અસ્તિત્વમાં છે. જે સ્ત્રીઓ પગારથી કામ કરે છે તે આદર્શમૂલક જરૂરિયાતોએ સેવાઓની વિશાળ શ્રેણીને ઠીક કરવામાં મદદ કરી હતી. સામ્યવાદી યુગ પછી આવી સેવાઓ બંધ કરવામાં આવી છે અને સ્ત્રીઓને ડબલ ભારણ મળ્યાં છે.

- **બેવડી આવક ધરાવતાં કુટુંબોની પરિસ્થિતિ :**

જે યુગલો કારકિર્દીને આગળ વધારવાનો પ્રયાસ કરે છે અને સમાન કાર્ય અથવા સ્થાનિક પરિવારોમાં વાલીપણાંને વહેંચી લે છે; પરંતુ, મહિલાઓને ઘરેલું કામ માટે જવાબદારી જાળવી રાખવી, વૈવાહિક ભૂમિકાઓ અને સંબંધો નિભાવવામાં વધુ પડતી મુશ્કેલીનો સામનો કરવો પડે છે; પરંતુ, કાર્યસ્થળ અને ગૃહિણીની ભૂમિકાના પરિવર્તન વચ્ચે તેઓ સંઘર્ષ અને દબાણના જોખમે કાર્ય કરે છે. વર્તમાન સમાજમાં વૈવાહિક દરજ્જો અને કૌટુંબિક ભૂમિકા વિરોધાભાસી દળોના એક જટિલ આંતરક્રિયાને આધિન છે. પુરુષ અને સ્ત્રીઓ વચ્ચે સમાજની પુનઃરચના

અને ધાર્મિક કથાઓમાંથી મેળવવામાં આવે છે. મર્દાનગી અને સ્ત્રીત્ત્વ સામાજિકીકરણ દરમિયાન અસરકારક રીતે પ્રેરિત છે. બીજી બાજુ કાનૂન અને સામાજિક સુધારણા, સમતાવાદી મૂલ્યો, આર્થિક પરિસ્થિતિઓમાં કુટુંબોની રચનાઓ બદલાતી રહે છે. આજ સુધી કુટુંબનું માળખું સતત બદલાતું રહ્યું છે. કારણ કે, વિશ્વમાં ઔદ્યોગિકીકરણ થઈ રહ્યું છે. જાતિ આધારિત પરંપરાગત માળખું પુરુષ સભ્યોને કમાનાર અને સ્ત્રીઓને ગૃહસ્થીઓ તરીકેની ભૂમિકા આપે છે. જાતિ આધારિત આવા કુટુંબોમાં સ્ત્રીઓ દમનનો અનુભવ કરે છે. સાંસ્કૃતિક અને પરંપરાગત મૂલ્યોને ઘટાડવામાં ઉદ્યોગો, બેંક, વિમો વગેરેએ ફાળો આપ્યો છે. જે સ્ત્રીઓ તેમની કારકિર્દી ઘડવા માંગે છે. તેમના માટે તકોનું સર્જન કરે છે. આવી તકોએ બેવડી કમાણીવાળા કુટુંબોને જન્મ આપ્યો છે. સાંસ્કૃતિક પૂર્વગ્રહ વિના કુટુંબની આવશ્યકતા એ છે કે જીવનમાં આરામદાયક ધોરણ જાળવી રાખવું. છેલ્લા ત્રણ–ચાર દાયકાઓથી સંખ્યાબંધ સામાજિક, આર્થિક, વસ્તી વિષયક વિકાસ અને સરકારી હસ્તક્ષેપોએ બેવડી કમાણીવાળા કુટુંબોમાં વધારો કર્યો છે. જેમાં પુરુષો અને સ્ત્રીઓ બંને કારકિર્દી ઘડે છે અને સ્થાપિત થાય છે. આમાં ઘણીવાર બાળકો સહિત કુટુંબનો વિકાસ પણ કરે છે. અભ્યાસો દર્શાવે છે કે, સ્ત્રીઓએ પુરુષોની સરખામણીમાં ઓછી કમાણી કરી; પરંતુ, ઘરની મહિલાઓનું યોગદાન પણ નોંધપાત્ર છે.

અલગ–અલગ જરૂરિયાતો પૂરી કરવા અને તેમના અંગત વિકાસ માટે કુટુંબોનું વિભાજન થાય છે. ખરેખર બેવડી કમાણી કરતાં કુટુંબો બાળકોના કામકાજ માટે, સ્થાનિક કામ માટે સમય ફાળવણી ઉપરાંત જવાબદારી જાળવી રાખે છે. તેમાં પિતાઓની તુલનામાં માતાઓ માટે કુટુંબની ભૂમિકા વધુ મહત્ત્વની છે. પુરુષોની તુલનામાં સ્ત્રી વધુ સારી રીતે કુટુંબના સમયપત્રકને સુધારી શકે છે. ઉપરાંત, સ્ત્રીઓને પારંપારિક મૂલ્યોને અનુસરવાના હોય છે. કામના સ્થળે પણ વધુ ઊંચા હોદ્દા માટે સ્ત્રીઓને તેમની કારકિર્દી આગળ વધારવા વધુ મુશ્કેલ છે. કુટુંબ દ્વારાં ઊભા થયેલા જ્ઞાતિવાદને દૂર કરવા તેમના બાળકોને સારી રીતે સુધારવામાં આવે છે. તેમાં માતા–પિતા તેમના બાળકો માટે હકારાત્મક ભૂમિકાનો નમૂનો પૂરી પાડે છે. જ્યારે, બીજી બાજુ કામ પર પણ તાણ વધે છે. માતા–પિતા અને વાલીપણાના કૌશલ્યમાં ઘટાડો ઘરના વાતાવરણને અવરોધે છે. જેનાથી બાળકોના જીવનમાં તણાવ પેદા થાય છે. વિશાળ સમાજના સંગઠનો પરિવારનું માળખું બદલી રહ્યાં છે; પરંતુ, આ પ્રક્રિયા ધીમી અને અસમાન છે. પહેલા બાળકોની પ્રાથમિક જવાબદારી અને પતિની કાળજી ઉપરાંત, કુટુંબમાં અન્ય કોઈ સભ્યોની સંભાળ રાખવાની જરૂરિયાત હોય તે વ્યક્તિઓની સંભાળની ભૂમિકાઓ સ્ત્રીઓને જાતિના આધારે સોંપવામાં આવી હતી.

ભારતે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં વિકાસ કર્યો; પરંતુ, હજુ પણ તે ગરીબ છે. ભારત ઘણાં દેશોની સરખામણીમાં આગળ છે. કારણ કે સ્ત્રીઓને પ્રાથમિકતા આપી છે. જે રાષ્ટ્રને આકાર આપવામાં નોંધપાત્ર ફેરફાર કરે છે. પરંતુ, હજુ પણ મહિલાઓની પરિસ્થિતિ લાંબા સમયથી આગળ વધી રહી નથી. ભારતમાં જાતિ અને સામાજિક વર્ગને ધ્યાનમાં રાખીને રોજગારી આપવાનો પ્રભાવ હતો. નીચલી જાતિ અને જૂથોના લોકો માટે કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી; પરંતુ, ઉચ્ચ જાતિઓના લોકો કામ પર નજર રાખતા હતા. સ્ત્રીઓના કામ ઘર સુધી મર્યાદિત હતાં, તેઓ પોતાના પતિ અને તેમના કુટુંબીજનોની સેવા કરતા હતા. ભારતીય સમાજમાં આધુનિકીકરણના દાયકાઓ સુધી પરંપરાગત પારિવારીક જીવનની પદ્ધતિઓ અને વ્યક્તિઓની ભૂમિકા પશ્ચિમના દેશો સાથે તુલના કરવા માટે પૂરતા બદલાયેલા નથી. બ્રિટીશરોના

આગમન પછી પણ ભારતના ધાર્મિક નિયમ મુજબ મહિલાઓ પર જુલમ ચાલુ રહ્યો છે. મહિલાઓના દરજ્જાને સુધારવા પર ક્યારેય ભાર મુકાયો નહતો. મહિલાઓની સ્થિતિમાં સુધારો કરવા માટે વિવિધ કાયદાઓ પસાર કરવા સાથે રોજગારીની તકો ઊભી થવાથી સ્ત્રીઓને ઘરની બહાર આવક આપતા કામને પ્રોત્સાહન મળ્યું. પુરુષોની સરખામણીમાં સાક્ષરતા દર નીચો છે. દેશના શહેરી વિસ્તારોમાં શિક્ષણની પ્રવૃત્તિઓ વધી રહી છે. પરિણામે બેવડી કમાણી કરનાર કુટુંબો દેશના શહેરી વિસ્તારોમાં વધતા જાય છે. ગ્રામીણ વિસ્તારમાં કામ કરતી સ્ત્રીઓની જવાબદારી અશિક્ષિત ખેડૂતો, ખેત મજૂરી અને ઢોર સાથે છે. ખરેખર, આ મહિલાઓ અવેતન કામદારે છે જે મોટેભાગે તેઓ ખેતરોમાં કામ કરી રહ્યાં છે. જો કે, ખેતરો તેમના કુટુંબના ભાગરૂપ છે. પુરુષો માત્ર આર્થિક જવાબદારી નિયંત્રિત કરે છે. જ્યારે, સ્ત્રીઓ ઘર અને પતિ સાથે ઢોરની પણ જવાબદારી ઉપાડે છે. ગ્રામ્ય વિસ્તારોમાં કાપણી, લણણી, વાવેતર વગેરે દરમિયાન કપડાંની મદદથી બાળકોને પીઠ પર બાંધી કામ કરતી સ્ત્રીઓ છે. જે સૂર્યાસ્ત સુધી કામ કરે છે. સ્ત્રીઓ આ કામ ઉપરાંત, ભોજન બનાવવું, ખોરાક આપવા, તેમના બાળકોનું ધ્યાન રાખવું, ક્યારેક તેમના માતા–પિતા પણ હોય છે. ગ્રામીણ સ્ત્રીઓ તેમના કુટુંબની આવક વધારવા અમુક ઉદ્યોગોમાં સામેલ છે. દુકાન રાખનાર પતિને દુકાનમાં પણ તેની પત્ની સમય આપે છે. કેટલીક વખત ઘરેલું વ્યવહાર સાથે દુકાનમાં સંપૂર્ણ દિવસનો સમય આપે છે. અહીં તેમને ડબલ કમાણીવાળા કુટુંબ તરીકે ઓળખવામાં આવતા નથી.

કેટલાક લોકો જાહેર અથવા ખાનગી ઓફિસોમાં કાર્યરત છે. જાહેર, ખાનગી કે સેવા ઉદ્યોગોમાં સામાન્ય રીતે પૂરા સમયનું કામ કરતા મધ્યમવર્ગના લોકો જેનો શિક્ષણના આધારે કોઈ પ્રવેશ નથી હોતો.

દા.ત. અશિક્ષિત મહિલા ઘરકામ ઉપરાંત, અન્ય સ્થળે રસોઈ બનાવે છે કે કચરા–પોતા અને વાસણ સાફ કરવાનું કામ કરે છે.

## 4.8 ખાલી માળો(ઘર) ધરાવતા કુટુંબો :

ખાલી માળો ધરાવતા કુટુંબો એ પશ્ચિમી ખ્યાલ છે. ભારતીય સંસ્કૃતિમાં પુખ્ત બાળકો માટે માતા–પિતા અને દાદા–દાદી સાથે રહેવાનું ચાલું રાખવું એ સામાન્ય છે. ભારતમાં કરવામાં આવેલા કેટલાક સંશોધનો રસપ્રદ છે. કારણ કે, આ સંશોધનો દર્શાવે છે કે, આજે ભારતીય માતા–પિતા પશ્ચિમી માતા–પિતાની જેમ ખાલી માળાના પડકારોમાંથી પસાર થઈ રહ્યાં છે.

- **ખાલી માળો ધરાવતા કુટુંબો એટલે શું ?**

"જે ઘરના સંતાન અભ્યાસ માટે કે નોકરી–ધંધા માટે ઘર છોડી અન્ય શહેરમાં કે વિદેશમાં સ્થાયી થાય છે અને ઘરમાં માતા–પિતા એકલા જ રહે છે. તેવા કુટુંબોને ખાલી માળો ધરાવતા કુટુંબો કહેવામાં આવે છે."

આજે 60 વર્ષની વયના લોકો તંદુરસ્ત, ઓછા નિર્ભર અને વૃદ્ધત્ત્વ માટે પહેલાથી જ માનસિક રીતે તૈયાર છે. જો કે આજે ભારતમાં વરિષ્ઠ લોકો નવા પડકારોનો સામનો કરી રહ્યાં છે. એક અભ્યાસમાં જણાવ્યા અનુસાર 60 વર્ષથી વધુ વયના લગભગ 15 મિલિયન ભારતીયો એકલા અથવા માત્ર પતિ–પત્ની સાથે જ રહે છે. તેમના સંતાનો શિક્ષણ મેળવવા કે નોકરી ધંધાર્થે વિદેશ કે અન્ય શહેરોમાં સ્થાયી થયા છે અથવા તો પુત્રી સંતાન હોવાથી

લગ્ન થતા સાસરે છે અને કાં તો તેમને સંતાનો જ નથી. આવા કુટુંબોનો માળો ખાલી થઈ જતા તેઓ એકલું જીવન વ્યતીત કરે છે. મોટાભાગના યુવા પુખ્ત વયના લોકો ખૂબ જલદીથી સ્વતંત્રતા માણી રહ્યાં છે. ભારતમાં નાના કુટુંબો વધુ નાના બની રહ્યાં છે.

ભારતમાં ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણના લીધે સંયુક્ત કુટુંબવ્યવસ્થાએ ધીમે–ધીમે નાના કુટુંબોને જન્મ આપ્યો કુટુંબના યુવાનો જ્યારે લગ્ન કરે અથવા જ્યારે બીજા શહેરમાં નોકરી માટે જાય ત્યારે જગ્યા(ઘર) ખાલી થતા હોય છે. આવા પગલાં સામાન્ય રીતે માનસિક સ્થાન માટેની ઈચ્છાના પરિણામ નહોતા સગવડતાના હેતુ માટે તે જરૂરી હતું. અન્ય લોકો સાથે તેમના અસ્તિત્વને વહેંચવા માટે લોકો ધીરજ અને સહનશીલતા ધરાવતા હતા.

નાના કુટુંબો એક અલગ પ્રકારનું પરિવર્તન અનુભવી રહ્યાં છે. કુટુંબના યુવાન લોકો લગ્ન પહેલા જ પોતાની સ્થિરતા જુએ છે. વાસ્તવમાં તેઓ જ્યારે, જવાનું નક્કી કરે છે. ત્યારે માતા–પિતા સમાધાન કરે છે.

સંયુક્ત કુટુંબવ્યવસ્થાના ખ્યાલમાં ભારતમાં ઝડપી દરે વિકાસ કરવામાં આવે છે કારણ કે વયસ્કોના ઉછરેલા બાળકો અન્ય શહેર અથવા દેશમાં કામ માટે અથવા અભ્યાસ માટે જાય છે. એક અભ્યાસમાં જણાવાયું છે કે, 60 વર્ષથી વધુ વયના લગભગ 15 મિલિયન ભારતીયો એકલા અથવા માત્ર પતિ–પત્ની સાથે જ રહે છે. આંધ્રપ્રદેશ અને તામિલનાડુ જેવા રાજ્યોમાં વૃદ્ધ વસ્તીના ચોથા ભાગના વૃદ્ધો આવા કુટુંબો(પરિવાર)માં રહે છે.

આપણા ઘણા વરિષ્ઠો માટે એકલતા વિશેષ જીવનનો એક રસ્તો બની ગયો છે. ઘણીવાર કુટુંબો રાત્રિભોજન માટે એકસાથે ભેગા થતા ત્યારે હાસ્ય, પ્રેમ વગેરે; પરંતુ, ટૂંક સમય માટે જ આ ભોજન માત્ર એકલા રહેતા વરિષ્ઠ લોકો માટે આનંદ કરતા વધુ કહે છે. દરેક વયજૂથો માટે એકલા વિશેષપણે વધુ સામાન્ય છે; પરંતુ, વરિષ્ઠો માટે ખાસ ચિંતા હોઈ શકે છે. એક વ્યક્તિ માટે રસોઈ બનાવવાની મજા આવતી નથી. ભોજન બનાવતી વખતે ભોજનની રૂચિને પ્રોત્સાહન આપવાને બદલે ટી.વી. ભોજનના ટેબલ પર એક વ્યક્તિ બની જાય છે.

60 વર્ષથી વધુ વયના લોકોના જઠરના આંતરિક માર્ગમાં ફેરફાર થાય છે. ખોરાકને પાચન કરવાની સમસ્યા હોય છે અને સાથે એકલતા સંકળાય છે.

એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિધવા વૃદ્ધોમાંથી માત્ર 26% લોકોએ આનંદપ્રદ ભોજન અનુભવ્યું છે 50% વિધવાઓએ કહ્યું કે આદત પડી ગઈ છે તેઓ ભૂખ્યા રહેતા નથી.

જે યુવાનો શિક્ષણ કે નોકરી માટે ઘર છોડી જાય છે. તેવા ખાલી ઘરોમાં રહેલા માતા–પિતાની દરેક ભૂમિકા તેમના સંતાનોની આસપાસ રચાયેલી હોય છે. માતા જ્યારે ભોજન બનાવે ત્યારે પણ વિચારે છે કે આ ભોજન તેમના બહાર ગયેલા પુત્ર કે પુત્રીને વધારે ભાવે છે. તેમના આવવાના સમય પહેલાના કેટલાય દિવસથી આતુરતાપૂર્વક તેની રાહ જુએ છે અને તેમને ગમતી અનુકુળતાઓ કરવામાં સમય પસાર કરે છે. જ્યારે, સંતાનો ફરીથી ઘર છોડી જાય છે. ત્યારે ખૂબ જ ગમગીની અનુભવે છે. ધીમે–ધીમે પોતાના દૈનિક જીવનમાં મન પરોવવા લાગે છે. એકવખત નોકરી કે શિક્ષણ અર્થે ગયેલ સંતાન ફરી ક્યારેય એ ઘર(માળા)માં પાછા ફરતા નથી એ માળો ખાલી થઈ જાય છે. જેમાં મોટી વયના માતા–પિતા તેમનું જીવન પસાર કરી દે છે.

સંયુક્ત કુટુંબ વ્યવસ્થિત રીતે તૂટી પડયું કારણ કે સંયુક્ત પરિવારના વ્યવસાયો બંધ થઈ ગયા હતા. પછી સંતાનો બહાર વ્યવસાય અર્થે જતા હતા; પરંતુ, આ એક નવો પડકાર છે. કિશોરો અને યુવાન જ્યારે અભ્યાસ કરતા હોય ત્યારે બહાર જવાની યોજના ઘડી કાઢે છે. ખાલી માળાનો ઉદય ખુબ ઝડપથી થાય છે. નાના કુટુંબો વધુને વધુ વ્યક્તિગત બની રહ્યાં છે. યુવાન વયના લોકોને પારિવારિકતામાં તિરસ્કાર છે અને પુખ્ત વયના લોકોની ગેરહાજરીમાં તેમાં પ્રાણ ફૂંકાય છે. તેઓ સમયનો સામનો કરી રહ્યાં છે. તેઓ જણાવે છે કે તેઓ એકલા નથી તેમની પાસે ફોન છે. કુટુંબના સભ્યો સાથેની બેઠક ઘટી રહી છે. સલાહ લેવાનો સંપૂર્ણ વિચાર વ્યાવસાયિક બની ગયો છે. શું આપણે ખૂબ બુદ્ધિવાદી વ્યવહારું સમાજ તરફ આગળ વધી રહ્યાં છીએ ?

## 4.9 ખાલી માળો(ઘર) અંગે થયેલા અભ્યાસો :

ભારતના પૂણેમાં જ્યારે પણ કુસુમ પેટ્ટીલ તેના બે બહાર રહેતા પુત્રો માટે ઝંખના અનુભવે છે. ત્યારે તેઓ રસોડામાં જાય છે. કેટલીક પ્રિય દક્ષિણ ભારતીય ખાદ્યને રાંધે છે. અને તેને તેના કમ્પ્યૂટર વેબ કેમેરાની સામે મૂકે છે. તેમને બતાવવા માટે કે તેઓને શું ખૂટે છે ? આ એકલતાનો સામનો કરવા માટેની તરંગી રીત છે; પરંતુ, તેના માટે કામ કરે છે. આ એક એવી ટીપ છે કે જે તેણીને પશ્ચિમની કારર્કિદીની નિમણૂંક કરવા માટે સ્થળાંતરિત થયેલા બાળકો થયેલા બાળકો દ્વારા છોડવામાં આવેલ છે. તેઓ વૃદ્ધ માતા–પિતા માટેના સ્થાનિક સપોર્ટ ગ્રુપના મિત્રોને મળવાનું પસંદ કરે છે. તેઓ જણાવે છે કે, જ્યારે નાના પુત્રએ ત્યાં આગળ વધવાનું નક્કી કર્યું ત્યારે મને બહુ દુઃખ થયું અહીં ફક્ત અમે બે જ રહ્યાં છીએ. પેટ્ટીલના પતિ નિવૃત્ત એન્જિનિયર છે. તેમના પુત્રોને ભાવતી રસોઈ બનાવવામાં તેને આનંદ મળે છે. ભલે તે અહીં ખાવા માટે ન હોય.

વર્ષ 1990ના દાયકામાં હજારો યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવેલ ભારતીયોએ યુનાઈટેડ સ્ટેટસમાં કામ શોધવા માટે તેમના ઘરો છોડી દીધા હતા. તેમાંના કેટલાક સોફ્ટવેર એન્જિનિયર તો કેટલાક કમ્પ્યુટર ટેક્નીશિયન બન્યા હતા અને માહિતી ટેક્નોલોજીમાં વૈશ્વિકક્રાંતિને બળવાન બનાવવામાં મદદ કરી હતી. તેઓને મોટી સંખ્યામાં ગ્રીનકાર્ડ મળ્યા અને પ્રારંભના સમયમાં કામચલાઉ કામ મળ્યું તે જીવનપર્યંતની પાળી બન્યાં. પૂણેમાં દક્ષિણ ભારતના હજારો નિવૃત્ત યુગલો છે. આ માતા–પિતા અનાથ હોવાથી વિશિષ્ટ સનસનાટી અનુભવે છે. જે તેમના સંતાનો વિદેશ જતા એકલા બન્યાં છે. સારા જીવનની શોધમાં ભારત છોડી દીધું છે.

પરંપરાગત રીતે ભારતીય માતા–પિતા તેમના મોટા કે નાના પુત્રના ઘરમાં વૃદ્ધ થયા છે. કુટુંબના સભ્યો દ્વારા ઘેરાયેલા રહ્યાં છે. ભારતભરમાં વૃદ્ધાવસ્થામાં આ સમયગાળાને પ્રથમ વખત સામનો કરવાનો આવ્યો છે. તેમના નિવૃત્તિના ખર્ચમાં વધુ એક અલગ રીતે સમાયોજન કરવાનું આવે છે.

- **ભારતના વિશાખાપટ્ટનમમાં થયેલો ખાલી માળાઓનો અભ્યાસ :**

આંધ્ર વિશ્વવિદ્યાલયના સંશોધક કમલા વેરુદાએ ભારતના વિશાખાપટ્ટનમમાં ખાલી માળાના કુટુંબોનો અભ્યાસ કર્યો તેમાં સંશોધકે જોયું કે બાળકો અન્ય ભારતીય શહેરોમાં જાય છે અથવા ઉચ્ચ શિક્ષણ મેળવવા વિદેશમાં જાય છે. સારી નોકરી શોધ્યા પછી તેઓ વિદેશમાં

જ રહે છે. વૃદ્ધ માતા–પિતા ને એકલા છોડી રહ્યાં છે. કારણ કે તેઓ ત્યાં જવા ઈચ્છતા નથી. તેઓ વર્ષમાં એકાદવાર માતા–પિતાની મુલાકાત માટે ઘરે આવે છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિમાં માતા–પિતા જે પ્રકારની સમસ્યાઓ અનુભવે છે. તેવી સમાન પ્રકારના પડકારોનો સામનો ભારતીય માતા–પિતા કરી રહ્યાં છે. તેઓ અસ્વસ્થતા, ડિપ્રેશન અને એકલતા પણ અનુભવે છે. કમલાના કેસમાં જાણવા મળ્યું કે માતાઓની ભૂમિકા તેમના બાળકોની આસપાસ ફરે છે. તેઓ જ્યારે છોડીને ગયા ત્યારે ખાલીપો લાગ્યો હતો. તેમાં ઉંમર સંબંધિત આરોગ્યના પ્રશ્નો અંગે અસલામતી ઉમેરાઈ તેમણે એ પણ જોયું કે કેટલાક યુવા યુગલો એવું માનતા હતા કે તે એક અસ્થાયી તબક્કો છે. તેમના બાળકો થોડા સમય પછી પાછા ફરશે અને કુટુંબ ફરી એકસાથે એકઠું થશે.

કેટલીક હકારાત્મક બાજુઓ પણ તેમણે જોઈ કે 40 થી 50% યુગલોએ સંચાર માટે નવીનતમ ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખ્યા તેઓ Skype, Facebook અને Whatsapp નો ઉપયોગ કરીને આરામથી જીવતા હતા. તેઓ સ્માર્ટફોન અને લેપટોપ ધરાવતા હતા. ઈન્ટરનેટ એક્સેસ સાથે તેઓ નિયમિત રીતે તેમના બાળકો સાથે સંપર્કમાં રહેવા સમર્થ બન્યા હતા. સામાજિક સંપર્ક માધ્યમોએ તેમના મિત્રો સંપર્કમાં રહેવા માટે તેમને મદદ કરી.

અન્ય એક સકારાત્મક પરિણામ એ હતું કે પતિ–પત્ની વચ્ચેનો સંબંધ વધુ ગાઢ બન્યો હતો. તેઓ સાથે મળી ફિલ્મ જોતા, પ્રવાસ પર જતાં અમેરિકામાં બર્કલેના સંશોધકોએ 72 મિલ્સ કોલેજના ગ્રેજ્યુએટનો અભ્યાસ કર્યો, ત્યારે તેમને પણ જાણવા મળ્યું હતું કે, ખાલી માળામાં રહેનારા બાળકો તેમના ઘરે રહેલા બાળકો કરતા તેમના સંબંધોમાં વધુ ખુશ છે. સ્ત્રીઓએ જણાવ્યું હતુ કે પુરુષો તેમની પત્નીઓ સાથે ખર્ચ કરી શકે તેવો ગુણવત્તાનો સમય હતો. જે તેમના સંબંધોને મજબૂત બનાવતા હતા. તેઓ ઓછા વિક્ષેપો અને ઓછા તણાવ અનુભવે છે.

- **શોખ અને નવા હિતો માટે સમય :**

વિશાખાપટ્ટનમમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેએ નવા શોખ વિકસાવ્યા હતા. નિવૃત્ત પુરુષો રસોડામાં, બાગ–બગીચાઓમાં અથવા ઘરની આસપાસની અન્ય પ્રવૃત્તિઓમાં સમય વિતાવે છે. જ્યારે, મહિલાઓએ કેટલીક નવી કલાઓ શીખ્યા છે અથવા સખાવતી તેમજ સામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ છે કેટલાંક યુગલોએ જણાવ્યું હતુ કે, તેમનું કુટુંબ શાંતિપૂર્ણ હતું. બાળકો સાથેની દૈનિક દલીલોથી બચી ગયા હતા.

## 4.11 ઉપસંહાર :

એવું લાગે છે કે ખાલી માળાનો સિન્ડ્રોમ સાર્વત્રિક છે. ભલે આપણે મહાસાગરો, સંસ્કૃતિઓ અને ધર્મ દ્વારા અલગ થઈ ગયા હોઈએ. પશ્ચિમમાં માળો(ઘર) છોડી ગયેલા બાળકો ઘરે રહેવા માટે પરત ફરી રહ્યાં છે. બીજી બાજુ એક એવી સંસ્કૃતિ છે. જ્યાં બાળકો પરંપરાગત રીતે બાળકો ઘરે રહે છે. તેઓ વિદેશી દેશો માટે ઘર છોડી રહ્યાં છે. જ્યાં તેમની પાસે વધુ તકો છે.

## 4.11 તમારી પ્રગતિ ચકાસો :

1. વિધવાઓને પુનર્લગ્નનો અધિકાર કયા વર્ષમાં મળ્યો ?

   (A) 1956 (B) 1958 (C) 1962 (D) 1976

2. છૂટાછેડા લીધેલ કેટલા લોકો ફરીથી લગ્ન કરે છે ?

   (A) 30 ટકા (B) 40 ટકા (C) 60 ટકા (D) 80 ટકા

3. નીચેનામાંથી પુનર્લગ્નનાં કારણો કયાં છે તે જણાવો.

   (A) સામાજિક સલામતી (B) નાણાકીય સુરક્ષા

   (C) બાળકોની સુરક્ષા (D) ઉપરોક્ત તમામ

4. ખાલી માળો(ઘર) ધરાવતા કુટુંબો એ કેવો ખ્યાલ છે ?

   (A) પરંપરાગત (B) ધાર્મિક

   (C) પશ્ચિમી ખ્યાલ (D) ભારતીય ખ્યાલ

5. 60 વર્ષથી વધુ વયના અંદાજિત કેટલા ભારતીયો એકલા અથવા માત્ર પતિ–પત્ની સાથે જ રહે છે ?

   (A) 15 મિલિયન (B) 20 મિલિયન (C) 25 મિલિયન (D) 30 મિલિયન

## 4.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (D) **3.** (D) **4.** (C) **5.** (A)

## 4.13 ચાવીરૂપ શબ્દો :

**1.** **પુનર્લગ્ન :** પુનર્લગ્ન એટલે વિધવા કે છૂટાછેડા લીધેલી સ્ત્રી સાથેનું લગ્ન.

**2.** **વિધવા સ્ત્રી :** જે સ્ત્રીના પતિનું મૃત્યુ થાય તે સ્ત્રીને વિધવા કહેવામાં આવે છે.

**3.** **નાતરુ :** વિધિ સિવાય વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી બીજો ધણી કરે તો તેને નાતરું કહેવાય.

## 4.14 સ્વાધ્યાય લેખન :

1. પુનર્લગ્નને અસર કરતાં પરિબળો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરો.
2. બેવડી આવક ધરાવતાં કુટુંબની પરિસ્થિતિ સમજાવો.
3. ખાલી માળ(ઘર) અંગે થયેલા સંશોધનો વિશે ચર્ચા કરો.
4. પુનર્લગ્ન કુટુંબના પ્રશ્નો અને વિરોધાભાસ અંગે વિગતે સમજાવો.

## 4.15 પ્રવૃત્તિ :

1. તમારા ગામમાં પુનર્લગ્ન થયેલ કપલની મુલાકાત લઈ લગ્નજીવન વિશેના અનુભવો વિષેની જાણકારી મેળવો.

## 4.16 કેસ સ્ટડી :

1. પુનર્લગ્ન થયેલ દંપતિની કેસ સ્ટડી તૈયાર કરો.
2. કુટુંબ સલાહ કેન્દ્રની મુલાકાત લઈ કેન્દ્રમાં કાઉન્સેલિંગ માટે આવતા એક સેવાર્થી (અસલી)ની કેસ સ્ટડી તૈયાર કરો.

## 4.17 સંદર્ભગ્રંથ :


- કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય : અર્પણ નાયક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
- સગપણ—સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબ કલ્યાણ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- ભારતીય સમાજનાં પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સમાજકાર્ય(હિન્દી) : તેજસ્કર પાંડેય, ઓજસ્કર પાંડેય
- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.

# એકમ–5 વૈકલ્પિક કુટુંબ

: એકમનું માળખું :

5.0 એકમનો પરિચય

5.1 એકમના હેતુઓ

5.2 પ્રસ્તાવના

5.3 વૈકલ્પિક કુટુંબનો ખ્યાલ

5.4 વૈકલ્પિક કુટુંબો બનવાના કારણો

5.5 ઉપસંહાર

5.6 તમારી પ્રગતિ ચકાસો

5.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

5.8 ચાવીરૂપ શબ્દો

5.9 સ્વાધ્યાય લેખન

5.10 પ્રવૃત્તિ

5.11 કેસ સ્ટડી

5.12 સંદર્ભગ્રંથ

## 5.0 એકમનો પરિચય :

મિત્રો, આપણે અગાઉના જુદાં–જુદાં એકમોમાં કુટુંબ વિશેની વિસ્તૃત વિભાવનાને સમજવાનો પ્રયત્ન કરેલ છે. કુટુંબ એ આપણી સામાજિક વ્યવસ્થાનો ખૂબ જ મહત્ત્વનો ભાગ છે. કુટુંબને એટલા માટે જ એક સંસ્થાનો દરજ્જો આપવામાં આવેલ છે. કૌટુંબિક વ્યવસ્થા એક જ પ્રકારની નથી. સમયની સાથે સામાજિક વ્યવસ્થા પણ બદલાય છે. કુટુંબ વ્યવસ્થામાં ઘણાં પરિવર્તનો આવેલ છે.

આ એકમ અંતર્ગત વૈકલ્પિક કુટુંબ વિશે વિગતે અભ્યાસ કરવાનો છે. જેમાં વૈકલ્પિક કુટુંબનો ખ્યાલ, વૈકલ્પિક કુટુંબો બનવાના કારણો વિશેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

## 5.1 એકમનો હેતુ :

આ એકમની સમાજકાર્યના દૃષ્ટિકોણથી ચર્ચા કરીએ તો આ એકમના અભ્યાસના અંતે વિદ્યાર્થીઓ નીચે મુજબની માહિતી અને જાણકારી પ્રાપ્ત કરી શકશે.

(1) વૈકલ્પિક કુટુંબ શું છે ? તે અંગે જાણકારી મળશે.

(2) વૈકલ્પિક કુટુંબની વિભાવના જાણકારી મળશે.

(3) વૈકલ્પિક કુટુંબો બનવાનાં કારણો વિશે જાણકારી પ્રાપ્ત થશે.

(4) પાશ્ચાત્ય સંસ્કૃતિ અંગે વિગતે જાણવા મળશે.

## 5.2 પ્રસ્તાવના :

વૈકલ્પિક કુટુંબનો ખ્યાલ એ પ્રાશ્ચાત્ય સંસ્કૃતિનો ખ્યાલ છે. ભારતીય પરંપરાગત સમાજમાં સંયુક્ત કુટુંબો હતાં. તેનું સ્થાન ધીમે–ધીમે વિભક્ત કુટુંબોએ લીધુ. આજે પશ્ચિમીકરણ, શિક્ષણ, ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ વગેરે જેવા પરિબળોને લીધે ભારતીય શહેરીકરણ વગેરે જેવા પરિબળોને લીધે ભારતીય કુટુંબ સંસ્થામાં પણ માળખાકીય પરિવર્તનો આવતા જાય છે. કુટુંબના નવા–નવા સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં છે.

વિસ્તૃત કુટુંબો અથવા કૌટુંબિક સંબંધોના ઘટાડાને કારણે વૈકલ્પિક કુટુંબોના માળખાનો વિકાસ અને વિસ્તરણ થયેલ છે. આવા પરિવારોમાં ગે અને લૅસ્બિયન કુટુંબો કે પછી લીવ–ઈન રીલેશનશીપમાં રહેતા કુટુંબો તેમજ એકલા રહેતા સ્ત્રી કે પુરુષના કુટુંબોનો સમાવેશ થાય છે. પરંપરાગત સંયુક્ત કુટુંબોના માળખાને એક કૌટુંબિક પૂરું પાડતી વ્યવસ્થા ગણવામાં આવે છે. જેમાં બે વ્યક્તિઓના(સ્ત્રી– પુરુષ)ના લગ્ન દ્વારા કુટુંબની રચના થાય છે. જે તેમના જૈવિક સંતાન માટે સંભાળ અને સ્થિરતા પ્રદાન કરે છે. આવા કુટુંબોનું સ્થાન હવે ધીમે–ધીમે વૈકલ્પિક સ્વરૂપના કુટુંબો લઈ રહ્યાં છે.

## 5.3 વૈકલ્પિક કુટુંબનો ખ્યાલ :

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતીય સમાજમાં શિક્ષણના વધતા હતા સ્તરને કારણે અવિવાહિત લોકોનું પ્રમાણ વધ્યું છે. આવા અવિવાહિત લોકો પોતાની એકલતા દૂર કરવા અનાથાશ્રમમાંથી કે કોઈ સગાવહાલા પાસેથી બાળક લઈ પોતાની સાથે રાખે છે. આ રીતે રચાયેલ કુટુંબ ભારતીય પરંપરાગત કુટુંબના માળખા કરતા જુદા જ સ્વરૂપનું કુટુંબ છે. જેને વૈકલ્પિક સ્વરૂપના કુટુંબ તરીકે ઓળખાવી શકાય. પસંદગી દ્વારા એકલા વાલીપણાનું વલણ વધતું જાય છે.

તાજેતરમાં નોંધણી વગરના લગ્ન સંબંધો દ્વારા સાથે રહેતા વિજાતીય લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સમાન જીવનશૈલી પસંદ કરતા યુવાનોમાં આ કોઈ વિચિત્ર બાબત નથી. વર્તમાન સમયમાં આવા લગ્નને સામાજિક સ્વીકૃતિ પણ મળવા લાગી છે. આજના સમયમાં લગ્નનો પવિત્ર અને ભવોભવના બંધન અંગેનો ખ્યાલ બદલાયો છે. લીવ–ઈન–રિલેશનમાં રહેવાનું પ્રમાણ વધવા લાગ્યું છે. સ્ત્રી–પુરુષો લીવ–ઈન–રીલેશનમાં રહી જાતીય સંબંધો પણ બાંધે છે અને ક્યારેક માતા–પિતાનો દરજ્જો પણ ધારણ કરે છે. આવા લગ્ન વગરના સાથે રહેતા સ્ત્રી–પુરુષ દ્વારા રચાતા કુટુંબો અને કુટુંબની પરિભાષામાં સમાવિષ્ટ થતા નથી તેવા કુટુંબો વૈકલ્પિક સ્વરૂપના કુટુંબો બને છે. અગાઉ જોયું તેમ જુદા–જુદા પરિબળોની અસર હેઠળ અપરિણિતોનું પ્રમાણ વધ્યું છે, તેવા અને

છૂટાછેડા દ્વારા એકલા રહેતા સ્ત્રી–પુરુષો હોમોસેક્સ્યુઅલ રીલેશનશીપ પણ બાંધતા હોય છે. પરિવર્તન પામતા સમાજમાં આવા ગે રિલેશન અને લૅસ્બિયન રિલેશનને પણ માન્યતા મળવા લાગી છે. આવા રિલેશનમાં આવતી વ્યક્તિઓ દ્વારા જે કુટુંબો રચાય છે, તે વૈકલ્પિક સ્વરૂપના કુટુંબ બને છે.

## 5.4 વૈકલ્પિક કુટુંબો બનવાના કારણો :

સમાજમાં છૂટાછેડા અને પુનર્લગ્નનું પ્રમાણ દિવસે–દિવસે વધતું જાય છે. છૂટાછેડા લીધેલ વ્યક્તિને અગાઉના લગ્નથી સંતાન હોય. આ ઉપરાંત, સમાજમાં છૂટાછેડા અને પુનર્લગ્નનું પ્રમાણ વધતું જાય છે. છૂટાછેડા લીધેલ વ્યક્તિને અગાઉના લગ્નથી સંતાન હોય(ખાસ કરીને સ્ત્રીઓને) અને તે પુનર્લગ્ન વખતે પોતાની સંતાનને સાથે લઈ જાય છે. ત્યારે એ સંતાન માટે તે કુટુંબ વૈકલ્પિક કુટુંબ બને છે. ક્યારેક પતિને પણ અગાઉના લગ્નથી સંતાન હોય છે અને પુનર્લગ્ન બાદ પણ પતિપત્ની પ્રજોત્પાદન કરે છે ત્યારે જે કુટુંબો રચાય છે તે આવા વૈકલ્પિક સ્વરૂપના કુટુંબ બને છે. આ પ્રકારના કુટુંબોની વધતી જતી સંખ્યા એ છૂટાછેડાઓની વધતી જતી સંખ્યાના પરિણામે છે.

સ્ત્રી શિક્ષણના વધતા જતાં સ્તરને કારણે સ્ત્રી સ્વતંત્રતા, સમાનતા અને વ્યક્તિગત વિકાસ ઇચ્છે છે તેથી અપરિણિત રહી એકલા રહેવાનું ઇચ્છે છે અથવા તો લીવ–ઇન–રિલેશનશીપમાં રહેવાનું વધારે પસંદ કરે છે. ત્યારે આવા વૈકલ્પિક સ્વરૂપના કુટુંબોનું નવું માળખું રચાઈ રહ્યું છે.

આવા પરિવારમાં બાળકોના ભાવિ માટેની જવાબદારીની ભાવના હોતી નથી. મોટાભાગના સિંગલ માતા–પિતાના કુટુંબો ગંભીર મુશ્કેલી અનુભવી રહ્યાં છે.

કેટલાક અભ્યાસો દર્શાવે છે કે એકમાત્ર માતા કે પિતા ધરાવતા કુટુંબોમાં બાળકોના ગુનાની સંભાવના વધી જાય છે. ઉપરાંત, આવા કુટુંબના બાળકોના વિકાસનું સ્તર અન્ય કુટુંબના બાળકો કરતા નીચું રહે છે.

પરંપરાગત સમાજમાં લગ્ન સાથે જાતીય પવિત્રતાનો ખ્યાલ જોડાયેલો હતો આજે યુવા વયના લોકો લગ્ન વગર જ જાતીય સંબંધો બાંધી માતા કે પિતા બને છે. લીવ–ઇન–રીલેશનશીપમાં રહેવાનું શરૂ કરે છે અને અનુકુળ ન લાગતા છૂટા પડે છે, ત્યારે બાળકોની સાર–સંભાળ અને જવાબદારીના પ્રશ્નો ઊભા થાય છે.

## 5.5 ઉપસંહાર :

પ્રસ્તુત એકમમાં આપણે વૈકલ્પિક કુટુંબ વિશે વિસ્તૃતમાં માહિતી મેળવી. પુનર્લગ્નની જેમ આવનારા સમયમાં વૈકલ્પિક કુટુંબ વ્યવસ્થાને પણ સામાજિક માન્યતા મળે તો નવાઈ પામવી નહીં. એક સમાજકાર્યકર તરીકે આ એકમના અભ્યાસ બાદ, કૌટુંબિક સમસ્યાઓના ઉકેલ લાવવા માટે આ પ્રકારની વ્યવસ્થા સમજવી ખૂબ જરૂરી છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો :

1. વૈકલ્પિક કુટુંબનો ખ્યાલ એ કેવા પ્રકારની સંસ્કૃતિનો ખ્યાલ છે ?

(A) પાશ્ચાત્ય (B) પરંપરાગત

(C) ભારતીય (D) ઉપરમાંથી એકપણ નહિ

2. વૈકલ્પિક કુટુંબો બનવાના મુખ્ય કારણો કયા છે તે જણાવો.

(A) લીવ–ઈન રિલેશન (B) શિક્ષણ

(C) જવાબદારની ભાવના (D) ઉપરોક્ત બધા

3. વૈકલ્પિક સ્વરૂપના કુટુંબમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) ગૅ–રિલેશન (B) લૅસ્બિયન રિલેશન

(C) હોમોસેક્સ્યુઅલ (D) ઉપરોક્ત બધા

## 5.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (D) **3.** (D)

## 5.8 ચાવીરૂપ શબ્દો :

**1.** **લૅસ્બિયન :** Lesbian અંગ્રેજી શબ્દનો અર્થ એક સમલૈંગિક સ્ત્રી થાય છે.

**2.** ગૅ : આ શબ્દ જે મુખ્યત્વે સમલૈંગિક (અથવા હોમોસેક્સ્યુઅલ) ખાસ કરીને પુરૂષ માટે વપરાય છે. મૂળ રીતે આ શબ્દનો ઉપયોગ ''ખુશખુશાલ'' અથવા ''તેજસ્વી અને શોખીન'' અર્થ માટે વપરાય છે.

## 5.9 સ્વાધ્યાય લેખન :

1. વૈકલ્પિક કુટુંબ વ્યવસ્થાનો ખ્યાલ સમજાવો.
2. વૈકલ્પિક કુટુંબ બનવા પાછળના કારણો સમજાવો.

## 5.10 પ્રવૃત્તિ :

1. LGBT એટલે શું ? તે અંગે ગુગલ ઉપર પ્રાપ્ય વિવિધ ફિલ્મો વિશે વિગતે અભ્યાસ કરો.
2. LGBT ના મુદ્દે કાર્યરત કોઈપણ એક સંસ્થાની મુલાકાત કરી અહેવાલ તૈયાર કરો.

## 5.11 કેસ સ્ટડી :

1. લી–ઈન રિલેશનશીપમાં રહેતા કોઈ એક કપલ વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 5.12 સંદર્ભગ્રંથ :


- સગપણ–સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબ કલ્યાણ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- ભારતીય સમાજનાં પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- કુટુંબનું સમાજશાસ્ત્ર : પ્રો. જે. કે. દવે, મયુર પ્રકાશન, પાલડી, અમદાવાદ.

- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય : અર્પણ નાયક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
- સમાજકાર્ય(હિન્દી) : તેજસ્કર પાંડેય, ઓજસ્કર પાંડેય

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-501**

# કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

વિભાગ

# 2

## કુટુંબના કાર્યો તરીકે લગ્ન સંસ્થા


**એકમ–1** લગ્ન : એક સંસ્થા તરીકે

**એકમ–2** દરમિયાનગીરીની વ્યૂહરચના-કુટુંબ સહાય માટે કાર્યરત એજન્સીઓની ભૂમિકા અને કાર્યો

**એકમ–3** લગ્ન પૂર્વે, દામ્પત્ય અને છૂટાછેડા વિશે પરામર્શન

**એકમ–4** કુટુંબમાં કટોકટી સમયે દરમિયાનગીરી, ઉપચાર અને લોકપેરવી

**એકમ–5** સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ અને કેસ વિશેની રજૂઆત

ISBN : 978-93-91071-83-7


## લેખક

| | |
|---|---|
| **ડૉ. વિપીન મકવાણા** | નિયામક, ગ્રામ સેવા કેન્દ્ર,<br>દેથલી, ગૂજરાત વિદ્યાપીઠ. |
| **ડૉ. ભાનુબેન કાપડિયા** | પ્રાધ્યાપક,<br>ગુજરાત કૉલેજ, અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| **ડૉ. પંકજ સોલંકી** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>ગુજરાત વિનયન અને વિજ્ઞાન કોલેજ,<br>અમદાવાદ. |

## પરામર્શન (ભાષા)

| | |
|---|---|
| **ડૉ. હેતલ ગાંધી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનો–શારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનો–શારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

# દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ–અવરોહ, ભાવ–ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ–અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ–અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન–મૂલ્યાંકન પણ કરે છે.

## <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-501 કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

વિભાગ–1 : કુટુંબનો પારંપારિક ખ્યાલ

એકમ–1 કુટુંબનો અર્થ અને તેના લક્ષણ

એકમ–2 કુટુંબ વ્યવસ્થાના કાર્યો

એકમ–3 કુટુંબના પ્રકાર

એકમ–4 પુનર્લગ્ન આધારિત કુટુંબો

એકમ–5 વૈકલ્પિક કુટુંબ

વિભાગ–2 : કુટુંબના કાર્યો તરીકે લગ્ન સંસ્થા

એકમ–1 લગ્ન : એક સંસ્થા તરીકે

એકમ–2 દરમિયાનગીરીની વ્યૂહરચના-કુટુંબ સહાય માટે કાર્યરત એજન્સીઓની ભૂમિકા અને કાર્યો

એકમ–3 લગ્ન પૂર્વે, દામ્પત્ય અને છૂટાછેડા વિશે પરામર્શન

એકમ–4 કુટુંબમાં કટોકટી સમયે દરમિયાનગીરી, ઉપચાર અને લોકપેરવી

એકમ–5 સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ અને કેસ વિશેની રજૂઆત

વિભાગ–3 : માનસિક અસ્વસ્થતા

એકમ–1 વ્યાખ્યા, કારણો, કૌટુંબિક વ્યવસ્થાની અસરો તેમજ વર્તમાન પ્રવાહો

એકમ–2 વૈવાહિક ભંગાણ – ત્યકત્વું, છૂટાછેડા, અલગ થવું, તેના પ્રકારો, પ્રક્રિયા અને નિર્ણયાત્મક પરિબળો

એકમ–3 કૌટુંબિક હિંસા : વ્યાખ્યા અને પ્રકારો

વિભાગ–4 : કુટુંબ અને કૌટુંબિક બાબતો

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન : ખ્યાલ અને લાક્ષણિકતાઓ

વિભાગ–5 : સામાજિક પરિવર્તન

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 સામાજિક પરિવર્તનના કારણો અને તેની અસરો

એકમ–3 વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં આવતા પરિવર્તનો

## ઘટક પરિચય :

ભારતીય લગ્ન વ્યવસ્થા એ પરંપરાગત રીતે સામાજિક, આધ્યાત્મિક અને ધાર્મિક બંધન ગણવામાં આવે છે. ભારતની દરેક જ્ઞાતિ અને પેટા જ્ઞાતિના કુટુંબજીવનમાં લગ્ન વ્યવસ્થા એ એક પાયાની સંસ્થા તરીકે માનવામાં આવે છે.

આદિમાનવ કાળમાં લગ્ન વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી નહોતી; પરંતુ, જેમ–જેમ સમાજની રચના થઈ તેમ તેમ કાળક્રમે લગ્ન વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. કાળક્રમે તેમાં અનેક પરિવર્તનો આવેલાં છે અને આવતાં રહ્યાં છે.

પ્રસ્તુત ઘટકમાં આપણે લગ્ન સંસ્થા વિશે ઊંડાણપૂર્વકની સમજ મેળવીશું. લગ્નની પાયાની વ્યાખ્યાથી માંડીને તેનું સ્વરૂપ તથા લગ્ન માટેનું પરામર્શ અને પરામર્શના પ્રકારો વિશે સમજીશું.

લગ્નજીવનમાં આવતી સમસ્યાઓ અને સમાજકાર્યકર તરીકે તેના નિવારણ માટેની વિવિધ પદ્ધતિઓ વિશે વિસ્તૃતમાં માહિતી મેળવીશું.

સમાજકાર્યના અભ્યાસ બાદ આપ જ્યારે કુટુંબ પરામર્શ(ફેમીલી કાઉન્સેલીંગ)ના ક્ષેત્ર સાથે જોડાશો ત્યારે આ એકમનો અભ્યાસ આપને ખૂબ જ ઉપયોગી નીવડશે.

## ઘટક હેતુઓ :

પ્રસ્તુત ઘટકના હેતુઓ નીચે પ્રમાણે છે.

(1) લગ્ન એક સામાજિક સંસ્થા તરીકે કેવી રીતે કાર્ય કરે છે તે વિશે વિસ્તારથી માહિતી મેળવી શકાશે.

(2) લગ્નજીવનમાં ઉત્પન્ન થતી સમસ્યાઓ, તેમાં સમાજકાર્યકર તરીકે દરમિયાનગીરી પ્રક્રિયા વિશે સમજી શકાશે.

(3) કુટુંબ સહાય સંસ્થાઓની ભૂમિકા અને તેમના કાર્યો વિશે માહિતી મેળવી શકાશે.

(4) લગ્નપૂર્વનું પરામર્શ, લગ્ન સમયનું પરામર્શ અને છૂટાછેડા માટેનું પરામર્શ, પરામર્શનના પ્રકારો અને તેની અસરકારકતાં વિશે માહિતી મેળવી શકાશે.

(5) લગ્નજીવન દરમિયાન આવતી આપત્તિઓ વખતે સમાજકાર્યકર તરીકે તેમાં શું પગલાં લેવા અને આપત્તિ દૂર કરવાની વ્યૂહરચના કેવી રીતે બનાવવી તે વિશેની માહિતી મળશે.

(6) લગ્નજીવનમાં આવતી આપત્તિ દરમિયાન તેના નિરાકરણ માટે સમાજકાર્યની કઈ પદ્ધતિઓ અપનાવી શકાય, તે વિશે માહિતી મળશે, તે આપ કેટલાક કેસના ઉદાહરણ દ્વારાં સમજી શકશો.

# એકમ–1 લગ્ન : એક સંસ્થા તરીકે

: એકમનું માળખું :


**1.0 એકમનો પરિચય**

**1.1 એકમના હેતુઓ**

**1.2 પ્રસ્તાવના**

**1.3 લગ્ન એટલે શું ?**

**1.4 લગ્નની વ્યાખ્યા**

**1.5 લગ્નના લક્ષણો**

**1.6 લગ્ન એક સામાજિક સંસ્થા – શા માટે ?**

**1.7 લગ્નના સંસ્કારનું સ્વરૂપ**

**1.8 ઉપસંહાર**

**1.9 તમારી પ્રગતિ ચકાસો**

**1.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**1.11 ચાવીરૂપ શબ્દો**

**1.12 સ્વાધ્યાય લેખન**

**1.13 પ્રવૃત્તિ**

**1.14 કેસ સ્ટડી**

**1.15 સંદર્ભગ્રંથ**


## 1.0 એકમનો પરિચય :

લગ્ન એ આપણી સામાજિક સંસ્થા છે. આપણી સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે લગ્નની ખૂબ મહત્ત્વની ભૂમિકા છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં લગ્ન સંસ્થાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. ભારતીય સમાજમાં વિવિધ જ્ઞાતિ અને ધર્મના લોકો વસવાટ કરે છે. દરેક ધર્મ અને જ્ઞાતિ વ્યવસ્થામાં લગ્ન વિશેનાં જુદા–જુદા ખ્યાલો જોવા મળે છે.

આ એકમમાં લગ્ન એટલે શું ? લગ્નની જુદી–જુદી વ્યાખ્યાઓ, લગ્નનાં લક્ષણો, લગ્ન એક સામાજિક સંસ્થા શા માટે ? લગ્નના સંસ્કારનું સ્વરૂપ શું છે ? વગેરે મુદ્દાઓ વિશેની વિગતે ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

## 1.1 એકમનો હેતુ :

(1) સામાજિક કાર્યકર તરીકે લગ્ન અને કુટુંબ વિશેની સમજણ વધારે સ્પષ્ટ થશે.

(2) લગ્નને એક સામાજિક સંસ્થા તરીકે જોવાની દ્રષ્ટી વિકસશે.

(3) જુદા–જુદા સમાજ અને ધર્મોની લગ્નવ્યવસ્થા વિશેનો ખ્યાલ આવશે.

(4) લગ્ન એટલે શું ? તે અંગેની વૈજ્ઞાનિક જાણકારી પ્રાપ્ત થશે.

(5) લગ્નના જુદા–જુદા પ્રકારો વિશેનો ખ્યાલ આવશે.

(6) દરેક સમાજવ્યવસ્થામાં લગ્નના કયા જુદા–જુદા નિયમો હોય છે, તેના વિશેનો ખ્યાલ જાણવા મળશે.

(7) લગ્નવ્યવસ્થાને ટકાવી રાખવા માટે એક સામાજિક કાર્યકર તરીકે શું થઈ શકે ? તે અંગેની સમજણ સ્પષ્ટ થશે.

## 1.2 પ્રસ્તાવના :

લગ્ન એ આપણી પ્રાચીન સામાજિક સંસ્થા છે. આપણી સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખતુ આ એક ખૂબ જ મહત્વનું પરિબળ છે. આદિમાનવ શરૂઆતમાં એકદમ પ્રાથમિક કક્ષાનું જીવન જીવતો હતો. જંગલમાં વસવાટ કરી જંગલી પેદાશોનો ઉપયોગ કરી પોતાનું જીવન વ્યતિત કરતો હતો. રખડતા ભટકતા જીવનથી થાકી તેણે સ્થાયી જીવનની શરૂઆત કરી હતી.. જંગલી પ્રાણીઓ અને પ્રાકૃતિક આફતોથી બચવા માટે તેણે સમૂહમાં રહેવાની શરૂઆત કરી હતી. જેના પરિણામે કુટુંબનો પણ ધીરે–ધીરે વિકાસ થયો. સમૂહમાં રહેવાના પરિણામે કૌટુંબિક ભાવના, પરસ્પર પ્રેમ અને લાગણી વિકસી અને આ પાયાની જરૂરિયાતો માટે કુટુંબવ્યસ્થા વિકસી. આ કૌટુંબિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે લગ્ન નામની સંસ્થાનો ઉદભવ થયો. જેણે સમાજવ્યવસ્થાને ટકાવી રાખવા માટે ખૂબ જ મહત્વની ભૂમિકા અદા કરેલ છે.

દરેક સમાજમાં લગ્નવ્યવસ્થા જુદા–જુદા સ્વરૂપે જોવા મળેલ છે. દરેક ધર્મમાં પણ લગ્નવ્યવસ્થાનું સ્વરૂપ જુદુ–જુદુ જોવા મળે છે. દરેક સમાજ પોતાને અનુકૂળ હોય તેવી વ્યવસ્થા ઊભી કરે છે. એ વ્યવસ્થા મુજબ સમાજના લોકો વર્તે તે માટે સમાજ પોતાના નિયમો બનાવે છે. જેના પરિણામે સમાજ વ્યવસ્થા ટકી રહી છે. ભારતના જુદા–જુદા રાજ્યોમાં આ વ્યવસ્થા જોવા મળે છે. આ વ્યવસ્થામા ઘણી ભિન્નતાઓ જોવા મળે છે. પશ્ચિમના દેશોમા આ લગ્નની વ્યવસ્થાનું સ્વરૂપ એકદમ જુદા સ્વરૂપે જોવા મળે છે. એક સ્વતંત્ર વિચાર ધરાવતો આ સમાજ લગ્નવ્યવસ્થાને એક જુદા સ્વરૂપે જુએ છે. મહદ્અંશે અહીં સ્ત્રી–પુરુષોના સંબંધો એકબીજાની ઈચ્છાશક્તિ ઉપર નિર્ભર રહે છે. એકબીજાને ગમે ત્યાં સુધી રહેવું અને પછી એકબીજાની ઈચ્છાશક્તિથી છૂટા પડવું. બાળકો પુખ્ત થતા તે પોતાનું સ્વતંત્ર જીવન જીવી શકે છે. મોટાભાગે અહીં લગ્ન ઉપર સમાજનું સામાજિક નિયંત્રણ જોવા મળતું નથી. જ્યારે, ભારતીય સમાજમાં લગ્નને એક પવિત્રબંધન માનવામાં આવે છે. અને એમાં પણ હિન્દુસમાજના લગ્નને વ્યક્તિની એક પવિત્ર ફરજ માનવામાં આવે છે. હિન્દુલગ્નને એક પવિત્ર સંસ્કાર તરીકે જોવામાં આવે છે.


સમાજના દુઃખી અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી એટલે સમાજકાર્ય એવો સાદો અર્થે કરવામાં આવે છે. વ્યક્તિ સમાજમાં જ્યારે એકબીજાની સાથે રહે છે ત્યારે જુદા–જુદા

પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. લગ્નને એક સામાજિક સંસ્થા તરીકે જ્યારે આપણે મૂલવીએ છીએ ત્યારે આ વ્યવસ્થામાં પણ જુદા–જુદા પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ પ્રશ્નોમાં પણ ઘણી ભિન્નતા જોવા મળે છે. સામાજિક વ્યવસ્થામાં ઊભી થતી સમસ્યાઓને ઉકેલવા માટે સમાજ હંમેશા પ્રયત્નશીલ રહે છે. આ તૂટતી સામાજિક વ્યવસ્થાને બચાવવા માટે સમસ્યા નિવારણ માટેનું આયોજન કરવું પડે છે. આ પ્રક્રિયામાં એક સામાજિક કાર્યકર તરીકે મહત્વની ભૂમિકા અદા કરવી પડે છે. o

સામાજિક સમસ્યાનો વૈજ્ઞાનિક અને તર્કપૂર્ણ અભ્યાસ અસરકારક નિદાન અને ઉપલબ્ધ ઉકેલ સૂચવવામાં આવે છે. જેના પરિણામે સમસ્યાગ્રસ્ત વ્યક્તિને યોગ્ય દિશા મળી રહે છે. સમાજકાર્ય એ સમાજની પ્રગતિ અને વિકાસ માટે હંમેશા પ્રયત્નશીલ હોય છે. એટલે આ સંદર્ભમાં લગ્નવ્યવસ્થાને એક સામાજિક સંસ્થા તરીકે જોવાની કાર્યકરમાં દ્રષ્ટિ વિકસે તે માટે લગ્નસંસ્થા વિશેની પાયાની સંકલ્પના અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે. ભાવિ સામાજિક કાર્યકર તરીકે લગ્નસંસ્થાનો અભ્યાસ હોવો જરૂરી છે. આ દ્રષ્ટિએ લગ્નની વિસ્તૃત વિભાવના સમાજકાર્યના વિદ્યાર્થીઓને ઉપયોગી બની રહેશે તેવી આશા છે.

## 1.3 લગ્ન એટલે શું ?

સામાજિકરણની પ્રક્રિયામાં કુટુંબજીવન અને લગ્નજીવન ઉપરાંત, જુદા–જુદા સામાજિક સંબંધોનું વિશેષ મહત્વ છે. માનવ સમાજમાં લગ્ન એ પાયાની સંસ્થા ગણવામાં આવે છે. લગ્નએ સ્ત્રી અને પુરુષો વચ્ચેના જાતીય સંબંધોને માન્યતા આપે છે. લગ્નના પરિણામે દરેક વ્યક્તિની ચોક્કસ પ્રકારની ભૂમિકા બને છે. સમાજમાં વ્યક્તિ જુદા જુદા પ્રકારના સંબંધો ધરાવે છે.




પરિણામે પ્રાપ્ત થાય છે. જુદા–જુદા વિદ્વવાન સમાજશાસ્ત્રીઓએ લગ્નની જુદી–જુદી વ્યાખ્યાઓ આપી છે, તે પૈકીની કેટલીક મહત્વની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

## 1.4 લગ્નની વ્યાખ્યા :

(1) સમાજશાસ્ત્રી એડવર્ડ વેસ્ટર માર્ક લગ્નની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, લગ્ન એક કરતાં વધારે પુરુષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથેનો સંબંધ છે. જેનો સમાજના રિવાજો કે કાયદાઓ વડે સ્વીકાર થયો છે. આ પ્રકારના સંબંધમાં લગ્ન કરનારી વ્યક્તિઓ અને થનારા બાળકોના પારસ્પરિક હક્કો અને ફરજોનો સમાવેશ થાય છે.

(2) પ્રો. કે, એમ. કાપડિયાના જણાવ્યા પ્રમાણે હિન્દુલગ્ન પુરુષ અને સ્ત્રી વચ્ચેનું સમાજ સ્વીકૃત જોડાણ છે. અને પ્રજોત્પાદન, જાતીય સુખ અને કેટલીક ફરજોનું પાલન કરવુ એ લગ્નનું ધ્યેય છે.

આ વ્યાખ્યાના અંતે લગ્નસંસ્થાના નીચેના લક્ષણો દર્શાવી શકાય.

## 1.5 લગ્નના લક્ષણો :

(1) **સ્ત્રી–પુરુષ વચ્ચેનો સંબંધ :** આ ખૂબ મહત્વનું લક્ષણ છે, જેમાં એકથી વધારે પુરુષોનો અથવા એકથી વધારે સ્ત્રીઓ વચ્ચેનો પતિ–પત્ની તરીકેનો દરજ્જો નક્કી કરતી સંસ્થાએ લગ્ન છે.

(2) **જાતીય સંબંધોને માન્યતા :** લગ્ન સંસ્થા દ્વારા સ્ત્રી અને પુરુષોના જાતીય સંબંધોને કાયદેસરની માન્યતા પ્રાપ્ત થાય છે. જાતીય સંબંધોને સમાજના રિવાજોએ તથા રાજ્યના કાયદાઓ ભારતમાં ઈ.સ. 1954માં સ્પેશ્યિલ મેરેજ એક્ટ – અને હિન્દુલગ્ન ધારો – 1955 તથા અન્ય કાયદાઓ દ્વારા કાયદેસરની માન્યતા પ્રાપ્ત થાય છે.

(3) **સંતાનોની સામાજિક સ્વીકૃતિ :** લગ્ન સંબંધથી જન્મનારા સંતાનોને સમાજ દ્વારા સ્વીકૃતિ મળે છે. સંતાનોને માતા–પિતા તરફથી સામાજિક દરજ્જો અને વંશ પ્રાપ્ત થાય છે.

(4) **ફરજોનું પાલન :** લગ્ન સંસ્થાના પરિણામે પતિ અને પત્નીની એક ચોક્કસ પ્રકારની બની જાય છે. પતિ–પત્ની એકબીજા પ્રત્યે અને પોતાના બાળકો પ્રત્યે ભરણપોષણ, બાળઉછેર અને કુટુંબની અન્ય બાબતોમાં તેની ચોક્કસ જવાબદારીથી તે બંધાયેલ છે અને લગ્ન ઉછેર દ્વારા જન્મેલા બાળકો પરસ્પર ભાઈ–ભાઈ, ભાઈ–બહેન કે બહેન–બહેન એકબીજા પ્રત્યેની પોતાની જવાબદારી અદા કરે છે. આમ, લગ્નએ માનવ સમાજની મૂળભૂત અને પ્રાચીન સંસ્થા ગણાવી શકાય. હિન્દુધર્મમાં જુદા–જુદા ચાર આશ્રમો છે, જેમાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસ્યાશ્રમનો સમાવેશ થાય છે. જેમાં લગ્ન એ ગૃહસ્થાશ્રમનો પ્રવેશદ્વાર છે. લગ્ન એક સામાજિક સંસ્થા છે તેનો વિસ્તૃત પરિચય નીચે મુજબ છે,

## 1.6 લગ્ન એક સામાજિક સંસ્થા – શા માટે ?

સમાજમાં કુટુંબના નિર્માણ માટે લગ્ન આવશ્યક છે. લગ્ન વગર કુટુંબની રચના શક્ય નથી. લગ્ન એક પાયાની સામાજિક જરૂરિયાત છે. લગ્ન દ્વારા સ્ત્રી–પુરુષના સંબંધોને કાયદેસરની માન્યતા મળે છે. લગ્ન સિવાયના સ્ત્રી–પુરુષોના સંબંધો સમાજમાં ટીકાત્મક સ્વરૂપ ધારણ કરે છે.આ પ્રકારના સંબંધોને સમાજ એક જુદી દ્રષ્ટિથી જુએ છે; પરંતુ, લગ્ન દ્વારા સમાજમાં સ્ત્રી–પુરુષો એકબીજા સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. સ્ત્રી–પુરુષો વચ્ચેના શારિરીક સંબંધોના પરિણામે જે પ્રજોત્પાદન થાય છે, તે સમાજ માન્ય છે. આ પ્રજોત્પાદનની પ્રક્રિયાના પરિણામે કુટુંબનો વંશ આગળ વધી શકે છે. આમ, કુટુંબ વ્યવસ્થાને ટકાવી રાખવા માટે લગ્ન મહત્વનું પીઠબળ પૂરું પાડે છે. આમ, આ દ્રષ્ટિએ લગ્ન એ સમાજની પાયાની જરૂરિયાત છે. આમ આ દ્રષ્ટિએ લગ્ન એક સામાજિક સંસ્થા બને છે.

લગ્ન એક સામાજિક સંસ્થા હોવાના પરિણામે તેના ચોક્કસ નીતિ–નિયમો હોય છે. દરેક સમાજે આ અંગેના ચોક્કસ નિયમો બનાવ્યાં છે. લગ્નનું સ્વરૂપ અને તેની પદ્ધતિઓની બાબતમાં સમાજમાં વધતા ઓછા અંશે ભિન્નતા જોવા મળે છે. આમ છતાં લગ્ન એક પાયાની સામાજિક સંસ્થા ગણી શકાય. જાણીતા સમાજશાસ્ત્રી વેસ્ટર માર્ક સમાજવ્યવસ્થા માટે લગ્નની મહત્વની ભૂમિકા હોવાનું જણાવે છે. લગ્નના સંબંધો સાથે ફરજો પણ સંકળાયેલી છે.લગ્ન કરનારા બંને પક્ષોને એકબીજા ઉપર અધિકારો પણ પ્રાપ્ત થાય છે. લગ્ન થતા કાયદેસર રીતે સ્ત્રી અને પુરુષ પતિ અને પત્નીનું સ્થાન મેળવે છે. પતિ– પતી વચ્ચેના શારિરીક સંબંધોને કાયદેસરતા મળે છે. લગ્નસંસ્થા એ ફક્ત જાતીય સંબંધોની વ્યવસ્થા નથી.જાતીય સંબંધો ઉપરાંત, લગ્ન એક આર્થિકવ્યવસ્થા પણ છે, જેમાં પતિ અને બાળકોના ભરણપોષણની જવાબદારી પતિની ગણવામાં આવે છે. આર્થિક ઉપાર્જનની પ્રવૃતિમાં પતિ અને બાળકો જરૂરી મદદ કરે છે. આજે શિક્ષણના પરિણામે મહિલાઓ પણ રોજગાર ક્ષેત્રે સક્રિય બની છે. પતિની સાથો–સાથ પત્ની પણ આર્થિક ઉપાર્જનની પ્રવૃતિ અર્થે વિવિધ પ્રકારની પ્રવૃતિ કરતી થયેલ છે.તે ખૂબ સારી બાબત ગણાવી શકાય.

હિન્દુ સમાજવ્યસ્થામાં લગ્નને એક પવિત્ર બંધન માનવામાં આવે છે. જુદા–જુદા ધર્મગ્રંથોમા પણ લગ્નની મહત્વતા વિશે ઉલ્લેખ કરવામાં આવે છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે, પોતાની પત્ની અને બાળકો હોય તે જ સંપૂર્ણ પુરુષ છે. હિન્દુ સમાજમાં લગ્નના ચોક્કસ હેતુઓ છે. લગ્ન સમયે સાતફેરા અને લગ્ન દરમિયાન જુદી–જુદી વિધિઓ કરવામાં આવે છે. તેના પરિણામે લગ્નને હિન્દુ સમાજમાં એક વિશિષ્ટ પ્રકારનો દરજ્જો આપવામાં આવે છે. હિન્દુ લગ્નને એક સંસ્કાર તરીકે જોવામાં આવે છે. નીચેની કેટલીક બાબતો ઉપરથી હિંદુ લગ્ન એક સંસ્કાર હોવાનું સ્પષ્ટ થાય છે.

## 1.7 લગ્નના સંસ્કારનું સ્વરૂપ :

(1) **લગ્નનો હેતુ :** હિન્દુ ધર્મમાં લગ્નના મુખ્ય ત્રણ હેતુઓ છે. ધર્મ, પ્રજા અને રીતિ, જેમાં પ્રથમ સ્થાને ધર્મને ગણવામાં આવે છે. લગ્નનો બીજો હેતુ પ્રજોત્પાદનનો છે.જેના દ્વારા કુટુંબનો વંશવેલો આગળ વધતો રહે છે.

કુટુંબનો વંશ ચાલુ રાખવા પુત્ર પ્રાપ્તિ જરૂરી ગણવામાં આવે છે. તેના દ્વારા પિતૃતર્પણ અર્થે નર્કમાંથી બચાવવા અને મોક્ષપ્રાપ્તિનો મુખ્ય હેતુ માનવામાં આવે છે. અને ત્રીજો મહત્વનો હેતુ જાતીય સંતોષનો છે. લગ્ન થકી સ્ત્રી–પુરુષ પોતાની જાતીય ઈચ્છાઓને સંતોષી શકે છે.

(2) **ધાર્મિક વિધિ :** હિન્દુ સમાજમાં ધર્મનું વિશેષ મહત્વ છે. ધાર્મિક દ્રષ્ટિકોણથી લગ્નમાં જુદી–જુદી વિધિઓને ક્રિયાઓ કરવામાં આવે છે. બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર કરી હિન્દુ લગ્નને એક પવિત્ર સંસ્કારનો દરજ્જો પ્રાપ્ત થાય છે હિન્દુ સમાજમાં લગ્નની શરૂઆતથી જ મંડપ મુહૂર્તથી લગ્નની શરૂઆત થાય છે અને ત્યારપછી લગ્ન દરમિયાન પતિ–પતી લગ્નના બંધનમાં સાત ફેરા ફરી લગ્નના પવિત્ર બંધનમાં બંધાય છે.

(3) **પવિત્ર બંધન :** અગ્નિ સાક્ષીએ પતિ–પત્ની લગ્નના પવિત્ર બંધનમાં જોડાય છે. હિન્દુ શાસ્ત્રોમાં એવુ કહેવાય છે કે, અગ્નિની સાક્ષીએ થયેલું લગ્ન ક્યારેય ફોકટ જતું નથી.

અગ્નિની સાક્ષીએ સાતફેરા ફર્યા બાદ પતિ–પત્નીનો ભવોભવનો સાથ બની રહે તે માટે શાસ્ત્રોક્ત વિધિ અને મંત્રોચ્ચાર કરવામાં આવે છે.

(4) **પત્નીના વિશેષણો :** હિન્દુ ધર્મમાં પત્ની માટે સહધર્મચારિણી, અર્ધાંગિની, ધર્મપત્ની વગેરે શબ્દોનું ઉચ્ચારણ થાય છે. પુરુષનું અડધું અંગ છે એમ બતાવવા માટે અર્ધાંગિનીની શબ્દનું પણ પ્રયોજન કરવામાં આવે છે.

(5) **લગ્ન પવિત્ર સંસ્કાર :** શાસ્ત્રોક્ત વિધિ અને માન્યતા અનુસાર લગ્નને એક પવિત્ર બંધન માનવામાં આવે છે. બાળકોના જન્મથી લઈ જીવનકાળના જુદા–જુદા તબક્કાઓ દરમિયાન ચોક્કસ પ્રકારની વિધિ કરવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ સામાજિક માન્યતાઓ અને પરંપરાઓની જાળવી રાખવામાં આવે છે.

## 1.8 ઉપસંહાર :

કુટુંબવ્યસ્થાને ટકાવી રાખવા માટે લગ્નનું એક વિશેષ મહત્વ છે. લગ્નની પાછળ લગ્નસંસ્થા તરીકેનું સંબોધન થાય છે.જે લગ્નને ટકાવી રાખવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે. લગ્નની પાછળ સંસ્થા શબ્દનું ઉચ્ચારણ થતા લગ્નના ચોક્કસ નીતિ–નિયમો અને લગ્નનું ચોક્કસ બંધારણ બને છે. જેના પરિણામે લગ્નસંસ્થા કઈ રીતે ટકાવી રાખવી તે વિશેની એક ચોક્કસ સમજણ બને છે. લગ્ન વગર કુટુંબની રચના શક્ય નથી. લગ્ન દ્વારા સ્ત્રી–પુરુષના જાતીય સંબંધોને કાયદેસરની માન્યતા મળે છે. જેના પરિણામે જાતીયવૃત્તિ સંતોષાય છે. સમાજમાં છેડતી, બળાત્કાર જેવા બનાવો ઓછા બને છે. આ ઉપરાંત, લગ્નસંબંધ થકી પ્રજોત્પાદન થાય છે. જેના પરિણામે કુટુંબનો વંશ આગળ વધે છે.

આમ, લગ્ન એક સંસ્થા છે તેમ કહી શકાય.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો :

1. સ્પેશ્યલ મેરેજ એક્ટ કયા વર્ષમાં અમલમાં આવ્યો હતો ?

(A) 1950 (B) 1952 (C) 1954 (D) 1958

2. હિન્દુ લગ્ન ધારો કયા વર્ષમાં અમલી બન્યો ?

(A) 1952 (B) 1955 (C) 1958 (D) 1960

3. હિન્દુ ધર્મમાં મુખ્ય કેટલા જુદા–જુદા આશ્રમો છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

4. હિન્દુ ધર્મમાં લગ્નના મુખ્ય હેતુઓ કેટલા છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

## 1.10 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (C) **2.** (B) **3.** (C) **4.** (B)

## 1.11 ચાવીરૂપ શબ્દો :

1. **લગ્ન :** લગ્ન એ મહત્ત્વની સામાજિક સંસ્થા છે. દરેક જ્ઞાતિ, ધર્મમાં તેનું આગવું સ્થાન અને મહત્ત્વ છે. હિન્દુ ધર્મમાં લગ્નને પવિત્ર સંસ્કાર માનવામાં આવે છે.
2. **વૈવિધ્યતા :** વૈવિધ્યતા એટલે જુદી–જુદી વિવિધતા. અહીં સામાજિક સંદર્ભમાં આ શબ્દનું પ્રયોજન થાય છે. સમાજમાં જુદી–જુદી વિવિધતા જોવા મળે છે.

## 1.12 સ્વાધ્યાય લેખન :

1. 'લગ્ન–એક સામાજિક સંસ્થા છે.' પ્રસ્તુત વિધાનને વિગતે સમજાવો.
2. 'લગ્ન એક સંસ્થા' – એકમની અભ્યાસ ઉપયોગિતા જણાવો.
3. લગ્ન એટલે શું ? તે સમજાવો.
4. લગ્નની વ્યાખ્યા આપો.
5. લગ્નસંસ્થાના જુદા–જુદા લક્ષણો જણાવો.
6. લગ્નસંસ્થાના વિવિધ લક્ષણો પૈકી કોઈપણ બે લક્ષણો સમજાવો.
7. લગ્ન – એક સામાજિક સંસ્થા – શા માટે ? સમજાવો.
8. હિન્દુ લગ્ન એક સંસ્કાર છે તેમ શેના આધારે કહી શકાય ?
9. હિન્દુ લગ્ન એક પવિત્ર સંસ્કાર હોવાનું કયા પરિબળોના આધારે સ્પષ્ટ કરી શકાય ? સમજાવો.

- **ટૂંકમાં જવાબ આપો.**

1. હિન્દુ ધર્મમાં કયા ચાર આશ્રમો છે ? તે જણાવો.
2. ડૉ. કે. એમ. કાપડિયાના મતે હિન્દુ લગ્ન એટલે શું ? તે જણાવો.
3. માનવ સમાજની મૂળભૂત અને પ્રાચીન સંસ્થા કઈ છે ?
4. લગ્ન કયા આશ્રમનું પ્રવેશદ્વાર છે ?

## 1.13 પ્રવૃત્તિ :

1. જુદાં–જુદાં ધર્મોમાં લગ્ન વિષયક ખ્યાલો વિશેની વિગતોનો અભ્યાસ કરો.
2. સ્પેશ્યલ મેરેજ એક્ટ – 1954 વિશે અભ્યાસ કરી કાયદાની મહત્ત્વની બાબતો/જોગવાઈઓ વિશેની નોંધ તૈયાર કરો.

## 1.14 કેસ સ્ટડી :

1. અનૈતિક સબંધો દ્વારા થનાર બાળકો વિશે જાણકારી મેળવી કોઈપણ એક બાળક વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.15 સંદર્ભગ્રંથ :


- સગપણ–સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબ કલ્યાણ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- ભારતીય સમાજનાં પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- કુટુંબનું સમાજશાસ્ત્ર : પ્રો. જે. કે. દવે, મયુર પ્રકાશન, પાલડી, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો. એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય : અર્પણ નાયક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
- સમાજકાર્ય(હિન્દી) : તેજસ્કર પાંડેય, ઓજસ્કર પાંડેય

# એકમ–2 દરમિયાનગીરીની વ્યૂહરચના-કુટુંબ સહાય માટે કાર્યરત એજન્સીઓની ભૂમિકા અને કાર્યો

## : એકમનું માળખું :


2.0 એકમનો પરિચય

2.1 એકમના હેતુઓ

2.2 પ્રસ્તાવના

2.3 દરમિયાનગીરી માટે અસરકારક વ્યૂહરચના શા માટે ?

2.4 અસરકારક વ્યૂહરચનાથી થતા લાભો

2.5 એજન્સીઓની મુખ્ય ઓળખ અને ભૂમિકા

2.6 ઉપસંહાર

2.7 તમારી પ્રગતિ ચકાસો

2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સ્વાધ્યાય લેખન

2.11 પ્રવૃત્તિ

2.12 કેસ સ્ટડી

2.13 સંદર્ભગ્રંથ


## 2.0 એકમનો પરિચય :

સમાજકાર્ય એ એક વ્યાવસાયિક સેવા છે. આ સેવાનો ઉપયોગ સમાજમાં જરૂરિયાતમંદ વ્યક્તિઓને મદદ કરવા માટે કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ફિલ્ડવર્ક દરમિયાન જુદાં–જુદાં પ્રશ્નો વિશે માહિતી મેળવે છે અને ત્યારબાદ તે સમસ્યાના નિવારણ માટે જુદાં–જુદાં પ્રકારના પ્રયત્નો હાથ ધરે છે. સામાજિક કાર્યકર તે સમસ્યાના નિવારણ માટેનું આયોજન કરી તેમાં અસરકારક દરમિયાનગીરી કરે છે.

પ્રસ્તુત એકમમાં દરમિયાનગીરી માટે અસરકારક વ્યૂહરચના શા માટે ? અસરકારક વ્યૂહરચનાથી થતા લાભો, એજન્સીઓની મુખ્ય ઓળખ અને ભૂમિકા વિશે સવિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે.

## 2.1 એકમનો હેતુ :

પ્રસ્તૃત એકમ અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે :

(1) સામાજિક કાર્યકર્તાઓ સમસ્યા નિવારણ અર્થે યોગ્ય વ્યૂહરચના કરતા શીખશે.

(2) કાર્યકર્તામાં દરમિયાનગીરી વિષયક ગુણોનો વિકાસ થશે.

(3) અસરકારક દરમિયાનગીરી કરવા માટે જરૂરી બાબતો વિશેની પાયાની માહિતી અને જાણકારી પ્રાપ્ત થશે.

(4) દરમિયાનગીરી માટેની વ્યૂહરચનાત્મક બાબતો વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(5) કુટુંબ સહાય માટે કાર્યરત જુદી–જુદી એજન્સીઓ વિશેનો કાર્યકર્તાઓને પરિચય થશે.

(6) જુદી–જુદી એજન્સીઓની સમસ્યા નિવારણ અર્થે, ભૂમિકા અને કાર્યો વિશેનો ખ્યાલ મળશે.

(7) વિદ્યાર્થી કાર્યકર્તાઓને દરમિયાનગીરી કઈ રીતે કરવી ? તેના વિશેની સૈદ્ધાંતિક સમજણ પ્રાપ્ત થશે.

(8) વિદ્યાર્થીઓ ફિલ્ડવર્ક દરમિયાન દરમિયાનગીરી વિષયક સૈદ્ધાંતિક બાબતોને પ્રત્યક્ષ સ્વરૂપમાં કામ કરતાં થશે.

## 2.2 પ્રસ્તાવના :

કુટુંબ એ આપણી સૌથી જૂની સંસ્થા છે. સમાજની શરૂઆતથી જ કુટુંબ નામની સંસ્થાની શરૂઆત થયેલ છે. કુટુંબમાં પતિ, પત્ની અને તેના બાળકોનો સમાવેશ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં સામૂહિક જીવન ભાવનાનું વિશેષ મહત્વ છે. માટે કુટુંબ વ્યવસ્થાની શરૂઆતથી જ બધાએ સાથે રહેવાની વ્યવસ્થા હતી. જેને આપણે સમાજશાસ્ત્રની પરિભાષામાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા કહીએ છીએ. જેમાં પતિ, પત્ની, બાળકો ઉપરાંત કાકા, કાકી, દાદા, દાદી, ભાભી, નણંદ વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ, ધીમે–ધીમે આ પરંપરા લુપ્ત થઇ રહી છે, જેના પરિણામ સંયુક્ત કુટુંબ પ્રથાના સ્થાને વિભક્ત કુટુંબ પ્રથા ફુલી–ફાલી રહી છે.

સમાજનાં વિકાસ માટે કુટુંબએ મહત્વની સંસ્થા છે. જુદા–જુદા સમાજશાસ્ત્રીઓએ કુટુંબ વિશેની જુદી–જુદી વ્યાખ્યા આપતા જણાવે છે "કુટુંબ એક જ નિવાસમાં એક સાથે રહેતો એક એવો સમૂહ છે કે જેમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેનો સંબંધ, પ્રજનન અને બાળ ઉછેરનું મહત્વનું કામ હોય છે તેમા સ્ત્રી, પુરુષ અને સંતાનો ઉપરાંત, નજીકના સગાઓનો સમાવેશ થાય છે.' કુટુંબની વિસ્તૃત વિભાવના છે; પરંતુ, આજે કુટુંબજીવનમાં વિવિધ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થયાં છે. આ સમયે સમસ્યાઓને નિવારવા માટે અસરકારક દરમિયાનગીરી જરૂરી છે.

અસરકારક દરમિયાનગીરી માટે ચોક્કસ પ્રકારની વ્યૂહરચના તૈયાર કરવી પડે છે. ઘણીવાર યોગ્ય વ્યૂહરચનાના પરિણામે સમસ્યાનું યોગ્ય નિવારણ લાવી શકાય છે. આ માટે સમસ્યાનું યોગ્ય નિદાન કરી સમસ્યાના નિવારણ માટેનું તબક્કાવાર આયોજન કરવું પડે છે. સમસ્યાના નિવારણ માટે સામાજિક કાર્યકરે કોઈપણ ઘટના, પરિસ્થિતિ કે બનાવનો વિગતવાર અભ્યાસ કરવો પડે છે. અભ્યાસના પરિણામે સમસ્યાના નિવારણ અંગેની યોગ્ય વ્યૂહરચના બનાવી શકાય છે. ચોક્કસ પ્રકારની વ્યૂહરચના મહેનત માંગી લે તેવું કામ છે; પરંતુ, અભ્યાસના અંતે સામાજિક કાર્યકર્તામાં સમસ્યાના નિવારણ માટેની ચોક્કસ વ્યૂહરચના ઘડવાની કુશળતા વિકસે છે. આમ, અસરકારક દરમિયાનગીરી સમસ્યા નિવારવા જરૂરી છે.


## 2.3 દરમિયાનગીરી માટે અસરકારક વ્યૂહરચના શા માટે ?

સામાજિક કાર્યકર્તા માટે દરમિયાનગીરી ખૂબ જ મહત્વની બાબત છે. દરમિયાનગીરીના પરિણામે સેવાર્થીની જુદી–જુદી પરિસ્થિતિમાં જરૂરી મદદ કરી શકાય છે. દા.ત. કોઈ સ્ત્રીના પતિનું અવસાન થતાં તે સ્ત્રી વિધવા બને છે. કુટુંબમાં કમાવનાર વ્યક્તિનું અવસાન થતા તે પરિવાર આર્થિક રીતે પડી ભાંગે છે. જેના પરિણામે આ કુટુંબ પાયમાલ બની જાય છે. આવા સમયે સેવાર્થી કાર્યકર્તા પાસે મદદ અર્થે આવે છે. આવા સમયે કાર્યકરે સેવાર્થીની મદદ માટે યોગ્ય વ્યૂહરચના તૈયાર કરવી પડે છે. આ માટે કાર્યકર પ્રથમ તે વિધવા બહેનની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા પ્રયત્ન કરશે. આ માટે સેવાર્થીની આર્થિક જરૂરિયાત શું છે ? તેનું આયોજન કરવું પડે છે. આર્થિક બાબતોની પૂર્તિ માટે કઈ–કઈ જગ્યાથી નાણાં પ્રાપ્ત થશે તેનું આયોજન કાર્યકરે કરવું પડે છે. આ માટે આ બહેનની મદદ માટે કાર્યકરે ટૂંકાગાળાનું અને લાંબાગાળાનું આયોજન કરવું જરૂરી છે. ટૂંકાગાળાનું આયોજન સેવાર્થીને કામચલાઉ મદદ કરે છે, જ્યારે લાંબાગાળાનું આયોજન સેવાર્થીને લાંબા સમય સુધી મદદ આપે છે. આ ઉપરાંત, સેવાર્થી સ્વતંત્ર અને સ્વાવલંબી બને તે માટે પ્રયત્ન કરવામાં આવે છે.

ટૂંકાગાળાના આયોજનમાં વિધવા મહિલા પોતાના ઉપર આવી પડેલ આફતના નિવારણ માટે શરૂઆતમાં તે પોતાના કુટુંબનું ભરણપોષણ અને બાળકના શિક્ષણ અને આરોગ્યજન્ય પરિસ્થિતિમાં મદદ થાય તે પ્રકારની વ્યૂહરચના ઘડવામાં આવે છે. જ્યારે, લાંબાગાળાના આયોજનમાં આ મહિલાને વિધવા સહાય જેવા સરકારી લાભો જો મળવાપાત્ર હોય તો તે માટે કાર્યકરે પ્રયત કરવા જોઈએ. આ પછી બીજા તબક્કામાં તે આર્થિક રીતે પગભર બને તે માટેનું આયોજન કરવામાં આવે છે. જેમાં મહિલામંડળની પ્રવૃત્તિ સાથે આ મહિલાને સામેલ કરી શકાય. આ ઉપરાંત, જુદી–જુદી બેંકેબલ યોજનાઓનો લાભ લઈ ધંધાર્થે મહિલાઓને પણ આ પ્રક્રિયામાં સામેલ કરવી જોઈએ, જેથી મહિલાની આર્થિક પરિસ્થિતિમાં આ પ્રકારના પ્રયત્નોના કારણે સુધારો લાવી શકાય.

આ વાત થઈ મહિલાના આર્થિક સશક્તિકરણની. આર્થિક સશક્તિકરણના પરિણામે મહિલાઓનો સામાજિક દરજ્જો ઊંચો આવે છે. સમાજમાં તેનું માન–મોભો વધે છે. આમ સમસ્યા નિવારણની પ્રક્રિયામાં અસરકારક દરમિયાનગીરી જરૂરી છે.

કુટુંબજીવનમાં પણ જુદા–જુદા પ્રકારની સમસ્યાઓ વ્યક્તિને મુંઝવે છે. આવા સમયે સેવાર્થીએ નિષ્ણાંતોની મદદ લઈ જે–તે પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જે રીતે વિવિધ રોગ અને બીમારી પ્રમાણે દવા અલગ–અલગ હોય છે તેવી જ રીતે સમાજ જીવનની વિવિધ સમસ્યાઓ પણ અસરકારક દરમિયાનગીરી માટે પરિસ્થિતિ પ્રમાણે અલગ–અલગ વ્યૂહરચના કરવી પડે છે.




આમ, ઉપર મુજબના વિભિન્ન પ્રશ્નોમાં અલગ–અલગ પ્રકારની વ્યૂહરચના કરવી પડે છે. એક વ્યૂહરચના દરેક જગ્યાએ કામ આપતી નથી. પતિ દારૂડિયો છે અને દારૂ પીને પોતાની પત્ની અને બાળકોને મારપીટ કરે છે. આવા સમયે કાર્યકરે દારૂથી થતા નુકસાનથી વાકેફ કરી તે વ્યક્તિ દારૂના વ્યસનમાંથી કેવી રીતે મુક્ત બને તે દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. આ માટે જરૂર પડ્યે વ્યક્તિને વ્યસનમુક્તિ કેન્દ્રનો પણ સંપર્ક કરાવી શકાય. વ્યસનમુક્તિ સલાહ અને માર્ગદર્શન કેન્દ્રની મદદથી કૃષિ, પશુપાલન અને રોજગારલક્ષી કાર્યક્રમોને વધુ પ્રબળ અને લોકભોગ્ય બનાવી શકાય. આમ, સમસ્યાના નિવારણ માટે કાર્યકરમાં અસરકારક દરમિયાનગીરીના જરૂરી ગુણો હોવા જોઈએ.


## 2.4 અસરકારક વ્યૂહરચનાથી થતા લાભો :

સમસ્યા નિવારણની પ્રક્રિયામાં દરમિયાનગીરી માટે કાર્યકર પાસે મુદ્દા આધારિત સમજણ સ્પષ્ટ હોવી જરૂરી છે. જો આ સમજણ સ્પષ્ટ હોય તો જ સમસ્યા નિવારણનું કામ અસરકારક રીતે થઈ શકે અને સેવાર્થી પોતે ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરી શકે છે.

અસરકારક વ્યૂહરચનાથી સેવાર્થીને નીચે મુજબના લાભ થઈ શકે છે.

- સમસ્યાનો ઝડપી નિકાલ થશે.
- સમસ્યા નિવારણની પ્રક્રિયામાં લોકભાગીદારી મળશે.
- વ્યૂહરચનાના પરિણામે સેવાર્થીની સમય, શક્તિ અને પૈસાનો દુર્વ્યય અટકાવી શકાય છે.
- સમસ્યા નિવારણ સંદર્ભે એક હકારાત્મક દ્રષ્ટિકોણ ઊભો થશે.
- સેવાર્થીની સક્ષમતામાં વધારો થશે.

આમ, સમસ્યા નિવારણ માટે દરમિયાનગીરીનું સ્ટેજ ખૂબ જ મહત્વનું છે. ખાસ કરીને કૌટુંબિક સમસ્યાઓમાં સેવાર્થીને મૂંઝવતા સવાલો માટે વિભાગ વાર અલાયદી વ્યવસ્થાઓ કરવામાં આવે છે. જેમ કે,




આમ, ઉપર મુજબની વિવિધ પ્રકારની સમસ્યાઓના નિવારણ માટેનું સામાજિક કાર્યકર્તા અને સલાહકારે આયોજન કરવું પડે છે.કુટુંબને વિવિધ પ્રકારની મુશ્કેલીઓ નીચેની કેટલીક એજન્સીઓ ઉપયોગી બની રહે છે.

## 2.5 એજન્સીઓની મુખ્ય ઓળખ અને ભૂમિકા :

(1) **પુનઃ સ્થાપન કેન્દ્રો :** ખામીવાળા અસીલોને સહાયરૂપ થવા માટે પુનઃસ્થાપન કેન્દ્ર જુદા–જુદા પ્રકારની ઘણી સેવાઓ પૂરી પાડે છે. આ પ્રકારની એજન્સીઓ મોટાભાગે સેવાર્થીને તાલીમ આપી સ્વાવલંબી બનાવે છે. ટૂંકમાં, જે સમાજમાંથી વ્યક્તિ આવે છે તે વ્યક્તિને તેના જ પર્યાવરણમાં તેનું પુનઃવર્સન કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

(2) **વ્યાપાર અને ઉદ્યોગ :** ખૂબ જ મહત્વનું આ ક્ષેત્ર છે. વ્યક્તિના આર્થિક અને સામાજિક પર્યાવરણને સુધારવા માટે આ એજન્સીઓનું એક વિશિષ્ટ સ્થાન છે.

(3) **સમાજ માર્ગદર્શન સેવાઓ :** માનસિક આરોગ્ય, ચિકિત્સાલયો, કેટલીક કોલેજ, સલાહકેન્દ્રો વગેરે જેવી સંસ્થાઓ સેવાર્થીની જરૂરિયાતના આધારે તેઓ માહિતી માર્ગદર્શન આપે છે. અસંખ્ય સંસ્થાઓ તેમજ ધાર્મિક સંસ્થાઓ દ્વારા પૂરી પડાતી સલાહનો પણ સમાવેશ કરવામાં આવે છે.

(4) **રાજ્ય અને કેન્દ્ર સંચાલિત કાર્યક્રમો :** રાજ્ય અને કેન્દ્ર સંચાલિત કેટલાક કાર્યક્રમોમાં સલાહ સેવાનું અસ્તિત્વ જોવા મળે છે.

(5) **માનસિક આરોગ્ય અને ચિકિત્સા કેન્દ્રો :** અહી મનોપચાર સ્વરૂપની સલાહ આપવામાં આવે છે. સલાહકાર તરીકે ઘણું ચિકિત્સા મનોવિજ્ઞાનીઓ અથવા મનોપચારો સાથે કામ કરે છે.

(6) **રાજ્ય રોજગાર વિનિમય કેન્દ્રો :** અહીં નોકરીની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને રોજગારલક્ષી માહિતી–માર્ગદર્શન આપે છે. અને તેમને શિક્ષણ જે ક્ષેત્રમાં પ્રાપ્ત કર્યું છે તે જ વિષયને લઈ તેને રોજગારી પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો સલાહકાર દ્વારા કરવામાં આવે છે.

(7) **વ્યવસાયિક અને ટેકનિકલ શાળાઓ :** અહીં ખાસ કરીને સલાહકારોએ જરૂરિયાતમંદોને યોગ્ય વ્યવસાયની માહિતીથી માહિતગાર કરવામાં અને વ્યવસાયિક કાર્યક્રમની પ્રગતિ સાધવામાં સહાયરૂપ બને છે.

**(8)** **કુટુંબ સલાહ કેન્દ્રો :** આ સંસ્થાઓની ખૂબ જ મહત્વની ભૂમિકાઓ છે. આ કેન્દ્રો ઉપર સામાન્ય રીતે લગ્નજીવનમાંથી ઊભી થતી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે કુટુંબ સલાહ કેન્દ્રોની ખૂબ જ મહત્વની ભૂમિકા છે.

**(9)** **અન્ય સ્થાનો :** સલાહ સેવાઓ સમાજની ભિન્ન સંસ્થાઓમાં પ્રસરેલી જોવા મળે છે. આ સેવાઓ કુટુંબ સેવા સંસ્થાઓ, સમાજ રોજગાર કેન્દ્રો વગેરે સ્વરૂપે જોવા મળે છે.

આમ, ઉપરોક્ત સ્થળોની અસરકારક દરમિયાનગીરી માટે મહત્વપૂર્ણ ભૂમિકા છે.

## 2.6 ઉપસંહાર :

કુટુંબ અને સમાજ જીવનમાં વ્યક્તિના જુદા–જુદા પ્રશ્નો જોવા મળે છે. આ સમસ્યાઓના નિવારણ માટે સામાજિક કાર્યકર્તાએ અસરકારક આયોજન કરવું પડે છે. સમસ્યા નિવારણ માટે કાર્યકરે આ પરિસ્થિતિના બદલાવ માટે અસરકારક દરમિયાનગીરી કરવી પડે છે. દરમિયાનગીરી માટે કાર્યકરમાં ચોક્કસ પ્રકારના ગુણો હોવા જરૂરી છે. જ્યાં સુધી કાર્યકર સેવાર્થીની વાસ્તવિક પરિસ્થિતિનો અભ્યાસ ન કરે ત્યાં સુધી તે સમસ્યાના મૂળ સુધી પહોંચી શકતો નથી. આમ, આ દ્રષ્ટિએ દરમિયાનગીરીની કુશળતા કાર્યકરમાં હોવી જરૂરી છે. અસરકારક દરમિયાનગીરી માટે જુદી–જુદી એજન્સીઓની પણ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો :

1. કુટુંબને વિવિધ પ્રકારની મુશ્કેલીઓમાં કઈ એજન્સી મદદ કરે છે ?

   (A) પુનઃસ્થાપન કેન્દ્રો (B) કુટુંબ સલાહ કેન્દ્રો

   (C) ટેક્નિકલ શાળાઓ (D) ઉપરોક્ત બધી એજન્સી

2. લગ્નજીવનમાંથી ઊભી થતી સમસ્યાઓના નિવારણ માટે કઈ એજન્સી કામ કરે છે ?

   (A) કુટુંબ સલાહ કેન્દ્ર (B) માનસિક આરોગ્ય કેન્દ્ર

   (C) વ્યાવસાયિક માર્ગદર્શન કેન્દ્ર (D) ઉપરોક્ત બધા

3. સમાજ માર્ગદર્શક સેવાઓમાં નીચેનામાંથી કઈ સેવાઓનો સમાવેશ થાય છે ?

   (A) માનસિક આરોગ્ય (B) ચિકિત્સાલયો

   (C) કુટુંબ સલાહ કેન્દ્રો (D) ઉપરોક્ત બધી સેવાઓ

4. ગુજરાતમાં હોસ્પિટલ ફોર મેન્ટલ હેલ્થની સંખ્યા જણાવો.

   (A) બે (B) ચાર (C) છ (D) આઠ

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (A) **3.** (D) **4.** (B)

## 2.9 ચાવીરૂપ શબ્દો :

1. **કુટુંબ સલાહ કેન્દ્ર :** કૌટુંબિક પ્રશ્નોમાં મદદ કરે છે. નિષ્ણાંત કાઉન્સેલરો દ્વારા કાઉન્સેલિંગ કરવામાં આવે છે. સરકારના સહયોગથી અને કેટલીક બિનસરકારી સંસ્થાઓ દ્વારા આ કેન્દ્રો ચલાવવામાં આવે છે.

2. **માનસિક આરોગ્યની હોસ્પિટલ :** માનસિક પ્રશ્નોમાં આ હોસ્પિટલ સેવાર્થીને સારવાર આપે છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, જામનગર અને ભૂજ ખાતે સરકારી હોસ્પિટલ આવેલ છે.

## 2.10 સ્વાધ્યાય લેખન :

1. દરમિયાનગીરીની વ્યૂહરચના – એકમની અભ્યાસ ઉપયોગિતા જણાવો.
2. દરમિયાનગીરી માટે અસરકારક વ્યૂહરચના – શા માટે ? ઉદાહરણ સાથે સમજાવો.
3. દરમિયાનગીરી માટે અસરકારક વ્યૂહરચનાથી થતા લાભો જણાવો.
4. દરમિયાનગીરી માટે કાર્યરત જુદી–જુદી એજન્સીઓની ભૂમિકા – ટૂંકમાં સમજાવો.
5. દરમિયાનગીરી માટે કાર્યરત જુદી–જુદી સંસ્થાઓ પૈકી કોઈપણ બે સંસ્થાઓ વિશેની વાત વિગતે સમજાવો.

## 2.11 પ્રવૃત્તિ :

1. ફિલ્ડવર્ક દરમિયાન તમે દરમિયાનગીરી કરી હોય તેવા કેસોની યાદી તૈયાર કરી કોઈ એક કેસ વિશે વિગતે નોંધ તૈયાર કરો.
2. કુટુંબ સલાહ કેન્દ્રની મુલાકાત લઈ કેન્દ્રમાં આવતા કેસો વિશેની જાણકારી મેળવો.

## 2.12 કેસ સ્ટડી :

1. કૌટુંબિક પ્રશ્નોનો ભોગ બનેલ કોઈપણ એક મહિલાની મુલાકાત લઈ તેનો કેસ સ્ટડી તૈયાર કરો.
2. ઘરેલું હિંસાનો ભોગ બનેલ કોઈપણ એક મહિલા વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.13 સંદર્ભગ્રંથ :


- સલાહ મનોવિજ્ઞાન : ડૉ. સોમાભાઈ ટી. પટેલ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદીબેન પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.
- સમાજકાર્ય સંશોધન (હિન્દી) : તેજસ્કાર પાંડ્યે, ઓજસ્કર પાંડ્યે
- સગપણ–સંબંધો, લગ્નકુટુંબ અને કુટુંબકલ્યાણ : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે

| | |
|---|---|
| **કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર** | • ભારતીય સમાજના પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે<br>• કુટુંબનું સમાજશાસ્ત્ર : મયૂર પ્રકાશન, પાલડી, અમદાવાદ.<br>• સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે<br>• સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો.જે. કે. દવે અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ. |

# એકમ-3 લગ્ન પૂર્વે, દામ્પત્ય અને છૂટાછેડા વિશે પરામર્શ

: એકમનું માળખું :


3.0 એકમનો પરિચય

3.1 એકમના હેતુઓ

3.2 પ્રસ્તાવના

3.3 લગ્ન વિષયક પરામર્શન

3.4 લગ્ન વિષયક પરામર્શન શું છે ?

3.5 લગ્ન પૂર્વેના સબંધો અંગે પરામર્શન

3.6 દામ્પત્ય અંગે પરામર્શન

3.7 દામ્પત્ય જીવનના પ્રશ્નો

3.8 છૂટાછેડા (Divrose)

3.9 છૂટાછેડા માટેના કારણો

3.10 છૂટાછેડાને રોકવા માટેના કેટલાક ઉપાયો

3.11 ઉપસંહાર

3.12 તમારી પ્રગતિ ચકાસો

3.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

3.14 ચાવીરૂપ શબ્દો

3.15 સ્વાધ્યાય લેખન

3.16 પ્રવૃત્તિ

3.17 કેસ સ્ટડી

3.18 સંદર્ભગ્રંથ


## 3.0 એકમનો પરિચય :

લગ્ન એ એક પવિત્ર સંસ્થા છે પરંતુ ઘણી વખત આ સંસ્થા ઘણાં બધાં પરિબળોના કારણે તેમાં ભંગાણ થાય છે અને સમગ્ર વ્યવસ્થા પડી ભાંગે છે. આજકાલ લગ્ન પછી છૂટા પડવાનું પ્રમાણ વધી રહ્યું છે. આ તૂટતી સામાજિક વ્યવસ્થાને બચાવવી જરૂરી છે.

આ તૂટતી વ્યવસ્થાને બચાવવા માટે એક કાર્યકર તરીકે કાર્યકર પાસે આ લગ્ન સંસ્થા વિશે પાયાની માહિતી હોવી જરૂરી છે, પ્રસ્તુત એકમમાં લગ્ન એટલે શું ? લગ્ન વિષયક પરામર્શન, લગ્ન વિષયક પરામર્શન શું છે ? લગ્ન પૂર્વેના સબંધો અંગે માર્ગદર્શન, દામ્પત્ય

જીવનનાં જુદાં–જુદાં પ્રશ્નો, છૂટાછેડા, છૂટાછેડા માટેનાં કારણો અને છૂટાછેડાને રોકવા માટેના કેટલાક ઉપાયો અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

## 3.1 એકમનો હેતુ :

(1) લગ્ન વિષયક પરામર્શન અંગે વિસ્તૃત માહિતી મેળવી શકાશે.

(2) લગ્ન પૂર્વે અને લગ્ન સમયનું પરામર્શન અંગે વિસ્તૃત માહિતી મેળવી શકાશે.


(3) દાંપત્ય જીવનના પ્રશ્નો અને તેનું પરામર્શન વિશે માહિતી મળશે.

(4) છૂટાછેડા, તેના કારણો, અસરો અને તે અંગેના પરામર્શન વિશે માહિતી મેળવી શકાશે.

## 3.2 પ્રસ્તાવના :

પરામર્શન માટે ગુજરાતી ભાષામાં કયા શબ્દનું પ્રયોજન કરવું તે મુઝવણનો વિષય છે; પરંતુ, બધા પાસાંઓનો વિચાર કરતા સલાહ શબ્દ વધારે બંધ બેસે છે. પરામર્શન વિશેનો ખ્યાલ ઘણો પ્રાચીન છે. શબ્દકોષમાં Counselling અંગ્રેજી શબ્દના સામાન્ય અર્થમાં શીખામણ અને વ્યક્તિઓ વચ્ચે પરસ્પર વિનિમય કે મસલત એ પ્રકારની બાબતો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. વિકાસ ક્ષેત્રે આગળ વધી રહેલ બાળકો, યુવાનો, મહિલાઓને મૂંઝવતી વિવિધ સમસ્યાઓનો સામનો કરવામાં સલાહ મહત્વનો ભાગ ભજવી શકે તેમ છે.

સલાહ મુખ્યત્વે વ્યક્તિની જરૂરિયાત અને સમસ્યાઓની આજુબાજુ કેન્દ્રિત થયેલી છે. વિકાસક્ષેત્રે આગળ વધતી દરેક વ્યક્તિ પોતાને મૂંઝવતા સવાલોનો સામનો કરી પરિસ્થિતિ સાથે સમાયોજન કરવાનો પ્રયાસ કરે છે. લોકો જીવનમાં અનેક સમસ્યાનો અનુભવ કરે છે. કેટલાંક લોકો જીવનના પડકારો કે જુદી–જુદી સમસ્યાઓમાં પહોંચી વળવામાં મુશ્કેલી અનુભવે છે. આવા લોકોને પોતાની મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા માટે આયોજન કરવામાં અને રોજિંદા મનોભારને પહોંચી વળવામાં સલાહની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા છે. સલાહ સાથે જુદા–જુદા પ્રકારના વિષય નિષ્ણાંતો સંકળાયેલા હોય છે.




સલાહના જુદા–જુદા ક્ષેત્રો છે.આ વિવિધ ક્ષેત્રોમાં લગ્ન પૂર્વે અને લગ્ન પછીની મૂંઝવણનો સમાવેશ થાય છે. આ સમય ખૂબ જ નાજુક અને સંવેદનશીલ છે. આ સમયગાળા દરમિયાન જો વ્યક્તિ પૂરતી કાળજી ન રાખે તો આખી સમગ્ર વ્યવસ્થા છિન્ન–ભિન્ન થઈ જાય છે. આ તૂટેલી સમાજવ્યવસ્થાને બચાવવા માટે સલાહ ખૂબ જ જરૂરી છે.

સામાજિક કાર્યકરો પાસે સલાહ આપવાની કેટલીક વિશિષ્ટ ટેકનિકો છે. સામાજિક કાર્યકર્તા વ્યક્તિ અને કુટુંબ વચ્ચેની સારવારમાં એક વિશિષ્ટ પ્રકારની આવડત ધરાવે છે. જેના પરિણામે તે સમસ્યા નિવારણની પ્રક્રિયામાં અસરકારક દરમિયાનગીરી કરી શકે છે. પ્રસ્તુત એકમમાં લગ્ન પહેલા અને દામ્પત્યજીવન માટે જરૂરી પરામર્શન વિશેની પાયાની સમજણ આપવામાં આવેલ છે.

## 3.3 લગ્ન વિષયક પરામર્શન :

એકમની અભ્યાસ ઉપયોગિતા નીચે મુજબ છે.

(1) સલાહ એટલે શું ? તે જાણવા મળશે.

(2) પરામર્શનની જરૂરિયાત વિશેનો ખ્યાલ આવશે.

(3) પરામર્શનની મૂળભૂત વિભાવના સ્પષ્ટ થશે.

(4) લગ્ન પૂર્વે પરામર્શનની જરૂરિયાત શું છે ? તે જાણવા મળશે.

(5) દામ્પત્ય જીવનમાં પરામર્શનની ઉપયોગીતા સમજાશે.


(6) પરામર્શન વિશેની સૈધાંતિક સમજણ વધારે સ્પષ્ટ થશે.

(7) પરામર્શનના જુદા–જુદા ક્ષેત્રો વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(8) સામાજિક કાર્યકર્તાઓ ક્ષેત્રકાર્ય દરમિયાન પરામર્શનનો ઉપયોગ કરતા શીખશે.

## 3.4 લગ્ન વિષયક પરામર્શ શું છે ?

લગ્ન અંગેનું પરામર્શ ખૂબ જ નાજૂક અને મુશ્કેલ ભર્યું કામ છે. સામાજિક કાર્યકરો, મેરેજ બ્યુરો અને જુદી–જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ પ્રવૃત્તિ કરવામાં આવે છે. ખાસ કરીને આ ક્ષેત્રના અનુભવી નિષ્ણાંતો આ ક્ષેત્રે પરામર્શનું કામ કરે છે. કુટુંબજીવનમાં પ્રવેશ માટે લગ્ન સંસ્થાનું વિશેષ મહત્વ છે. લગ્ન સંબંધી પ્રશ્નોમાં ઘણી વૈવિધ્યતા જોવા મળે છે. જેના પરિણામે આ કામ મહેનત માંગી લે તેવું છે.




## 3.5 લગ્ન પૂર્વેના સબંધો અંગે પરામર્શન :

લગ્ન પૂર્વેના સંબંધોની સલાહમાં જીવનસાથીની પસંદગીનો સમાવેશ થાય છે. લગ્નની ઉમરે પહોંચેલ દરેક યુવક–યુવતીઓ માટે આ સવાલ ખૂબ જ મૂંઝવણ ભર્યો છે. એક બાજુ ખુશી છે તો બીજી બાજુ મૂંઝવણ અને ચિંતાઓ છે. લગ્નજીવનમાં અપરિચીત વ્યક્તિઓ અને તેની સાથે કયા પ્રકારે સમાયોજન થશે, તે વિશે મહદ્અંશે યુવક–યુવતીઓ માટે ચિંતાનો વિષય છે. કેટલાંક યુવક–યુવતીઓ લગ્ન વિશેના જાહેરજીવનમાં ખરાબ અનુભવો જોવા અને સાંભળવાથી પોતે ઘણા ચિંતિત હોય છે. આ પ્રકારની સમસ્યા પોતાના જીવનમાં આવે તો શું તે પ્રકારની કાલ્પનિક બીક તેમને ઘણી રીતે હેરાન–પરેશાન કરે છે. આ ઉપરાંત, જાતીય વર્તન અંગે પણ ઘણી ચિંતા અને મુશ્કેલીઓ હોય છે. જે સમાજમાં સ્ત્રી–પુરુષોના જાતીય વર્તન અંગે ઉદાર

વલણો જોવા મળે છે ત્યાં પણ તેમની વચ્ચે લગ્નપૂર્વેના જાતીય વર્તન અંગેના પ્રશ્નો પણ ઉદભવતા હોય છે. તેથી તે અંગે પણ સલાહકાર્ય જરૂરી બને છે.


ભારતીય સમાજવ્યવસ્થાની તુલનામાં પશ્ચિમ દેશોમાં સ્થિતિ જુદી છે. ત્યાં મોટાભાગે સ્વતંત્ર વિચારસરણીવાળા યુવક–યુવતીઓ હોય છે. તેઓ નાની ઉમંરે ઘણા પ્રકારની છૂટછાટ મેળવતા હોય છે. માતા–પિતાનો પ્રભાવ પ્રમાણમાં ઓછો હોય છે. દીકરો–દિકરી પુખ્ત થતાં પોતે સ્વતંત્ર નિર્ણય લઈ શકે છે. જ્યારે આપણે ત્યાં પરિસ્થિતિ એકદમ ભિન્ન છે. કુટુંબ વ્યવસ્થામાં આજે પણ પરિવારના સભ્યોને વિશેષ માનપાન અને સન્માન આપવામાં આવે છે. ટૂંકમા કેટલાક સંસ્કૃતિજન્ય ફેરફારો જોવા મળે છે.

આ ઉપરાંત, લગ્ન પૂર્વેના સંબંધોમાં યુવક–યુવતીઓમાં તરૂણાવસ્થા દરમિયાન તેમનામાં શારીરિક ફેરફારો થતા હોય છે. આ સમયગાળા દરમિયાન યુવક–યુવતીઓ એકબીજા પ્રત્યે આકર્ષાય છે. આવા સમયે સાચો પ્રેમ શું છે? તે અંગેની સમજણ આપવાની જવાબદારી પણ સલાહકાર ઉપર આવી પડે છે. કારણ કે નાની ઉમંરે યુવક–યુવતીઓમાં સારા ખરાબનો ભેદ પારખવાની તેમનામાં વિવેકબુદ્ધિ હોતી નથી. તેઓની ઉમરના આ સમયગાળા દરમિયાન તેમને બધુ જ રંગીન લાગતુ હોય છે. આ સમયે સલાહકારે વાસ્તવિક સ્થિતિ અંગેનો ખ્યાલ તેમને આપવાનો છે. પ્રેમ સંબંધો અને તેની અસરો વિશે યુવાનોમાં વિચિત્ર ખ્યાલો હોય છે. આ સમયે સલાહકારે કાળજીપૂર્વક યુવકોને માર્ગદર્શન આપી તેઓને વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ કરવાના છે. જુદા–જુદા પ્રકારના દાખલા–દલીલો દ્વારા યુવક–યુવતીઓને હકારાત્મક પરામર્શન કરવાનું છે. આ કામ સલાહકારે ખૂબ જ કાળજીપૂર્વક અને કુનેહથી કરવું પડે તેમ છે.

આ ઉપરાંત સ્ત્રી–પુરુષો ભેદો વિશે અને જાતીયતા વિશે પૂરતી જાણકારી આપવામાં યુવક–યુવતીઓને મદદ કરે છે. યુવક–યુવતીઓએ પોતાના જીવનસાથી સાથે પરાનુભૂતિ કેમ કેળવવી, તેમની પરસ્પર વિચાર–વિનિમય અસરકારક કેમ થઈ શકે તે દિશામાં પણ સલાહકારના સૂચનો ખૂબ ઉપયોગી બની શકે છે.

## 3.6 દામ્પત્ય અંગે પરામર્શન (Couple Counseling) :

દામ્પત્ય સલાહ લગ્નજીવનમાથી ઊભા થતા પ્રશ્નો અંગેની સલાહ છે. આમાં માત્ર પતિ–પત્ની વચ્ચેના વ્યક્તિગત પ્રશ્નો જ નહી; પરંતુ, તેમના પરસ્પરના સંબંધના પરિણામે ઊભા થતા જુદા જુદા પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે. પ્રશ્નોમાં ઘણું વૈવિધ્યતાપણું જોવા મળે છે. પતિ–પત્ની વચ્ચે સંઘર્ષના ઘણા મુદ્દાઓ છે.




આમ, ઉપરોક્ત તમામ મુદ્દાઓમાં જુદા જુદા પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

## 3.7 દામ્પત્ય જીવનના પ્રશ્નો :

પતિ–પત્ની વચ્ચે સંઘર્ષના ઘણાં મુદ્દાઓ છે.

**કેટલાંક પ્રશ્નો :**

- કુટુંબમાં આર્થિક મુશ્કેલી પતિ કુટુંબનું ભરણ–પોષણ કરી શકતો નથી.
- પત્ની બાળકોને મારપીટ કરે છે.
- પતિ–પત્ની વચ્ચે વૈચારિક મતભેદ છે.
- સાસુ અને નણંદ પત્નીને ત્રાસ આપે છે.
- પતિ દારૂ પીને પતિ પત્નીને મારપીટ કરે છે.
- પત્નીના અન્ય વ્યક્તિ સાથેના આડા સંબંધો
- જાતીય જીવનથી અસંતોષ

આમ, દામ્પત્યજીવનમાં પતિ–પત્ની વચ્ચે જુદા–જુદા પ્રશ્નો ઊભા થતા જોવા મળે છે, જેના પરિણામે ઘણી વખત લગ્નજીવન ભંગાણના આરે પહોંચે છે. છેલ્લે પતિ–પત્ની એકબીજાથી છુટા પડે છે. દામ્પત્ય સલાહકારનું કામ છૂટાછેડા ઈચ્છતા દંપતિને કોઈપણ ભોગે સમાધાન કરી આપવાનું નથી; પરંતુ, પરિસ્થિતિને અનુરૂપ નિર્ણય લેવાનો હોય છે. ઘણી વખત પતિ–પત્ની વચ્ચે એટલી હદે ગેરસમજણ હોય છે કે પતિ–પત્ની સાથે રહી શકે તેવી સ્થિતિમાં હોતા નથી. આવા સમયે સમાધાનના માધ્યમથી તેઓને સાથે રાખવા માટે પ્રેરિત કરી શકાય નહીં.

જો ક્યારેક છૂટાછેડા લેવા તે જ પ્રશ્નનો ઉકેલ હોય તેવા સંજોગોમાં બાળકોના ભાવિ વિશે વિચારણા કરવી પડે અને પતિ–પત્નીને આ સંદર્ભે વિચારતા કરી શકાય. ઘણી વખત નાની નાની ગેરસમજણ વિકરાળ ઝઘડાનું સ્વરૂપ ધારણ કરી શકે છે. તેવા સંજોગોમાં પતિ–પત્ની વચ્ચેની ગેરસમજણ દૂર થાય તે જરૂરી છે. આ માટે સલાહકારે સમસ્યા નિવારણની પ્રક્રિયા દરમિયાન પતિ–પત્ની સાથે ક્યાંય અલગ તો ક્યાંક સાથે બેઠક કરવી પડે છે. જેથી કરીને પરસ્પરની ગેરસમજણ દૂર કરી શકાય. પારિવારિક ઝઘડામાં એક નાની બાબત સમગ્ર કુટુંબ વ્યવસ્થાને તોડી નાખે છે. આ માટે સલાહકારે જે તે સમસ્યાનો વિગતવાર અભ્યાસ કરી સમસ્યાના મૂળ સુધી જવું જોઈએ. ઘણી વખત મુદ્દો ભલે ગમે તેટલો ગંભીર હોય પણ ભુલ અંગે માફી માંગવાથી તે સમસ્યાનું સમાધાન થતું હોય છે. ખાસ કરીને વધુ પડતા લાગણીજન્ય સંબંધોમાં નાની નાની બાબતોમાં ગેરસમજણ થતી હોય છે. આવા સમયે સલાહકારે પરિસ્થિતિની ઓળખ કરી તેના નિવારણ માટેની વ્યૂહરચના ઘડવી પડે છે.

## 3.8 છૂટાછેડા (Divrose) :

છૂટાછેડાથી પારિવારિક વ્યવસ્થા તૂટી પડે છે. સમાધાનના બહુ પ્રયત્નો પછી સમાધાનની શક્યતાઓ ઓછી જણાય તેવા સંજોગોમાં પતિ–પત્નીને એકબીજાથી છુટા પાડવાની વાત આવે છે. છૂટાછેડા એ લગ્નજીવનનો ઉકેલ નથી, પરંતુ, અમૂક પ્રકારની પરિસ્થિતિ છૂટાછેડા માટેનું કારણ બની રહે છે.

## 3.9 છૂટાછેડા માટેના કારણો :

(1) લગ્નજીવન દરમિયાન પતિ–પત્નીની આવેગાત્મક જરૂરિયાત ન સંતોષાય તેવા સંજોગોમાં લગ્નજીવન છૂટાછેડામાં પરિણમે છે.

(2) પતિ–પત્નીનું સામાજિક જીવન સારુ–સુમેળ ભર્યું ન હોય તેવા સંજોગો છૂટાછેડા માટેનું કારણ બની શકે છે.

(3) ઘણીવખત નાની ઉંમરે થયેલ બાળલગ્નો છૂટાછેડા માટેનું કારણ બની રહે છે.

(4) લગ્નજીવન વિશેની કેટલીક ધારણાઓની સામે સમાયોજનની અશક્તિ છૂટાછેડા માટેનું કારણ બની શકે છે.

(5) લગ્નજીવનમાં નાની નાની મુશ્કેલીઓનો કોઈ ઉકેલ નથી. માત્ર છૂટાછેડા લેવા તે જ ઉકેલ છે. તેવી માન્યતાઓના પરિણામે છૂટાછેડા થાય છે.

(6) ઘણી વખત પતિ–પત્ની વચ્ચે નાની નાની બાબતોમાં જતું કરવાની ભાવના ન હોય, સહનશીલતા ઓછી હોય તેવા સંજોગોમાં છૂટાછેડા માટેનું કારણ બની રહે છે.

આમ, ઉપર મુજબના જુદા જુદા કારણો છૂટાછેડા માટેના મુદ્દા બની રહે છે. આધુનિકીકરણના આ યુગમાં નાની નાની બાબતોમાં છૂટાછેડાનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ છૂટાછેડાને રોકવા માટે છૂટાછેડાની આ પરિસ્થિતિમાં અસરકારક સલાહ આપવામાં આવે તો વધતા જતા છૂટાછેડાના પ્રમાણમાં ઘટાડો કરી શકાય. આ માટે સલાહકારે ખૂબ સાવચેતી અને કુનેહપૂર્વક કામ કરવું પડે છે.

## 3.10 છૂટાછેડાને રોકવા માટેના કેટલાક ઉપાયો :

(1) પતિ–પત્ની પોતાના અંગત સુખ કરતા કુટુંબના હિત અને સુખ વધારે અગત્યનું છે. ત્યારે છૂટાછેડાને અટકાવી શકાય.

(2) લગ્નજીવન પ્રત્યે પતિ–પત્ની હકારાત્મક વલણ વિકસાવે તો છૂટાછેડાના કેસો ઘટી શકે.

(3) મહદઅંશે લગ્નજીવન દરમિયાન સંતાન પ્રાપ્તિના અભાવે છૂટાછેડા થતા હોય છે. આવા સમયે પસંદગીના બાળકોને દત્તક લઈ છૂટાછેડા અટકાવી શકાય.

(4) પતિ–પત્ની વચ્ચે કેટલાંક ગમા–અણગમા હોય છે. પરંતુ, આ સંદર્ભે પરસ્પર જરૂરી ખુલાસા અને સ્પષ્ટતાઓના આધારે છૂટાછેડાના કેસો અટકાવી શકાય.

છૂટાછેડાની ઘટના એક સામાજિક કલંક છે. છૂટાછેડાના પરિણામે વ્યક્તિનો માન, મોભો અને આબરૂ ઘટે છે. છૂટાછેડાની લાગણી વ્યક્તિને બેચેન બનાવે છે. સામાન્ય રીતે લગ્નજીવનના પાંચ–છ વર્ષ દરમિયાન છૂટાછેડાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. ત્યાર પછી મોટાભાગે પતિ–પત્નીને એકબીજાને નજીકથી ઓળખતા થઇ જાય છે. એકબીજાના ગમા–અણગમા, વિચારો, લાગણીઓ, ભાવનાઓથી પરિચિત બને છે. માટે નાના–મોટા પ્રશ્નોમાં પતિ–પત્ની સમજદારી બતાવે છે. જેના પરિણામે કુટુંબજીવન દરમિયાન ઊભા થતા પ્રશ્નો છૂટાછેડા સુધી પહોંચી શકતા નથી. આમ, સમસ્યા નિવારણની પ્રક્રિયામાં સલાહકારે ઉપરોક્ત સમજદારીથી સલાહની પ્રક્રિયાને આગળ ધપાવવાની હોય છે.

## 3.11 ઉપસંહાર :

આપણા દેશમાં યુવક–યુવતીઓને અનેક પ્રકારની સમસ્યાઓથી પીડિત છે. આ સમસ્યાઓમાં ઘણી વૈવિધ્યતા જોવા મળે છે. એમાં પણ ખાસ કરીને આવા યુવક–યુવતીઓ લગ્નજીવનમાં પ્રવેશ્યા પછી તેમના જીવનમાં જુદા–જુદા પ્રકારના પ્રશ્નો ઊભા જોવા મળે છે. આમ, જુદી–જુદી સમસ્યાઓનું વર્ગીકરણ કરી તેના આધારે સલાહનું સ્વરૂપ, પદ્ધતિ, પ્રક્રિયા અને ક્ષેત્ર નક્કી થાય છે. સલાહકાર સલાહની પ્રક્રિયા દરમિયાન સેવાર્થીને તેની મૂંઝવણભરી પરિસ્થિતિમાં માર્ગદર્શન આપવાનો છે. સલાહનો હેતું એકમાત્ર સમસ્યાઓને દૂર કરવાનો નથી; પરંતુ, વ્યક્તિ પોતાની જાતને બરાબર ઓળખે અને ભાવિ સમસ્યાઓને ઉકેલવા માટે સક્ષમ અને મજબૂત બને તે છે. સમાજકાર્યમાં સેવાર્થીને સક્ષમ અને મજબૂત બનાવવાની પ્રક્રિયા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. આમ, લગ્નજીવન પૂર્વે અને લગ્નજીવન દરમિયાન અને લગ્નજીવન તૂટે તે છૂટાછેડા (લગ્નવિચ્છેદ)ની સ્થિતિમાં સલાહકારે અસરકારક સલાહ આપવાથી તુટતા કુટુંબજીવનને બચાવી શકાય છે.

## 3.12 તમારી પ્રગતિ ચકાસો :

1. સલાહ કોણ આપે છે ?

   (A) મનોવૈજ્ઞાનિકો (B) ચિકિત્સા મનોવૈજ્ઞાનિકો

   (C) સામાજિક કાર્યકરો (D) ઉપરોક્ત બધા

2. નીચેનામાંથી સંઘર્ષના ક્ષેત્રો કયા છે તે જણાવો.

   (A) જાતીય જીવનનાં પ્રશ્નો (B) વ્યભિચારને લગતા પ્રશ્નો

   (C) જીવન મૂલ્યો (D) ઉપરોક્ત બધા

3. છૂટાછેડા માટેના મુખ્ય કારણો કયા છે તે જણાવો.

   (A) બાળ લગ્ન (B) વૈચારિક મતભેદ (C) વ્યભિચાર (D) ઉપરોક્ત બધા

4. "સમાજકાર્યના આધાર સ્તંભો" પુસ્તકના લેખક કોણ છે ?

   (A) ડૉ. દામિનીબેન શાહ (B) ડૉ. આનંદીબેન પટેલ

   (C) ડૉ. ગૌરાંગભાઈ જાની (D) ડૉ. વિદ્યુતભાઈ જોષી

## 3.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (D) **3.** (D) **4.** (B)

## 3.14 ચાવીરૂપ શબ્દો :

1. **સલાહ :** સલાહ એ બે વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયા છે. જેમાં એક વ્યક્તિ સમસ્યાગ્રસ્ત હોય અને બીજો વ્યક્તિ તાલિમબદ્ધ કુશળતા પ્રાપ્ત વ્યક્તિ હોય છે, જે ચોક્કસ ધ્યેય સાથે કામ કરે છે અને સમસ્યા ઉકેલાતા સબંધનો પણ અંત આવે છે.

2. **મનોપચાર :** મનોપચાર ખાસ કરીને માનસિક બિમારીની મનોવૈજ્ઞાનિક સારવાર પદ્ધતિનો ભાગ છે.

3. **સમાજકાર્ય :** સમાજકાર્ય તાલિમબદ્ધ અને કુશળતા ધરાવતો વ્યક્તિ જૂથ અને સમુદાયને આત્મનિર્ભર બનાવવા માટે પ્રયત્ન કરે છે.

## 3.15 સ્વાધ્યાય લેખન :

1. લગ્ન વિષયક પરામર્શન – એકમની અભ્યાસ ઉપયોગિતા જણાવો.
2. લગ્ન વિષયક સલાહની જરૂરિયાત જણાવો.
3. લગ્ન પૂર્વેના સંબંધોની સલાહ – શા માટે ? ઉદાહરણ સાથે સમજાવો.
4. દામ્પત્ય સલાહ વિશેની સમજણ સ્પષ્ટ કરો.
5. દામ્પત્ય સલાહમાં સંઘર્ષના જુદા જુદા ક્ષેત્રો જણાવો.
6. દામ્પત્ય જીવનમાં કેવા પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે તે જણાવો.
7. છૂટાછેડાના વિવિધ કારણો જણાવો.
8. છૂટાછેડાને રોકવા માટે વિવિધ ઉપાયો જણાવો.

## 3.16 પ્રવૃત્તિ :

1. દામ્પત્ય જીવનમાં ઊભા થતાં વિવિધ પ્રશ્નોની યાદી તૈયાર કરી આ પ્રશ્નો ઊભા થવાનાં કારણો વિશેની નોંધ તૈયાર કરો.
2. ફિલ્ડવર્ક દરમિયાન કુટુંબમાં ઊભા થતાં વિવિધ પ્રશ્નો વિશેની જાણકારી મેળવો અને તેની નોંધ તૈયાર કરો.

## 3.17 કેસ સ્ટડી :

1. તમારા ગામ/શહેર/નગરમાં છૂટાછેડા થયેલ કોઈ એક દંપતિની મુલાકાત લઈ તેમના વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.18 સંદર્ભગ્રંથ :


- સલાહ મનોવિજ્ઞાન : ડૉ. સોમાભાઈ ટી. પટેલ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદીબેન પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.
- સમાજકાર્ય સંશોધન (હિન્દી) : તેજસ્કાર પાંડ્યે, ઓજસ્કર પાંડ્યે
- સગપણ–સંબંધો, લગ્નકુટુંબ અને કુટુંબકલ્યાણ : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે
- ભારતીય સમાજના પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે

- કુટુંબનું સમાજશાસ્ત્ર : મયૂર પ્રકાશન, પાલડી, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે
- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો.જે. કે. દવે અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.

# એકમ–4 કુટુંબમાં કટોકટી સમયે દરમિયાનગીરી, ઉપચાર અને લોકપેરવી

## : એકમનું માળખું :

4.0 એકમનો પરિચય

4.1 એકમના હેતુઓ

4.2 પ્રસ્તાવના

4.3 કટોકટી શું છે ?

4.4 કૌટુંબિક જીવનની કટોકટીઓ

4.5 કટોકટીના પ્રકાર

4.6 કટોકટી સમયે વ્યક્તિના લક્ષણો

4.7 કુટુંબ કટોકટી કેવી રીતે નિવારે છે ?

4.8 કટોકટી સમયે પરામર્શનો હસ્તક્ષેપ

4.9 કૌટુંબિક લોકપેરવી

4.10 ઉપસંહાર

4.11 તમારી પ્રગતિ ચકાસો

4.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

4.13 ચાવીરૂપ શબ્દો

4.14 સ્વાધ્યાય લેખન

4.15 પ્રવૃત્તિ

4.16 કેસ સ્ટડી

4.17 સંદર્ભગ્રંથ

## 4.0 એકમનો પરિચય :

કુટુંબ વ્યવસ્થા એક જટિલ વ્યવસ્થા છે. આ વ્યવસ્થામાં ઘણી વખતે મુશ્કેલી ઊભી થાય છે. આ કટોકટીના સમયગાળા દરમિયાન યોગ્ય રીતે દરમિયાનગીરી કરવી જરૂરી છે. ચોક્કસ પ્રકારની વ્યૂહરચના સાથે જો કામ કરવામાં આવે તો જ સામાજિક કાર્યકર સમસ્યાગ્રસ્ત સ્થિતિમાંથી સેવાર્થીને કાળજીપૂર્વક બહાર કાઢી શકે છે.

આ એકમમાં કટોકટી શું છે ? કૌટુંબિક જીવનની કટોકટીઓ, કટોકટીના પ્રકાર, કટોકટી સમયે વ્યક્તિના લક્ષણો, કુટુંબમાં આવેલ કટોકટી સમયે કુટુંબ કટોકટી કેવી રીતે નિવારે છે ? કટોકટી સમયે પરામર્શનો હસ્તક્ષેપ, કૌટુંબિક લોકપેરવી વિશેની વિગતે ચર્ચા કરવામાં આવી છે.

## 4.1 એકમનો હેતુ :

સામાજિક કાર્યકર તરીકે આ એકમનો અભ્યાસ કાર્યકરે શા માટે કરવો જોઈએ ? તે અંગેના કેટલાક હેતુઓ નીચે પ્રમાણે છે.

(1) કટોકટી કોને કહેવાય ? તે વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(2) કુટુંબમાં કટોકટીની સ્થિતિનું ક્યારે નિર્માણ થાય છે તેના વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(3) કટોકટીમાં કઈ–કઈ બાબતોનો સમાવેશ થાય તે વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(4) કટોકટીની પરિસ્થિતિમાં સામાજિક કાર્યકરે કઈ રીતે દરમિયાનગીરી કરવી, તે વિશેની જાણકારી મળશે.

(5) કટોકટીની પરિસ્થિતિમાં જુદા જુદા ઉપચારાત્મક ખ્યાલો વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(6) કટોકટીની સ્થિતિમાં સમસ્યા નિવારણ માટે અસરકારક લોકપેરવી કેમ કરવી ? તે વિશેની જાણકારી પ્રાપ્ત થશે.

(7) લોકપેરવી કોને કહેવાય, તે વિશેની સમજ પ્રાપ્ત થશે.

આમ, ઉપર મુજબના જુદા જુદા હેતુઓ વિશેની સમજણ કાર્યકરને પ્રાપ્ત થશે.

## 4.2 પ્રસ્તાવના :

કુટુંબમાં કટોકટીની સ્થિતિ આવે છે ત્યારે તે પરિસ્થિતિમાં અસરકારક દરમિયાનગીરી કરવી જરૂરી છે. જેમ્સ સી. કોલમેન કહે છે કે, કૌટુંબિક જીવન રૂચિકર અને સ્થાયી સામાજિક સંબંધો માટેના દ્વાર ખુલ્લા કરે છે. જેનાથી એકલતાની લાગણી દૂર થાય છે. વ્યક્તિને પોતાને પોતે ઉપયોગી હોવાની લાગણી થાય છે. આ પરિસ્થિતિ જીવનને અર્થપૂર્ણ બનાવવામાં સહાયતા કરે છે; પરંતુ, આજકાલ સામાજિક સંબંધમાં ઘણું પરિવર્તન આવ્યું છે. જેના પરિણામે સમાજમાં કૌટુંબિક વ્યવસ્થા છીન્ન–ભિન્ન થઈ ગયેલી છે. કુટુંબમાં આ સમયે તનાવગ્રસ્ત સ્થિતિનું નિર્માણ થાય છે. કટોકટીની આ સ્થિતિને સંભાળવી તે કુટુંબ માટે ખૂબ જરૂરી છે.

જોખમી સંજોગોમાં વ્યક્તિ ટૂંકાગાળા માટે માનસિક અસંતુલનભરી સ્થિતિમાં મૂકાય છે, આ પરિસ્થિતિ તેને સમસ્યાગ્રસ્ત બનાવે છે. સમસ્યાગ્રસ્ત વ્યક્તિ પોતે સતત દબાણ અને ચિંતાગ્રસ્ત રહે છે. જેના પરિણામે આવી વ્યક્તિ જુદી–જુદી સમસ્યાઓથી ખેંચાઈ જાય છે. પરિણામે સમસ્યાગ્રસ્ત વ્યક્તિને પોતાની સમસ્યાના નિવારણ માટે જરૂરી માહિતી અને માર્ગદર્શન મળવું જરૂરી છે.


સામાન્ય રીતે દરેક માણસ જીવનના કોઈને કોઈ પ્રસંગે કટોકટી સ્થિતિની અનુભૂતિ કરે છે. ક્યારેક આ પ્રકારની સ્થિતિનો ભોગ બનેલા લોકોના સાક્ષી પણ બનેલા હોઈએ છીએ. સગા–સંબંધીનું મૃત્યુ, કૌટુંબિક મૂંઝવણો, પરિસ્થિતિને પહોંચી વળવાની અશક્તિ, આકસ્મિક ગંભીર માંદગી વગેરે જેવી બાબતોનો કટોકટીભરી સ્થિતિમાં સમાવેશ થાય છે. કટોકટી એવી એક અસહાયભરી મુશ્કેલી કે સ્થિતિ છે જેને પહોંચી વળવા, મુકાબલો કરવા કે ટક્કર લેવામાં વ્યક્તિના પોતાના સંસાધનો ઓછા પડે છે. અગાઉ જે ઉકેલો કારગત બન્યાં હતાં તે હવે વધુ સમય કારગત બની રહેતા નથી. આવા સમયે આ સમસ્યાઓનો ઉપચાર કરી તેની અસરકારક

લોકપેરવી થવી જરૂરી છે. આ એકમમાં કટોકટી વિશેની વિવિધ બાબતોની વિગતપૂર્ણ ચર્ચા કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

## 4.3 કટોકટી શું છે ?

કટોકટીએ ખૂબ જ ગંભીર બાબત છે. કટોકટીની સ્થિતિમાં વ્યક્તિ પોતે પોતાને મદદ કરવા માટે સક્ષમ હોતી નથી. આથી કટોકટીની સ્થિતિમાં અન્ય કોઈ વ્યક્તિ કે સમાજકાર્યકરે દરમિયાનગીરી કરવી અનિવાર્ય બની જાય છે કે જેના પરિણામે વ્યક્તિનું જીવન સ્વસ્થ અને સુમેળભર્યું બની શકે છે.

કટોકટીની સ્થિતિ વ્યક્તિ ઉપર દબાણ કરે છે. જેના પરિણામે જીવન પડકારરૂપ બની જાય છે. આવી પરિસ્થિતિ વ્યક્તિના જીવનમાં કોઈ આકસ્મિક ઘટનાથી પેદા થાય છે. આ પરિસ્થિતિમાં સમાયોજન કરવું જરૂરી બની શકે છે. આ કટોકટીના પરિણામે કુટુંબમાં ભંગાણની સ્થિતિનું નિર્માણ થાય છે. કટોકટીની સ્થિતિમાં વ્યક્તિ ડર, ભય અને ખચકાટની લાગણી અનુભવે છે.





## 4.4 કૌટુંબિક જીવનની કટોકટીઓ :

કુટુંબમાં જુદા–જુદા કારણોસર કટોકટીનું નિર્માણ થાય છે. આ સમયે કટોકટીને પહોંચી વળવા માટે જુદા જુદા રસ્તાઓ કરવા પડે છે. જેના પરિણામે કુટુંબમાં સમાયોજન સાધી શકાય છે. કુટુંબમાં જોવા મળતો સંઘર્ષ એ કટોકટીની નિશાની છે.

## 4.5 કટોકટીના પ્રકાર :

લેહનર અને ક્યુબે કૌટુંબિક જીવનમાં જોવા મળતી જુદી જુદી કટોકટીઓના ચાર પ્રકાર બનાવ્યા છે.




આ ચારેય પ્રકારો વિશેની કેટલીક ટૂંકી ચર્ચા નીચે પ્રમાણે છે.

**(1)** **અકસ્માત :** સામાન્ય રીતે અકસ્માત એ આકસ્મિક પરિસ્થિતિ છે. ક્યારેક કુટુંબનો કોઈ સભ્ય એકએક ઈજા પામે, તેને કોઈ આકસ્મિક ઈજા થાય, આ કટોકટીની સ્થિતિ ટૂંકા અને લાંબાગાળા એમ બંને સ્વરૂપની હોય છે. કુટુંબમાં જે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયેલ છે તે વ્યક્તિને યોગ્ય સારવાર મળે છે કે કેમ તે અંગેની વિચારણા અને તકેદારી કુટુંબના સભ્યોએ રાખવી જરૂરી છે. અકસ્માત, વીમા, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુએટી વગેરે વિશેની ચિંતા પણ કુટુંબના સભ્યોએ કરવી પડે છે. આ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે તેનું નક્કર આયોજન કરવું પડે છે.

**(2)** **લાંબી માંદગી :** અકસ્માતને કારણે અથવા ક્યારેક લાંબી માંદગીના પરિણામે વ્યક્તિના જીવનમાં જુદા–જુદા પ્રકારની સમસ્યાઓનું નિર્માણ થાય છે. અને તેમા પણ જો માંદગી લાંબાગાળાની હોય તો આર્થિક બાબતોને પહોંચી વળવા માટેનું પણ પરિવારે આયોજન કરવું પડે છે. બીમાર વ્યક્તિ જ્યાં સુધી સાજો ન થાય ત્યાં સુધી તેની કાળજી રાખવી પડે છે. અને તેમા પણ જો કુટુંબમાં કમાવનાર વ્યક્તિ જ લાંબા સમયની માંદગી કે બીમારીનો ભોગ બને તો પરિવારની સ્થિતિ વધારે વિકટ બને છે.

**(3)** **બેકારી :** બેકારીના કારણે કુટુંબની આર્થિક સ્થિતિ નબળી પડે છે. પરિણામે કુટુંબ માટે ભરણ–પોષણ કેમ કરવું ? બાળકોના શિક્ષણનું શું કરવું ? સામાજિક ખર્ચનું શું કરવું ? વગેરે જેવા મુદ્દાઓ ઊભા થાય છે. અને તેમાં પણ કુટુંબના મુખ્ય અથવા વડા વ્યક્તિ બેકારીની સ્થિતિનો ભોગ બને છે, ત્યારે કુટુંબ માટે ખૂબ જ વિકટભરી સ્થિતિનું નિર્માણ થાય છે.

**(4)** **નોકરી માટે સ્થળાંતર :** જ્યારે કુટુંબની કોઈ વ્યક્તિ નોકરી માટે સ્થળાંતર થાય છે ત્યારે કુટુંબના સભ્યો માટે ક્યારેક મુશ્કેલભરી સ્થિતિનું નિર્માણ થાય છે. લશ્કરમાં ભરતી થયેલ માણસે પોતાની ફરજ બજાવવા માટે એક સ્થળેથી બીજા સ્થળે જવું પડે છે. આવા સમયે પતિ અને બાળકો માટે વારંવાર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું મુશ્કેલરૂપ બને છે. આવા સમયે બાળકોના શિક્ષણ અને પરિવારના સભ્યોના સમાયોજનનો પ્રશ્ન વધારે વિકટ બની રહે છે.

## 4.6 કટોકટી સમયે વ્યક્તિના લક્ષણો :

(1) વ્યક્તિમાં એક પ્રકારની નિષ્ક્રિયતા દેખાય છે.

(2) કટોકટી વખતે શારીરિક અને માનસિક રીતે તે ભાંગી પડે છે.

(3) તે બીજાઓ અને સામાન્ય વ્યક્તિઓ વચ્ચે ભેદભાવ અનુભવે છે.

(4) તે શારીરિક પીડા અનુભવે છે, ગભરામણ અનુભવે છે.

(5) વ્યક્તિમાં ઉદાસીનતા આવી જાય છે.

(6) તે અર્થ વગરની ઘણી પ્રવૃત્તિઓ કરે છે.

(7) વ્યક્તિ વધારે પડતી બીજા ઉપર આધારિત કે શરમાળ બની જાય છે.

## 4.7 કુટુંબ કટોકટી કેવી રીતે નિવારે છે ?

સામાન્ય રીતે, કુટુંબમાં જુદા–જુદા કારણોના પરિણામે કટોકટી સર્જાતી હોય છે. કટોકટી માટેના જુદા–જુદા કારણોમાં મુખ્યત્વે બે કારણો મહત્વના ગણી શકાય છે.

(1) કેટલીક કટોકટીની સ્થિતિ એવી હોય છે કે જેના માટે કુટુંબ જવાબદાર હોતું નથી. કટોકટીનું કારણ કુટુંબની બહાર હોય છે. દા.ત. કુટુંબના સભ્યની નોકરી જેવી.

(2) કટોકટીનુ બીજુ કારણ આંતરિક હોય છે જે કુટુંબની આંતરક્રિયાઓમાં પડેલું હોય છે. જેમાં કુટુંબનો એક સભ્ય બીજા સભ્ય ઉપર વર્ચસ્વ જમાવે છે. આવા કારણથી જ્યારે કુટુંબમાં કટોકટી સર્જાય ત્યારે કુટુંબમાં મુશ્કેલીભરી સ્થિતિનું નિર્માણ થાય છે. આવા પ્રશ્નોના નિવારણ કરવાની દરેક કુટુંબની રીત જુદી–જુદી હોય છે. બેકારી, મંદવાડ, બીમારી જેવી કેટલીક કુટેવો કામચલાઉ હોય છે. તો કેટલીક પરિસ્થિતિ આજીવન હોય છે. આ સમયે કુટુંબે ટૂંકા અને લાંબાગાળાનું આયોજન તે પરિસ્થિતિને પહોંચી વળવા માટે કરવું પડે છે.

કટોકટીનું કુટુંબમાં નિર્માણ થાય ત્યારે કુટુંબ જુદા–જુદા તબક્કાઓમાથી પસાર થાય છે, આ ત્રણ તબક્કા નીચે મુજબ છે.

(1) વિઘટનતા (2) સુધારો (3) પુનઃ સમાયોજન કરવું જરૂરી છે.

દરેક કુટુંબે આ ત્રણેય પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા માટેનું આયોજન કરવુ જરૂરી છે. કૌટુંબિક કટોકટીના આ ત્રણેય તબક્કાઓમાં જુદા–જુદા કુટુંબોમાં ઘણો તફાવત જોવા મળે છે. ક્યાંક વિગટન પછી સુધારાની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. કેટલાંક કુટુંબો કટોકટીની સ્થિતિમાંથી ઝડપથી બહાર નીકળી ત્વરિત સમાયોજન કરી લેતાં હોય છે.

## 4.8 કટોકટી સમયે પરામર્શનો હસ્તક્ષેપ :

કટોકટી સમયની દરમિયાનગીરીમાં સલાહકારની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. બેલ્કિન નામના મનોવિજ્ઞાનીએ કટોકટી સલાહમાં સલાહકારના હસ્તક્ષેપ અંગે નીચેના સૂચનો કરેલ છે,

(1) શાંત અને અડગ રહો.

(2) અસીલને બોલવાની પૂરતી તક આપો.

(3) જ્યાં જરૂર જણાય ત્યાં જ પ્રશ્ન પૂછો.

(4) તાત્કાલિક પરિસ્થિતિને હલ કરો.

(5) સ્થાનિક લભ્ય સાધનોને તૈયાર રાખો.

(6) અસીલનો મિજાજ બદલાવવા પ્રયત્ન કરો નહીં.

(7) આપઘાતના કિસ્સાઓમાં અસીલને તેના આયોજનને ત્યજી દેવા કહેશો નહીં. પરંતુ, હંગામી ધોરણે તેને વિલંબમાં મૂકવા જણાવવું.

(8) બધી જ વ્યક્તિત્વ સમાયોજન મુશ્કેલીઓનું નિવારણ કરવા પ્રયાસો કરો નહીં.


આમ, કટોકટીની સ્થિતિમાં સમસ્યા નિવારણ માટે સલાહકારની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની રહે છે.

## 4.9 કૌટુંબિક લોકપેરવી :

સમાજ પરિવર્તન ઇચ્છતા પાયાના કાર્યકરો માટે ત્રણ પડકાર સૌથી મહત્વના છે. જેમાં,

(1) લોકજાગૃતિ (2) લોકસંગઠન (3) લોકપેરવી

છેવાડાના સમુદાયને જાગૃત કરવો, સભાન બનાવવો તે પહેલો પડકાર છે. આ સમાજને ભેગો કરવાનું કામ અતિ મુશ્કેલ છે. આ દબાયેલો સમાજ પોતાના અધિકારો માટે બોલી શકતો નથી. આ અબોલ સમાજને બોલતો કરવો તે ત્રીજો મોરચો લોકપેરવી (Advocacy) નો છે.





મહિલાઓ ઉપર પહેલેથીજ જુદા–જુદા પ્રકારના અત્યાચારો થતા આવ્યા છે. કેટલોક વર્ગ એવો છે કે જેને ભાગ્યે જ ખ્યાલ છે કે તેના અધિકારો ઝુંટવાઈ રહ્યાં છે. સ્ત્રીઓ ઉપર જુદા–જુદા પ્રકારના કામોનો બોજ છે. વિધવાઓ ઉપર વર્ષો જૂના બંધનો છે. આજે પણ પતિના મૃત્યુ પછી કેટલાક સમુદાયોમાં સ્ત્રીઓ ફરીથી લગ્ન કરી શકતી નથી. આધુનિક સમાજમાં મુઠ્ઠીભર સ્ત્રીઓ પોતાના અધિકાર માટે સભાન છે; પરંતુ, તેની સામે બહુ બધી સ્ત્રીઓ અધિકારોથી વંચિત છે. આવા સમૂહો અને સમુદાયના લોકોને જાગૃત કરવાની સાથોસાથ તેમના વતિ અવાજ બુલંદ કરવો પડે છે. વહીવટીતંત્રનું મહિલાઓની સમસ્યાઓ પ્રત્યે ધ્યાન દોરવું પડે છે. આ કાર્યો મહિલાઓ વતી લોકપેરવી (Advocacy) ના કાર્યો થયેલા ગણી શકાય.

કેટલાંક વંચિત સમૂદાયો જાગૃત થયા હોય, સંગઠિત પણ થયાં હોય છતાં અસરકારક કે ધારદાર રીતે પોતાના સવાલો રજૂ કરી શકતા નથી. પોતાના અધિકારો બંધારણ કે કાયદાની પરિભાષામાં મૂકી શકતા નથી. આવા સમુદાયો વતી જે અસરકારક રજૂઆતો થાય, વિગતવાર બ્યાન થાય તથા બંધારણ–કાયદાની ભાષામાં અભિવ્યક્ત થાય તે લોકપેરવી ગણાય.

દા.ત. આજે મહિલાઓ ઉપર અત્યાચાર વધી રહ્યો છે. આ અન્યાય અને અત્યાચારની પરિસ્થિતિમાં ન્યાય મેળવવા માટે આખરે કોર્ટનો સહારો લેવો પડે છે; પરંતુ, કોર્ટમાં આજે જુદા–જુદા કેસોનો ભરાવો થઈ રહ્યો છે. ઘણા બધા કેસ પડતર છે. ચોવીસ કલાક કોર્ટ ચાલે છતાં પણ કામ ખૂટે તેમ નથી અને તેમાં પણ કૌટુંબિક હિંસાના કેસમાં મહિલાઓને ઝડપથી ન્યાય મળવો જરૂરી છે. કૌટુંબિક કેસોના ઝડપી નિકાલ માટે ફેમીલી કોર્ટ દેશના જુદા–જુદા રાજ્યોમાં શરૂ કરવામાં આવી હતી. નેવુંના દશકામાં ગુજરાતમાં સામાજિક ન્યાય અને માનવ અધિકારના મુદ્દે કાર્યરત જુદા–જુદા સંગઠનોએ કૌટુંબિક પ્રશ્નોના ઝડપી નિકાલ માટે તાત્કાલિક ધોરણે ફેમીલી કોર્ટની સ્થાપના થાય તે માટે તેમણે જુદા–જુદા સ્તરે લોકપેરવી કરી હતી. ફેમીલી કોર્ટ અલગથી ન હોવાને પરિણામે મહિલાઓના અધિકારોનો કઈ રીતે ભંગ થાય છે તેનો

સમગ્ર ચિતાર આ સંસ્થાઓએ વહીવટીતંત્ર સમક્ષ મૂક્યો હતો જેના પરિણામે સમગ્ર ગુજરાત રાજ્યમાં ફેમીલી કોર્ટની સ્થાપના થાય તે માટેના ચક્રો ગતિમાન થયા હતા અને ત્યારપછી ફેમીલી કોર્ટની શરૂઆત થઈ હતી. આમ, ફેમીલી કોર્ટમાં જુદા જુદા સ્તરે આ સંસ્થાઓ દ્વારા દરમિયાનગીરી કરવામાં આવી હતી.




આમ, ઉપરોક્ત જુદા જુદા મુદ્દાઓ દ્વારા ગુજરાતમાં કૌટુંબિક પ્રશ્નોનો ઝડપી નિવારણ માટે ઝડપથી ગુજરાતમાં ફેમીલી કોર્ટની સ્થાપના થાય તેવી પ્રબળ માંગણી મૂકવામાં આવી હતી.

મહિલાઓના અધિકારોના રક્ષણ માટે જુદા જુદા પ્રકારના કાયદાઓ બન્યાં છે, પરંતુ, આ કાયદાઓની અસરકારક અમલવારી થતી નથી. આ તમામ પ્રકારના મુદ્દાઓને તર્કબદ્ધ રીતે રજૂ કરવા તે પણ લોકપેરવીનો ભાગ ગણી શકાય. આ તબક્કે સૌથી મહત્વની બાબત એ છે કે લોકપેરવી એ લોકજાગૃતિ અને લોકસંગઠન વિના શક્ય નથી. અસરકારક લોક પેરવી માટે લોકજાગૃતિને જુદા પાડવા એકદમ મુશ્કેલ છે. ક્યારેક લોકપેરવી એ લોકજાગૃતિ તથા લોકસંગઠન સાથે સમાંતર ચાલે છે. માટે આ ત્રણેય મુદ્દાઓ વચ્ચે સ્પષ્ટ ભેદરેખા થતી નથી. સમાજ પરિવર્તનની પ્રક્રિયા લીટી દોરવા જેવું કામ છે; પરંતુ, સામાજિક ન્યાય અને માનવ અધિકારોના રક્ષણ માટે કૌટુંબિક પ્રશ્નોમાં અસરકારક દરમિયાનગીરી કરવી જરૂરી છે. સામાજિક કાર્યકરે જુદા જુદા પ્રશ્નોમાં દરમિયાનગીરી કરવા માટે લોકપેરવીના કાર્યને અગ્રતા આપવી જરૂરી છે.

## 4.10 ઉપસંહાર :

આપણી સમાજવ્યવસ્થામાં કુટુંબ એ સૌથી મોટી સામાજિક સંસ્થા છે. આ સંસ્થાનો પોતાનો વર્ષો જૂનો ઇતિહાસ છે. આમ એક રીતે જોવા જઇએ તો માનવજીવનની શરૂઆતથી જ આ કુટુંબ નામની સંસ્થાનો ઉદ્દભવ અને વિકાસ થયો છે.

કાળક્રમે તેમાં ઘણા સુધારા અને પરિવર્તન પણ આવ્યાં છે. આ બધાની વચ્ચે પણ કુટુંબવ્યવસ્થા ટકી રહી છે. તે ખૂબ જ મહત્વપૂર્ણ બાબત છે. કુટુંબવ્યવસ્થામાં જુદા–જુદા પ્રકારના પ્રશ્નો પણ ઉપસ્થિત થતાં હોય છે. જેના પરિણામે ક્યારેક કુટુંબમાં કટોકટીની સ્થિતિ પણ સર્જાય છે. કુટુંબનું વાતાવરણ ડહોળાય છે. કુટુંબમાં આ કટોકટીની સ્થિતિ નિર્માણ થવા પાછળ કયા કારણો જવાબદાર છે તેનો અભ્યાસ કરી આ સમસ્યાના નિવારણ માટે યોગ્ય પ્રયન કરવા જરૂરી છે. આ પરિસ્થિતિમાં ક્યાંક ઉપચારાત્મક કાર્યની પણ જરૂર પડ્યે છે. પ્રારંભિક પ્રયત્નો

પછી પણ જો કોઈ સ્થિતિમાં બદલાવ ન આવે તો આ મુદ્દે લોકપેરવી (Family Advocacy) પણ કરવી પડે છે. આમ, કૌટુંબિક પર્યાવરણ તંદૂરસ્ત રહે તે દિશામાં પ્રયત થાય તે જરૂરી છે.

## 4.11 તમારી પ્રગતિ ચકાસો :

1. વ્યક્તિના જીવનમાં કટોકટી શેના લીધે સર્જાય છે ?

   (A) છૂટાછેડા (B) ઝઘડા (C) બેકારી (D) ઉપરોક્ત બધા

2. લેહનર અને ક્યુબે કટોકટીના કેટલા પ્રકાર દર્શાવ્યા છે ?

   (A) બે (B) ચાર (C) છ (D) આઠ

3. નીચેનામાંથી કટોકટીના મુખ્ય પ્રકાર કયા છે તે જણાવો.

   (A) અકસ્માત (B) માંદગી (C) બેકારી (D) ઉપરોક્ત બધા

4. સમાજ પરિવર્તન ઇચ્છતા પાયાના કાર્યકરો માટે કેટલા પડકાર મહત્વના છે ?

   (A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

## 4.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (B) **3.** (D) **4.** (C)

## 4.13 ચાવીરૂપ શબ્દો :

1. **પરામર્શન :** વ્યાવસાયિક અને મદદની જરૂરિયાત વચ્ચેનો અસીલ કે તંત્ર વચ્ચેનો સ્વૈચ્છિક સબંધ છે.
2. **ભૂમિકા :** વ્યક્તિના કાર્યસ્થાન કે પદ પ્રમાણે તેની પાસે રખાતી અપેક્ષા.
3. **કટોકટી :** વ્યક્તિ કે સમુદાય ઉપર લાદવામાં આવેલ અને જીવન માટે પડકારરૂપ પરિસ્થિતિ છે. આવી પરિસ્થિતિ આકસ્મિક ઘટનાથી પેદા થાય છે.

## 4.14 સ્વાધ્યાય લેખન :

1. કટોકટી એટલે શું છે ? તે જણાવો.
2. કૌટુંબિક કટોકટીમાં કઈ–કઈ બાબતોનો સમાવેશ થાય છે તે જણાવો.
3. કૌટુંબિક જીવનની જુદી–જુદી કટોકટી જણાવો.
4. કટોકટીના જુદા–જુદા પ્રકાર વિશેની સમજણ આપો.
5. કટોકટી સમયની નિશાની જણાવો.
6. કૌટુંબિક લોકપેરવી વિશેની સમજણ સ્પષ્ટ કરો.
7. કટોકટી સમયની દરમિયાનગીરી ઉપચાર અને લોકપેરવી એકમની અભ્યાસ ઉપયોગિતા જણાવો.

## 4.15 પ્રવૃત્તિ :

1. તમારી નજીકના કુટુંબ સલાહકેન્દ્રની મુલાકાત લઈ કટોકટી સમયે પરામર્શકના હસ્તક્ષેપ વિશેની જાણકારી મેળવો.
2. લોકપેરવી (Advocasy) ના મુદ્દા ઉપર કામ કરતી કોઈપણ એક સંસ્થાની મુલાકાત લઈ તે સંસ્થા દ્વારા Advocasy ના સંદર્ભમાં કરેલ કામગીરી વિશેની જાણકારી મેળવવી.

## 4.16 કેસ સ્ટડી :

1. કૌટુંબિક લોકપેરવી વિશે એક કેસ સ્ટડી તૈયાર કરો.
2. ફેમિલિ કાઉન્સેલિંગ સેન્ટરની મુલાકાત લઈ કૌટુંબિક કટોકટી વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 4.17 સંદર્ભગ્રંથ :


- સલાહ મનોવિજ્ઞાન : ડૉ. સોમાભાઈ ટી. પટેલ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- સમાજકાર્યના આધાર સ્તંભો : ડૉ. આનંદીબેન પટેલ, વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ.
- સમાજકાર્ય સંશોધન (હિન્દી) : તેજસ્કાર પાંડ્યે, ઓજસ્કર પાંડ્યે
- સગપણ–સંબંધો, લગ્નકુટુંબ અને કુટુંબકલ્યાણ : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે
- ભારતીય સમાજના પ્રશ્નો અને સમસ્યાઓ : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે
- કુટુંબનું સમાજશાસ્ત્ર : મયૂર પ્રકાશન, પાલડી, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો.એ. જી. શાહ, પ્રો. જે. કે. દવે
- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો.જે. કે. દવે અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.

# એકમ-5 સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ અને કેસ વિશેની રજૂઆત

: એકમનું માળખું :


5.0 એકમનો પરિચય

5.1 એકમના હેતુઓ

5.2 પ્રસ્તાવના

5.3 કૌટુંબિક પ્રશ્નોમાં જુદી–જુદી પદ્ધતિઓનો ઉપયોગ

5.4 સામાજિક વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિઓનો ઉપયોગ અને તેના ઉદાહરણ

5.5 સામાજિક જૂથકાર્ય પદ્ધતિનો ઉપયોગ અને ઉદાહરણ

5.6 સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ અને ઉદાહરણ

5.7 ઉપસંહાર

5.8 તમારી પ્રગતિ ચકાસો

5.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

5.10 ચાવીરૂપ શબ્દો

5.11 સ્વાધ્યાય લેખન

5.12 પ્રવૃત્તિ

5.13 કેસ સ્ટડી

5.14 સંદર્ભગ્રંથ


## 5.0 એકમનો પરિચય :

મિત્રો, અગાઉના એકમમાં આપણે કુટુંબ સંસ્થા અને લગ્ન સંસ્થા વિશે વિગતે પરિચય મેળવ્યો છે. જેમાં લગ્ન અને કુટુંબ શું છે ? લગ્ન અને કૌટુંબિક જીવનની વિવિધ સમસ્યાઓ અંગેની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી છે. સામાજિક કાર્યકર તરીકે લગ્ન અને કુટુંબ સંસ્થાને બચાવી રાખવા માટે સમાજકાર્યકરે અસરકારક દરમિયાનગીરી કરવી જરૂરી છે.

આ અસરકારક દરમિયાનગીરી કરવા માટે સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ જરૂરી છે. આ એકમમાં કૌટુંબિક પ્રશ્નોમાં જુદી–જુદી પદ્ધતિઓના ઉપયોગ વિશેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

## 5.1 એકમનો હેતુ :

એકમની અભ્યાસ ઉપયોગિતા નીચે મુજબ છે.

(1) કુટુંબ વિશેની વિસ્તૃત વિભાવના પ્રાપ્ત થશે.

(2) કુટુંબની જુદી–જુદી સમસ્યાઓના નિવારણમાં સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓનો પરિચય થશે.

(3) કુટુંબની વિવિધ સમસ્યાઓ વિશેની માહિતી અને જાણકારી પ્રાપ્ત થશે.


(4) જુદા–જુદા કેસો અંગેની રજૂઆત કેમ કરવી તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

(5) સમાજકાર્યના સૈદ્ધાંતિક ખ્યાલોનો પ્રત્યક્ષ ઉપયોગ કેમ કરવો તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

સમાજકાર્યકર સમાજકાર્ય વિશેનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તે વાસ્તવિક રૂપમાં લોકો સાથે કામ કરશે ત્યારે સમાજકાર્યની આ થિયરી તેને ખૂબ ઉપયોગી બની રહે છે.

## 5.2 પ્રસ્તાવના :

સમાજકાર્ય એ જ્ઞાન અને કુશળતાના સમન્વયરૂપ એક વૈજ્ઞાનિક સેવા છે. સમાજકાર્ય વ્યક્તિ, જૂથ અને સમુદાયને મદદ પૂરી પાડીને તેમનો ઉત્કર્ષ કરવાનો હેતુ સાથે સંકળાયેલી પ્રવૃત્તિ છે. આ એક વ્યવસાયિક સેવા છે. ફ્રિડલેન્ડરે સમાજકાર્યની વ્યાખ્યા આપતા કહ્યું છે કે સમાજકાર્ય વ્યક્તિ, જૂથો અને સમુદાયને તેમની સામાજિક, માનસિક અને ભૌતિક કલ્યાણ માટેની ઉચ્ચતમ માત્રાએ પહોંચાડવામાં મદદ કરે છે તથા તેઓની સામાજિક પરિસ્થિતિમાં ઉત્કર્ષ સાધવાનું તેનું ધ્યેય છે. રામેશ્વરીએ દેવી સમાજકાર્યની વ્યાખ્યાનું સ્પષ્ટીકરણ કરતાં નોંધ્યું છે કે, સમાજકાર્યનું વાસ્તવિક કાર્ય વ્યક્તિઓને તેમના સંગઠિત જૂથમાં સેવાઓના ઉપયોગમાં નડતી મુશ્કેલીઓમાં જરૂરી મદદ પૂરી પાડવાનું છે. અથવા જૂથના સભ્યો તરીકે તેમની પોતાની કામગીરીમાં નડતી મુશ્કેલીઓમાં મદદ પૂરી પાડવાનું છે.




જુદા–જુદા સંગઠિત જૂથોમાં થતી બધી જ પ્રવૃતિઓ સમાજકાર્યની હોય તેવું જરૂરી નથી; પરંતુ, સમાજ જીવનનાં જુદા–જુદા પ્રશ્નોમાં થતી દરમિયાનગીરીએ સમાજકાર્યની પ્રવૃત્તિ છે. દા.ત. કુટુંબજીવનમાં કોઈ વ્યક્તિ પોતાની કૌટુંબિક સમસ્યાઓનો ભોગ બનેલી છે. જેના પરિણામે તે પોતાની સ્વાભાવિક પ્રવૃત્તિઓ કરી શકતી નથી. આ સંજોગોમાં જરૂરી સલાહ સૂચન, નાણાંકીય મદદ, ભૌતિક વસ્તુઓ દ્વારા કુટુંબને પર્યાપ્ત ભૂમિકા ભજવવા માટે સલામતી અને સુરક્ષા જરૂરી છે. રામેશ્વરી દેવી સમાજકાર્યના અનુભવજન્ય અર્થની સમજૂતીમાં મુશ્કેલીમાં મૂકાયેલા લોકો ઉપર ભાર મૂકવાને બદલે જરૂરિયાતમંદ લોકો ઉપર વિશેષ ભાર મૂકે છે. આમ, સમસ્યા નિવારણની પ્રક્રિયામાં જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ જરૂરી બની રહે છે.

## 5.3 કૌટુંબિક પ્રશ્નોમાં જુદી–જુદી પદ્ધતિઓનો ઉપયોગ :

સમાજકાર્ય સમાજમાં જુદી–જુદી સમસ્યાઓનો ભોગ બનેલ વ્યક્તિઓને તેની જરૂરિયાતના આધારે તે મદદ કરે છે. વ્યક્તિ, જૂથ અને સમુદાયના જીવનની સ્થિતિ સુધારવા માટેનો તે હેતુ ધરાવે છે. સમાજ કાર્યમાં જરૂરિયાતમંદ, સમસ્યાગ્રસ્ત કે મુશ્કેલીમાં મુકાયેલ વ્યક્તિઓ, કુટુંબ, જૂથ કે સમુદાય માટે સેવાર્થી શબ્દ વધુ વપરાય છે. આ સેવાર્થી જૂથ (Client Group)ને મદદ કરવા માટે સમાજકાર્યમાં જુદી–જુદી પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

**સમાજકાર્યની પદ્ધતિઓ**

| **મુખ્ય પદ્ધતિઓ** | **ગૌણ પદ્ધતિઓ** |
|---|---|
| (1) સામાજિક વૈયક્તિક સેવાકાર્ય | (1) સંકલિત પદ્ધતિ |
| (2) સામાજિક જુથ કાર્ય | (2) સમાજકાર્ય સંશોધન |
| (3) સામુદાયિક સંગઠન પદ્ધતિ | (3) સમાજકલ્યાણ વહીવટ |
| | (4) સામાજિક ક્રિયા |

સમાજકાર્ય વ્યક્તિને સામાજિક ન્યાય અને માનવ અધિકારોની પ્રાપ્તિ માટે જરૂરી મદદ કરે છે. સમાજકાર્ય લોકોની સુખાકારી માટે જરૂરિયાતમંદ, સમસ્યાગ્રસ્ત કે આફતમાં મૂકાયેલા લોકોને મદદ પૂરી પાડે છે જેથી લોકો પોતે પોતાને મદદ કરતા થાય. લોકો પોતાની સમસ્યાને ઉકેલવા માટે સ્વતંત્ર અને સ્વાવલંબી બને તે મુખ્ય હેતુ છે. આ પ્રકારની સહાય સેવાર્થીને આત્મનિર્ભર અને સ્વાવલંબી બનાવે છે. મદદના આધારે જરૂરિયાતમંદ લોકોનું સશક્તિકરણ થાય અને ટકાઉ વિકાસમાં તેઓ પોતાનું યોગદાન આપી શકે તેવી સક્ષમતા તેમનામાં પેદા થાય તે મહત્વનું છે.

## 5.4 સામાજિક વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિઓનો ઉપયોગ અને તેના ઉદાહરણ :

સામાજિક વૈયક્તિક સેવાકાર્યએ વ્યક્તિગત સમાજકાર્ય છે. વ્યક્તિઓ એકબીજા સાથે તેમજ તેમની સામાજિક પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી શકે તે માટે વ્યક્તિગત પ્રત્યક્ષ મદદ કરવામાં આવે છે. વ્યક્તિગત સમાજકાર્ય લોકો પોત–પોતાને સહાય કરતા થાય તે માટે સહાય કરવાની એક પદ્ધતિ છે.વૈયક્તિક સેવાકાર્ય પદ્ધતિના કેટલાંક ઉદાહરણોઃ

લીલાપુર નામનું ગામ છે. તેમા એક પરિવાર વસવાટ કરે છે. કુટુંબમાં છ સભ્યો છે. પતિ–પત્ની અને તેના ચાર બાળકો, પતિને દારૂનું વ્યસન છે. ઘણી સમજાવટ પછી પણ પતિ દારૂનું વ્યસન છોડતો નથી. દારૂના કારણે પતિનું અવસાન થાય છે. પત્ની વિધવા થાય છે. ચાર બાળકો નાના છે. તેમના કુટુંબનું ભરણપોષણ કેમ કરવું તે ચિંતાનો પ્રશ્ન છે. ગામમાં એક સામાજિક કાર્યકર આવે છે. તે વિધવા સહાય યોજનાની વાત કરે છે.

– વિધવા સહાય યોજના થકી આર્થિક મદદ : નિરાધાર વિધવા મહિલાઓના પુનઃ સ્થાપન માટેની આ આર્થિક સહાય યોજના છે.

**લાભ કોને મળવાપાત્ર છે ?**

– અરજદાર મહિલાઓની ઉંમર 18 વર્ષથી 60 વર્ષ સુધીની હોવી જરૂરી છે.

– અરજદારની વ્યક્તિગત વાર્ષિક આવક રૂ. 2400/– રૂપિયાથી વધુ ન હોય, તેમજ કુટુંબની વાર્ષિક આવક રૂ. 4500/– થી વધુ ન હોવી જોઈએ.

– 21 વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર હોય; પરંતુ, તે અસ્થિર મગજનો હોય અથવા 75%થી વધુ વિકલાંગતા ધરાવતો હોય અને તે કમાતો ન હોય.

– અરજદાર ગુજરાત રાજ્યનો વતની હોવો જરૂરી છે.

**યોજના હેઠળ મળવાપાત્ર લાભ :**

– આ યોજના હેઠળ લાભાર્થીને નિર્ધારીત કરેલ માસિક દર માસે સહાય ચૂકવવામાં આવે છે.

– આ સહાય પોસ્ટ ઓફિસ અથવા બચત બેંક ખાતા મારફતે લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે.

**કેસ–02**

મહિલા અત્યાચારના કેસમાં કુટુંબ સલાહકેન્દ્રની મદદ.સોનલ નામની છોકરીના લગ્ન એક અતિ ધનાઢ્ય કુટુંબમાં થયા હતા. સોનલે કોલેજ સુધીનું શિક્ષણ મેળવેલ છે. પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી છે. લગ્ન પછી સાસુ, નણંદ અને તેના પતિ દહેજ બાબતે સોનલને વરંવાર મ્હેણાં–ટોણા માર્યા કરે છે. સંતાનમાં સોનલબેનને એક દિકરી છે. સાસરિયાના ત્રાસથી કંટાળી એક દિવસ સોનલ પોતાના પિયરમાં આવી જાય છે. પિયરમાં આવ્યા પછી સોનલ પોતાના મમ્મી–પપ્પાને સમગ્ર ઘટના વિશેની વાત કરે છે. સમગ્ર પરિવાર ચિંતિત છે કે આ પરિસ્થિતિમાં શું કરવું ?

આ સમય દરમિયાન એક સામાજિક કાર્યકર ગામમાં આવે છે. ગામમાં આવતા આ કાર્યકરને સોનલના કેસ વિશેની ખબર પડે છે. સામાજિક કાર્યકર્તા સોનલના ઘરે આવે છે. સોનલ અને તેના મમ્મી–પપ્પા સમગ્ર ઘટના વિશેની માંડીને વાત કરે છે. સોનલના પપ્પાની આર્થિક સ્થિતિ નબળી છે. તેઓ દહેજ આપી શકે તેમ નથી. માટે સોનલના પપ્પાનો નિર્ણય એ હતો કે દીકરીના છૂટાછેડા લેવા; પરંતુ, છૂટાછેડા લેવા તે આ પ્રશ્નનું નિરાકરણ ન હતું.

સામાજિક કાર્યકર આ મુદ્દે સોનલના પિતાને કુટુંબ સલાહકેન્દ્રની મદદ લેવાની વાત કરે છે. પિતા સહમત થાય છે. તેઓ કુટુંબ સલાહકેન્દ્રમાં જઈને સમગ્ર ઘટનાની વાત કરે છે. કુટુંબ સલાહકેન્દ્રના કાઉન્સિલર સોનલને પૂછે છે કે સોનલ, તારે શું કરવું છે ? સોનલ કહે છે કે હું સાસરે જવા તૈયાર છું પણ, દહેજના નામે કંઈપણ દીધા વગર. કુટુંબ સલાહકેન્દ્રના કાઉન્સિલર એક દિવસ સોનલના સાસરી પક્ષને બોલાવે છે. તેમના ઘરની મુલાકાત લે છે. સૌને સમજાવે છે કે દહેજ લેવું તે કાયદાકીય અપરાધ છે. ઘણી ચર્ચાના અંતે સાસરીપક્ષ સમજે છે. એક દિવસ બંને પક્ષને બોલાવી કુટુંબ સલાહકેન્દ્રના કાઉન્સેલર બંને વચ્ચે સમાધાન કરાવે છે. સોનલ સાસરે જાય છે અને તે પોતાના કુટુંબ સાથે સુખી જીવન વિતાવે છે.

## 5.5 સામાજિક જૂથકાર્ય પદ્ધતિનો ઉપયોગ અને ઉદાહરણ :

આ પદ્ધતિ સમાજકાર્યની ખૂબ મહત્વની પદ્ધતિ છે. બે કે તેથી વધારે વ્યક્તિઓનો જૂથમાં સમાવેશ થાય છે. જૂથ સંબંધોમાં કોઈ ખાસ સમસ્યા અનુભવતી હોય તેવી વ્યક્તિઓને તેમની સમસ્યા દૂર કરવા માટે મદદ પૂરી પાડવાના ધ્યેયથી થતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**મિશન મંગલમ યોજના થકી જૂથ સહાય :**

ચંદાપુર નામનું એક ગામ છે. ખૂબ જ અંતરિયાળ ગામ છે. ગામમાં આવવા જવા માટેનો રસ્તો નથી. ગામમાં પાણીના સ્તર ખૂબ જ ખારાં અને ઊંડા છે. વર્ષમાં માત્ર ચોમાસાની સીઝનમાં ખેતી થાય છે બાકીના આઠ મહિના ખાસ કરીને બહેનોને કામ મળતું નથી. ગામમા એક સામાજિક કાર્યકર આવે છે. તે કાર્યકર મહિલાઓ સાથે મિટીંગ કરી બહેનોને સંગઠિત થવા માટે જણાવે છે, બહેનોને કાર્યકરની સલાહ યોગ્ય લાગે છે. બહેનો સંગઠિત થાય છે. અને પછી સામાજિક કાર્યકર પાસે રોજગારી માંગણી કરે છે. આ કાર્યકરે આ મહિલાઓને મિશન મંગલમ યોજના સાથે જોડી આર્થિક રીતે સ્વાવલંબી બનાવવાની વાત મૂકી. બહેનોને આ વાત યોગ્ય લાગી અને તેઓ આ યોજનાના લાભાર્થી બને છે.

**મિશન મંગલમ યોજના :**

- ગરીબી રેખા નીચે જીવતા પરિવારોના 10 થી 20 સભ્યોને સ્વસહાય જૂથોમાં સંગઠિત કરે છે.
- રૂ. 50/– થી રૂ. 200/– ની દર માસે આ જૂથ દ્વારા બચત થાય છે.
- આ બચતની રકમ તેઓ બેંકમાં જમા કરાવે છે.
- મહિલા સ્વ–સહાય જૂથ માટે આ જૂથ દ્વારા ધિરાણ મેળવવા અરજી.
- ધિરાણ મેળવી આ મહિલા મંડળ દ્વારા સીઝનેબલ વ્યવસાય શરૂ કરવામાં આવ્યા.
- સીઝનેબલ વ્યવસાયમાં દિવાળી પ્રસંગે ફટાકડા અને મિઠાઈ, ઉતરાયણ પ્રસંગે પતંગ અને દોરી, હોળી જેવા પ્રસંગે ખજૂર અને ધાણી એમ દરેક તહેવાર નિમિત્તે આ પ્રકારની પ્રવૃત્તિ આ મંડળ દ્વારા હાથ ધરવામાં આવી હતી. મંડળમાં જે કઈ આવક થતી તે જૂથના બધા જ સભ્યોમાં વહેંચવામાં આવતી હતી.

આમ, રાજ્ય સરકારશ્રીની આ મિશન મંગલમ યોજના થકી બહેનો સંગઠિત બની, ગરીબી નિવારણ માટેનો એક સક્ષમ ઉપાય શોધી આર્થિક સશક્તિકરણ માટેનું આ જૂથે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે.

## 5.6 સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ અને ઉદાહરણ :

આ પદ્ધતિમાં સમુદાયના સ્તરના જુદા–જુદા પ્રશ્નો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સામાજિક સંગઠનમાં સમુદાય કક્ષાએ જરૂરિયાતમંદ જૂથ માટે કે સમસ્યાગ્રસ્ત જૂથ માટે જરૂરી મદદ પૂરી પાડવામાં આવે છે.

**ઉદાહરણ–1 : મારું ગામ આદર્શ ગામ, મારું ગામ નિર્મળ ગામ.**

નિર્મળ ભારત અભિયાન – યોજના થકી ગામને નિર્મળ ગામ બનાવવાનો પ્રયાસ. સુખપુર નામનું એક ગામ છે. ગામ ખૂબ જ સુંદર અને રળિયામણું છે. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પૂરક વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય કરે છે. પશુપાલનના વ્યવસાયના પરિણામે લોકોના ઘરની આજુબાજુ ઉકરડા જોવા મળે છે. કચરો ગમે ત્યાં નાખવામાં આવે છે. પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા નથી માટે ચોમાસાની સીઝનમાં ગંદકી ખૂબ જ થાય છે. જેના પરિણામે સમગ્ર ગામનું આરોગ્ય જોખમાય છે. લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરે છે, જેના પરિણામે સમગ્ર ગામમાં ગંદકીનું સામ્રાજ્ય છે.

સુખપુર ગામમાં એક દિવસ એક સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકર આવે છે. ગામ લોકો સાથે બેઠક કરે છે. જેમાં ગામના મુખ્ય પ્રશ્ન ગંદકીનાં નિવારણ માટે શું કરી શકાય ? તે અંગે ગામ લોકો સાથે ચર્ચા કરે છે. નિર્મળ ભારત અભિયાન થકી સુખપુર ગામને નિર્મળ ગામ બનાવવાની વાત કરે છે. લોકો કાર્યકરની વાત સાથે સહમત થાય છે અને આ યોજનાનો લાભ લઈ સુખપુર ગામને નિર્મળગામ બનાવવાનાં અભિયાનમાં સૌ ગ્રામજનો જોડાય છે.

– દરેક કુટુંબમાં ઘરે ઘરે શૌચાલય બનાવે છે.
– ઘન અને પ્રવાહી સ્વરૂપના કચરા માટેની વ્યવસ્થા
– ખાતરના ખાડા, વર્મિ કમ્પોસ્ટ અને ગટરલાઈનની વ્યવસ્થા ગામમાં થાય છે.

ગામમાં સ્વચ્છતાના મુદ્દે લોકો જાગૃત થાય છે. ગામની અંદર સ્વચ્છતાની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. ગામની આ બદલાયેલ પરિસ્થિતિની નોંધ સરકાર દ્વારા લેવાય છે. સુખપુર ગામને નિર્મળ ગામનો દરજ્જો મળે છે. અને ગામને નિર્મળ ગામ પુરસ્કારથી સન્માનવામાં આવે છે.

## 5.7 ઉપસંહાર :

કુટુંબમાં જુદા–જુદા પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે. આ સમસ્યાઓના નિવારણ માટે સમાજકાર્યની વિવિધ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સમાજકાર્યની ત્રણ મુખ્ય પદ્ધતિઓની સાથે ચાર ગૌણ પદ્ધતિઓનો પણ ઉપયોગ કરી શકાય. જેમા સમાજ જીવનની જુદી–જુદી સમસ્યાઓના અભ્યાસ માટે સામાજિક સંશોધન પદ્ધતિ, સમાજકલ્યાણ વહીવટી પદ્ધતિ અને જ્યા સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓ કામે લાગતી ન હોય ત્યારે સામાજિક ક્રિયા નામની પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.

## 5.8 તમારી પ્રગતિ ચકાસો :

1. "સમાજકાર્ય વ્યક્તિ, જૂથો અને સમુદાયને તેમની સામાજિક, માનસિક અને ભૌતિક કલ્યાણ માટેની ઉચ્ચતમ માત્રાએ પહોંચાડવામાં મદદ કરે છે" – તેમ કયા વિદ્વવાને કહ્યું છે?

   (A) ફ્રિન્લેન્ડર (B) વિલિયમ (C) મેરી રિચમંડ (D) ક્લાર્ક

2. સમાજકાર્યની મુખ્ય પદ્ધતિઓ કેટલી છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

3. સમાજકાર્યની ગૌણ પદ્ધતિઓ કેટલી છે ?

(A) બે (B) ચાર (C) છ (D) આઠ

4. સામુદાયિક પદ્ધતિમાં સેવાર્થી તરીકે કોણ હોય છે ?

(A) વ્યક્તિ (B) જૂથ

(C) સમુદાય (D) ઉપરમાંથી એકપણ નહિ

## 5.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (C) **3.** (B) **4.** (C)

## 5.10 ચાવીરૂપ શબ્દો :

1. **સ્વસહાય જૂથ :** સ્વસહાય જૂથો (SHGS) એ સમાન સામાજિક – આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિઓના અનૌપચારિક જૂથો છે. જેઓ તેમની જીવન પરિસ્થિતિમાં સુધારો કરવાના સહિયારા ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ કરવા માંગે છે. સ્વસહાય જૂથ એ 18 થી 40 વર્ષની વયની 10 થી 25 સ્થાનિક મહિલાઓની સમિતિ છે.

2. **નિર્મળ ગામ :** સ્વચ્છ ગામને નિર્મળ ગામ તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં ખુલ્લામાં પાણી ઢોળાતું નથી. ઘરે–ઘરે શૌચાલય હોય તે ગામને રાજ્ય સરકાર દ્વારા ''નિર્મળ ગામ પુરસ્કાર'' આપવામાં આવે છે.

## 5.11 સ્વાધ્યાય લેખન :

1. કુટુંબ જીવનની વિવિધ સમસ્યાઓનો ઉકેલ માટે સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓનો પરિચય કરાવો.
2. સમાજકાર્યની જુદી–જુદી પદ્ધતિઓનાં ઉપયોગ–એકમનો અભ્યાસ ઉપયોગિતા જણાવો.
3. સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ–ક્ષેત્રકાર્યનાં અનુભવોનાં આધારે ઉદાહરણ સમજાવો.
4. સંગઠિત જૂથમાં કયા–કયા જૂથનો સમાવેશ કરી શકાય ? તે જણાવો.
5. કૌટુંબિક સમસ્યાના નિવારણ માટે તમે કરેલ કોઈપણ પદ્ધતિનાં ઉપયોગ વિશેની સવિસ્તૃત ચર્ચા કરો.

## 5.12 પ્રવૃત્તિ :

1. તમારા ફિલ્ડવર્કના ગામમાં ''સ્વસહાય જૂથ''ની મુલાકાત લો.
2. નિર્મળ ગામ – યોજના વિશેની તમારાં ગામની ગ્રામ પંચાયત અથવા તાલુકા પંચાયતમાંથી માહિતી મેળવો.

## 5.13 કેસ સ્ટડી :

1. તમારાં ફિલ્ડવર્કના ગામમાં સ્વસહાય જૂથની મુલાકાત લઈ સ્વસહાય જૂથના વિવિધ સભ્યો પૈકી કોઈ એક સભ્ય વિશે કેસ સ્ટડી તૈયાર કરો.
2. નિર્મળ ગામ પુરસ્કાર મળેલ કોઈપણ એક ગામની મુલાકાત લઈ નિર્મળ ગામના સંદર્ભે ગામ દ્વારા થયેલ વિવિધ કામો વિશેની જાણકારી મેળવો અને સફળતાની કેસ સ્ટડી તૈયાર કરો.

## 5.14 સંદર્ભગ્રંથ :


- સામાન્ય સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય : પ્રો. જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સગપણ સંબંધો, લગ્ન, કુટુંબ અને કુટુંબકલ્યાણ : પ્રો. એ. જી. શાહ, પ્રો.જે. કે. દવે
- કુટુંબનું સમાજશાસ્ત્ર : મયુર પ્રકાશન, પાલડી, અમદાવાદ.
- સામાન્ય સમાજશાસ્ત્ર : પ્રો. એ. જી. શાહ, પ્રો.જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ.
- સલાહ મનોવિજ્ઞાન : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- ગ્રામ વિકાસની કલ્યાણકારી યોજનાઓની રૂપરેખા : રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સેટેલાઈટ, અમદાવાદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-501**

# કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

વિભાગ

# 3

## માનસિક અસ્વસ્થતા


એકમ–1 વ્યાખ્યા, કારણો, કૌટુંબિક વ્યવસ્થાની અસરો તેમજ વર્તમાન પ્રવાહો

એકમ–2 વૈવાહિક ભંગાણ – ત્યકત્વું, છૂટાછેડા, અલગ થવું, તેના પ્રકારો, પ્રક્રિયા અને નિર્ણયાત્મક પરિબળો

એકમ–3 કૌટુંબિક હિંસા : વ્યાખ્યા અને પ્રકારો

ISBN : 978-93-91071-83-7


**લેખક**

| | |
|---|---|
| **હિલબેન પરમાર** | નિયામક,<br>મદદનીશ અધ્યાપક,<br>ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા,<br>વડોદરા. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) છાયા પટેલ** | પ્રાધ્યાપક<br>ફેકલ્ટી ઓફ સોશિયલ સાયન્સ,<br>ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા,<br>વડોદરા. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. હેતલ ગાંધી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>અમદાવાદ |


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનો–શારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનો–શારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ–અવરોહ, ભાવ–ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ–અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ–અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન–મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-501 કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

**વિભાગ–1 : કુટુંબનો પારંપારિક ખ્યાલ**

એકમ–1 કુટુંબનો અર્થ અને તેના લક્ષણ

એકમ–2 કુટુંબ વ્યવસ્થાના કાર્યો

એકમ–3 કુટુંબના પ્રકાર

એકમ–4 પુનર્લગ્ન આધારિત કુટુંબો

એકમ–5 વૈકલ્પિક કુટુંબ

**વિભાગ–2 : કુટુંબના કાર્યો તરીકે લગ્ન સંસ્થા**

એકમ–1 લગ્ન : એક સંસ્થા તરીકે

એકમ–2 દરમિયાનગીરીની વ્યૂહરચના-કુટુંબ સહાય માટે કાર્યરત એજન્સીઓની ભૂમિકા અને કાર્યો

એકમ–3 લગ્ન પૂર્વે, દામ્પત્ય અને છૂટાછેડા વિશે પરામર્શન

એકમ–4 કુટુંબમાં કટોકટી સમયે દરમિયાનગીરી, ઉપચાર અને લોકપેરવી

એકમ–5 સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ અને કેસ વિશેની રજૂઆત

**વિભાગ–3 : માનસિક અસ્વસ્થતા**

એકમ–1 વ્યાખ્યા, કારણો, કૌટુંબિક વ્યવસ્થાની અસરો તેમજ વર્તમાન પ્રવાહો

એકમ–2 વૈવાહિક ભંગાણ – ત્યકત્વું, છૂટાછેડા, અલગ થવું, તેના પ્રકારો, પ્રક્રિયા અને નિર્ણયાત્મક પરિબળો

એકમ–3 કૌટુંબિક હિંસા : વ્યાખ્યા અને પ્રકારો

**વિભાગ–4 : કુટુંબ અને કૌટુંબિક બાબતો**

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન : ખ્યાલ અને લાક્ષણિકતાઓ

**વિભાગ–5 : સામાજિક પરિવર્તન**

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 સામાજિક પરિવર્તનના કારણો અને તેની અસરો

એકમ–3 વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં આવતા પરિવર્તનો

## ઘટક પરિચય :

મિત્રો, આપણે આ વિષયમાં કુટુંબ વિશેની વિગતવાર માહિતી મેળવી. આપણો એક વિષય કુટુંબ સાથે કાર્યની વિસ્તૃત રીતે સમજણ આ વિષયનાં અલગ–અલગ ઘટકો દ્વારા મેળવવાનો પ્રયત્ન કરીશું. આપણે આગલાં ઘટકોમાં કુટુંબ એટલે શું ? આધુનિક કુટુંબવ્યવસ્થા, કુટુંબના પ્રકારો, લગ્ન સંસ્થા, કુટુંબના કાર્યો વગેરેની વિસ્તૃત માહિતી મેળવી.

આ ઘટકમાં આપણે માનસિક અસ્વસ્થતા, કુટુંબનું તૂટવું, કૌટુંબિક હિંસા વગેરેની માહિતી મેળવીશું. આપણે અગાઉના ઘટકમાં જોયું કે વ્યક્તિ વિકાસમાં. તેમજ વ્યક્તિના ઘડતરમાં કુટુંબ અગત્યનો ભાગ ભજવે છે; પરંતુ, ક્યારેક એવું બને છે કે કુટુંબમાં મતભેદને કારણે અથવા એવા વાતાવરણને કારણે ક્યારેક વ્યક્તિ માનસિક રીતે ભાંગી પડે છે. કુટુંબમાં કેટલાક અણબનાવને કારણે કુટુંબ તૂટી જાય છે તેમજ કેટલાંક કુટુંબમાં હિંસા વગેરે સામાન્ય બની જાય છે.

આ ઘટકમાં આપણે માનસિક અસ્વસ્થતા, તેના પ્રકારો, તેના કારણો, કુટુંબની માનસિક અસ્વસ્થતા પર અસર વગેરેની વિસ્તૃત જાણકારી મેળવીશું. તદઉપરાંત કુટુંબનું ભાંગી પડવું, તેના કારણો તેના પ્રકારો અને કૌટુંબિક હિંસા એટલે શું ? તેના પ્રકારો અને કારણોની જાણકારી પ્રાપ્ત કરીશું.

**ઘટક હેતુઓ :**

(1) માનસિક અસ્વસ્થતા વિશે ઊંડાણપૂર્વકની સમજ મેળવવી.

(2) માનસિક અસ્વસ્થતાના કારણો અને તેની કુટુંબ પર અસરની વિસ્તૃત માહિતી મેળવવી.

(3) વૈવાહિક ભંગાણ વિશે જાણકારી મેળવવી.

(4) વૈવાહિક ભંગાણના પ્રકારો અને તેના કારણોથી માહિતગાર થશે.

(5) કૌટુંબિક હિંસાની ઓળખ મેળવવી.

(6) કૌટુંબિક હિંસાના પ્રકારો અને કારણોની જાણકારી મેળવવી.

# એકમ–1 વ્યાખ્યા, કારણો, કૌટુંબિક વ્યવસ્થાની અસરો તેમજ વર્તમાન પ્રવાહો

## : એકમનું માળખું :


**1.0 એકમનો પરિચય**

**1.1 એકમના હેતુઓ**

**1.2 પ્રસ્તાવના**

**1.3 માનસિક અસ્વસ્થતાની ઓળખ**

**1.4 માનસિક અસ્વસ્થતાનાં કારણો**

**1.5 માનસિક અસ્વસ્થતાનાં લક્ષણો**

**1.6 પ્રવર્તમાન પ્રવાહો તેમજ કુટુંબવ્યવસ્થાની માનસિક સ્વાસ્થ્ય પર અસર**

**1.7 ઉપસંહાર**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

**1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**1.10 ચાવીરૂપ શબ્દો**

**1.11 સ્વાધ્યાય લેખન**

**1.12 પ્રવૃત્તિ**

**1.13 કેસ સ્ટડી**

**1.14 સંદર્ભગ્રંથ**


## 1.0 એકમનો પરિચય :

કુટુંબ વ્યવસ્થાની જુદાં–જુદાં પ્રકારની અસર જોવા મળે છે. આ એકમ અંતર્ગત તેની વિસ્તૃત વિભાવનાને સમજવાનો પ્રયત્ન કરેલ છે. શરીર સાથે મનનાં પણ જુદાં–જુદાં પ્રકારનાં પ્રશ્નો છે. માનવ શરીર બિમાર પડે છે. શરીરમાં તાવ આવે, માથું દુઃખે, પેટમાં દુઃખે જેવી... ફરિયાદો આપણને સાંભળવા મળે છે અને આવા સમયે માણસ દવાખાને જાય છે અને તેની સારવાર કરાવે છે.

આ એકમમાં માનસિક સ્વાસ્થ્યના સંદર્ભમાં જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં માનસિક અસ્વચ્છતાની ઓળખ, તેનાં કારણો, લક્ષણો અને પ્રવર્તમાન પ્રવાહો તેમજ કુટુંબ વ્યવસ્થાની માનસિક સ્વાસ્થ્ય પર અસર અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

## 1.1 એકમનો હેતુ :

(1) માનસિક સ્વાસ્થ્યની ઓળખ મેળવવી.

(2) માનસિક સ્વાસ્થ્યના કારણો, પ્રકારો અને લક્ષણોની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરવી.

(3) કુટુંબવ્યવસ્થાની માનસિક અસ્વસ્થતા પર અસર.

## 1.2 પ્રસ્તાવના :

આજકાલના આધુનિક યુગમાં વધુ પડતા કામના ભારણ, પરસ્પર વધી રહેલ નફરત, સ્વાર્થીપણું વગેરેને કારણે માનવી શારીરિક રીતે કંઈ કેટલીય બીમારીનો ભોગ બન્યો છે, આ બધાંની માનસિક સ્વાસ્થ્ય પર પણ ઊંડી અસર થાય છે. આ એકમમાં આપણે માનસિક અસ્વસ્થતા અથવા માનસિક રીતે ભાંગી જવું એટલે શું ? તેના કારણો, માનસિક અસ્વસ્થતાના લક્ષણો તેમજ આધુનિક કુટુંબવ્યવસ્થાની માનસિક સ્વાસ્થ્ય પર અસર વગેરેની વિસ્તૃત જાણકારી મેળવીશું.

## 1.3 માનસિક અસ્વસ્થતાની ઓળખ :

**માનસિક રીતે ભાંગી પડવું એટલે શું ?**

માનસિક અસ્વસ્થતા તે એક મર્યાદિત સમય માટે રહેતી માનસિક વિકૃતિ છે. પ્રાથમિક તબક્કામાં માનસિક અસ્વસ્થતા એ વ્યક્તિગત તણાવ, દબાણ, ગભરાટ વગેરે દર્શાવે છે. માનસિક રીતે ભાંગી પડવાના કારણે વ્યક્તિને શરૂઆતમાં તણાવ જણાય છે. ત્યારબાદ જો લાંબા સમય સુધી આ પરિસ્થિતિ ચાલુ રહે તો વ્યક્તિને રોજ–બરોજના કામ કરવામાં પણ અડચણ ઊભી થાય છે.

માનસિક રીતે ભાંગી પડવું તે એક કામચલાઉ સ્થિતિ છે. તે કાયમી સ્થિતિ નથી. માનસિક અસ્વસ્થતા ક્યારેક વધારે પડતા કામનાં તણાવથી, ઊંઘ પૂરી ન થવાના કારણે અથવા માનસિક બોજને કારણે થાય છે.

માનસિક રીતે ભાંગી પડવું તે મર્યાદિત સમય માટેની તીવ્ર પ્રતિક્રિયાત્મક વિકૃતિ છે કે જેમાં તણાવ, ગભરાટ વગેરે જેવા લક્ષણોનો સમાવેશ થાય છે. આ પરિસ્થિતિમાં મુખ્યત્વે બહારની પરિસ્થિતિ તરફથી દબાણ રહેતું હોય છે. સમાજમાં પ્રવર્તતા આસપાસની પરિસ્થિતિ મુખ્યત્વે જવાબદાર હોય છે.

કેટલાક સ્વાસ્થ્ય તજજ્ઞો આ સ્થિતિને આધુનિક માનસિક સ્વાસ્થ્ય કટોકટી તરીકે ઓળખે છે.

## 1.4 માનસિક અસ્વસ્થતાનાં કારણો :

માનસિક રીતે ભાંગી પડવું તે એક એવી પરિસ્થિતિ છે. જેનો ભોગ દરેક મનુષ્ય પોતાના જીવનકાળ દરમિયાન ક્યારેક બને છે. માનસિક રીતે ભાંગી પડવું તે કોઈ મોટી માનસિક બીમારી કે વિકૃતિ નથી; પરંતુ, ક્યારેક આપણી જિંદગીમાં કોઈક એવી ઘટનાનું નિર્માણ થાય છે જે અચાનક તેમજ અકલ્પનીય હોય છે. આવી અચાનક આવી પડેલ દુ:ખદ ઘટનાને કારણે આપણે તેને સહજ રીતે સ્વીકારી શકતા નથી અને જ્યાં સુધી આપણે તે પરિસ્થિતિનો સામનો કરવા માટે સમર્થ થતાં નથી, ત્યાં સુધી આપણને રોજ–બરોજની જિંદગી જીવવામાં તકલીફ ઊભી થાય છે.

માનસિક રીતે ભાંગી પડવા પાછળ ઘણાં–બધાં કારણો ભાગ ભજવે છે. વ્યક્તિ–વ્યક્તિએ આ કારણો અલગ–અલગ હોય છે; પરંતુ, કેટલાક સામાન્ય કારણો કે જેનાં કારણે માનવી માનસિક અસ્વસ્થતા અનુભવે છે, જે નીચે મુજબ છે. ૦

(1) સતત કામનું ભારણ

(2) હાલની કોઈ દુઃખદ ઘટના જેવી કે કોઈનું મૃત્યુ

(3) નાણાંકીય સમસ્યા

(4) જીવનમાં મહત્ત્વના બદલાવ/અણબનાવ

(5) ઓછી અથવા અપૂરતી બંધ

(6) હાલમાં આવી પડેલી કોઈ બીમારી કે ઈજા જેને કારણે રોજિંદા જીવનમાં મુશ્કેલી અનુભવાય.

ઉપરોક્ત કારણો વિશેની સવિસ્તૃત ચર્ચા નીચે પ્રમાણે છે.

**(1) સતત કામનું ભારણ :** વધારે પડતું કામ માણસને માનસિક રીતે થકવી નાખે છે. સતત અને વધારે પડતા કામનાં બોજથી માણસ દિવસ–રાત કામમાં રચ્યો પચ્યો રહે છે. આ કારણસર તે તેની કૌટુંબિક જવાબદારી બરાબર નિભાવી શકતો નથી. તેમજ તેની બીજી સામાજિક જવાબદારી અને સંબંધો પર પણ નકારાત્મક અસર થાય છે. મનને સ્વસ્થ રાખવા માટે એક પ્રકારનું સમતોલન ખૂબ જ આવશ્યક હોય છે; પરંતુ, જ્યારે તમે એક જ પ્રકારની ક્રિયામાં વધુ પડતો સમય રચ્યાં–પચ્યાં રહો તો તે તમને તણાવની પરિસ્થિતિમાં મૂકે છે. વધારે પડતા તણાવને કારણે માનસિક અસ્વસ્થતા ઊભી થાય છે. વધારે પડતાં કામનાં બોજને કારણે માનવી પોતાના શરીર પ્રત્યે દુર્લક્ષ સેવે છે. પરિણામે શારીરિક તેમજ માનસિક સમતોલન પણ બગડે છે.

**(2) હાલની કોઈ દુઃખદ ઘટના :** તત્કાળ બનેલી દુઃખદ ઘટના જેવી કે, કુટુંબમાં કોઈનું મૃત્યુ થયું. અચાનક સ્વજનનું મૃત્યુ થવું તે ખૂબ જ અસહ્ય અને અસ્વીકાર્ય પરિસ્થિતિનું નિર્માણ કરે છે. સ્વજનના મૃત્યુથી માનવી માનસિક રીતે ભાંગી પડે છે અને તેને રોજિંદા જીવનમાં અનુકૂળ થવામાં ભારે મુશ્કેલી ઊભી થાય છે.

**(3) નાણાંકીય સમસ્યા :** આપણે સૌ જાણીએ છીએ કે નાણાં એ માનવનું જીવનનું અવિભાજ્ય અંગ છે. આર્થિક સધ્ધરતા એ માનવીને ક્યારેક ખૂબ જ તાકાત પૂરી પાડે છે. આપણાં રોજબરોજના કાર્યો અને વ્યવહારો મોટેભાગે નાણાં સાથે સંકળાયેલ હોય છે. નાણાંકીય ભીડ એ માણસને સતત ચિંતામાં રાખે છે. આર્થિક ભીંસને કારણે રોજિંદી જીવનમાં ઘણી હાડમારી ભોગવવી પડે છે. આવાં સમયે જો માનવીને અચાનક મોટી નાણાંકીય સમસ્યા આવી પડે જેમ કે, સંપત્તિનું ગીરવે મૂકવું, રોકાણમાં મોટી ખોટ વગેરે આ બધી ઘટનાઓને કારણે માનવી માનસિક રીતે ભાંગી પડે છે.

**(4) જીવનમાં મહત્ત્વના બદલાવ/અણબનાવ :** માનવી જીવન એક પ્રકારની શૈલીમાં જીવતાં ટેવાઈ જાય છે. રોજબરોજ થતી ઘટનામાં માનવી સહેલાઈથી અનુકૂળ થઈ જાય છે; પરંતુ, અચાનક આવી પડેલ અણબનાવ માનવીને માટે અસહ્ય થઈ પડે છે અને જેનાથી માનવી મનથી ભાંગી પડે છે. જીવનમાં આકાર લીધેલ અણબનાવ જેમ કે, છૂટાછેડા

વગેરે. આપણે જે વ્યક્તિ સાથે લાગણીથી બંધાયેલા હોય જેના પર આપણે નિર્ભર હોઈએ તે વ્યક્તિનું કોઈ કારણસર આપણને તરછોડવું, છૂટાછેડા આપી દેવા વગેરે જેવી બાબતોને કારણે પણ વ્યકિત માનસિક રીતે અસ્વસ્થ થઈ જાય છે.

(5) **ઓછી અથવા અપૂરતી ઊંઘ :** ઊંઘ એ જીવમાત્રને કુદરત તરફથી મળેલ અમૂલ્ય ભેટ છે. જેમ માનવી શરીરને ટકાવી રાખવા તેમજ પોષણ માટે ખોરાક આવશ્યક છે તેવી જ રીતે મનને ખોરાક પૂરો પાડવા તેમજ તેના પોષણ માટે ઊંઘ અત્યંત આવશ્યક બાબત છે. ખોરાકથી શરીર સ્વસ્થ રહે છે. તેવી જ રીતે ઊંઘથી માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે. શરીર તેમજ માનસિક થાકને દૂર કરવા માટે ઊંઘ એ ઔષધ તરીકે કામ કરે છે; પરંતુ, લાંબા સમય સુધી ઊંઘ લેવામાં ન આવે અથવા અપૂરતી ઊંઘને કારણે માનસિક સ્વસ્થતા રહેતી નથી. તેને કારણે વ્યક્તિ કેટલીવાર બેચેની અનુભવે છે. આ પરિસ્થિતિ જો લાંબાગાળા સુધી રહે તો માનસિક અસ્વસ્થતા નિર્માણ થાય છે.

(6) **અચાનક આવી પડેલ કોઈ બીમારી કે ઈજા :** આપણે સૌ જાણીએ છીએ કે **'પહેલુ સુખ તે જાતે નર્યા'** એટલે કે નિરોગી હોવું એ સૌથી મોટામાં મોટું સુખ ગણાય છે. સ્વાસ્થ્ય સારું હોય તો જ આપણે આપણી રોજબરોજની ક્રિયાઓ સુવ્યવસ્થિત તેમજ રસપૂર્વક કરી શકીશુ; પરંતુ, અચાનક કોઈ મોટી બિમારી આવી પડે છે. કોઈ મોટી ઈજા થાય તો તે વ્યક્તિને ભાંગી દે છે. જેમ કે, અચાનક કોઈ અકસ્માત થયો અને તેમાં શરીરનું કોઈ એક અંગ ઈજાગ્રસ્ત થયું હોય છે પછી હૃદય રોગનો હુમલો. આવી બિમારી અને અણધારી ઈજાને કારણે વ્યક્તિ માનસિક રીતે ભાંગી જાય છે. આવી અણધારી આવી પડેલ બીમારી અથવા ઈજા માણસને રોજિંદા જીવનમાં મુશ્કેલીનું નિર્માણ કરે છે. માનવી પરતંત્ર બને છે. ક્યારેક કોઈ મોટી બિમારીને કારણે અથવા તો ઈજાનાં કારણે વિકલાંગતા પણ આવી જાય છે. આવી પરિસ્થિતિ, વ્યક્તિને માનસિક રીતે અસ્વસ્થ બનાવે છે.

## 1.5 માનસિક અસ્વસ્થતાનાં લક્ષણો :

જ્યારે વ્યક્તિ માનસિક રીતે અસ્વસ્થ હોય અથવા માનસિક રીતે ભાંગી પડે ત્યારે લક્ષણો શારીરિક, માનસિક તેમજ વર્તનમાં પણ અનુભવાય છે. આ લક્ષણો વ્યક્તિ વ્યક્તિએ અલગ–અલગ હોય છે. માનસિક અસ્વસ્થતાના કારણો પર તેના લક્ષણો પર અસર કરે છે. કેટલાંક સામાન્ય લક્ષણો નીચે મુજબ છે

(1) તણાવયુક્ત લક્ષણો જેવા કે, આશા છોડી દેવી તેમજ આપઘાત અને પોતાને નુકસાન પહોંચાડવાના વિચારો.

(2) ઊંચો રક્ત દબાવ અને ગભરામણ, ખરાબ પેટ, ચક્કર આવવા, ધ્રુજારી આવવી વગેરે.

(3) અનિંદ્રા

(4) મનની મનોસ્થિતિમાં વધારે પડતો બદલાવ.

(5) શ્વાસ લેવામાં તકલીફ થવી, વધારે પડતો ડર લાગવો, છાતીમાં દુઃખાવો થવો, પોતાની જાતથી તેમજ વાસ્તવિકતાથી અલગ થવું.

(6) ભ્રમણાઓ થવી.

(7) જે લોકો માનસિક રીતે ભાંગી પડેલ હોય તે ક્યારેક કુટુંબીજનો, મિત્રો તેમજ સહકર્મીઓથી પણ પોતાને દૂર રાખે છે.

- સામાજિક પ્રસંગોને અવગણવા.
- અપૂરતું ભોજન અને અપૂરતી ઊંઘ
- ઘરમાં પોતાને બીજા લોકોથી અલગ રાખવા અલગ રહેવું.
- લાંબા સમય સુધી કામ પર ગેરહાજર.
- સામાન્ય કરતાં વધુ પડતું થાકી જવું.
- જલ્દીથી ગુસ્સો આવી જવો.
- સામાન્ય રીતે ભવિષ્યને લઈને બાળકોને લઈને, કામ તેમજ રૂપિયાને લઈને અસુરક્ષિત રહેવું અને ચિંતામાં વધારો થવો.
- તમે જે વસ્તુને કાબૂમાં નથી લઈ શકતાં તેને લઈને વધુ પડતા વિચાર કરવો.
- કોઈ વાતને પહોંચી વળવા તેમજ તેનો સામનો કરવાની અસમર્થતા.
- વધારે પડતું રડવું.
- એકલતાનો અનુભવ કરવો.

## 1.6 પ્રવર્તમાન પ્રવાહો તેમજ કુટુંબવ્યવસ્થાની માનસિક સ્વાસ્થ્ય પર અસર :

કુટુંબ એ દરેક વ્યક્તિનાં જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિનાં ઘડતરમાં કુટુંબ એ અગત્યનું પાસું છે. વ્યક્તિના વિકાસમાં કુટુંબની ભૂમિકા પાયારૂપ હોય છે. જો વ્યક્તિને કુટુંબમાં જ યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં આવે તો તે બાળકને ઉન્નતિ તરફ થઈ જાય છે; પરંતુ, જો કુટુંબમાં યોગ્ય વાતાવરણનો અભાવ હોય તો તે બાળકને અનીતિ તરફ ઘસડી જાય છે.

અયોગ્ય/અનુચિત વાતાવરણની વ્યક્તિના મન પર ખૂબ જ નકારાત્મક અસરો થાય છે. માનસિક અસ્વસ્થતા અનુભવાય છે. કુટુંબ દ્વારા જ વ્યક્તિની શારીરિક, માનસિક તેમજ આર્થિક જરૂરિયાતો સંતોષાય છે.

કુટુંબ એ વ્યક્તિને મુશ્કેલીના સમયમાં ટકી રહેવા તેમજ તેનો સામનો કરવા માટે જોમ પૂરું પાડે છે. કુટુંબમાં રહીને જ માનવી તેની દરેક જરૂરિયાતો સુચારૂ રૂપે પૂરી કરી શકે છે. પણ, કેટલાક કિસ્સાઓ સમાજમાં આપણને આનાથી વિપરીત પણ જોવા મળે છે. અયોગ્ય વાતાવરણને કારણે તેમજ કુટુંબના લોકોના સાથ–સહકારને અભાવે વ્યક્તિ વિકાસ સાધી શકતો નથી. ક્યારેક આ પરિસ્થિતિ એટલી હદે આકાર લે છે કે વ્યક્તિ આપઘાત કરવા પણ તૈયાર થઈ જાય છે.

માનસિક સ્વસ્થતા માટે યોગ્ય કુટુંબવ્યવસ્થા હોવી અત્યંત આવશ્યક બાબત છે. તેનાથી ઉલટું, અયોગ્ય કુટુંબવ્યવસ્થા માનવીને માનસિક રીતે અસ્વસ્થ બનાવે છે. આજના સમયમાં બદલાતી રહેલી કુટુંબવ્યવસ્થા માનવી મન પર ખૂબ જ પ્રભાવ પાડી રહી છે. બદલાતી કુટુંબ વ્યવસ્થાના પરિણામો સમાજમાં ઝડપથી આકાર લઈ રહેલ છે જે માનવીને એકલતા અને માનસિક અસ્વસ્થતા તરફ લઈ જઈ રહ્યાં છે.

આપણે સૌ જાણીએ છીએ કે પ્રાચીન સમયમાં કુટુંબએ સંયુક્ત કુટુંબ હતું. જેમાં સૌ હળીમળીને રહેતાં હતાં. બધાં જ લોકોના જીવન નિર્વાહ માટેનું સાધન એક જ હતું. જેમાંથી તેમની બધી જરૂરિયાતો પૂરી થતી. કુટુંબમાં ભેગા રહેવાથી તેમજ તહેવારોમાં માધ્યમથી એકતા ટકી રહેતી તેમજ શુદ્ધ મનોરંજન થતું હતું.

પરંતુ, આજના સમયમાં પરિસ્થિતિ બદલાઈ છે. ઔદ્યોગિક વિકાસ, વૈજ્ઞાનિક શોધખોળો એ વ્યક્તિની રોજબરોજની જિંદગીમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. વધુ પડતા ઔદ્યોગિકીકરણને તેમજ વૈજ્ઞાનિક શોધખોળો એ માનવી જીવનમાં સારા પરિણામો આવ્યા છે તેવી જ રીતે તેની નકારાત્મક અસરો પણ જોવા મળે છે. ઔદ્યોગિકીકરણ તેમજ વિજ્ઞાને માનવજીવનને વિકાસનાં પંથે દોરી રહ્યો છે. વિજ્ઞાનની શોધખોળો અને આધુનિકીકરણ તેમજ ઔદ્યોગિકીકરણને સમાજ વ્યવસ્થા પર નકારાત્મક અસરો ઊભી કરી છે. આ બે પરિબળોને કારણે આર્થિક વ્યવસ્થા અને કુટુંબવ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર થયેલ છે.

વધારે પડતાં ઔદ્યોગિકીકરણ તેમજ વિજ્ઞાનની શોધખોળોથી માનવી જીવનનિર્વાહ માટે ઉદ્યોગો પર નિર્ભર બન્યો. આમ થવાથી કુટુંબના પોતાના વ્યવસાય નાશ પામ્યા છે.

સ્વતંત્ર આર્થિક ઉપાર્જન કરવાની જગ્યાએ વ્યક્તિ નિર્ભર બન્યો જેને કારણે તેની સ્વતંત્રતા છીનવાઈ. આ બધી જ પરિસ્થિતિની કુટુંબવ્યવસ્થા પર ખૂબ જ પ્રભાવ પડ્યા છે.

ઔદ્યોગિકીકરણને કારણે શહેરીકરણનો ફેલાવો થયો. શહેરીકરણને કારણે ગામડામાં વસતાં લોકો શહેર તરફ વળવા લાગ્યા, જેને કારણે કુટુંબવ્યવસ્થામાં મોટાપાયે ફેરફાર થયાં. આ પ્રક્રિયાએ માનવજીવન તેમજ કૌટુંબિક જીવનને વધુ જટિલ બનાવ્યું છે. કુટુંબમાં સ્ત્રી–પુરુષની ભૂમિકા પણ બદલાઈ છે જેની સમાજજીવન પર વિવિધ અસરો પડેલ છે.

બદલાયેલ કુટુંબવ્યવસ્થાને કારણે સંયુક્ત કુટુંબની જગ્યાએ વિભક્ત કુટુંબ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી નારીવાદ અસ્તિત્વમાં આવતાં તેણે કુટુંબમાં રહેલ પ્રશ્નો જેવાં કે સમાન હકો વગેરે પર સવાલ ઊભા કર્યા. ઔદ્યોગિકીકરણ, નારીવાદ વગેરેને લીધે વિભક્ત કુટુંબવ્યવસ્થાનો જન્મ થયો. પોતાના વ્યવસાયો તૂટતા બેકારી વધી. તેને કારણે નાણાંકીય ભીડ વધવા લાગી. કર્તવ્ય અને ફરજની જગ્યાએ માત્ર હકની માંગણી થવા લાગી છે. કુટુંબવ્યવસ્થામાં પ્રવર્તત સાંસ્કૃતિક મૂલ્યો ધીમે–ધીમે ભૂંસાવા લાગ્યાં છે.

નારીવાદ, ઔદ્યોગિકીકરણ, વૈજ્ઞાનિક શોધખોળોને કારણે માનવી વધુ પડતો સ્વાર્થી, સ્વચ્છંદી તેમજ એકાંકી બનવા લાગ્યો છે. મૂલ્યો નાશ પામવાને કારણે વ્યક્તિનું વર્તન ઉદ્ધતાઈભર્યું બન્યું છે.

આ બધાં જ પરિબળોને કારણે તણાવ અને અસુરક્ષાનો ભય પેદા થયો. છૂટાછેડાનો દર પણ વધવા લાગ્યો. આવા કંઈ કેટલાય આંતરિક તેમજ બાહ્ય પરિબળોને કારણે માનવી માનસિક રીતે અસ્વસ્થ બનવા લાગે છે.

બાહ્ય પરિબળો જેવા કે બેકારી, શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ વગેરે પરિબળોએ માનવીને જાણે હરીફાઈમાં ભાગ લીધેલ ઘોડો જ બનાવી દીધો. માનવી વધુ પડતો સંકુચિત બનતો ગયો. સરળ વ્યક્તિત્વનું સ્થાન દેખાડાએ લઈ આવાં કઈ કેટલાંય પરિબળોને કારણે કુટુંબમાં માત્ર એક વ્યક્તિ જ નહીં; પરંતુ, બાળક, યુવાન, વૃદ્ધ વગેરે બધાં જ લોકો તણાવ અનુભવે છે.

વધુ પડતા તણાવને કારણે શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય પણ બગડે છે. બદલાયેલ જીવનશૈલી તેમજ વધુ પડતા તણાવને કારણે મધુપ્રમેહ (ડાયાબિટીશ) જેવી બીમારીએ પણ પગપેસારો કર્યો છે. આ બધી જ પરિસ્થિતિને કારણે વ્યક્તિ તેના વ્યાવસાયિક જીવન તેમજ કૌટુંબિક જીવનમાં સમતોલન જાળવી શકતો નથી, આ સમતોલન માનવીને વધુ ને વધુ તણાવમાં મૂકે છે અને માનસિક રીતે માનવી ભાંગી પડે છે.

## 1.7 ઉપસંહાર :

આપણે જોયું કે માનસિક અસ્વસ્થતા એટલે શું ? વ્યક્તિ જો હદ કરતાં વધુ કામ કરે તો તે શરીરથી થાકી જાય છે. તેને આરામની આવશ્યકતા રહે છે. જો આરામ ન મળે તો વ્યક્તિ બીમાર થાય છે. તેવી જ રીતે વ્યક્તિ વધુ પડતા કામના ભારણથી, તણાવયુક્ત જીવનથી અથવા ક્યારેક બનતાં અણબનાવથી માનસિક રીતે થાકી જાય છે. માનસિક રીતે થાકી જવાથી, કંટાળી જવાથી માનવી પરિસ્થિતિનો સામનો કરી શકતો નથી. આધુનિક કુટુંબ વ્યવસ્થાની માનવીના જીવ પર ઊંડી નકારાત્મક અસર થાય છે. તેના વિશે આપણે આ એકમના માધ્યમ દ્વારા જાણવાનો પ્રયત્ન કર્યો છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

1. માનસિક રીતે ભાંગી પડવું તે કેવી સ્થિતિ છે ?

   (A) કાયમી (B) કામચલાઉ

   (C) મિશ્ર સ્થિતિ (D) ઉપરમાંથી એકપણ નહિ

2. માનસિક અસ્વચ્છતા થવાના મુખ્ય કારણો કયા છે તે જણાવો.

   (A) તણાવ (B) ઊંઘ પૂરી ન થવી

   (C) માનસિક બોજ (D) ઉપરોક્ત બધા

3. માનસિક અસ્વસ્થતાનાં લક્ષણો કયા છે તે જણાવો.

   (A) આપઘાતનાં વિચારો (B) ખરાબ પેટ

   (C) ભ્રમણાઓ થવી (D) ઉપરોક્ત બધા

4. ગુજરાતમાં માનસિક આરોગ્યની કેટલી હોસ્પિટલ આવેલી છે ? તેની સંખ્યા જણાવો.

   (A) બે (B) ચાર (C) છ (D) આઠ

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (B) **2.** (D) **3.** (D) **4.** (B)

## 1.10 ચાવીરૂપ શબ્દો :

1. **મનોસ્થિતિ :** મનની સ્થિતિને મનોસ્થિતિ તરીકે ઓળખવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ ખરાબ મનોસ્થિતિને કારણે માનસિક મુશ્કેલી અનુભવે છે.

2. **માનસિક સ્વાસ્થ્ય :** શરીરની માફક મન એ પણ ખૂબ મહત્ત્વનું કામ કરે છે. શરીર જેમ બિમાર પડે તેમ ક્યારેક માનસિક મુશ્કેલીઓને કારણે માનસિક સ્વાસ્થ્ય બગડે છે. તંદુરસ્ત શરીરની સાથે તંદુરસ્ત મન હોવું જરૂરી છે.

## 1.11 સ્વાધ્યાય લેખન :

1. માનસિક રીતે ભાંગી પડવું એટલે શું ? ફિલ્ડવર્કના અનુભવને આધારે સમજાવો.
2. માનસિક અસ્વસ્થતાનાં કારણોની વિસ્તારપૂર્વક ચર્ચા કરો.
3. માનસિક અસ્વસ્થતાનાં લક્ષણો વર્ણવો.
4. પ્રવર્તમાન પ્રવાહો અને કુટુંબવ્યવસ્થાની માનસિક અસ્વસ્થતા પર થતી અસરની વિસ્તૃત ચર્ચા કરો.

## 1.12 પ્રવૃત્તિ :

1. તમારી નજીકમાં આવેલ હોસ્પિટલ ફોર મેન્ટલ હેલ્થ (માનસિક આરોગ્યની હોસ્પિટલ)ની મુલાકાત લઈ તેની સ્થાપના અને વિવિધ વિભાગોની કામગીરીનો પરિચય મેળવો.

## 1.13 કેસ સ્ટડી :

1. તમારાં ફિલ્ડવર્કના ગામમાં અથવા આજુબાજુના ગામમાં વિવિધ માનસિક બિમારીઓ ધરાવનાર વ્યક્તિઓ પૈકી કોઈ બિમારી ધરનાવનાર વ્યક્તિની વિગતવાર કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.14 સંદર્ભગ્રંથ :


- Abnormal Psychology and Modern Life, D. B. Taparorevala Sons & Co. Pvt. Ltd.
- Diagnostic and Statistical Manual of Mental Disorders, DSM – VI – TR, American Psychiatric Association, Jaypee Brothers, Medical Publishers(P Ltd., New Delhi.

# એકમ–2 વૈવાહિક ભંગાણ - ત્યકત્વું, છૂટાછેડા, અલગ થવું, તેના પ્રકારો, પ્રક્રિયા અને નિર્ણયાત્મક પરિબળો

: એકમનું માળખું :


2.0 એકમનો પરિચય

2.1 એકમના હેતુઓ

2.2 પ્રસ્તાવના

2.3 વૈવાહિક ભંગાણ એટલે શું ?

2.4 વૈવાહિક સબંધો તૂટવાના કારણો

2.5 વૈવાહિક ભંગાણના પ્રકારો

2.6 ઉપસંહાર

2.7 તમારી પ્રગતિ ચકાસો

2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સ્વાધ્યાય લેખન

2.11 પ્રવૃત્તિ

2.12 કેસ સ્ટડી

2.13 સંદર્ભગ્રંથ


## 2.0 એકમનો પરિચય :

કુટુંબ એ આપણી સામાજિક સંસ્થા છે. સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે કુટુંબએ મહત્ત્વનું પરિબળ છે. કુટુંબ સાથે લગ્ન વ્યવસ્થા જોડાયેલી છે. કુટુંબના વંશને આગળ વધારવા માટે લગ્ન સંસ્થાનો મહત્ત્વનો ભાગ છે. લગ્ન સંસ્થા કેટલાક કારણોસર તૂટતી જાય છે, આ તૂટતી લગ્ન વ્યવસ્થાને ટકાવવી જરૂરી છે.

આ એકમમાં વૈવાહિક ભંગાણ એટલે શું ? વૈવાહિક સબંધો તૂટવાના કારણો, વૈવાહિક ભંગાણના પ્રકારો વિશે વિગતે ચર્ચા કરવામાં આવે છે.

## 2.1 એકમનો હેતુ :

(1) વૈવાહિક ભંગાણની જાણકારી મેળવવી.

(2) વૈવાહિક ભંગાણના કારણો વિશે જાણવું.

(3) વૈવાહિક ભંગાણના અલગ–અલગ પ્રકારોથી માહિતગાર થવું.

## 2.2 પ્રસ્તાવના :

આપણે અગાઉના એકમમાં જોયું કે માનવી ક્યારેક અમુક એવી ઘટનાથી માનસિક રીતે ભાંગી પડે છે. ક્યારેક એવું બનતું હોય છે કે કુટુંબના સભ્યોમાં સુમેળ, સમાન સમજનો અભાવ હોય તો કુટુંબ તૂટી જતું હોય છે.

આ એકમમાં આપણે કુટુંબ તૂટી જવું એટલે કે વૈવાહિક જીવન ભંગ થવું એટલે શું? તેની ઓળખ તેના પ્રકારો અને કારણોની ઊંડાણપૂર્વકની જાણકારી પ્રાપ્ત કરીશું.

## 2.3 વૈવાહિક ભંગાણ એટલે શું ?

વૈવાહિક ભંગાણ એ પરિણિત યુગલની અલગ થવાની પ્રક્રિયા દર્શાવે છે. લગ્ન બાદ યુવક એક એવી પરિસ્થિતિએ પહોંચે છે જ્યાં બંને એકબીજા સાથે સામાન્ય રીતે રહી શકતા નથી, સંબંધ એ રીતે તૂટે છે કે બંનેને ફરીથી સાથે રાખવા અને ટકાવવા શક્ય હોતું નથી. આ પ્રક્રિયાના ઘણાં તબક્કા છે. આ એક જટિલ પ્રક્રિયા છે કે જેમાં માનસિક, આર્થિક અને ક્યારેક ધર્મનો પણ સમાવેશ કરવામાં આવે છે. વૈવાહિક સંબંધોમાં જ્યારે કોઈ ઉપાય બચતો નથી. ત્યારે તે ક્યારેક છૂટાછેડા સુધી પણ પહોંચે છે. વૈવાહિક સંબંધોના તૂટવાથી માત્ર દંપતિ જ નહીં; પરંતુ, બાળકો અને કુટુંબના અન્ય સભ્યો પણ તેનો ભોગ બને છે. ક્યારેક તે લોકોએ પણ ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ આખી પ્રક્રિયા દરમિયાન ક્યારેક સંબંધોનો અંત આવી જાય છે અથવા તો ક્યારેક અલગ થઈને દૂર રહીને સંબંધ નિભાવવા પડે છે. દરેક વૈવાહિક ભંગાણ એ અલગ–અલગ પરિસ્થિતિમાં અલગ રીતે થાય છે.

વૈવાહિક સંબંધો ટકવાના તેમજ તૂટવાના ઘણાં બધાં કારણો હોય છે. દરેક કિસ્સામાં આ કારણો અલગ–અલગ હોય છે. જરૂરી નથી કે દરેક વૈવાહિક ભંગાણ છૂટાછેડામાં જ પરિણમે. વૈવાહિક ભંગાણનાં અલગ–અલગ પ્રકારો છે.

## 2.4 વૈવાહિક સબંધો તૂટવાના કારણો :

વૈવાહિક સંબંધો તૂટવાના ઘણાં કારણો છે, જેમાંના કેટલાક કારણો નીચે દર્શાવ્યા મુજબનાં છે.

- વાતચીત બંધ થઈ જવી.
- વિશ્વાસઘાત અથવા છેતરપીંડી કરવી.
- કંટાળાભર્યું જીવન.
- નાણાંકીય સમસ્યા.
- દારૂ અને બીજા વ્યસન
- મતભેદ
- બેવફાઈ કરવી.
- મૂલ્યો અને માન્યતામાં ભેદભાવ/ફરક હોવો.

- જીવનમાં કોઈ એવો આઘાતજનક બનાવ.
- લાંબા સમય સુધી રહેતો તણાવ જેમ કે, કામને લઈને તણાવ, લાંબાગાળાની બીમારી, માનસિક સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા વગેરે.
- ભાવનાત્મક જરૂરિયાત ન સંતોષવાને કારણે
- સંબંધોથી કંટાળો આવવો.
- એકબીજાની અવગણના કરવી.
- એકબીજા પર આરોપ મૂકવા. પોતાની જવાબદારી ન નિભાવવી.
- પોતાની ભૂલ ન સ્વીકારતાં દોષારોપણ કરવું.
- ઘરેલું હિંસા.
- એકબીજા તરફ દુર્લક્ષ સેવવું, કાળજી ન કરવી.
- એકલતા.
- રોમાંચનો અભાવ.
- પુત્ર ન થવો અથવા સંતાન ન થવું.

વૈવાહિક સબંધો તૂટવાના ઉપરોક્ત તમામ કારણોની વિસ્તૃત છણાવટ નીચે મુજબ છે.

**(1)** **વાતચીત બંધ થઈ જવી :** દરેક સંબંધને મજબૂત બનાવી રાખવા અને ટકાવવા બે પાત્ર વચ્ચે વાતચીત/સંવાદ હોવો જરૂરી છે. સંવાદના માધ્યમથી જ તમે એકબીજાને તમારી લાગણીઓ દર્શાવી શકો છો. સંવાદના માધ્યમથી તમે એકબીજાની લાગણીને સમજીને એને અનુરૂપ વર્તન કરવા પ્રેરાવ છો; પરંતુ, ક્યારેક લગ્નના થોડા વર્ષ પછી વૈવાહિક જીવનમાં નિરસતા આવવા લાગે છે. બંને પાત્ર વચ્ચે વાતચીતનો દોર ઘટવા લાગે છે. ક્યારેક તો એ સાવ બંધ જ થઈ જાય છે. લાંબા સમય સુધી બંને પાત્ર વચ્ચે સંવાદ ન થાય તો લાગણીના આપ–લેના અભાવે તમારૂં વૈવાહિક જીવન તૂટી પડે છે.

**(2)** **વિશ્વાસઘાત અથવા છેતરપીંડી કરવી :** આપણા સમાજમાં લગ્નને પવિત્ર બંધન માનવામાં આવે છે. આજીવન રહેનારા આ સંબંધમાં વિશ્વાસનું અદકેરૂ મહત્ત્વ હોય છે. વિશ્વાસના પાયા પર જ આ સંબંધની ગરિમા ટકાવી રાખવાનું કામ કરે છે; પરંતુ, જો બંનેમાંથી કોઈ એક પાત્ર પણ એવું કોઈ કાર્ય કરે કે જેનાથી બીજા પાત્રનો વિશ્વાસ ટકાવવો મુશ્કેલ થઈ જાય તો તેવા સંજોગોમાં વૈવાહિક જીવન સમાપ્તિના આરે આવી જાય છે.

**(3)** **કંટાળાભર્યું જીવન :** વૈવાહિક જીવન જેટલું રમણીય અને રોમાંચક ભર્યું શરૂઆતના તબક્કામાં હોય છે. એટલું જ જટિલ થોડા વર્ષો બાદ થઈ જાય છે. વૈવાહિક જીવનમાં જવાબદારી પણ ઘણી નિભાવવાની હોય છે. આ બધી જ વસ્તુ જો રોજ–બરોજની ચીલાચાલુ પ્રક્રિયા બની જાય તો તે જીવનને કંટાળાજનક બનાવે છે. વૈવાહિક જીવનને સમયાંતરે પુષ્ટિ મળે તે જરૂરી છે. તે માટે બંને એ પાત્રએ સાથે મળીને પ્રયત્ન કરવો જરૂરી છે; પરંતુ, આમ ન થઈ શકવાને કારણે ક્યારેક લગ્ન તૂટી જતાં હોય છે. અને જીવનમાં એક પ્રકારની નિરાશા આવતી જાય છે અને જીવન ખૂબ કંટાળાભર્યું લાગે છે.

**(4) નાણાંકીય સમસ્યા :** આર્થિક સદ્ધરતા એ સરળ જીવન જીવવા માટે આવશ્યક બાબત છે. વ્યક્તિની રોજ–બરોજની જરૂરિયાત પૂરી કરવા માટે નાણાં પૂરતા પ્રમાણમાં હોવા જરૂરી છે; પરંતુ, જો કોઈ નાણાંકીય સમસ્યા ઊભી થાય અથવા અપર્યાપ્ત નાણું કે જે જરૂરિયાત પૂરી કરવા માટે સક્ષમ નથી તો પાત્રની હાડમારી વધી જાય છે. જેને કારણે ક્યારેક વૈવાહિક જીવન ખલાસ થઈ જાય છે.

**(5) દારૂ અને બીજા વ્યસન :** વ્યસન જો પર્યાપ્ત માત્રામાં અને યોગ્ય સમયે લેવામાં આવે તો જ તે ફાયદાકારક ગણાય છે; પરંતુ, જો વધુ પડતા દારૂના સેવનથી અથવા તો બીજા કેટલાક પ્રકારના વ્યસનની આદતથી બીજા પાત્રને સખત વિરોધ હોય છે. બંને પાત્ર વ્યસનને લઈને સરખો મત ધરાવતા હોતા નથી. આમ, જો વધુ પડતા વ્યસનને પણ લગ્ન સંબંધ તૂટી શકે છે.

**(6) મતભેદ :** સારાં લગ્નજીવન માટે બંને વચ્ચે સમજ ખૂબ જ આવશ્યક બાબત હોય છે. બંનેના મત એક હોય, રસ એક પ્રકારના હોય તો વૈવાહિક જીવન સરળ રહે છે; પરંતુ, જો ક્યારેક બંનેના મત બિલકુલ વિરોધી હોય તો હંમેશા પાત્રને બીજા પાત્રની વિચારસરણી, રહેણીકરણી અને વર્તનથી ફરિયાદ રહે છે. વારંવાર મતભેદ થાય છે, ઝઘડાનું પ્રમાણ વધે છે. જેને કારણે ક્યારેક લગ્ન તૂટે છે.

**(7) બેવફાઈ કરવી :** આપણે જોયું કે વિશ્વાસ એ સંબંધનું બળતણ છે. વિશ્વાસ હોવો અને ટકાવી રાખવો એ વૈવાહિક જીવન માટે અત્યંત જરૂરી છે; પરંતુ, જો કોઈ એક પાત્ર બીજા કોઈ બહારના વ્યક્તિ સાથે આકર્ષાઈને અથવા સંજોગવસાત હદ કરતાં વધુ સંબંધ વિકસાવે તો પાત્રને અણગમો પેદા થાય છે, તેના કારણે વિશ્વાસ ડગી જાય છે અને સંબંધ નાશ પામે છે.

**(8) મૂલ્યો અને માન્યતામાં ભેદ/ફરક હોવો :** સફળ લગ્નજીવન માટે વૈચારિક સમાનતા આવશ્યક છે. બંનેના વિચારો મળે તો સંબંધ નિભાવવો સરળ બને છે. દરેક વ્યક્તિના પોતાના જીવનમાં કેટલાય મૂલ્યો અને માન્યતા હોય છે જે તેને સામાજિકરણની પ્રક્રિયામાંથી મળેલ હોય છે. માનવી પોતાના જીવનમાં વર્તન તેમજ કેટલાંક નિર્ણય આ મૂલ્યો અને માન્યતાનાં આધારે જ કરતો હોય છે; પરંતુ, જો વૈવાહિક જીવનમાં પતિ–પત્નીના મૂલ્યોમાં વધારે પડતો ફરક અથવા ભેદભાવ ક્યારેક સંબંધ તૂટવાનું કારણ બની શકે છે.

**(9) જીવનમાં કોઈ એવો આઘાતજનક બનાવ બનવો :** ઘણી બધી વખત વ્યક્તિના જીવનમાં ક્યારેક એવી પરિસ્થિતિ આકાર લે છે જેને કારણે તે પરિસ્થિતિનો સામનો કરવો વ્યક્તિ માટે અસહ્ય બને છે. અણધારી આવી પડેલ આવી ઘટના માનવીને માનસિક રીતે અસ્વસ્થ બનાવે છે. જેની સાથે આપણે લાગણીથી જોડાયેલા હોય તેવી વ્યક્તિના અકસ્માત અથવા મૃત્યુથી વ્યક્તિ હચમચી ઊઠે છે. આવું થવાના કારણે તે ઘણી વખત બેચેની અનુભવે છે, રોજબરોજની ક્રિયામાં તેનું મન લાગતું નથી, નિરસતા અનુભવે છે, એકલું રહેવાનું પસંદ કરે છે, સામાજિક મુલાકાતો કરવાનું ટાળે છે. આવા કારણોસર તેના લગ્નજીવનમાંથી પણ રસ ઊઠી જાય છે. આવી ઘટનાની ક્યારેક વૈવાહિક જીવન પર પણ નકારાત્મક અસર જોવા મળે છે.

**(10) લાંબા સમય સુધી રહેતો તણાવ :** આજકાલ માનવી યંત્રયુગમાં જીવન જીવતો થવાથી ક્યારેક તે પણ યંત્રવત બની ગયો છે. ઔદ્યોગિકીકરણ અને આધુનિકીકરણને લીધે માનવજીવન સંઘર્ષમય બન્યું છે. સમસ્યાઓ રોજ નવાં–નવાં રૂપે દર્શન આપે છે. જીવન વધારે પડતું જટિલ બન્યું છે. વધારે પડતો કામનો તણાવ પણ માનવી અનુભવી રહ્યો છે. લાંબા સમય સુધી રહેતો તણાવ શુષ્કતા લાવે છે. આ તણાવ ક્યારેક વધારે પડતાં કામનાં ભારણથી, લાંબાગાળાની બીમારીથી અથવા માનસિક અસ્વસ્થતાના કારણે પણ હોઈ શકે છે. આવો લાંબા સમય સુધી રહેતો તણાવ વ્યક્તિની વૈવાહિક જીવનમાં પણ સંઘર્ષ જન્માવે છે. જેને કારણે સંબંધ વિચ્છેદ થાય છે.

**(11) ભાવનાત્મક જરૂરિયાત ન સંતોષવાનાં કારણે :** કુટુંબની એક ભૂમિકા વ્યક્તિની જરૂરિયાતને સંતોષવાની હોય છે. કુટુંબમાં રહેલ વ્યક્તિ અને સુઆયોજિત વ્યવસ્થાના કારણે વ્યક્તિની, શારીરિક, માનસિક, આર્થિક તેમજ ભાવનાત્મક જરૂરિયાત સંતોષાતી નથી. આ ભાવનાત્મક જરૂરિયાતનો અસંતોષ એ પણ વૈવાહિક જીવનનાં ભંગાણ માટે જવાબદાર હોય છે.

**(12) સંબંધથી કંટાળો આવવો :** આગળ જોયું તેમ વૈવાહિક જીવન સાથે ઘણી બધી જવાબદારી સંકળાયેલ હોય છે. લગ્ન એ એક ખૂબ મોટી જવાબદારી છે તેની સાથે સંકળાયેલ દરેક વ્યક્તિની જરૂરિયાતને સમજવી અને તેને અનુકૂળ વર્તન એ સામાન્યતઃ અપેક્ષિત હોય છે. આ બધી જવાબદારી નિભાવતા–નિભાવતા વ્યક્તિ ક્યારેક મનથી થાકી જાય છે. જ્યારે આ સંબંધો આનંદ કરતાં બોજ બની જાય ત્યારે તેના પરથી મન ઊડી જાય છે અને સંબંધ કંટાળાજનક લાગે છે. સંબંધમાં આવેલ કંટાળો વૈવાહિક ભંગાણનું કારણ હોઈ શકે છે.

**(13) એકબીજાની અવગણના કરવી :** લગ્ન એ બે વ્યક્તિના પરસ્પર પ્રેમ, આદર વિશ્વાસનો સંબંધ હોય છે. આ જીવનમાં બંને પાત્ર પરસ્પર પ્રેમ, હૂંફ અને માનની અપેક્ષા રાખતા હોય છે. જો બંને વચ્ચે પર્યાપ્ત સમજ એકબીજા પ્રત્યે માન અને કદર હોય તો સંબંધ દીપી ઊઠે છે; પરંતુ, ક્યારેક એવું બને છે કે અમુક વૈવાહિક જીવનમાં એક પાત્ર દ્વારા બીજા પાત્રની અવગણના કરવામાં આવે છે. આમ, પાત્રની અવગણના અને અનાદર કરવાથી લગ્નજીવન શુષ્ક બની જાય છે.

**(14) એકબીજા પર આરોપ મૂકવા/જવાબદારી ન સ્વીકારવી :** વૈવાહિક જીવનમાં બંધાયા બાદ વ્યક્તિની કુટુંબ પ્રત્યેની જવાબદારી વધી જતી હોય છે. સામાન્ય રીતે માત્ર પોતાનો વિચાર કરીને નિર્ણય લેનાર વ્યક્તિએ લગ્નમાં બંધાયા બાદ બધાનો વિચાર કરીને નિર્ણય અમૂક વસ્તુનો ત્યાગ અને સમર્પણ પણ કરવું પડતું હોય છે. જીવનના ઉતાર ચડાવમાં ક્યારેક ખોટા નિર્ણય પણ લેવાઈ જતા હોય છે. આવા સંજોગોમાં સમજદારી હોય તો તકલીફ થતી નથી; પરંતુ, જો સમજનો અભાવ હોય તો જવાબદારી પ્રત્યે બેદરકાર રહે છે. સાથે સાથે પોતાની ભૂલ બદલ એકબીજા પર આરોપ મૂકે છે. આમ, એકબીજા પર આરોપ મૂકવાથી સંઘર્ષ વધે છે અને તેના નકારાત્મક પરિણામો પણ આવે છે.

**(15) ઘરેલું હિંસા :** ઘરેલું હિંસા એ વૈવાહિક જીવનમાં ઝેર સમાન છે. ક્યારેક પતિ દ્વારા પત્નીને કરવામાં આવતી મારપીટ દ્વારા પત્ની કંટાળીને અલગ થવાની માંગણી કરે છે. વારંવાર કરવામાં આવતી ઘરેલું હિંસાને કારણે વૈવાહિક જીવન ભંગ થાય છે.

ક્યારેક આ ઘરેલું હિંસા પતિ દ્વારા તો ક્યારેક બીજા ઘરમાં સદસ્યો દ્વારા પણ કરવામાં આવે છે.

**(16) એકબીજા તરફ દુર્લક્ષ સેવવું, કાળજી ન કરવી :** સફળ વૈવાહિક જીવન માટે એકબીજાની કાળજી કરવી ખૂબ જ જરૂરી હોય છે. એકબીજા પ્રત્યેની કાળજી લેવી એ એક જવાબદારી છે. સાથે—સાથે તેનાથી બંને પાત્ર એકબીજાની વધુ નિકટ આવે છે; પરંતુ, કેટલાક સંબંધોમાં એક પાત્ર દ્વારા બીજા પાત્રમી લાગણી, તેની પસંદ— નાપસંદ, ગમો—અણગમો વગેરે તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. લગ્ન જીવનની સફળતા માટે દરેક વ્યક્તિને પોતાના વિકાસ માટે પર્યાપ્ત અવકાશ મળવો પણ આવશ્યક હોય છે. પરંતુ, જો આવી અમૂક બાબત પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે તો ક્યારેક વૈવાહિક જીવન તૂટી જતું હોય છે.

**(17) એકલતા :** લગ્નજીવનમાં પરસ્પર સ્નેહ આવશ્યક છે. વ્યક્તિ આજકાલ યંત્રયુગમાં જીવતો હોવાથી, રોજબરોજની હાડમારીથી તણાવ અનુભવે છે. વધુ પડતુ કામ જવાબદારી વગેરેથી માણસને કંટાળો આવવા લાગે છે. ક્યારેક તે એકલતા અનુભવે છે. આ એકલતાનો અનુભવ જીવનમાં નિરસતા જન્માવે છે અને તેને કારણે વૈવાહિક જીવન પર પણ તેની અસર થાય છે.

**(18) રોમાંચનો અભાવ :** વૈવાહિક જીવનમાં શરૂઆતમાં રોમાંચ ખૂબ રહેલો હોય છે. પરંતુ, સમય જતાં તે અદશ્ય થઈ જાય છે. રોમાંચ લગ્નજીવનને પુષ્ટિ આપે છે. વૈવાહિક જીવનમાંથી રોમાંચ ચાલી જતાં જીવન ફિક્કુ અને શુષ્ક લાગે છે. આ કારણસર જીવન નિરસ લાગે છે. અણગમો પેદા થાય છે અને વૈવાહિક જીવનનો આનંદ લઈ શકતા નથી. પરિણામે આ શુષ્કતા ભંગાણનું કારણ બને છે.

**(19) પુત્ર પ્રાપ્ત ન થવાથી/સંતાન પ્રાપ્તિના અભાવે :** વૈવાહિક જીવનમાં બાળકનો ઉછેર અને પ્રજનન પણ એક અગત્યની ભૂમિકા રહેલી છે. વૈવાહિક જીવનથી સંતાનોની પ્રાપ્તિ પણ અપેક્ષિત હોય છે. કેટલાંક કિસ્સામાં જો બેમાંથી એક પાત્ર સંતાનપ્રાપ્તિ માટે સક્ષમ ન હોય તો લગ્નમાં ભંગાણ આવે છે. ક્યારેક સંતાનપ્રાપ્તિ તો થતી હોય છે; પરંતુ, પુત્રપ્રાપ્તિની ઈચ્છા હોય તેમ છતાં વારંવાર પુત્રી/દીકરીનો જન્મ થતો હોય તો તે કારણસર પણ વૈવાહિક જીવન તૂટી પડે છે.

## 2.5 વૈવાહિક ભંગાણના પ્રકારો :

વૈવાહિક ભંગાણના વિવિધ પ્રકારો છે, જે નીચે મુજબ છે :

(1) ત્યજી દેવું (Desertion)

(2) છૂટાછેડા લેવા (Divorce)

(3) અલગ થવું (Separation)

**(1) ત્યજી દેવું (Desertion) :** ત્યજવું એ એક વૈવાહિક ભંગાણનો પ્રકાર છે. જેમાં બેમાંથી એક પાત્ર બીજા પાત્રને કહ્યાં વગર, તેની પરવાનગી લીધા વગર પાત્રને છોડીને તેમજ પોતાની ફરજોમાંથી છૂટો થઈ જાય છે. બાળકની કે પતિ/પત્ની(સામેવાળા પાત્ર)ની ચિંતા કર્યા વગર પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે. આ પરિસ્થિતિ કેટલીયવાર છૂટાછેડા માટેનું કારણ બને છે.

**(2) છૂટાછેડા લેવા (Divorce) :** છૂટાછેડા એ પણ એક વૈવાહિક ભંગાણનો પ્રકાર છે. ક્યારેક પતિ–પત્નીના ઝઘડાને કારણે છૂટાછેડા લેવા માટે તૈયાર થાય છે. છૂટાછેડા એ એક લગ્નનાં બંધનમાંથી દૂર થવાની પ્રક્રિયા છે. જેમાં બંને પાત્ર લગ્નની જવાબદારીમાંથી કાયદાકીય રીતે અલગ થાય છે. છૂટાછેડા લેવા માટે જે તે રાજ્યના લાગુ પડતા છૂટાછેડાના કાયદા અને નિયમોને આધીન છૂટાછેડા લેવામાં આવે છે. છૂટાછેડા લેતી વખતે ન્યાયાલયમાં અરજી કરીને કાયદાની રૂએ બંને પાત્ર લગ્નની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે છે.

અલગ–અલગ દેશમાં છૂટાછેડાને લઈને કાયદાઓ નક્કી કરવામાં આવેલ છે. છૂટાછેડા લેવા માટે સામેવાળા પાત્રનો સહકાર, બાળકની જવાબદારી, સંપત્તિના ભાગ, બાળકોનો સાથ વગેરે બાબતો જરૂરી થઈ પડે છે.

છૂટાછેડા ત્યારે શક્ય બને છે જ્યારે પતિ–પત્ની બંને એકબીજાની સાથે ન રહેવા તેમજ એકબીજા સાથે લગ્નના બંધનમાં પણ ન રહેવા માટે તૈયારી બતાવે છે. બંને પક્ષ કાયદાકીય પદ્ધતિથી અમુક કાગળ પર દસ્તાખત કરવાની તૈયારી બતાવે ત્યારે જ છૂટાછેડા સંભવ બને છે. છૂટાછેડા બાદ તે બંને લોકો ફરીથી એકલા થઈ જાય છે અને જો ફરીથી બીજા પાત્ર સાથે લગ્ન કરવા ઇચ્છે તો તે કરી શકે છે.

છૂટાછેડા એ બહુ સામાન્ય લાગતી બાબત છે; પરંતુ, લગ્નનો અંત લાવવાનો નિર્ણય લેવો એ બંને પક્ષ માટે ખૂબ જ કઠિન બની જાય છે. છૂટાછેડા લેતાં પહેલા તે લોકો ઘણી બધી વખત પ્રયત્ન કરે છે કે ગમે તેમ કરીને લગ્નજીવનને બચાવી લેવામાં આવે છે.

પરંતુ, ક્યારેક તેમના લાખ પ્રયત્નો છતાં પણ સમસ્યાનું સમાધાન થઈ શકતું નથી અને અંતે તે એવું નક્કી કરે છે કે છૂટાછેડા એ જ પરિસ્થિતિનો ઉપાય છે. બદલાવ એ કુદરતી નિયમ છે; પરંતુ, જો તે કુટુંબમાં આવે તો તેને સ્વીકારવો તેમજ વાસ્તવિકતાનો સામનો કરવો ખૂબ જ મુશ્કેલ બની જાય છે.

છૂટાછેડાના નિર્ણયથી ક્યારેક બાળકને પણ ઘણું–બધુ ભોગવવું પડતું હોય છે. પતિ–પત્નીના અલગ થવાથી બાળક માટે આ પરિસ્થિતિનો સામનો કરવું ઘણું કઠિન બની જાય છે.

**(3) અલગ થવું (Separation) :** અલગ થવું એ છૂટાછેડાથી અલગ છે. છૂટાછેડા અને અલગ થવું એ બંને એક જ નથી. અલગ થવાનો મતલબ તમે તમારા સાથીથી અલગ રહો છો. તમે તેની સાથે ભેગાં રહેતા નથી; પરંતુ, તમે કાયદાકીય રીતે વૈવાહિક છો. જ્યાં સુધી છૂટાછેડાની પ્રક્રિયા દરમિયાન છૂટાછેડાનો અંતિમ નિર્ણય ચૂકાદો ન આવે ત્યાં સુધી બંને પાત્ર એકબીજાની સાથે ન રહેતા અલગ રહે તે એટલે અલગ થવું.

જ્યાં સુધી છૂટાછેડાનો ચૂકાદો ન આવે ત્યાં સુધી તમારા સાથીની નાણાકીય/આર્થિક જવાબદારી તમારે એ નિભાવવાની હોય છે. જો પત્ની કોઈ જગ્યાએ નોકરી ન કરતી હોય અથવા તો તે આર્થિક રીતે સ્વતંત્ર ન હોય તો અલગ થાવ ત્યાં સુધી તેની નાણાકીય જરૂરિયાતને પૂરી કરવાની હોય છે.

અલગ થવાના ત્રણ પ્રકાર છે.

**(1) કામચલાઉ અલગ થવું (Trial Separation) :** વૈવાહિક જીવનમાં જ્યારે અણબનાવ અથવા ઝઘડાનું પ્રમાણ ખૂબ જ વધી જાય ત્યારે તે સંબંધ બોજ લાગવા લાગે છે. ક્યારેક વધારે પડતી જવાબદારી અથવા સમજણના અભાવે પરિસ્થિતિ બગડે છે અને બંને વચ્ચે ઝઘડાનું પ્રમાણ વધે છે. આવા સમયે ક્યારેક વ્યક્તિ સંબંધોમાં થોડો વિરામ લેવા ઈચ્છે છે. ક્યારેક એવું થાય છે કે સંબંધોમાં થોડો વિરામ લઈને, થોડા સમય માટે અલગ થઈશું તો ક્યારેક એ ફળદાયી રહેશે. થોડા સમય માટે અલગ રહેવાથી અને જવાબદારી ઓછી થવાથી ક્યારેક માણસ હળવાશ અનુભવે છે. થોડા સમયની હળવાશથી ક્યારેક સંબંધની એક નવેસરથી શરૂઆત કરવાની તાજગી અને સ્ફૂર્તિ પણ મળતી હોય છે. ક્યારેક એવા સંજોગો નિર્માણ થાય તો બંને સાથી સ્વૈચ્છિક રીતે થોડા સમય સુધી અલગ રહે છે. થોડો સમય અલગ રહ્યાં બાદ બંને તે સમયની પરિસ્થિતિ જોઈ નિર્ણય લે છે કે ભેગાં રહેવું સારું છે કે છૂટાછેડા લેવા. આ થોડો સમય અલગ રહ્યાં બાદ તે લોકો અંતિમ નિર્ણય પર પહોંચે તે સમયગાળા દરમિયાન તે લોકો કામચલાઉ રીતે એકબીજાથી અલગ રહે છે.

**(2) કાયમી રીતે અલગ થવું (Permanent Separatlon) :** જ્યારે તમે સાથીથી છૂટા પડો છો, નક્કી કરો છો કે હવે ફરી ક્યારેય સાથે નથી રહેવાનું અને છૂટાછેડા પણ નથી લેવાનાં તો આ પરિસ્થિતિ કાયમી રીતે અલગ થવું એમ ગણાય છે. આ પરિસ્થિતિમાં તમે કાયમ માટે એકબીજાથી અલગ થાવ છો. પરંતુ, છૂટાછેડા લેતાં નથી. સ્વૈચ્છિક રીતે એકબીજાના સહકારથી તમે હંમેશ માટે અલગ રહેવાનું નક્કી કરોછો. આમાં તમે કાયદાકીય પદ્ધતિથી અલગ થતાં નથી, જાતે મનથી નક્કી કરીને અલગ થાવ છો. આ પરિસ્થિતિમાં તમે બંને એકબીજાની કોઈપણ પ્રકારની જવાબદારી લેતા નથી જેવી કે, નાણાંકીય જવાબદારી વગેરે. બંને પાત્ર અલગ થાય છે અને પોત–પોતાની જવાબદારી પોતાની રીતે ઉઠાવે. આ રીતે તમે અલગ રહો છો પરંતુ, બીજા પાત્ર સાથે તમે લગ્ન કરી શકતાં નથી.

**(3) કાયદાકીય રીતે અલગ થવું :** કાયદાકીય રીતે અલગ થવાં માટે તમારે કુટુંબ ન્યાયાલયમાં અરજી કરવી પડે છે. અરજી કર્યા બાદ તમે કાયદાકીય રીતે અલગ થાવ છો. આમ, થયાં બાદ તમે વૈવાહિક પણ નથી હોતા કે અવૈવાહિક પણ નથી હોતાં. આ રીતે પ્રક્રિયા બાદ તમે કાયદા દ્વારા એક અલગ વૈવાહિક દરજ્જો મળતો હોય છે. આમ કર્યા બાદ તમે ફરીથી લગ્ન કરી શકતાં નથી. કાયદાકીય રીતે અલગ થવાની પ્રક્રિયામાં સંપત્તિનું વિભાજન, સાથીનો સહકાર તેમજ બાળકની જવાબદારી બધી જ બાબતોનું ધ્યાન છૂટાછેડા લેતી વખતે ધ્યાન રાખવામાં આવે છે. છૂટાછેડા લેતી વખતે આ બધી બાબતો પર કાયદો નજર નાખે છે. તેવી રીતે કાયદાકીય રીતે અલગ થવાની બાબતમાં પણ આ બધી બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે.

ક્યારેક ધાર્મિક માન્યતાને કારણે વ્યક્તિ છૂટાછેડા લેવાને સ્થાને આ રીતે અલગ થવું વધુ પસંદ કરે છે. ક્યારેક બાળકને લીધે તો ક્યારેક કુટુંબને ભેગું રાખવા માટે પણ લોકો આ રીતે અલગ થવાનું પસંદ કરે છે.

## 2.6 ઉપસંહાર :

માણસ સામાજિક પ્રાણી છે. વ્યક્તિ સમાજમાં રહેવા ટેવાયેલો છે. તેને લોકોની સાથે રહેવું, આનંદ કરવું ગમતું હોય છે પરંતુ, ક્યારેક બે વ્યક્તિ ભેગાં થાય તો પરસ્પર મતભેદને કારણે, સંકુચિતતાને કારણે, સમજનાં અભાવથી સંઘર્ષ પેદા થાય છે. આ વસ્તુ કૌટુંબિક જીવન એટલે કે વૈવાહિક જીવનમાં પણ બનતી હોય છે જો સંઘર્ષનું સમાધાન ન થાય તો સંબંધ તૂટી જાય છે અથવા તો બંનેનું અલગ થવુ એ માત્ર એક ઉપાય બચી જાય છે. આ એકમના માધ્યમ દ્વારા આપણે કૌટુંબિક ભંગાણના અલગ–અલગ પ્રકારો તેમજ તેના કારણોની માહિતી મેળવી. જો આવા કોઈ લક્ષણો જણાય તો સંબંધને તૂટતો અટકાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો :

1. વૈવાહિક સબંધ તૂટવાનાં મુખ્ય કારણો જણાવો.

   (A) નાણાંકીય સમસ્યા (B) મતભેદ

   (C) બેવફાઈ કરવી (D) ઉપરોક્ત બધા

2. ઘરેલું હિંસા અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

   (A) 2005 (B) 2007 (C) 2009 (D) 2011

3. વૈવાહિક ભંગાણના મુખ્ય કેટલા પ્રકારો છે ? તે જણાવો.

   (A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

4. ઘરેલું હિંસાના મુખ્ય કેટલા પ્રકાર છે ?

   (A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

5. ઘરેલું હિંસાની ફરિયાદ કોણ કરી શકે ?

   (A) પીડિત મહિલા (B) મા (C) દિકરી (D) ઉપરોક્ત બધા

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (A) **3.** (B) **4.** (B) **5.** (D)

## 2.9 ચાવીરૂપ શબ્દો :

1. **ઘરેલું હિંસા :** ઘરેલું હિંસા એટલે ઘરમાં મહિલાઓ સાથે થતી હિંસા. ઘરેલું હિંસા સામે ફરિયાદ કરવા અને સુરક્ષા મેળવવા માટે ઘરેલું હિંસા અધિનિયમ – 2005 નામનો કાયદો અમલમાં છે.

## 2.10 સ્વાધ્યાય લેખન :

1. વૈવાહિક ભંગાણ એટલે શું ? વિગતે સમજાવો.
2. વૈવાહિક ભંગાણના કારણોની વિસ્તૃત ચર્ચા કરો.
3. વૈવાહિક ભંગાણના કેટલા પ્રકારો છે ? કયાં કયાં ? તે વિશે સમજાવો.

4. છૂટાછેડા એટલે શું ? છૂટાછેડા થવાના કારણોની ફિલ્ડવર્કની અનુભવના આધારે ચર્ચા કરો.
5. ત્યજી દેવું એટલે શઉં ? તે અંગે વિગતે ચર્ચા કરો.
6. અલગ થવું એટલે શું ? અલગ થવાના પ્રકારો જણાવો.

## 2.11 પ્રવૃત્તિ :

1. ઘરેલું હિંસાનો ભોગ બનેલ મહિલાઓને રાખવા માટેના આશ્રયગૃહ તમારાં જિલ્લામાં ક્યાં આવેલા છે ? તેની યાદી તૈયાર કરો.

## 2.12 કેસ સ્ટડી :

1. ઘરેલું હિંસાનો ભોગ બનેલ કોઈપણ એક મહિલા વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.13 સંદર્ભગ્રંથ :


- Dr. Sanjay Chugh, Sexuality and Human Relationships.
- Abnormal Psychology and Modern Life, D. B. Taparorevala Sons & Co. Pvt. Ltd.

# એકમ-3 કૌટુંબિક હિંસા – વ્યાખ્યા અને પ્રકારો

: એકમનું માળખું :


3.0 એકમનો પરિચય

3.1 એકમના હેતુઓ

3.2 પ્રસ્તાવના

3.3 કૌટુંબિક હિંસાની ઓળખ

3.4 હિંસાના પ્રકારો

3.5 કૌટુંબિક હિંસાના પ્રકારો

3.6 ઉપસંહાર

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

3.9 ચાવીરૂપ શબ્દો

3.10 સ્વાધ્યાય લેખન

3.11 પ્રવૃત્તિ

3.12 કેસ સ્ટડી

3.13 સંદર્ભગ્રંથ


## 3.0 એકમનો પરિચય :

કુટુંબ વ્યવસ્થાને ટકાવી રાખવા માટે સમાજમાં ચોક્કસ ઊભી કરવામાં આવે છે. કુટુંબ જીવનનાં ઘણાં પ્રશ્નોમાં કુટુંબમાં વડીલો અને સામાજિક દૃષ્ટિએ જ્ઞાતિપંચોની ખૂબ મહત્ત્વની ભૂમિકા છે. કૌટુંબિક અને સામાજિક દૃષ્ટિએ પ્રયત્ન કર્યા પછી જો તેમાં સફળતા ન મળે તો અંતે કાયદાની મદદ લેવી પડે છે.

કુટુંબમાં પણ જુદાં–જુદાં પ્રકારની હિંસા થતી જોવા મળે છે. જેમાં કૌટુંબિક હિંસા એટલે શું ? કૌટુંબિક હિંસાની ઓળખ, હિંસાન પ્રકરો વિશેની ખૂબ વિગતે ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. સામાજિક કાર્યકર તરીકે ક્યારેક કાયદાનો ઉપયોગ કરી સમસ્યાનું નિવારણ લાવી શકાય છે. કૌટુંબિક હિંસાની અટકાયત માટે વિવિધ પ્રકારના કાયદાઓનું પણ ઘડતર કરવામાં આવેલ છે જે અંગેની ટૂંકી જાણકારી આપવાનો આ એકમમાં પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 3.1 એકમનો હેતુ :

(1) કૌટુંબિક હિંસાનો સામાન્ય ખ્યાલ જણાવો.

(2) હિંસાના પ્રકારો તેમજ તેના કારણો વિશે જાણવું.

(3) કૌટુંબિક હિંસાના પ્રકારો વિશે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરવી.

## 3.2 પ્રસ્તાવના :

આપણે અગાઉ વૈવાહિક ભંગાણ વિશે જોયુ. માનવી કુટુંબમાં બધાં સાથે ભેગાં મળીને રહે તો સ્વાભાવિક છે કે ક્યારેક નાની–મોટી વાતને લઈને વિવાદ થાય; પરંતુ, સ્વાર્થ, ગેરસમજ, સત્તાની લાલચને કારણે આ સંઘર્ષ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. કેટલાંક કુટુંબમાં હિંસા પણ જોવા મળે છે. આ એકમના માધ્યમ દ્વારા કૌટુંબિક હિંસાની સમજ, તેના પ્રકારો, હિંસાના પ્રકારો વગેરેની ઉંડાણપૂર્વક જાણકારી મેળવીશું.

## 3.3 કૌટુંબિક હિંસાની ઓળખ :

કૌટુંબિક હિંસા એટલે કુટુંબના વ્યક્તિઓ દ્વારા ભૂતકાળમાં કે હાલમાં કરવામાં આવતી કોઈપણ હિંસા મારપીટ, ધમકી જબરદસ્તી અથવા દબાણ આપવું. કૌટુંબિક હિંસામાં માત્ર મારવું જ નહીં; પરંતુ, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધમકી આપવી, શારીરિક ત્રાસ ગુજારવો, જાતીય હુમલો કરવો, માનસિક તેમજ ભાવનાત્મક રીતે દબાણ કરવું. નાણાંકીય વસ્તુને કાબૂમાં લેવી સંપત્તિને નુકસાન કરવું, સામાજિક રીતે તેને અલગ કરવું અથવા કોઈ પણ પ્રકારનું વર્તન કે જે વ્યક્તિને ડરીને રહેવા માટે મજબૂર કરે છે. કૌટુંબિક હિંસા એટલે કુટુંબના સભ્યો/સદસ્યો દ્વારા કુટુંબના જ વ્યક્તિ પર કરવામાં આવતો ત્રાસ આ કૌટુંબિક હિંસામાં પતિ–પત્ની વચ્ચેની હિંસા, બાળકોનું શોષણ, વડીલોનું શોષણ, ભાઈ–બહેનની આંતરિક હિંસા, ઘરમાં જ સભ્યો દ્વારા કરવામાં આવતું જાતીય શોષણ વગેરેનો સમાવેશ થાય છે.

કૌટુંબિક હિંસાને ઘરેલું હિંસાના નામથી પણ ઓળખવામાં આવે છે.

## 3.4 હિંસાના પ્રકારો :

હિંસા એટલે સામેવાળી વ્યક્તિની પરવાનગી વગર તે વ્યક્તિ સાથે જાણી જોઈને કરવામાં આવતી જબરદસ્તી શારીરિક હિંસાના કારણે કેટલીયવાર ઈજા પણ થાય છે. શારીરિક હિંસામાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે જેવી કે,

– ધક્કો મારવો
– થપ્પડ મારવી અથવા લાત મારવી
– ચીમટી તાણવી, મુક્કો મારવો
– ગળું દબાવવું
– ચપ્પુ મારવું કે ચીરા પાડવા
– કોઈની પર વસ્તુ ફેંકવી
– દઝાડવું
– કોઈના પર હુમલો કરવાના ઈરાદાથી જબરદસ્તી ચડી બેસવું

- રૂમમાં પૂરી દેવુ
- કોઈની હત્યા કરવી

**(2) જાતીય હિંસા/જાતીય શોષણ :**

- જાતીય છેતરપીડી/સતામણી
- પરવાનગી/મંજૂરી વગર જાતીય ચેષ્ટા/ક્રિયા કરવી.
- જ્યારે બંધ કરવામાં કહેવામાં આવેલ હોય છતાં પણ જબરદસ્તી સંભોગ અથવા જાતીય સતામણી ચાલુ રાખવી.
- ન ગમે તેવું અથવા અસુરક્ષિત સંભોગ કરવા માટે દબાણ કરવું.

કોઈની પણ સાથે મંજૂરી/પરવાનગી વગર શારીરિક સંપર્ક/સંબંધ બાંધવો તે એક ગુનો છે. પોતાની પત્ની/પતિનો પણ મંજૂરી વગર જબરદસ્તી શારીરિક સંબંધ એ એક ગુનો છે. લગ્ન થયાં હોય તો પણ સાથી તેના સાથીદાર સાથે શારીરિક સંબંધ માટે જબરદસ્તી ન કરી શકે.

**(3) માનસિક/ભાવનાત્મક શોષણ :** જ્યારે કોઈ વ્યક્તિ બીજા વ્યક્તિને ડરાવી, ધમકાવી તેને અલગ કરે છે. તેને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરે તેમજ જે એના સ્વાભિમાન ને ઠેસ પહોંચાડે તેવું કોઈપણ પ્રકારનું વર્તન એ ભાવનાત્મક શોષણ ગણાય. ભાવનાત્મક શોષણ માનસિક હિંસા તરીકે પણ ઓળખાય છે.

- અપમાન કરવું, નીચે પાડવું, ધમકી આપવી.
- સતત ટીકા કરવી.
- કુટુંબીજનો અથવા મિત્રોથી કોઈને દૂર રાખવા.
- કોઈને પોતાનો ધર્મ પાડવા માટે ઈન્કાર કરવો.
- કોઈને તેની માન્યતા અનુસાર વર્તન કરતાં અટકાવવો અથવા ઠેકડી ઉડાડવી.
- તેની માલ-મિલકતને નુકસાન પહોંચાડવું, નષ્ટ કરવી તેમજ તેવું કરવાની ધમકી આપવી.
- ધમકી આપવી, જબરદસ્તી કરવી, ગુંડાગીરી કરવી.

**(4) આર્થિક શોષણ :** આર્થિક શોષણ એટલે જ્યારે કોઈ વ્યક્તિને કાબૂમાં લેવા માટે, તેનું શોષણ કરવા રૂપિયા/ સંપત્તિનો ઉપયોગ કરે છે. જેમ કે,

- મંજૂરી લીધા વગર તેની સંપત્તિ કે રૂપિયા લઈ લેવા
- કોઈને કાબૂમાં રાખવા માટે તેની પાસેથી રૂપિયા છીનવી લેવા અથવા મર્યાદિત રૂપિયા જ વાપરવા આપવા.
- કોઈને મિલકત/રૂપિયા સંબંધી દસ્તાવેજ પર જબરદસ્તી સહી કરાવવી.
- કોઈ વસ્તુ વેચવા માટે દબાણ કરવું.
- વસિયતનામામાં ફેરફાર કરવા દબાણ કરવું.

**(5) અવગણના કરવી/અનાદર કરવો :** કુટુંબના સભ્યો કે જેની જવાબદારી તમારી કાળજી રાખવાની છે; પરંતુ, જ્યારે તે તમારી પાયાની જરૂરિયાત પૂરી પાડવામાં નિષ્ફળ જાય છે અથવા મનાઈ કરે છે ત્યારે તેને અનાદર ગણવામાં આવે છે.

– પૂરતો ખોરાક ન આપવો.

– જરૂરિયાત મુજબ પૂરતી સ્વાસ્થ્ય સંબંધી સુવિધા, દવા તેમજ વ્યક્તિગત સ્વચ્છતા માટેની સગવડ આપવામાં નિષ્ફળ

– શારીરિક નુકસાન સામે રક્ષણ આપવામાં અસમર્થ

– પૂરતું ધ્યાન ન આપવું.

પતિ–પત્નીની જવાબદારી રાખવી એ બંનેની ફરજ બને છે. તેમજ ઘરનાં દરેક નાના–મોટા સભ્યનું ધ્યાન રાખવું એ ઘરનાં લોકોની ફરજ બને છે; પરંતુ, તેમ ન થાય તો અથવા જવાબદારી પ્રત્યે દુર્લક્ષ સેવવું એ વ્યક્તિનો અનાદર ગણાય છે.

## 3.5 કૌટુંબિક હિંસાના પ્રકારો :

આપણે આગળ જોયું કે હિંસાના અલગ–અલગ પ્રકાર છે. તેવી જ રીતે કૌટુંબિક હિંસા એટલે કે ઘરમાં સભ્યો દ્વારા કરવામાં આવતી હિંસા આ કૌટુંબિક હિંસા પણ અલગ–અલગ પ્રકારની હોય છે. કૌટુંબિક હિંસાના પ્રકારો નીચે જણાવ્યા મુજબ છે :

(1) પત્નીને મારવું/મારઝૂડ કરવી

(2) બાળકનું શોષણ

(3) નિકટના સભ્યો દ્વારા કરવામાં આવતું જાતીય શોષણ

(4) ભાઈ–બહેનો વચ્ચેનું આંતરિક શોષણ

(5) વડીલોનું શોષણ

(6) જબરદસ્તી લગ્ન કરાવવા

**(1) પત્નીને મારવું/મારઝૂડ કરવી :** કેટલાક કુટુંબમાં એવું જોવા મળે છે. જ્યારે પતિ પોતાની પત્નીને મારતો હોય છે. પત્નીને મારવાનાં અથવા મારઝૂડ કરવા પાછળનાં ઘણાં બધાં કારણો હોય છે. ક્યારેક એવું બનતું હોય છે કે પુરુષપ્રધાન સમાજમાં પુરુષ પોતાનું વર્ચસ્વ જમાવવા ઇચ્છતો હોય છે. આમ, કરવા માટે તે પોતાની પત્ની ઉપર નિયંત્રણ લાવવા માંગે છે. જ્યારે પતિ દરેક વસ્તુની સત્તા પોતાના હાથમાં લેવા ઇચ્છે છે અને બીજી વ્યક્તિના દરેક વર્તન પર નિયંત્રણ રાખવા માંગે છે ત્યારે ત્યાં સંઘર્ષની શક્યતા રહેલી હોય છે. નિયંત્રણ લાવવા માટે થતી અલગ–અલગ રીત અપનાવતા હોય છે. જો પત્ની આ બધી બાબતોને ન સ્વીકારે અથવા તે રીતનું વર્તન ન કરે તો વાત વધીને મારઝૂડ પર પહોંચી જતી હોય છે. પતિ–પત્નીના વર્તનને કાબૂમાં રાખવા માટે મારપીટ પર ઉતરી આવે છે.

**પત્નીને મારઝૂડના કારણો :**

પત્નીને મારઝૂડ કરવા પાછળ પણ ઘણાં બધાં કારણો સંકળાયેલા હોય છે. પત્નીને મારઝૂ કરવાના કારણો નીચે મુજબ છે. :

(1) **સંસ્કૃતિ :** કેટલીક જગ્યાએ તો પત્નીને મારવું એ જાણે કે માહોલ/વાતાવરણ જ થઈ ગયું છે. જ્યાં બેધડક પત્ની પર ત્રાસ ગુજારવામાં આવે છે. કેટલીક સંસ્કૃતિમાં એવું માનવામાં આવે છે કે પતિ હંમેશા સાચો જ હોય અથવા એ ગમે તેટલી ભૂલ કરે તો ચાલે; પરંતુ, સ્ત્રીએ કોઈ ભૂલ ન કરવી જોઈએ અથવા તો કેટલીક જગ્યાએ એવું પણ હોય કે ગમે તેવી બાબત હોય પરંતુ, તેના માટે સ્ત્રીને જ જવાબદાર ગણવામાં આવે છે. જે જગ્યાએ આ રીતનો માહોલ અથવા પરિસ્થિતિ છે ત્યાં આ પ્રકારની મારઝૂડ ખૂબ જ સામાન્ય બની જાય છે.

(2) **કૌટુંબિક ઈતિહાસ :** કેટલાંક ઘરોમાં એવુ બનતુ હોય છે કે પતિપત્ની બંને વચ્ચે ઝઘડા અને મારપીટ રોજની બાબત બની જાય છે. પતિ રોજ પત્ની પર ત્રાસ ગુજારે અથવા મારતો હોય છે. ઘરનું આવું વાતાવરણ જોઈને બાળક પણ ઘણી બાબત શીખતો હોય છે. બાળકને પણ એવું લાગે છે કે પુરુષ એ સ્ત્રીને મારી શકે છે સ્ત્રીને મારવું એ ક્યારેક પુરુષને પોતાનો હક્ક લાગે છે. આવાં વાતાવરણમાં ઉછરેલા પુત્ર પણ મોટા થઈને પોતાની પત્નીને મારે છે તો સામે પક્ષે દીકરીને પણ લાગે છે કે પુરુષ મારી શકે છે એટલે તે પણ પોતે માર ખાવાથી માનસિક રીતે તૈયાર થઈ જાય છે અને અવાજ ઉઠાવતી નથી.

(3) **દારૂ અને વ્યસન :** કેટલાક કિસ્સામાં એવું બનતું હોય કે પતિ દારૂ અથવા અન્ય કેફી દ્રવ્યોનું સેવન કરતો હોય. જે વ્યક્તિ આ બધી વસ્તુનો વપરાશકર્તા બની જાય તો તે પોતાના પરનો સંયમ ગુમાવી બેસે છે. વધુ પડતો દારૂ પીધેલ હોય તો તે માણસ થોડા કલાકો માટે પોતાની લાગણી ઉપરનો કાબૂ ખોઈ બેસે છે અને તે કારણે તે હિંસક બની જાય છે. પોતાની જાત પરથી કાબૂ ગુમાવવાથી તે પત્નીને મારઝૂડ કરે છે.

(4) **અવગણના કરવી :** પતિ ક્યારેક પોતાની પત્ની તરફ દુર્લક્ષ સેવે છે. પતિને એવું લાગતું હોય છે કે પત્નિ તેની માલિકીની છે. પતિને ક્યારેક એવું લાગે છે કે, પોતાની પત્ની એ તેની સંપત્તિ છે એ તેની સાથે મન ફાવે તે રીતે રહી શકે છે, જ્યાં આ રીતનું વલણ હોય છે. પત્નીને એક વ્યક્તિ તરીકે ન સ્વીકારતાં સંપત્તિ/વસ્તુ તરીકે સ્વીકારવામાં આવે છે અને પરિણામે મારઝૂડ વગેરે સામાન્ય બની જાય છે.

(5) **અહમ :** પુરુષને ક્યારેક પોતાના પુરુષત્વનો બ્રહ્મ હોય છે. તેને ક્યારેક એવું લાગે છે કે પોતે પત્ની કરતાં વધુ આગળ હોવો જોઈએ અથવા તેના કરતાં શ્રેષ્ઠ જ હોવો જોઈએ. તે પોતાની મર્દાનગીને સાબિત કરવા તેમજ તેના અહમને પોષવા માટે પણ પત્ની સાથે મારઝૂડ કરે છે. ક્યારેક નાની વાતમાં અથવા તો પત્નીના અમુક મિત્રો આગળ તેમજ પતિ પોતાના કેટલાક સંબંધીઓ આગળ

પત્નીને મારતો હોય છે. પોતાનું વર્ચસ્વ જમાવવા તેમજ પોતાનો અમ પોષવા માટે પતિ આ રીતે મારઝૂડ કરતો જોવા મળે છે.

(2) **બાળકનું શોષણ :** કેટલાક ઘરોમાં બાળકોનું શોષણ કરવામાં આવે છે. બાળક પર ત્રાસ ગુજારવામાં આવે છે. બાળક ઉંમરમાં નાનું અને નિર્દોષ હોય છે. ક્યારેક બાળક અમુક બાબતથી અજાણ હોય છે. બાળકની આ અજાણતા, નિર્દોષતા અને અજ્ઞાનતાનો લોકો ફાયદો ઉઠાવતો હોય છે અને બાળકનું શોષણ કરતાં હોય છે. આ શોષણ ગમે તે પ્રકારનું હોઈ શકે છે જેમ કે, શારીરિક, માનસિક અને જાતીય શોષણ.

(3) **નિકટના સભ્યો દ્વારા કરવામાં આવતું જાતીય શોષણ :** ક્યારેક પોતાના ઘરમાં જ પોતાના જ નિકટના સ્નેહીજનો ક્યારેક જાતીય શોષણ કરતાં હોય છે. જ્યારે પોતાના જ ઘરનાં વડીલો દ્વારા જાતીય શોષણ/સંભોગ કરવા માટે જબરદસ્તી કરવામાં આવે તો તે પણ એક પ્રકારની કૌટુંબિક હિંસા જ ગણાય છે. જ્યારે તે વ્યક્તિ ગુનો કરનાર વ્યક્તિ સામે લગ્નના બંધનમાં બંધાયેલ નથી છતાં ઘરનાં સ્નેહીજનો જેમ કે પિતા, કાકા, દાદા, ભાઈ, પિતરાઈ વગેરે દ્વારા કરવામાં આવતું જાતીય શોષણ કે સંભોગ એ હિંસા ગણાય છે. કેટલાંક ઘરોમાં સાસરી પક્ષમાં પણ સાસરિયા લોકો વધુ પર આ રીતે ત્રાસ ગુજારતા હોય છે.

(4) **ભાઈ–બહેનો વચ્ચેનું આંતરિક શોષણ :** ઘરમાં ભાઈ–બહેનોનો સંબંધ આમ તો કુટુંબમાં ઘણો સારો સંબંધ ગણાતો હોય છે. પરંતુ, ક્યારેક પોતાના સગાં ભાઈ–ભાઈ, ભાઈ–બહેન અથવા બહેન–બહેન વચ્ચે પણ શોષણ થતું હોય છે. જેની પાસે સત્તા છે અથવા તો સત્તા લેવાની લાલચે પણ તેનું શોષણ કરવામાં આવે છે. તેને ધમકી આપવી, વર્તન કાબૂમાં કરવા માટે ધમપછાડા કરવા, મારપીટ કરવી વગેરે કૌટુંબિક હિંસાનો ભાગ ગણાય છે.

(5) **વડીલોનું શોષણ :** પહેલાંના સમયમાં લોકો સાથે હળીમળીને રહેતાં વૃદ્ધ અને વડીલોની કાળજી કરવી, તેમનું ધ્યાન રાખવું વગેરે કુટુંબીજનોની જવાબદારી બનતી હોય છે. પરંતુ, કેટલાક ઘરોમાં વૃદ્ધોની વડીલોની અવગણના કરવામાં આવે છે. તેમનાં પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. વડીલોને ધમકાવવા, તેમની સારવાર ન કરવી, વડીલોને મારપીટ કરવી, તેમની સંપત્તિ પડાવી લેવી, તેમની બીમારી માટે દવાઓ ન લાવી આપવી, તેમને સુખ દુઃખમાં સહકાર ન આપવો વગેરે વડીલોના શોષણના પ્રકારો છે. આ અલગ–અલગ બાબતોનો વડીલોના શોષણમાં સમાવેશ થાય છે. વડીલોને દુઃખ પહોંચે તે રીતે બોલવું, ટીકા કરવી, ટોણાં મારવાં, તેમને ઘરથી બહાર કાઢી મૂકવાં અથવા સામાજિક કાર્યક્રમમાં તેમને ન લઈ જવા, સંપત્તિને લગતા કાગળ પર જબરદસ્તી દસ્તખત કરાવવા તેમનું જાતીય શોષણ કરવું, તેમને અવગણના કરવી વગેરે કૌટુંબિક હિંસાનો એક પ્રકાર છે.

(6) **જબરદસ્તી લગ્ન કરાવવા :** જબરદસ્તી લગ્ન એટલે બે પાત્રની મંજૂરી વગર, ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરાવવા. ક્યારેક કુટુંબના વડીલો, પોતાના દીકરા–દીકરીને જબરદસ્તી લગ્ન કરવા માટે દબાણ કરે છે. વ્યક્તિની ઈચ્છા વિરુદ્ધ ક્યારેક તેને જબરદસ્તી લગ્ન કરાવી દેવામાં આવે છે. આમ કરવા માટે તે ક્યારેક વ્યક્તિને મારપીટ પણ કરે છે. ક્યારેક

પોતાના ધર્મ અથવા જાતિનાં જ લગ્ન કરાવવા માટે અથવા સમાજમાં પોતાની આબરૂ જળવાય માટે વડીલો જબરદસ્તી લગ્ન કરવા માટે દબાણ કરે છે.

## 3.6 ઉપસંહાર :

આ એકમના માધ્યમ દ્વારા આપણને જાણવા મળ્યું કે હિંસા એટલે શું ? કુટુંબમાં હિંસા શા માટે થાય છે. કૌટુંબિક હિંસાના કેટલા પ્રકારો છે અને કોણ કેવી રીતે કયા સંજોગોમાં આ હિંસા કરે છે ? કુટુંબમાં જ સભ્યો જ્યારે અસમજણપૂર્વકનું સ્વાર્થી રીતે વર્તન કરે તો હિંસા ભભૂકી ઊઠે છે. આ હિંસા ક્યારેક એકપક્ષી તો ક્યારેક બંને પક્ષીય હોય છે. વ્યક્તિ તરીકે સમજદારી એમાં જ છે કે આ હિંસાને અટકાવીએ અને સમાધાનપૂર્વકનું જીવન જીવવા પ્રયત્ન કરીએ.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો :

1. શારીરિક હિંસામાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે તે જણાવો.

   (A) ધક્કો મારવો (B) ચીમટી તાણવી

   (C) રૂમમાં પૂરી દેવું (D) ઉપરોક્ત તમામ

2. કૌટુંબિક હિંસાના નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે તે જણાવો.

   (A) પત્નીને મારવું (B) બાળકનું શોષણ

   (C) વડિલોનું શોષણ (D) ઉપરોક્ત તમામ

3. પત્નીને મારઝૂડનાં કારણો જણાવો.

   (A) સંસ્કૃતિ (B) વ્યસન (C) કૌટુંબિક ઇતિહાસ (D) ઉપરોક્ત તમામ

4. મુશ્કેલીમાં મૂકાયેલા બાળકો માટે કઈ હેલ્પલાઈન કાર્યરત છે ?

   (A) 108 (B) 100 (C) 181 (D) 1098

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (D) **2.** (D) **3.** (D) **4.** (D)

## 3.9 ચાવીરૂપ શબ્દો :

1. **હેલ્પલાઈન :** જુદાં–જુદાં પ્રકારની મુશ્કેલીમાં મૂકાયેલા લોકોને માટે કેટલીક ટેલિફોનિક સેવાઓ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. આ સેવા માટેનાં નંબર આપવામાં આવે છે.

2. **જિલ્લા બાળસુરક્ષા એકમ :** આ એકમ જિલ્લા કક્ષાએ બાળકોના વિવિધ પ્રશ્નો માટે કાર્યરત છે. ગુજરાતના બધા જ જિલ્લાનાં જિલ્લા મથકોએ સરકાર દ્વારા આ એકમો ચલાવવામાં આવે છે.

## 3.10 સ્વાધ્યાય લેખન :

1. કૌટુંબિક હિંસા એટલે શું ? ઉદાહરણ સાથે ચર્ચા કરો.
2. હિંસાના કેટલા પ્રકાર છે ? તે જણાવી તે હિંસાના જુદાં–જુદાં પ્રકાર વિસે વિગતે ચર્ચા કરો.
3. કૌટુંબિક હિંસાના કેટલા પ્રકાર છે ? તે જણાવી તેની વિગતે છણાવટ કરો.
4. કૌટુંબિક હિંસાના પ્રકારોની વિસ્તૃત ચર્ચા કરો.

## 3.11 પ્રવૃત્તિ :

1. તમારાં જિલ્લામાં આવેલ જિલ્લા બાળસુરક્ષા એકમની મુલાકાત લઈ સંસ્થાની વિવિધ કામગીરી વિશે જાણકારી પ્રાપ્ત કરો.

## 3.12 કેસ સ્ટડી :

1. તમારાં ફિલ્ડવર્કના ગામમાં વ્યસન કરતાં કુટુંબની મુલાકાત લઈને તે પરિવાર અંગે વિગતે કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.13 સંદર્ભગ્રંથ :


- Dr. Sanjay Chugh, Sexuality and Human Relationships.
- Abnormal Psychology and Modern Life, D. B. Taparorevala Sons & Co. Pvt. Ltd.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-501**

**કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર**

વિભાગ

# 4

## કુટુંબ અને કૌટુંબિક બાબતો

**એકમ–1** વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

**એકમ–2** કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન : ખ્યાલ અને લાક્ષણિકતાઓ

ISBN : 978-93-91071-83-7


**લેખક**

| | |
|---|---|
| **વિનોદ સોનાવણે** | મદદનીશ પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શક (વિષય)**

| | |
|---|---|
| **ડૉ. વિપીન મકવાણા** | નિયામક, ગ્રામ સેવા કેન્દ્ર, દેથલી, ગૂજરાત વિદ્યાપીઠ. |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| **ડૉ. હેતલ ગાંધી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનો–શારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનો–શારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

# દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ–અવરોહ, ભાવ–ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ–અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ–અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન–મૂલ્યાંકન પણ કરે છે.

## <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-501 કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

વિભાગ–1 : કુટુંબનો પારંપારિક ખ્યાલ

એકમ–1 કુટુંબનો અર્થ અને તેના લક્ષણ

એકમ–2 કુટુંબ વ્યવસ્થાના કાર્યો

એકમ–3 કુટુંબના પ્રકાર

એકમ–4 પુનર્લગ્ન આધારિત કુટુંબો

એકમ–5 વૈકલ્પિક કુટુંબ

વિભાગ–2 : કુટુંબના કાર્યો તરીકે લગ્ન સંસ્થા

એકમ–1 લગ્ન : એક સંસ્થા તરીકે

એકમ–2 દરમિયાનગીરીની વ્યૂહરચના-કુટુંબ સહાય માટે કાર્યરત એજન્સીઓની ભૂમિકા અને કાર્યો

એકમ–3 લગ્ન પૂર્વે, દામ્પત્ય અને છૂટાછેડા વિશે પરામર્શન

એકમ–4 કુટુંબમાં કટોકટી સમયે દરમિયાનગીરી, ઉપચાર અને લોકપેરવી

એકમ–5 સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ અને કેસ વિશેની રજૂઆત

વિભાગ–3 : માનસિક અસ્વસ્થતા

એકમ–1 વ્યાખ્યા, કારણો, કૌટુંબિક વ્યવસ્થાની અસરો તેમજ વર્તમાન પ્રવાહો

એકમ–2 વૈવાહિક ભંગાણ – ત્યકત્વું, છૂટાછેડા, અલગ થવું, તેના પ્રકારો, પ્રક્રિયા અને નિર્ણયાત્મક પરિબળો

એકમ–3 કૌટુંબિક હિંસા : વ્યાખ્યા અને પ્રકારો

વિભાગ–4 : કુટુંબ અને કૌટુંબિક બાબતો

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન : ખ્યાલ અને લાક્ષણિકતાઓ

વિભાગ–5 : સામાજિક પરિવર્તન

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 સામાજિક પરિવર્તનના કારણો અને તેની અસરો

એકમ–3 વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં આવતા પરિવર્તનો

## ઘટક પરિચય :

સમાજકાર્ય સેવાર્થીના સંદર્ભમાં મુખ્યત્વે બે પ્રકારની કામગીરી કરે છે, એક સમસ્યા નિવારણની કામગીરી અને બીજી વિકાસ તરફ દોરી જવાની કામગીરી. સમાજકાર્ય વંચિતોના વિકાસ સાથે નિસ્બત ધરાવે છે. સમાજકાર્યકર પરિવર્તનના ઍજન્ટ તરીકે કાર્ય કરે છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના ઘણા સારા–નરસા પરિણામો સમાજની વ્યક્તિઓએ ભોગવવા પડે છે. સમાજકાર્ય સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને કારણે મુશ્કેલીમાં ફસાયેલ વ્યક્તિઓને મદદ કરીને તેમનું ક્ષમતાવર્ધન કરે છે અને તેમને મુશ્કેલી માંથી બહાર લાવવા મદદ કરે છે.

સમાજકાર્યના વિદ્યાર્થીઓને સામાજિક પરિવર્તન તેની અસરો તેના કારણો વગેરેનો સૈદ્ધાંતિક ખ્યાલ મળી રહે તેમજ સમાજકાર્યના પ્રાયોગિક ક્ષેત્રકાર્ય દરમિયાન તેઓ વંચિત સમુદાયોના વિકાસ માટે કાર્ય કરી શકે તે માટે જરૂરી મુદ્દાઓ ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સમાજકાર્યના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત પેપરમાં સામાજિક સંસ્થા તરીકે કુટુંબ અને સામાજિક પરિવર્તનની કુટુંબજીવન પર પડેલી અસરોની ચર્ચા કરવામાં આવેલ છે. કુટુંબ સસ્થામાં આવેલ પરિવર્તન તેમજ પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતા જવાબદાર કારણોની ચર્ચા પ્રસ્તુત ઘટકમાં કરવામાં આવેલ છે. આ ઘટક દ્વારા વિદ્યાર્થીઓ નીચે જણાવેલ મુદ્દાઓની સજ્જતા કેળવી શકશે.

**ઘટક હેતુઓ :**

(1) કુટુંબ અને જેન્ડરનો ખ્યાલ વિદ્યાર્થીઓને મળી રહેશે.

(2) સમતા અને સમાનતા વચ્ચેનો તફાવત વિદ્યાર્થીઓ સમજી શકશે

(3) પિતૃત્વ—નૈતિક, સામાજિક અને કાયદાકીય પરિમાણો અંગેની સમજ વિદ્યાર્થી કેળવી શકશે.

(4) કુટુંબની વંચિતતા વિશેની જાણકારી મળશે.

(5) કુટુંબજીવન પર સામાજિક પરિવર્તનની કેવી અસરો પડે છે ? તેનો ખ્યાલ વિદ્યાર્થીઓને મળી રહેશે.

# એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

**: એકમનું માળખું :**


**1.0 એકમનો પરિચય**

**1.1 એકમના હેતુઓ**

**1.2 પ્રસ્તાવના**

**1.3 કુટુંબ અને જેન્ડર**

**1.4 સમતા અને સમાનતા**

**1.5 પિતૃત્વ-નૈતિક, સામાજિક અને કાયદાકીય પરિમાણો**

**1.6 કુટુંબની નિર્બળતા/વંચિતતા**

**1.7 ઉપસંહાર**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

**1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**1.10 ચાવીરૂપ શબ્દો**

**1.11 સ્વાધ્યાય લેખન**

**1.12 પ્રવૃત્તિ**

**1.13 કેસ સ્ટડી**

**1.14 સંદર્ભગ્રંથ**


## 1.0 એકમનો પરિચય :

વિકાસ અને તેની કુટુંબ જીવન પર અસરના મુદ્દા વિશે જાણકારી મેળવવી ખૂબ જરૂરી છે. વર્તમાન સમયમાં કુટુંબ વ્યવસ્થામાં ઘણું પરિવર્તન જોવા મળે છે. પહેલા આપણી સમાજ વ્યવસ્થામાં ઘણા સામાજિક કુરિવાજો હતા, સતિપ્રથા, વિધવા વિવાહ અને દિકરીને દૂધ પીતી કરવાનો રિવાજ આપણાં સમાજમાં હતો. આ સામાજિક વ્યવસ્થાની સુધારણા માટે ઘણાં સમાજ સુધારકોએ ઘણાં પ્રયત્નો કર્યા છે અને તે કુરિવાજોને દૂર કર્યા છે. આજે પહેલાં કરતાં ઉપરોક્ત સ્થિતિમાં ઘણો સુધારો આપણને જોવા મળે છે.

આ એકમમાં આજે આપણે કુટુંબ અને જેન્ડર, સમતા અને સમાનતા વિશે વિગતે જાણકારી મેળવીશું.

## 1.1 એકમનો હેતુ :

આ એકમમાં વિદ્યાર્થીઓને નીચે મુજબની જાણકારી પ્રાપ્ત થશે.

(1) કુટુંબની વિસ્તૃત વિભાવના સમજાશે.

(2) કુટુંબ અને જેન્ડર વિશએની જાણકારી પ્રાપ્ત થશે.

(3) સમતા અને સમાનતા વિસે જાણકારી મળશે.

(4) પિતૃત્વ, નૈતિક, સામાજિક અને કાયદાકીય પરિમાણો અંગે જાણકારી મળશે.

(5) કુટુંબની નિર્બળતા / વંચિતતા વિશે માહિતી / જાણકારી પ્રાપ્ત થશે.

## 1.2 પ્રસ્તાવના :

વર્તમાન સમયમાં સામાજિક ક્ષેત્રમાં જેન્ડર શબ્દ ખૂબ જ પ્રચલિત બન્યો છે. જો કે 1970 સુધી 'જેન્ડર' વિશેનો ખ્યાલ બહુ પ્રચલિત ન હતો. 1970માં એને ઓક્લેએ (Anne Oakley) સ્ત્રી–પુરુષના લક્ષણોના સંદર્ભમાં જેન્ડર શબ્દનો ઉપયોગ કરેલો જોવા મળે છે. જેનો અર્થ **'સામાજિક સંદર્ભ લિંગ'** એવો થાય છે. લિંગ (જાતિ) એ શરીરશાસ્ત્રની રીતે જન્મેલો ખ્યાલ છે જ્યારે Gender સ્ત્રીત્વ–પુરુષત્વ અંગે વિકાસ પામેલા સામાજિક ખ્યાલને દર્શાવે છે. આમ, લિંગ (જાતિ) એ કુદરતી અને જૈવકીય બાબત છે જેને લગભગ બદલી શકાતું નથી, જ્યારે જેન્ડર સામાજિક અને સાંસ્કૃતિક બાબત છે જેને સામાજિક વાતાવરણ મુજબ બદલી શકાય છે. વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રમાં જેન્ડરના ખ્યાલને લઈને ઘણા અભ્યાસો થઈ રહ્યાં છે. જેન્ડર બાબતે સમાજમાં સશક્તિકરણ થાય તે માટેના પ્રયત્નો સામાજિક સંસ્થાઓ સને સરકાર દ્વારા કરવામાં આવી રહ્યાં છે. ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ખાતે જેન્ડર સંબંધિત અભ્યાસો, તાલીમો, સંશોધનો અને જેન્ડર સબંધિત જાગૃતિ કેળવવા માટે જેન્ડર રિસોર્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવેલ છે. આમ, વર્તમાન સમયમાં જેન્ડર એ સમાજશાસ્ત્રીય અને સમાજકાર્યની દષ્ટીએ એક મહત્ત્વનો મુદ્દો છે.

## 1.3 કુટુંબ અને જેન્ડર :

જેન્ડર એટલે કે સામાજિક લિંગભેદ સામાજિક માળખું, સમાજના રીતિ–રીવાજો, માન્યતાઓ, વગેરેને કારણે સ્ત્રી અને પુરુષ તરીકેના જે તફાવત ઊભા થાય છે તેને જેન્ડર તરીકે પરિભાષિત કરવામાં આવે છે. નવા જન્મેલા દરેક બાળકના સામાજિકરણમાં સામાજિકરણની એજન્સીઓ જેવી કે કુટુંબ, શાળા, મિત્રજૂથ, પડોશ વગેરેનો મહત્ત્વપૂર્ણ ફાળો રહેલો હોય છે. સામાજિક લિંગભેદ અંગેની સમજ પણ આ સામાજિકરણની એજન્સીઓના માધ્યમથી વ્યક્તિમાં આંતરિકૃત થાય છે. અહીં આપણે અભ્યાસક્રમના સંદર્ભમાં કુટુંબ અને જેન્ડરને સમજવાનો પ્રયત કરીશું.

બાળક જયારે જન્મે છે ત્યારથી જ લિંગભેદની શરૂઆત થાય છે. પુરુષ બાળક જન્મે તો પેંડા વહેંચાય છે જયારે સ્ત્રી બાળક જન્મે તો જલેબી વહેંચાય છે. આ એક સામાજિક સંકેત છે જેમાંથી સ્ત્રી–પુરુષના સામાજિક તફાવતના દર્શન થાય છે. બાળક ત્રણ વર્ષનું થાય ત્યારે છોકરીઓને ઢીંગલી, ઘરના રમકડા, શૃંગારના સાધનો વગેરે રમવા આપવામાં આવે છે. જયારે,

છોકરાંઓને ગાડી, એરોપ્લેન, રમકડાની બંદૂક, ટેંક, બેટ–બોલ જેવા સાધનો આપવામાં આવે છે. આમ, બાલ્યકાળથી થતું સામાજિકરણ સમગ્ર જીવન દરમિયાન તફાવતો સર્જે છે, જે હકીકતમાં જેન્ડરના તફાવતનો નિર્દેશ કરે છે. આમ, સામાજિકરણની પ્રક્રિયા દરમિયાન જાતિગત ભૂમિકાનો ખ્યાલ વધુ દ્રઢ બને છે અને જે લાંબાગાળે સામાજિક નિયંત્રણને અસરકારક બનાવે છે, અને ધીમે ધીમે સ્ત્રી–પુરુષની ભૂમિકા સ્પષ્ટ રીતે જુદી તરી આવે છે. સમાજ દ્વારા સ્ત્રી પર લાદવામાં આવેલા વિવિધ નિયંત્રણો એટલા દ્રઢ બની જાય છે કે સામાજિક તફાવત (Gender)ને કારણે સતત અન્યાય થતો હોવા છતાં પણ સ્ત્રીના આવા અન્યાયને સહન કરવો એ જ સામાજિક માન–મર્યાદા છે, સમાજનો આદર્શ છે એમ સમજીને સતત સહન કરતી રહે છે.



કોઈપણ બાળકના જીવનનો પ્રારંભ કુટુંબમાંથી થાય છે.આમ, કુટુંબ એ સામાજિકરણની પ્રાથમિક અને સૌથી મહત્ત્વની એજન્સી છે. જીવનના પ્રારંભિક તબક્કામાં ઉઠવું, બેસવું, ચાલવું, રમવું, ભાષાકીય વિકાસ, સામાજિક આંતરક્રિયા જેવી વિવિધ બાબતો બાળક કુટુંબમાંથી જ શીખે છે. બાળકની પોતાની શારીરિક, માનસિક, લાગણી વિષયક, જરૂરિયાતો કુટુંબ દ્વારા સંતોષાય છે.

- **કુટુંબમાં જન્મ પૂર્વે જેન્ડર :**

જેન્ડર વિશેના ભેદભાવ અને અસર જન્મથી જ શરૂ થાય છે તેમ નથી; પરંતુ, જન્મ પૂર્વેથી જ લિંગભેદ અંગેના ખ્યાલો કુટુંબમાં જોવા મળે છે. સ્ત્રીના ગર્ભમાં રહેલા શિશુની જાતિ જાણીને જ જન્મ પૂર્વે સગર્ભા માતા પ્રત્યે ભેદભાવ શરૂ થઈ જાય છે. જો ગર્ભમાં રહેલું બાળક, સ્ત્રી બાળક હોય તો માતાને ગર્ભપાત કરાવવાની સલાહ આપવામાંઆવે છે. ઘણીવાર તો સ્ત્રીની ઈચ્છા વિરુદ્ધ જઈને પણ ફરજીયાત પણે ગર્ભપાત કરાવવામાં આવે છે. જો કે વર્તમાન સમયમાં સરકાર દ્વારા જન્મપૂર્વે બાળકનું લિંગ પરીક્ષણ કરાવવું કાયદેસર રીતે ગુનો જાહેર કરેલ છે. તેમજ આવું પરીક્ષણ કરનાર ડૉકટર તેમજ કુટુંબના સભ્યો સામે કાયદાકીય જોગવાઈઓ સખત બનાવી છે તેથી કેટલાક અંશે સ્ત્રીભ્રૂણ હત્યાને અટકાવવામાં સફળતા મળી છે. ગર્ભમાં રહેલ બાળકની જાતિ જાણીને ગર્ભપાત કરાવવો તે બાબત પણ સમાજમાં જોવા મળતા સામાજિક લિંગભેદનું ઉદાહરણ છે.

- **કુટુંબમાં બાળજન્મ અને જેન્ડર :**

બાળજન્મ એ દરેક કુટુંબ માટે આનંદનો પ્રસંગ હોય છે. કુટુંબમાં નવા બાળકના જન્મ સાથે કેટલાય નવા સબંધો ઊભા થાય છે; જેમકે, પતિ–પત્ની બાળજન્મ બાદ માતા–પિતા બને છે. સ્ત્રીના સાસુ–સસરા હવે દાદા–દાદી બને છે. પતિની બહેન ફોઈ તેમજ પત્નીની બહેન માસી બને છે. આમ, બાળજન્મ એ કુટુંબ સંસ્થાને પોષક વિકસાવવાનો પ્રસંગ છે તેમ છતાં સામાજિક લિંગભેદ (જેન્ડર)ને કારણે પુરુષ બાળકના જન્મ સમયે કુટુંબીજનો જેટલા ખુશ હોય છે એટલા સ્ત્રી બાળકના જન્મ વખતે ખુશ જોવા મળતા નથી. સ્ત્રી બાળક જન્મે તો જલેબી વહેંચવામાં આવે છે. જ્યારે પુરુષ બાળક જન્મે તો પેંડા વહેંચવામાં આવે છે. આમ, સ્ત્રી–પુરુષ અંગેનો સામાજિક લીંગભેદ જન્મ પછીના તબક્કામાં પણ જોવા મળે છે.

- **કૌટુંબિક રીવાજો અને જેન્ડર :**

આપણી ભારતીય સંસ્કૃતિ અને કેટલાક રીવાજો પુરુષ પ્રધાન સંસ્કૃતિના પ્રોત્સાહક છે. જેમકે ભારતીય સમાજ અને હિંદુ સંસ્કૃતિમાં દરેક તબક્કે પુત્રજન્મને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જો પુત્ર ના હોય તો વારસો મિલકત વગેરેના પ્રશ્નો ઉભા થાય છે. ઘરમાં દીકરીને પારકી થાપણ ગણવામાં આવે છે. કાયદા દ્વારા પુત્ર અને પુત્રી બંનેને પિતા ની મિલકતના સમાન ભાગીદાર માનવામાં આવે છે તેમ છતા સામાજિક લિંગભેદની અસરને કારણે સામાજિક સમાનતા જોવા મળતી નથી આવી જેન્ડર આધારિત અસમાનતાઓની શરૂઆત કુટુંબ દ્વારા સામાજિકરણની પ્રક્રિયા દરમિયાન કરવામાં આવે છે. જન્મ પછી બાળકના કપડાં, રમકડા વગેરેમાં માતા–પિતા જેન્ડરના આધારે તફાવત રાખે છે. આ તફાવત રાખવા પાછળ તેમનો કોઈ વિશેષ ઉદ્દેશ્ય હોતો નથી પણ માતા–પિતાએ સામાજિકરણની પ્રક્રિયા દરમિયાન જે સ્ત્રી અને પુરુષ વચ્ચેના દરજ્જા–ભૂમિકાના તફાવતો શીખેલા છે. તે જ તેમના વર્તનમાં પ્રદર્શિત થાય છે. માતા–પિતા રક્ષાબંધનમાં પુત્ર અને પુત્રીની ભૂમિકા સામાજિકરણના માધ્યમથી શીખવાડે છે. લગ્નના કેટલાક રિવાજોમાં પુરુષો દ્વારા પૂર્ણ કરવામાં આવે છે જ્યારે કેટલાક રિવાજોમાં સ્ત્રીઓની ભૂમિકા મહત્ત્વની હોય છે. જેમકે લગ્ન પ્રસંગે લગ્ન ગીતો ગાવાની ભૂમિકા સ્ત્રીઓ નિભાવતી હોય છે જ્યારે લગ્ન માટેની વ્યવસ્થા કરવી, આર્થિક બાબતો વગેરેમાં પુરુષની ભૂમિકા મહત્ત્વની હોય છે. આમ, કૌટુંબિક રિવાજોમાં જેન્ડર દૃષ્ટિપાત થાય છે.

- **કુટુંબમાં જેન્ડર આધારિત સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકા :**

ભારતીય સમાજ પુરુષપ્રધાન સમાજ છે. આ ઉપરાંત, વ્યક્તિગત બાબતો કરતા કૌટુંબિક બાબતોને વિશેષ મહત્ત્વ આપવું તે ભારતીય સમાજની મહત્ત્વપૂર્ણ લક્ષણ છે. સમાજમાં ઘણી વ્યક્તિઓ પોતાના કુટુંબના વિકાસ માટે તેમજ કુટુંબ પર આવેલ આપત્તિ માટે પોતાની અંગત બાબતોને જતી કરતા હોય તેમ જોવા મળે છે. સમાજના આવા મૂલ્યોને કારણે સ્ત્રીઓએ સૌથી વધુ ભોગ આપવો પડતો હોય તેમ જોવા મળે છે. વર્તમાન સમયમાં સ્ત્રી શિક્ષણ વધ્યું છે. સ્ત્રીઓ નોકરી કરતી થઈ છે, સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ થયું છે, પણ કુટુંબમાં મહત્ત્વના નિર્ણયો લેવામાં પુરુષોની ભૂમિકા જ મહત્ત્વની બની રહે છે. રૂઢિવાદી કુટુંબોમાં સ્ત્રીઓના સૂચનોની નોંધ લેવામાં આવતી નથી જ્યારે શિક્ષિત અને વિકાસ પામેલા કુટુંબોમાં સ્ત્રીઓના સૂચનોની નોંધ લેવામાં આવે છે પણ આખરી નિર્ણય મોટે ભાગે પુરુષ સભ્યો દ્વારા જ લેવામાં આવે છે. તેમ છતાં શિક્ષણ અને આધુનિક મૂલ્યોના વિકાસની સાથે સાથે કેટલાક અંશે સ્ત્રીઓ નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બની શકી છે.

## 1.4 સમતા અને સમાનતા :

સમતા અને સમાનતા બંને શબ્દોનો સામાજિક ક્ષેત્રે બહોળો ઉપયોગ થાય છે. જેન્ડરના સંદર્ભમાં સમતા અને સમાનતા બંને શબ્દો વધુ પ્રચલિત બન્યા છે. સમતા માટે અંગ્રેજીમાં Equity શબ્દ પ્રયોજવામાં આવે છે Gujarati lexicon Dictionary મુજબ 'સમતા'નો અર્થ થાય છે, સમન્યાય કે વ્યાજબીપણું. સમાજની દરેક વ્યક્તિને યોગ્ય સામાજિક ન્યાય મળી રહે અને પક્ષપાત રહિત સમાનતાવાદી સમાજની સ્થાપના થાય, તે સંદર્ભમાં શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. સમતા શબ્દનો ઉદ્દભવ રોમન લૉના કાનૂની અર્થઘટનમાંથી થયો છે. વિશ્વમાં 19મી

સદીમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા દરમિયાન કામદારોએ પોતાના આર્થિક અને સામાજિક હિતોની પ્રાપ્તિ માટે સમતા (Equity)ની વિભાવનાનો ઉપયોગ કરેલો જોવા મળે છે. રાજકીય વિચારકોએ રાજ્ય અને નાગરિકો વચ્ચેના સામાજિક કરારના અગત્યના તત્ત્વ તરીકે આ વિભાવનાનું મહત્ત્વ સ્વીકાર્યું છે. સામાજિક કર્મશીલોએ સમાજના (Marginalize) હાંસિયામાં ધકેલાઈ ગયેલા તેમજ વિકાસ માટેના લાભોથી વંચિત રહેલ જૂથને સામાજિક ન્યાય અપાવવા માટે આ વિભાવનાનો ઉપયોગ કરેલો છે.

સમાનતા શબ્દનો અર્થ ઘણો વિશાળ છે. ભારતીય બંધારણની કલમ 14 મુજબ સમાનતા એટલે ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગ, વય, ભાષા, પ્રદેશ કે અન્ય કોઈપણ પ્રકારના ભેદભાવ વગરની સમાનતા – આમ, ભારતીય બંધારણમાં સમાનતાનો અર્થ ખૂબ જ મોટાપાયે કરવામાં આવ્યો છે.સમાજશાસ્ત્રીઓ સમાનતાના ખ્યાલમાં નીચે મુજબના તત્ત્વોનો સમાવેશ કરે છે :

(1) દરજ્જો અને ભૂમિકા આધારિત સમાનતા

(2) સ્થાન, પ્રતિષ્ઠા કે વિશેષાધિકારની બાબતમાં સમાનતા

(3) ન્યાય કે વ્યાજબીપણું

(4) વસ્તુઓનો સરખો હિસ્સો

(5) કદ, આકાર, રકમ, તીવ્રતા, કિંમત વગેરેની બાબતમાં સમાનતા

આમ, સમાનતાનો અર્થ ખૂબ જ વ્યાપક છે; પરંતુ, સમાજકાર્યમાં મુખ્યત્વે સામાજિક સમાનતાને કેન્દ્રમાં રાખીને 'સમાનતા'ની વિભાવના પ્રયોજવામાં આવે છે. વંચિત સમુદાયોને સમાન ન્યાય મળે તે સંદર્ભમાં સમાનતાનો ખ્યાલ સમાજકાર્યમાં પ્રયોજવામાં આવે છે. સ્ત્રી–પુરુષ સમાનતાના સંદર્ભમાં સામાજિક લિંગ આધારિત સમાનતા (Gender Equality) શબ્દ પ્રયોજવામાં આવે છે.

ભારતીય સમાજમાં પ્રાચીન સમયથી સમતા અને સમાનતા આધારિત ભેદભાવો જોવા મળે છે. જેમકે, સમાજના નબળા વર્ગો પ્રત્યે જ્ઞાતિ આધારિત અસ્પૃશ્યતા પ્રયોજીને તેમની સમતા તેમજ સામાજિક ન્યાયની સ્થિતિ માટે અવરોધો ઊભા કરવામાં આવ્યા હતા. તેવી જ રીતે સામાજિક સમાનતા બાબતે પણ સમાજના સ્થાપિત હિતો દ્વારા કેટલીક અસમાનતા ઊભી કરવામાં આવેલ હતી; જેમકે, દરેક સમાજના લોકો સરખું શિક્ષણ મેળવી શકતા ન હતા. આ બાબત સામાજિક અસમાનતા દર્શાવે છે.

વર્તમાન સમયમાં પણ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, તેમ છતાં સામાજિક સમાનતાની સ્થિતિ ઊભી થઈ શકી નથી; જેમકે, સામાજિક અસમાનતાને કારણે જ ઘરેલું હિંસા અને સ્ત્રીઓ પરના અત્યાચારો વધતા હોય તેવું ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો ઓફ ઇન્ડિયાના આંકડાઓ પરથી જોઈ શકાય છે.

આમ, સમતા એ સામાજિક ન્યાયના સંદર્ભમાં ઉપયોગમાં લેવાતી વિભાવના છે. જ્યારે સમાનતા એ સામાજિક–આર્થિક–રાજકીય એમ દરેક પ્રકારની સમાનતા માટે ઉપયોગમાં લેવાતી વિભાવના છે.

## 1.5 પિતૃત્વ-નૈતિક, સામાજિક અને કાયદાકીય પરિમાણો :

ભારતમાં મોટેભાગે પિતૃપ્રધાન સમાજવ્યવસ્થા જોવા મળે છે. કુટુંબમાં પિતા અથવા વડીલ પુરુષનું સ્થાન ઊંચું ગણવામાં આવે છે. ઘરના મહત્ત્વના નિર્ણયોમાં પુરુષ સભ્યની ભૂમિકા મહત્ત્વની હોય છે. આમ, સમાજમાં પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થા પ્રવર્તે છે. તેમ છતાં બાળઉછેર બાળકોને મોટા કરવા વગેરે મુખ્યત્વે માતાની જવાબદારી માનવામાં આવે છે. બાળજન્મ પછી માતાએ બાળકોના ઉછેર પાછળ વધુને વધુ સમય અને શ્રમ કરવો પડતો હોય છે. કુટુંબમાં બાળકના જન્મ થવાને કારણે ઘણા સંબંધોમાં પરિવર્તન આવે છે. યુગલ પતિ–પત્નીમાંથી માતા–પિતા બને છે ત્યારે તેમના દરજ્જા અને ભૂમિકા તેમજ જવાબદારીઓમાં પરિવર્તન આવે છે.

કુટુંબમાં બાળકનો જન્મ થવો અને માતા–પિતા બનવું એક સહજ જૈવિક પ્રક્રિયા છે. તેમછતાં બાળકના જન્મ થવાની ઘટના ઘણા નૈતિક, સામાજિક અને કાયદાકીય પરિમાણોને જન્માવે છે, જેની સમજૂતી નીચે મુજબ છે :

(1) **માતા–પિતા બનવાની પ્રક્રિયા અને નૈતિક જવાબદારી :** માત્ર બાળકને જન્મ આપવાથી માતા–પિતા બની શકાય છે, એવું નથી; પણ, સાચા અર્થમાં માતા–પિતા બનવું હોય તો બાળકને જન્મ આપનાર દંપતિમાં યોગ્ય પુખ્તતા આવવી જરૂરી છે. દંપતિ બાળકની જવાબદારી ઉપાડવા સક્ષમ હોય તેમજ માનસિક રીતે બાળઉછેર માટે તત્પર હોય તે બાબત ખૂબ જ જરૂરી છે. માતા–પિતાને બાળકની ઉંમર પ્રમાણેની તેની જરૂરિયાતોનો ખ્યાલ હોવો જોઈએ. બાળકની લાગણીને સમજવાની સૂઝ માતા–પિતામાં હોય તે જરૂરી બાબત ગણીશકાય. 9 મહિના કરતા નાના બાળકો બોલી શકતા નથી;પરંતુ,માતા–પિતાના વર્તનને સમજવાની સૂઝ નાના બાળકોમાં ખૂબ જ હોય છે. જ્યારે, બાળક સાથે ઘરના સભ્યો ખરાબ વર્તન કરે છે ત્યારે બાળમાનસને આઘાત પહોંચે છે. તેથી 0 થી 12 વર્ષ સુધી નાના બાળકોના સૌ માતા–પિતાએ બાળકોની મનો-સામાજિક જરૂરિયાતો ઓળખવી જોઈએ, સમજવી જોઈએ અને તે પ્રમાણે પોતાના વર્તન અને વ્યવહારમાં પરિવર્તન લાવવું જોઈએ. કુટુંબમાં માતા–પિતા અને સ્વજનો ઉચ્ચ આદર્શો ધરાવતા હોય તો બાળકનો નૈતિક વિકાસ ખૂબ જ સારો થાય છે; પરંતુ, બાળકના માતા–પિતા અપ્રમાણિક હોય તો બાળકમાં પણ એવા જ સમાજ વિરોધી મૂલ્યોનું ઘડતર થાય છે. ઉચ્ચ આદર્શો અને મૂલ્યોનું પાલન કરવું મુશ્કેલ જણાય છે પણ લાંબાગાળે વ્યક્તિને પોતાને, કુટુંબને સમાજને તેનાથી ઘણો ફાયદો થાય છે.

(2) **માતા–પિતા બનવાની પ્રક્રિયા અને સામાજિક જવાબદારી :** માતા–પિતા બન્યા પછી દંપતિની સામાજિક જવાબદારી વધવા લાગે છે. બાળકનું સામાજિકરણ કરવાની મુખ્ય જવાબદારી માતા–પિતા પર હોય છે. બાળકમાં પોતાના સમાજના રીતિ–રિવાજો, મૂલ્યો, માન્યતાઓ, ધોરણો વગેરેનું બાળકમાં સિંચન કરવાની જવાબદારી માતા–પિતાની હોય છે. આ ઉપરાંત, પાયાની મૂલ્યનિષ્ઠ કેળવણી આપવાની જવાબદારી માતા–પિતાના શિરે હોય છે. પહેલાના સમયમાં ઘરમાં દાદા–દાદી અને સયુંકત કુટુંબના સભ્યોના કારણે બાળઉછેર માટે માતા–પિતા એ કોઈ ચોક્કસ આયોજન કે મહેનત કરવાની જરૂરિયાત જણાતી ન હતી; પણ, સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની સાથે સાથે વિભક્ત કુટુંબો વધ્યાં છે. બાળકો તેમના દાદા–દાદીથી દૂર થયા છે ત્યારે બાળકને દાદા–દાદી અને કુટુંબના અન્ય

સભ્યોનો પ્રેમ અને હૂંફ પૂરી પાડવાની જવાબદારી હવે માતા–પિતાના શિરે આવી પડી છે. તેથી વર્તમાન સમયમાં બાળકનો સામાજિક ઉછેર કરવો તેમજ બાળકને યોગ્ય નાગરિક તરીકે સમાજમાં જીવન જીવતા શીખવાડવું. માતા–પિતાની ખૂબ જ મોટી જવાબદારી છે. માતા–પિતાએ કાલ્પનિક કે ચલચિત્રોમાં દર્શાવાયેલ સંબંધો કરતા વાસ્તવિક જીવન જુદું છે તેવી સમજ બાળકને આપવી જોઈએ. જીવનના દરેક પ્રસંગે બાળક વાસ્તવિક પરિસ્થિતિને ઓળખે અને યોગ્ય કોઠાસૂઝથી સમસ્યાનું નિવારણ કરે તે પ્રમાણે બાળકનું સામાજિક ઘડતર કરવું તે માતા–પિતાની ખૂબ જ મોટી જવાબદારી છે.

(3) **માતા–પિતા બનવાની પ્રક્રિયા અને તેના કાયદાકીય પરિમાણો :** માતા–પિતા બનવા સાથે કેટલાંક કાયદાકીય પાસાંઓ પણ સંકળાયેલા છે; જેમકે, કોઈપણ સ્ત્રી–પુરુષ લગ્ન કર્યા વગર માતા–પિતા બને તો તે બાબત સામાજિક રીતે અને કાયદેસર–ગેરકાયદેસર કે અયોગ્ય માનવામાં આવે છે. ભારતમાં બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ મુજબ 18 વર્ષથી નાની દીકરી કે 21 વર્ષથી નાની વયના દીકરાના લગ્ન પર પ્રતિબંધ છે, નાની વયે લગ્ન કરનાર દંપતી અપરિપક્વ ઉંમરે માતા–પિતા બને છે. બાળઉછેરનો પૂરતો ખ્યાલ ન હોવાથી બીજા ઘણા સામાજિક અને માનસિક પ્રશ્નો ઉદ્ભવે છે.

જે લોકો બાળકને દત્તક લેવા માંગતા હોય તેમના માટે ભારતમાં દત્તક વિધાનનો કાયદો અસ્તિત્વમાં છે. કેન્દ્રીય ધોરણે સેન્ટ્રલ એડોપ્શન એજન્સી અને રાજ્ય કક્ષાએ સ્ટેટ એડોપ્શન એજન્સી તેમજ કાયદેસર રીતે માન્યતા પ્રાપ્ત નોંધાયેલ સામાજિક સંસ્થાઓ દ્વારા સરકારશ્રીની દેખરેખ હેઠળ બાળક દત્તક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જે દંપતી બાળકને દત્તક લેવા માંગતા હોય તેમની સામાજિક–આર્થિક સ્થિતિ, સામાજિક દરજ્જો, બાળકને રાખવાની તેમજ ઉછેર કરવા માટેની માનસિક તૈયારી અને પરિપક્વતા તેમજ બાળકના સર્વોચ્ચ હિતને ધ્યાનમાં રાખીને બાળક દત્તક આપવામાં આવે છે. આમ, બાળક દત્તક લઈને માતા–પિતા બનવા ઈચ્છતા દંપતીએ ઘણી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી તે માતા–પિતા બની શકે છે.

## 1.6 કુટુંબની નિર્બળતા/વંચિતતા :

કટુંબ એ વ્યક્તિના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કુટુંબ સામાજિક–આર્થિક રીતે જેટલું મજબૂત હશે એટલું જ તે પોતાના સભ્યના વિકાસમાં યોગદાન આપી શકશે. કુટુંબના સભ્યો માનસિક રીતે સ્થિરતા અને ઉચ્ચ મનોબળ ધરાવતા હોય તેવા કુટુંબમાં બાળકોનો વિકાસ અન્ય કુટુંબોની તુલનામાં વધુ સારો થાય છે.

કુટુંબની નિર્બળતા માટે ઘણા કારણો જવાબદાર છે; જેમકે, પરંપરાગત મૂલ્યોને જડતાથી પકડી રાખવા, સ્ત્રીઓનો નીચો દરજ્જો, શિક્ષણનું અલ્પપ્રમાણ કે નિરક્ષરતા, કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ, ગરીબી, બેરોજગારી, વસ્તી વધારો વગેરેને કારણે કટુંબ વધુને વધુ નિર્બળ બને છે. આ ઉપરાંત, જે તે સમયની રાજકીય પરિસ્થિતિ જો યોગ્ય ન હોય તો કુટુંબ નિર્બળ બને છે.

કુટુંબમાં જેમ–જેમ સંસાધનો ઓછા પડતા જાય છે, કુટુંબમાં કમાનાર સભ્યોનું અવસાન થાય અને કુટુંબ પર કોઈ આફત આવી પડે ત્યારે કુટુંબ વંચિત બને છે, સંસાધનોની વંચિતતા

કુટુંબને નિર્બળ બનાવે છે. સરકારશ્રીના સમાજકલ્યાણ અને સમાજસુરક્ષા વિભાગ દ્વારા વિવિધ યોજનાઓના માધ્યમથી વંચિત અને નિર્બળ કુટુંબોને સહાય કરીને તેમના વિકાસ માટેના પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત, શારીરિક અને માનસિક વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પણ વિકાસની તકોથી વંચિત હોય છે. તેમની નબળી શારીરિક માનસિક પરિસ્થિતિ તેમના વિકાસને અવરોધે છે. જે કુટુંબમાં વિક્લાંગ વ્યક્તિઓની સંખ્યા વધુ હોય તે કુટુંબ માટે વધુ ને વધુ નિર્બળ અને વંચિત બનતું જાય છે.

વિકલાંગ વ્યક્તિઓના કલ્યાણ માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે, જેના દ્વારા નબળા અને વંચિત કુટુંબોનું સશક્તિકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## 1.7 ઉપસંહાર :

કુટુંબ એક એવી સામાજિક વ્યવસ્થા છે, જે નવા સમાજના નિર્માણમાં અગત્યની ભૂમિકા અદા કરે છે. કુટુંબમાં જ્યાં સામાજિક લિંગભેદને વધુ પ્રોત્સાહન આપવામાં આવે છે ત્યાં સ્ત્રી જન્મ પ્રત્યે ઉદાસીનતા દાખવવામાં આવે છે; પરંતુ, પરિવર્તનની પ્રક્રિયાની સાથે સાથે સામાજિક સમાનતાનું પ્રમાણ વધતું જાય છે. કુટુંબમાં જેટલા આધુનિક અને લોકશાહી મૂલ્યો વધુ દ્રઢ બનેએટલાજ પ્રમાણમાં કુટુંબ વધુ વિકસિત બને છે. સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે આપણે કુટુંબજીવનના વિવિધ પાસાંઓને વિસ્તૃત રીતે સમજવા જોઈએ, જેથી સેવાર્થીને પ્રત્યક્ષ સેવા પૂરી પાડવામાં સરળતાથી પોતાની ભૂમિકા અદા કરી શકાય.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

1. ક્યાં સુધી "જેન્ડર" શબ્દ પ્રચલિત ન હતો ?
   (A) 1970 (B) 1980 (C) 1990 (D) 2000
2. કોણે સ્ત્રી–પુરુષના લક્ષણોના સંદર્ભમાં જેન્ડર શબ્દ પ્રયોજ્યો હતો ?
   (A) જ્યોર્જ વિલિયમ (B) એને ઓક્લેએ (C) ફ્રિન્લેન્ડર (D) ક્લાર્ક
3. જેન્ડર રિસોર્સ સેન્ટર હાલ ક્યાં આવેલું છે ?
   (A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડોદરા (D) સુરત
4. ભારતીય બંધારણની કઈ કલમમાં સમાનતા વિશેની વાત કરવામાં આવી છે ?
   (A) 14 (B) 16 (C) 18 (D) 20
5. વિશ્વમાં કઈ સદી દરમિયાન ઔદ્યોગિકરણ વિકસ્યું છે ?
   (A) 18 મી સદી (B) 19 મી સદી (C) 20 મી સદી (D) 21 મી સદી
6. સમતા શબ્દનો ઉદ્દભવ ક્યાં થયો હતો ?
   (A) રોમન લૉ (B) ભારતીય લૉ (C) અમેરિકન લૉ (D) જર્મની લૉ

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (B) **3.** (B) **4.** (A) **5.** (B) **6.** (A)

## 1.10 ચાવીરૂપ શબ્દો :

1. **સમતા :** સમતા માટે અંગ્રેજીમાં Equity શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. સમતાનો અર્થ થાય છે સમન્યાય કે વ્યાજબીણું. દરેક વ્યક્તિને યોગ્ય સામાજિક ન્યાય મળી રહે અને પક્ષપાત રહિત સમાનતાવાદી સમાજની સ્થાપના થાય તે સંદર્ભમાં આ સમતા શબ્દનો ઉપયોગ થાય છે.

## 1.11 સ્વાધ્યાય લેખન :

1. કુટુંબમાં જેન્ડર આધારિત અસમાનતાઓ સમજાવો.
2. સમતા અને સમાનતાનો ખ્યાલ વિગતવાર સમજાવો.
3. માતા-પિતા બનવાની પ્રક્રિયા અને નૈતિક જવાબદારી વિશે સમજાવો.
4. માતા-પિતા બનવાની પ્રક્રિયા અને સામાજિક જવાબદારી વિશે સમજાવો.
5. માતા-પિતા બનવાની પ્રક્રિયા અને કાયદાકીય જવાબદારી વિશે સમજાવો.
6. કુયુંબની નિર્બળતા/વંચિતતા વિગતવાર સમજાવો.

## 1.12 પ્રવૃત્તિ :

1. જેન્ડર રિસોર્સ સેન્ટરની મુલાકાત લઈ આ સેન્ટરની વિવિધ તાલિમ અને સંશોધનને લગતી કામગીરી વિશે માહિતી મેળવો.

## 1.13 કેસ સ્ટડી :

1. જાતિ આધારિત ભેદભાવનો ભોગ બનેલ કોઈ એક મહિલા વિશે વિગતે કેસ સ્ટડી તૈયાર કરો.
2. સામાજિક ન્યાય અને માનવ અધિકારના મુદ્દે કાર્યરત કોઈ એક સંસ્થાની મુલાકાત લઈ જેન્ડર આધારિત ભેદભાવ વિશે એક કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.14 સંદર્ભગ્રંથ :


- Srinivas M. N. (1974) : Social Change in Modern India, Oxfrod Press, London.
- Groe M. S. (1967) : Urbanization and Family Change, New York Press.
- શાહ એ. જી. અને દવે જે. કે. (2003) : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે. કે (2005) : ભારતમાં સમાજ માળખું અને પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે. કે. (2003) : ભારતની સામાજિક સંસ્થાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.

# એકમ–2 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન : ખ્યાલ અને લાક્ષણિકતાઓ

: એકમનું માળખું :

2.0 એકમનો પરિચય
2.1 એકમના હેતુઓ
2.2 પ્રસ્તાવના
2.3 સામાજિક પરિવર્તનનો અર્થ
2.4 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન
2.5 સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ
2.6 ઉપસંહાર
2.7 તમારી પ્રગતિ ચકાસો
2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
2.9 ચાવીરૂપ શબ્દો
2.10 સ્વાધ્યાય લેખન
2.11 પ્રવૃત્તિ
2.12 કેસ સ્ટડી
2.13 સંદર્ભગ્રંથ

## 2.0 એકમનો પરિચય :

પરિવર્તન એ સૃષ્ટિનો નિયમ છે. કોઈપણ વ્યવસ્થાએ કાયમી નથી. સમય અને સંજોગોને આધિન તેમાં ઘણાં ફેરફાર અને સુધારા જોવા મળે છે. આ સામાજિક પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ એકમમાં આપણે સામાજિક પરિવર્તનની વિસ્તૃત વિભાવનાને સમજવાનો પ્રયત્ન કરીશું.

આ એકમમાં સામાજિક પરિવર્તન કોને કહેવાય ? સામાજિક પરિવર્તનનો અર્થ, કુટુંબજીવન અને સામાજિક પરિવર્તનને શું સબંધ છે અને સામાજિક પરિવર્તનની જુદી–જુદી લાક્ષણિકતાઓને વિગતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. સામાજિક પરિવર્તનની સમગ્ર પ્રક્રિયાને સમજવી જરૂરી છે. સામાજિક કાર્યકર તરીકે આ જાણકારી ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 2.1 એકમનો હેતુ :

(1) કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તનની શું આવશ્યકતા છે ? તે અંગે જાણકારી મળશે.

(2) સામાજિક પરિવર્તનનો અર્થ શું છે ? તે અંગે જાણકારી પ્રાપ્ત થશે.

(3) સામાજિક પરિવર્તનની લાક્ષણિકતા અંગે જાણવા મળશે.

(4) સમાજ પરિવર્તનની ઉપયોગિતા વિશે જાણવા મળશે.

## 2.2 પ્રસ્તાવના :

સામાજિક પરિવર્તન એક સતત ચાલતી પ્રક્રિયા છે. કોઈપણ સમાજને યથાર્થ રીતે સમજવા માટે તેના પરિવર્તનની પ્રક્રિયાનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે. સામાજિક પરિવર્તનને સમજવા માટે જે–તે સમાજમાં સામાજિક સંબંધો, સમાજની સંસ્થાઓ, સમાજના રીતિ–રિવાજો, ધોરણો, મૂલ્યો વગરેમાં આવી રહેલા હકારાત્મક કે નકારાત્મક ફેરફારોને સમજવા જરૂરી બની રહે છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સાર્વત્રિક છે, એટલે કે વિશ્વના દરેક સમાજમાં ઓછા–વત્તા અંશે સતત પરિવર્તનઆવે જ છે. સામાજિક પરિવર્તન સમાજના રચનાતંત્ર અને સામાજિક કાર્યોમાં ફેરફાર સૂચવે છે. સામાજિક પરિવર્તન સ્વયં સંચાલિત પ્રક્રિયા છે; પરંતુ, આધુનિક યુગમાં આયોજિત રીતે માનવસર્જિત પરિવર્તનની પ્રક્રિયા પણ જોવા મળે છે. વિવિધ પંચવર્ષીય યોજનાઓ દ્વારા કરવામાં આવેલા આયોજનો અને કાર્યો આયોજિત સામાજિક પરિવર્તનના ઉદાહરણ ગણી શકાય.

## 2.3 સામાજિક પરિવર્તનનો અર્થ :

સામાજિક પરિવર્તન વિશે જગતના જુદા–જુદા દાર્શનિકોએ પોતાના મંતવ્યો રજુ કર્યા છે. હિપરાક્લિટસના મતે સમાજ સતત પરિવર્તનશીલ છે. સમાજ ક્ષણે–ક્ષણે બદલાય છે જ્યારે અન્ય દાર્શનિક પર્મેનાઈડ્ઝના મતે પરિવર્તન એ માત્ર એક ભ્રમણા છે જ્યારે સામાજિક સાતત્ય એજ સાચી વાસ્તવિકતા છે. તેમ છતાં વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રીઓએ વૈજ્ઞાનિક અભ્યાસોના અંતે કેટલીક વ્યાખ્યાઓ દ્વારા સામાજિક પરિવર્તનને સમજાવવાનો પ્રયત કરેલ છે, જે નીચે મુજબ છે :

- "સામાજિક સંગઠનમાં એટલે કે સમાજના રચનાતંત્ર અને કાર્યમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન કહેવાય." – ***કીંગ્સલે ડેવિસ***
- "સામાજિક સબંધોના ગૂંફનમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન કહેવાય." – ***મેકાઈવર અને પેજ***
- "મૂળભૂત રીતે જોઈએ તો સમાજના રચનાતંત્રમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન." – ***જ્હોન્સન***

ઉપરોક્ત વ્યાખ્યાઓ દ્વારા જુદા–જુદા સમાજશાસ્ત્રીઓએ સામાજિક પરિવર્તનને પરિભાષિત કરવાનો પ્રયત્ન કરેલ છે. કિંગ્સલે ડેવિસ જણાવે છે તેમ, સમાજના રચનાતંત્ર અને કાર્યોમાં આવતું પરિવર્તન સામાજિક પરિવર્તન તરફ નિર્દેશ કરે છે. અમેરિકન સમાજશાસ્ત્રી જહોન્સન પણ સમાજના રચનાતંત્રમાં આવતા પરિવર્તનને સામાજિક પરિવર્તન તરીકે પરિભાષિત કરે છે. સમાજમાં વિવિધ પ્રકારના રચનાતંત્રો કાર્યરત છે. કુટુંબ એક મહત્ત્વપૂર્ણ રચનાતંત્ર છે. જેમાં બાળઉછેર, કુટુંબના સભ્યોનું શારીરિક, માનસિક ઘડતર, સામાજિકીકરણ જેવા મહત્ત્વપૂર્ણ કાર્યો થાય છે. જ્યારે કુટુંબના આવા કાર્યોમાં પરિવર્તન આવે ત્યારે તેને સામાજિક પરિવર્તન કહી શકાય.

તેવી જ રીતે મેકાઈવર અને પેજ સામાજિક સંબંધોના ગૂંફનમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન તરીકે પરિભાષિત કરે છે તેમના માટે સમાજ સામાજિક સંબંધોને આધારે વિકસે છે અને ટકી રહે છે.

જ્યારે, સમાજના આવા સામાજિક સંબંધોમાં પરિવર્તન આવે છે ત્યારે તેને સામાજિક પરિવર્તન કહેવાય છે.

## 2.4 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન :

સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના ભાગરૂપ સમાજની વિવિધ સામાજિક સંસ્થાઓમાં સામાજિક પરિવર્તન આવે છે. કુટુંબ સંસ્થા એ સમાજની પાયાની સંસ્થા છે, જે વ્યક્તિના સામાજિકીકરણમાં અને સમાજ ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. વર્તમાન સમયમાં કુટુંબજીવનમાં કેવા સામાજિક પરિવર્તનો આવી રહ્યાં છે, તે નીચેના મુદ્દાઓને આધારે સમજી શકાય છે.

(1) કુટુંબમાં વિઘટનની પ્રક્રિયા વિકસી છે.

(2) આંતરપેઢીય સંઘર્ષ વધ્યો છે.

(3) કુટુંબના સભ્યો વચ્ચેના સંબંધોમાં પરિવર્તન આવ્યું છે.

(4) દાંપત્યજીવનમાં પરિવર્તન.

(5) બાળઉછેરની પ્રક્રિયામાં પરિવર્તન

(6) વિભક્ત કુટુંબોનું મહત્ત્વ સમાજમાં વધવા લાગ્યું છે.

**(1) કુટુંબમાં વિઘટનની પ્રક્રિયા વિકસી છે :** આજથી સો વર્ષ પહેલાના સમાજનો વિચાર કરીએ તો જણાશે કે સમાજમાં સંયુક્ત કુટુંબો જ હતાં. સંયુક્ત કુટુંબના સભ્યોનો દરજ્જો સમાજમાં ઊંચો ગણાતો અને વ્યક્તિ પોતાના કુટુંબ થકી ઓળખાતી; પરંતુ, પરિવર્તનની પ્રક્રિયાના ભાગરૂપે કુટુંબ સંસ્થામાં મોટા પરિવર્તનો આવ્યાં છે.

જ્યારે, સંયુક્ત કુટુંબના સભ્યો વચ્ચેની સંયુક્તતા કે એકતાના બંધનો પારસ્પરિક ફરજો અને જવાબદારીની ભાવના નબળી પડે છે, ત્યારે કુટુંબમાં વિઘટનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે તેમ કહી શકાય. સભ્યો પોતાના કુટુંબ પ્રત્યેની ફરજો અને જવાબદારીઓથી વિચલિત થાય. કુટુંબના વડાની સત્તાને પડકારે તેમજ સંયુક્ત કુટુંબથી અલગ રહેવા જાય છે જે વિઘટનની પ્રક્રિયા દર્શાવે છે. કુટુંબજીવનમાં વિઘટન સર્જાવાના અનેક કારણો છે, જેમકે સ્ત્રી સભ્યો વચ્ચેના ઝગડા, મિલકત વહેંચણી બાબતની તકરાર, પરંપરાગત મૂલ્યોનો નવી પેઢી દ્વારા થતો અસ્વીકાર વગેરે બાબતો વિઘટનની પ્રક્રિયા વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(2) આંતરપેઢીય સંઘર્ષ વધ્યો છે :** કુટુંબમાં જૂની પેઢીના સભ્યો પરંપરાગત મૂલ્ય વ્યવસ્થાને પકડી રાખવામાં વિશ્વાસ ધરાવે છે, તેમજ નવા મૂલ્યોને ઝડપથી સ્વીકારતા નથી. તેથી આંતરપેઢીય સંઘર્ષ વધે છે. નવા પેઢીના સભ્યો કુટુંબમાં મહત્ત્વપૂર્ણ આર્થિક યોગદાન આપે છે. તેથી પોતાની ઈચ્છા મુજબના નિર્ણયો કુટુંબમાં લેવામાં આવે તેવું ઈચ્છતા

હોય છે, જ્યારે વડીલો પાસે અનુભવનો સમૃદ્ધ વારસો હોય છે;પરંતુ, નવી પેઢી તેની અવગણના થતા નવી અને જૂની પેઢીના સંબંધોમાં સંઘર્ષ વધે છે.

**(3)** **કુટુંબના સભ્યો વચ્ચેના સબંધોમાં પરિવર્તન આવ્યું છે :** સામાજિક પરિવર્તનની અસરો કુટુંબ સંસ્થા પર થયેલી જોવા મળે છે. કુટુંબમાં માતા–પિતા અને સંતાનો વચ્ચે મૈત્રીના સંબંધો વિકસ્યાં છે. સત્તા અને તાબેદારીના સંબંધો ઘટ્યા છે. જે કુટુંબો સત્તા અને તાબેદારીના સંબંધોને મહત્ત્વ આપે છે, ત્યાં કૌટુંબિક વિઘટન વધ્યું છે. પુત્ર પિતાના જ પરંપરાગત વ્યવસાયને અનુસરે તે બાબત હવે જોવા મળતી નથી તેમજ કુટુંબ પણ એવી અપેક્ષા રાખતું નથી. કુટુંબમાં સાસુ–વહુ, દેરાણી જેઠાણીના સંબંધોમાં પરિવર્તન આવ્યું છે.

**(4)** **દામ્પત્યજીવનમાં પરિવર્તન :** સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની સાથે સાથે પતિ–પત્ની વચ્ચેના સંબંધોમાં પણ પરિવર્તન આવ્યું છે. પતિ–પત્નીના સબંધો સત્તા અને તાબેદારીના સંબંધોને બદલે મૈત્રીના સંબંધોમાં પરિણમ્યાં છે. શિક્ષણનું પ્રમાણ વધવાને કારણે સ્ત્રીઓની ભૂમિક હવે માત્ર રસોઈકામ કે બાળઉછેર સુધી સીમિત રહી નથી; પરંતુ, ઘરની ચાર દિવાલોમાંથી બહાર નીકળીને સ્ત્રીઓ હવે વિવિધ ક્ષેત્રે પોતાની કુશળતાઓ સાબિત કરવા લાગી છે અને કુટુંબ માટે આર્થિક ઉપાર્જન પણ કરવા લાગી છે. લગ્ન સમયે સ્ત્રી ભણેલી ગણેલી હોય અને નોકરી કરતી કે કોઈ આજીવિકા મેળવતી હોય તો તેવા પાત્રને પુરુષો દ્વારા વધુ પસંદ કરવામાં આવે છે. આમ, આજના યુવાનો પોતાના જીવનસાથીની પસંદગીના માપદંડ બદલાયા છે. પતિ–પત્ની વચ્ચે નિકટતા વધી છે. પુરુષો પોતાની પત્નીની કાળજી લેતા થયા છે.આર્થિક રીતે સ્વતંત્ર બનતા સ્ત્રી હવે સંપૂર્ણ રીતે પુરુષો પર આધારિત રહેલ નથી. આર્થિક સશક્તિકરણને કારણે સ્ત્રીઓ હવે કુંટુંબના નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનવા લાગી છે.

તેમ છતાં કુટુંબ આવેલ આ પરિવર્તનમાં કેટલાક અંશે અપવાદ જોવા મળે છે. રૂઢિવાદી કુટુંબોમાં પણ સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવતી નથી.

**(5)** **બાળઉછેરની પ્રક્રિયામાં પરિવર્તન :** કુટુંબમાં નવા બાળકનો જન્મ એક મહત્ત્વની ઘટના છે. બાળઉછેર એ કુટુંબ સંસ્થાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે જે નવા સમાજના અને દેશના નવા નાગરિકના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. અગાઉ બાળઉછેર માત્ર સ્ત્રીઓની જવાબદારી માનવામાં આવતી હતી. તેથી, માતા બનનાર સ્ત્રી તેમજ ઘરની વડીલ સ્ત્રીની ભૂમિકા બાળઉછેરમાં મહત્ત્વપૂર્ણ બની રહેતી હતી. પરંતુ, સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની સાથે સાથે હવે બાળઉછેરની પદ્ધતિમાં પરિવર્તન આવ્યું છે. બાળકનો જન્મ ઘરે થાય તેના કરતા યોગ્ય તાલીમબદ્ધ તબીબની દેખરેખ હેઠળ હૉસ્પિટલમાં થાય તે બાબતને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. બાળઉછેરમાં કુટુંબના પુરુષ સભ્યો પણ પોતાની ભૂમિકા અદા કરે છે. બાળજન્મ પછી જ્યારે સ્ત્રી કાર્ય કરવા સક્ષમ ન હોય ત્યારે ઘરની ઘણી જવાબદારી પુરુષ સભ્યો ઉપાડી લેતા હોય છે. સરકાર દ્વારા પણ સ્ત્રી અને પુરુષ બંને ને બાળઉછેર માટે સમય મળી રહે તે માટે કેટલીક કાયદેસરની હક્ક રજાઓ આપવામાં આવે છે. આમ, વર્તમાન સમયમાં બાળઉછેરમાં પુરુષ સભ્યોની ભૂમિકા અને જવાબદારી વધી છે જે એક સામાજિક પરિવર્તનનેદર્શાવે છે.

**(6) સમાજમાં વિભક્ત કુટુંબો વધવા લાગ્યું છે :** ભારતીય સમાજમાં સયુંકત કુટુંબપ્રથા વર્ષોથી અસ્તિત્વમાં હતી. આજે પણ ગ્રામીણ ક્ષેત્રે સંયુક્ત કુટુંબો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેમછતાં 20મી સદીમાં સામાજિક, આર્થિક, તેમજ રાજકીય ક્ષેત્રે થયેલા મહત્ત્વપૂર્ણ પરિવર્તનને કારણે વિભક્ત કુટુંબો વધવા લાગ્યા છે. અગાઉના સમયમાં કુટુંબ સાથેના સંબંધોમાં કડવાહટ આવતા તેમજ કુટુંબ સાથેના સંઘર્ષને કારણે વ્યક્તિ પોતાના બાળકો અને પત્ની સાથે અલગ નિવાસ કરવા જતો. જેથી વિભક્ત કુટુંબો સર્જાતા; પરંતુ, વર્તમાન સમયમાં નોકરી વ્યવસાય, ધંધા–રોજગાર કે અભ્યાસ અર્થે વ્યક્તિ પોતાના કુટુંબથી અલગ રહેવા જાય છે. આમ, નોકરી વ્યવસાય, ધંધા–રોજગાર કે અભ્યાસ જેવાં કારણો વિભક્ત કુટુંબને પ્રોત્સાહન આપે છે.

ડૉ. દેસાઈના મહુવાના 423 કુટુંબોના અભ્યાસમાં રૂઢિગત સંયુક્ત કુટુંબ કે જેમાં સર્વોચ્ચ પ્રકારની સંયુક્તતા હતી તેનું પ્રમાણ માત્ર 21% હતું જ્યારે 4 કે તેથી વધુ પેઢી વાળા સંયુક્ત કુટુંબો માત્ર સાથે સખ્ય 6% જ હતા. આમ, પરિવર્તનની પ્રક્રિયાની સાથે–સાથે વિભક્ત કુટુંબ વધ્યાં છે.

## 2.5 સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ :

સામાજિક પરિવર્તન એ દરેક સમાજમાં જોવા મળતી સાહજિક પ્રક્રિયા છે. દરેક સમાજમાં જે–તે સમાજની સામાજિક– આર્થિક–રાજકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિ પ્રમાણે સામાજિક પરિવર્તનની ગતિ ઝડપી કે ધીમી હોય છે. પ્રાંગ ઐતિહાસિક યુગમાં સામાજિક પરિવર્તનની ગતિ ખૂબ જ ધીમી હતી; પરંતુ, 19મી સદી પછી ઔદ્યોગિક ક્રાંતિ, ફ્રાંસની સામાજિક ક્રાંતિ, 19મી અને 20મી સદી દરમિયાન થયેલી નવી શોધો, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના સાધનોનો વિકાસ વગેરેને કારણે સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ખૂબ જ ઝડપી બની છે. આગળ જણાવેલા વિવિધ પરિબળોને કારણે સામાજિક ધોરણો, મૂલ્યો, સમાજની કાનૂન વ્યવસ્થા, રાજકીય શાસનવ્યવસ્થા વગેરેમાં મોટાપાયે પરિવર્તન આવ્યું છે.

વિલ્બર્ટ મૂરે સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ નીચે મુજબ જણાવે છે :

(1) સામાજિક પરિવર્તન એક પ્રક્રિયા છે.

(2) સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સાર્વત્રિક છે.

(3) સામાજિક પરિવર્તન સામાજિક માળખામાં પરિવર્તનનો નિર્દેશ કરે છે.

(4) સમાજના કાર્યોમાં થતો ફેરફાર એ સામાજિક પરિવર્તન દર્શાવે છે.

(5) સામાજિક પરિવર્તન સ્વયંજનીત અને આયોજિત પ્રક્રિયા તરીકે જોવા મળે છે.

**(1) સામાજિક પરિવર્તન એક પ્રક્રિયા છે :** સામાજિક પરિવર્તન એ કોઈ એક દિવસ કે અમુક સમય પૂરતી ઘટના નથી પણ તે સતત ચાલતી અવિરત પ્રક્રિયા છે. આદિમાનવના સમયમા પણ પરિવર્તનની પ્રક્રિયા ચાલુ હતી અને આજે પણ પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલુ જ છે; પરંતુ, આદિમાનવના સમયમાં નવી શોધો અને માનવીનો વિકાસ આજની તુલનામાં ઘણો ઓછો થયેલ હતો તેથી પરિવર્તનની પ્રક્રિયા ખૂબ જ ધીમી હતી અને પરિવર્તનની અસરો પણ ઝડપથી ખ્યાલ આવી શકતો ન હતો. વર્તમાન સમયમાં

પરિવર્તનની પ્રક્રિયા ઝડપી અને વધુ જટિલ બની છે. આમ, સામાજિક પરિવર્તન સતત ચાલતી પ્રક્રિયા છે, જે દરેક સમાજમાં જોવા મળે છે. તેમ છતાં સમય–સ્થળ અને જે–તે સમાજની સામાજિક–આર્થિક અને રાજકીય પરિસ્થિતિના સંદર્ભમાં તેમાં પરિવર્તન ફેરફાર જોવા મળે છે.

**(2) સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સાર્વત્રિક છે :** સામાજિક પરિવર્તન વિશ્વના દરેક સમાજોમાં જોવા મળે છે. ગ્રામીણ સમાજ શહેરી સમાજ, આદિવાસી સમાજ કે અન્ય કોઈપણ પ્રકારના સમાજમાં સામાજિક પરિવર્તન જોવા મળે છે. સામાજિક પરિવર્તન કોઈ દેશ–કાળની મર્યાદામાં બંધાયેલ નથી. સમાજની દરેક વ્યક્તિ દિન–પ્રતિદિન વય, શરીરના કદ, બુદ્ધિઆંક, સામાજિક–આર્થિક સબંધો પ્રમાણે વિકાસ પામે છે, જે સામાજિક પરિવર્તનને દર્શાવે છે. તેવીજ રીતે ભારતમાં જેમ સામાજિક પરિવર્તન જોવા મળે છે તેવી જ રીતે વિશ્વના અન્ય બધા જ દેશો જેવા કે અમેરિકા, જાપાન, ઈરાન, ઈરાક કે વિશ્વના કોઈપણ ખૂણામાં આવેલા દેશ સામાજિક પરિવર્તન સાર્વત્રિક છે, તે બાબતનો નિર્દેશ કરે છે.

**(3) સામાજિક પરિવર્તન સામાજિક માળખામાં પરિવર્તનનો નિર્દેશ કરે છે :** સામાજિક પરિવર્તન સામાજિક માળખામાં પરિવર્તન સૂચવે છે. સામાજિક માળખા માટે સામાજિક રચનાતંત્ર શબ્દ પણ પ્રયોજવામાં આવે છે. સામાજિક માળખામાં સામાજિક રિવાજો, સામાજિક ધોરણો, મૂલ્યો, માન્યતાઓ, દરજ્જો અને તેની સાથે જોડાયેલ ભૂમિકાઓ વગેરેનો સમાવેશ થાય છે. સમાજના આવા સામાજિક માળખામાં જે પરિવર્તન આવે છે તેને સામાજિક પરિવર્તન તરીકે ઓળખવામાં આવે છે. આમ, ભૌતિક બાબતોમાં થતો ફેરફાર એ સામાજિક પરિવર્તન નથી; પરંતુ, સમાજની સામાજિક બાબતો જેવી કે, સામાજિક બાબતોમાં થતો ફેરફાર એ સામાજિક પરિવર્તન છે.

**(4) સમાજના કાર્યોમાં થતો ફેરફાર એ સામાજિક પરિવર્તન દર્શાવે છે :** સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફાર સૂચવે છે તેવી જ રીતે સામાજિક રચનાતંત્રમાં ફેરફાર થવાથી સમાજના કાર્યોમાં પણ ફેરફાર થાય છે. સમાજ વિવિધ પ્રકારના સામાજિક કાર્યો કરે છે, જેમકે કુટુંબમાં સામાજિકીકરણનું કાર્ય, કુટુંબમાં પ્રજોત્પાદનનું કાર્ય, આર્થિક રચનાનું કાર્ય, જીવનનિર્વાહની ચીજવસ્તુઓ પૂરી પાડવાનું કાર્ય તેવી જ રીતે શિક્ષણ સંસ્થા, લગ્ન સંસ્થા, ધર્મ સંસ્થા, જ્ઞાતિ સંસ્થા વગેરે સાથેના કાર્યો એ સમાજ દ્વારા કરવામાં આવતા કાર્યો. જ્યારે સમાજના આ કાર્યોમાં પરિવર્તન આવે છે ત્યારે સામાજિક પરિવર્તન આવે છે, તેથી જ કિંગસ્લે ડેવિસ જણાવે છે કે, સમાજના રચનાતંત્રમાં આવતું પરિવર્તન એ સામાજિક પરિવર્તન છે. આમ, સામાજિક પરિવર્તનને સમજવા માટે સમાજના રચનાતંત્ર અને કાર્યોમાં આવેલ પરિવર્તનને સમજવું એ સમાજકાર્યકર માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે.

**(5) સામાજિક પરિવર્તન સ્વયંજનીત અને આયોજિત પ્રક્રિયા તરીકે જોવા મળે છે :** સામાજિક પરિવર્તન એક સહજ પ્રક્રિયા છે. વિશ્વના દરેક સમાજમાં તે જોવા મળે છે. કેટલાક સામાજિક પરિવર્તનો સ્વયંજનીત હોય છે જેમકે સમાજના રિવાજો ધોરણોમાં આવેલ પરિવર્તન સ્વયંજનીત પરિવર્તન છે; કારણકે, મોટેભાગે સમાજના રિવાજો બદલવા માટે

કોઈ વ્યવસ્થિત આયોજિત પ્રયત્નો કરવામાં આવતા નથી; પણ, લાંબાગાળે બદલાતી સામાજિક–આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ પ્રમાણે સમાજમાં સ્વયંભૂ પરિવર્તન આવ્યાં કરે છે.

પરંતુ, બધાજ પરિવર્તનો સામાજિક પરિવર્તનો નથી. આયોજિત વિકાસની પ્રક્રિયાના ભાગરૂપે કેટલાક પરિવર્તનો આયોજિત રીતે કરવામાં આવે છે; જેમકે, વિવિધ પંચવર્ષીય યોજનાઓ (હવે નીતિઆયોગ) દ્વારા જે આયોજન કરવામાં આવે છે તે લાંબાગાળાનું આયોજિત સામાજિક પરિવર્તન છે. દેશમાં જુદી–જુદી નદીઓ પર બંધ બાંધીને કૃષિની આવક વધારવી અને તેના દ્વારા સમાજમાં સમૃદ્ધિનું સર્જન કરવું તે આયોજિત સામાજિક પરિવર્તન ગણી શકાય.

સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવીકે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેંધરી કાનૂનના અમલીકરણ દ્વારા રોજગારનો વિકાસ કરવો, સમુદાય વિકાસ યોજના, રસીકરણ કાર્યક્રમ, કુટુંબ નિયોજન કાર્યક્રમ વગેરે આયોજિત સામાજિક વિકાસ કાર્યક્રમને દર્શાવે છે. આવા આયોજિત વિકાસના કાર્યક્રમો દ્વારા સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને હકારાત્મક દિશામાં લોકકલ્યાણની દિશામાં લઈ જઈને વિકાસન ઈચ્છિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકાય છે.

## 2.6 ઉપસંહાર :

આમ,પરિવર્તન એક સાર્વત્રિક પ્રક્રિયા છે. સમાજના દરેક ક્ષેત્રમાં દરરોજ કોઈક ને કોઈક પરિવર્તન આવ્યાં જ કરે છે; પરંતુ, અહીં આપણે માત્ર સામાજિક પરિવર્તનને જ કેન્દ્રમાં લીધેલ છે. સમાજકાર્ય સામાજિક પરિવર્તન સાથે નિસ્બત ધરાવે છે. સમાજમાં ઈચ્છિત હકારાત્મક અને આયોજિત પરિવર્તન લાવવામાં સમાજ કાર્યકરો મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. સામાજિક પરિવર્તન માટે કાર્યરત સામાજિક કાર્યકરોએ સામાજિક પરિવર્તનના સૈદ્ધાંતિક પાસાંનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે. સામાજિક પરિવર્તનના કારણો, અસરો, વગેરે સમાજનું વાસ્તવિક ચિત્ર સમજવાની તક પૂરી પાડે છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો :

1. "સામાજિક સબંધોના ગૂંફનમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન કહેવાય" – એમ કોણે કહ્યું છે ?

   (A) મેકાઈવર અને પેજ (B) જહોન્સન

   (C) કિંગ્સ્લે ડેવિસ (D) ફિનલેન્ડર

2. કુટુંબમાં વિઘટન સર્જાવાના મુખ્ય કયા કારણો છે ? તે જણાવો.

   (A) સ્ત્રી સભ્યો વચ્ચે ઝઘડા (B) મિલકત અંગે તકરાર

   (C) પરંપરાગત મૂલ્યોનો અસ્વીકાર (D) ઉપરોક્ત તમામ

3. ડૉ. દેસાઈના મહુવાના અભ્યાસમાં કેટલા કુટુંબો હતા ?

   (A) 400 (B) 413 (C) 423 (D) 433

4. ડૉ. દેસાઈના મહુવાના અભ્યાસમાં સંયુક્ત કુટુંબમાં સર્વચ્ચ પ્રકારની સંયુક્તતાનું પ્રમાણ કેટલું હતું ? તે જણાવો.

(A) 12 ટકા (B) 21 ટકા (C) 28 ટકા (D) 38 ટકા

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (D) **3.** (C) **4.** (B)

## 2.9 ચાવીરૂપ શબ્દો :

**1. સામાજિક પરિવર્તન :** સમાજમાં સામાજિક વ્યવસ્થામાં જે ફેરફાર કે બદલાવ આવે છે તે બદલાવને સામાજિક પરિવર્તન કહેવામાં આવે છે. પરિવર્તનને સમાજનો નિયમ છે જેમાં સમયાંતરે પરિવર્તન આવે છે.

**2. સ્વયંજનિત :** સ્વયંજનિત એટલે આપોઆપ જે પ્રક્રિયા થાય તેને સ્વયંજનિત કહેવામાં આવે છે.

## 2.10 સ્વાધ્યાય લેખન :

1. સામાજિક પરિવર્તનનો અર્થ સવિસ્તાર સમજાવો.
2. કુટુંબજીવનમાં આવી રહેલ સામાજિક પરિવર્તન વિગતવાર સમજાવો.
3. સામાજિક પરિવર્તનની લાક્ષણિકતાઓ સવિસ્તાર સમજાવો.
4. સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં સમાજકાર્યકરની ભૂમિકા સમજાવો.

## 2.11 પ્રવૃત્તિ :

1. ડૉ. અક્ષયકુમાર દેસાઈનો મહુવા અંગેનો સંશોધન અભ્યાસ વિશે વિગતે જાણકારી મેળવો.
2. આજે સમાજમાં સંયુક્ત કુટુંબોનું પ્રમાણ ઘટતું જાય છે અને વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધતુ જાય છે. એક સામાજિક કાર્યકર તરીકે ઉપરોક્ત સ્થિતિ અંગે તમારાં અવલોકનો વિશે નોંધ તૈયાર કરો.

## 2.12 કેસ સ્ટડી :

1. તમારા ફિલ્ડવર્કના ગામમાં સંયુક્ત કુટુંબો વિશે માહિતી મેળવી કોઈ એક કુટુંબ વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.13 સંદર્ભગ્રંથ :


- Srinivas M. N. (1974) : Social Change in Modern India, Oxfrod Press, London.
- Groe M. S. (1967) : Urbanization and Family Change, New York Press.

- શાહ એ. જી. અને દવે જે. કે. (2003) : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે. કે (2005) : ભારતમાં સમાજ માળખું અને પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ એ. જી. અને દવે જે. કે. (2003) : ભારતની સામાજિક સંસ્થાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**BSWR-501**

# કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

વિભાગ

# 5

## સામાજિક પરિવર્તન


**એકમ–1** વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

**એકમ–2** સામાજિક પરિવર્તનના કારણો અને તેની અસરો

**એકમ–3** વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં આવતા પરિવર્તનો

ISBN : 978-93-91071-83-7


**લેખક**

**વિનોદ સોનાવણે** — મદદનીશ પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**પરામર્શક (વિષય)**

**ડૉ. વિપીન મકવાણા** — નિયામક, ગ્રામ સેવા કેન્દ્ર, દેથલી, ગૂજરાત વિદ્યાપીઠ.

**પરામર્શન (ભાષા)**

**ડૉ. હેતલ ગાંધી** — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ


**Edition : 2023**

**Copyright©2023 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ–અધ્યયન અભ્યાસ–સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ–સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ–સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ–અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનો–શારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનો–શારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રસ્તુત થાય છે.

અભ્યાસ–સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ (Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

# દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ—અવરોહ, ભાવ—ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ—અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે .

સ્વ—અધ્યયન અભ્યાસ—સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ—અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ—અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આજ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન—મૂલ્યાંકન પણ કરે છે.

## <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ–સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થી ભોગ્ય બનાવે છે.

આશા છે કે, સ્વ–અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ-સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## BSWR-501 કુટુંબ સાથે સમાજકાર્ય વ્યવહાર

વિભાગ–1 : કુટુંબનો પારંપારિક ખ્યાલ

એકમ–1 કુટુંબનો અર્થ અને તેના લક્ષણ

એકમ–2 કુટુંબ વ્યવસ્થાના કાર્યો

એકમ–3 કુટુંબના પ્રકાર

એકમ–4 પુનર્લગ્ન આધારિત કુટુંબો

એકમ–5 વૈકલ્પિક કુટુંબ

વિભાગ–2 : કુટુંબના કાર્યો તરીકે લગ્ન સંસ્થા

એકમ–1 લગ્ન : એક સંસ્થા તરીકે

એકમ–2 દરમિયાનગીરીની વ્યૂહરચના-કુટુંબ સહાય માટે કાર્યરત એજન્સીઓની ભૂમિકા અને કાર્યો

એકમ–3 લગ્ન પૂર્વે, દામ્પત્ય અને છૂટાછેડા વિશે પરામર્શન

એકમ–4 કુટુંબમાં કટોકટી સમયે દરમિયાનગીરી, ઉપચાર અને લોકપેરવી

એકમ–5 સમાજકાર્યની પદ્ધતિઓનો ઉપયોગ અને કેસ વિશેની રજૂઆત

વિભાગ–3 : માનસિક અસ્વસ્થતા

એકમ–1 વ્યાખ્યા, કારણો, કૌટુંબિક વ્યવસ્થાની અસરો તેમજ વર્તમાન પ્રવાહો

એકમ–2 વૈવાહિક ભંગાણ – ત્યકત્વું, છૂટાછેડા, અલગ થવું, તેના પ્રકારો, પ્રક્રિયા અને નિર્ણયાત્મક પરિબળો

એકમ–3 કૌટુંબિક હિંસા : વ્યાખ્યા અને પ્રકારો

વિભાગ–4 : કુટુંબ અને કૌટુંબિક બાબતો

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 કુટુંબજીવન અને સામાજિક પરિવર્તન : ખ્યાલ અને લાક્ષણિકતાઓ

વિભાગ–5 : સામાજિક પરિવર્તન

એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

એકમ–2 સામાજિક પરિવર્તનના કારણો અને તેની અસરો

એકમ–3 વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં આવતા પરિવર્તનો

## ઘટક પરિચય :

સમાજકાર્ય સેવાર્થીના સંદર્ભમાં મુખ્યત્વે બે પ્રકારની કામગીરી કરે છે એક સમસ્યા નિવારણની કામગીરી અને બીજી વિકાસ તરફ દોરી જવાની કામગીરી. સમાજકાર્ય વંચિતોના વિકાસ સાથે નિસ્બત ધરાવે છે. સમાજકાર્યકર પરિવર્તનના એજન્ટ તરીકે કાર્ય કરે છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના ઘણા સારા—નરસા પરિણામો સમાજની વ્યક્તિઓએ ભોગવવા પડે છે. સમાજકાર્ય સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને કારણે મુશ્કેલીમાં ફસાયેલ વ્યક્તિઓને મદદ કરીને તેમનું ક્ષમતાવર્ધન કરે છે અને તેમને મુશ્કેલીમાંથી બહાર લાવવા મદદ કરે છે.

સમાજકાર્યના વિદ્યાર્થીઓને સામાજિક પરિવર્તન તેની અસરો તથા તેના કારણો વગેરેનો સૈદ્ધાંતિક ખ્યાલ મળી રહે તેમજ સમાજકાર્યના પ્રાયોગિક ક્ષેત્રકાર્ય દરમિયાન તેઓ વંચિત સમુદાયોના વિકાસ માટે કાર્ય કરી શકે તે માટે જરૂરી મુદ્દાઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સમાજકાર્યના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત પેપરમાં સામાજિક સંસ્થા તરીકે કુટુંબ અને કુટુંબ સાથે સંકળાયેલ સમસ્યાઓની ચર્ચા કરવામાં આવેલ છે. કુદરતી અને માનવસર્જિત આપત્તિઓને કારણે વ્યક્તિ મુશ્કેલીઓમાં ફસાય છે. આપત્તિઓથી બહાર નીકળવા વ્યક્તિ સ્થળાંતર કરે છે. ઘણીવાર સ્થળાંતર કર્યા પછી વ્યક્તિ ચારેય પોતના મૂળ સ્થાને પાછો આવતો નથી અને તેનું વિસ્થાપન થાય છે. વિસ્થાપનની પ્રક્રિયા વ્યક્તિના જીવનમાં સામાજિક, આર્થિકઅને મનો-સામાજિક પ્રશ્નો સર્જે છે.

## ઘટક હેતુઓ :

પ્રસ્તુત ઘટકમાં વિદ્યાર્થીઓ નીચે જણાવેલ મુદ્દાઓની સજ્જતા કેળવી શકશે :

(1) વિકાસની વિભાવનાનો ખ્યાલ મેળવી શકાશે.

(2) વ્યક્તિના વિકાસમાં કુટુંબજીવનમાં અગત્યતાનો ખ્યાલ મળી રહેશે.

(3) સામાજિક પરિવર્તનનો સૈદ્ધાંતિક ખ્યાલ મેળવી શકાશે.

(4) સામાજિક પરિવર્તનના કારણો અને અસરો બાબતે વિદ્યાર્થીઓ માહિતગાર થશે.

(5) આપત્તિ અને વિસ્થાપનની વિભાવના વિદ્યાર્થીઓ સમજી શકશે.

(6) વિસ્થાપન અને આપત્તિઓના કારણે કુટુંબમાં આવેલ પરિવર્તન અને તેની અસરોની સમજ વિદ્યાર્થીઓને મળી રહશે.

# એકમ–1 વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા

: એકમનું માળખું :


1.0 એકમનો પરિચય

1.1 એકમના હેતુઓ

1.2 પ્રસ્તાવના

1.3 વિકાસની વિભાવના

1.4 વિકાસની કુટુંબજીવનમાં અગત્યતા

1.5 ઉપસંહાર

1.6 તમારી પ્રગતિ ચકાસો

1.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

1.8 ચાવીરૂપ શબ્દો

1.9 સ્વાધ્યાય લેખન

1.10 પ્રવૃત્તિ

1.11 કેસ સ્ટડી

1.12 સંદર્ભગ્રંથ


## 1.0 એકમનો પરિચય :

વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. દરેક સમાજમાં સમય અને પરિસ્થિતિ પ્રમાણે ઘણાં ફેરફાર અને બદલાવ જોવા મળે છે. જેમાં સ્થળ, કાળ અને સાંસ્કૃતિક ભિન્નતાને કારણે ઘણી વૈવિધ્યતા જોવા મળે છે.

એક સામાજિક કાર્યકર તરીકે આ વિકાસ અને પરિવર્તન પામતા સમાજની ઓળખ મેળવવી જરૂરી છે. કોઈપણ વ્યવસ્થામાં બદલાવ જરૂરી છે. ચીલાચાલું વ્યવસ્થામાં સમયની સાથે તેમાં હકારાત્મક પરિવર્તન આવે તે જરૂરી છે. આ દૃષ્ટિએ આ એકમની અભ્યાસમાં ઉપયોગિતા ખૂબ વધી જાય છે.

## 1.1 એકમનો હેતુ :

પ્રસ્તુત એકમના અભ્યાસને અંતે વિદ્યાર્થીઓ નીચેની જાણકારી પ્રાપ્ત કરી શકશે.

(1) વિકાસ એટલે શું ?

(2) કુટુંબમાં વિકાસની જરૂરિયાત અંગે જાણકારી મળશે.

(3) વિકાસની કુટુંબમાં શું ઉપયોગિતા છે તે અંગે જાણવા મળશે.

## 1.2 પ્રસ્તાવના :

કુટુંબ એક મહત્ત્વપૂર્ણ સામાજિક સંસ્થા છે. કુટુંબ વ્યક્તિના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. વ્યક્તિના સામાજિકીકરણમાં કુટુંબનો ફાળો સૌથી મહત્ત્વનો હોય છે. વ્યક્તિના જૈવિક, સામાજિક, આર્થિક, માનસિક, અને સર્વાંગી વિકાસમાં કુટુંબની ભૂમિકા ખૂબ જ વિસ્તૃત રીતે રહેલી છે. સમાજજીવનમાં જે વિકાસની પ્રક્રિયા જોવા મળે છે તેની અસરો કુટુંબ પર પડતી હોય છે, જેમકે કોમી રમખાણોના સમયે કુટુંબના સભ્યો સતત માનસિક તાણની લાગણી અનુભવતા હોય છે. તેવી જ રીતે સમાજમાં આર્થિક પરિસ્થિતિ બદલાતા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધે છે, જેની સીધી અસર કુટુંબના દૈનિક જીવન પર પડે છે. આમ, કુટુંબ અને તેના સભ્યો સમાજ જીવનની રોજીંદી ઘટનાઓથી પ્રભાવિત થતા હોય છે. સમાજકાર્યકરો માટે સલાહ પરામર્શ (Counseling) એક અગત્યનું ક્ષેત્ર છે. વર્તમાન સમયમાં સરકાર દ્વારા અને સામાજિક સંસ્થાઓ કુટુંબ સલાહકેન્દ્રો ચલાવવામાં આવે છે, જ્યાં સમાજકાર્યકરો અગત્યની ભૂમિકા અદા કરે છે. તેથી પ્રસ્તુત એકમના માધ્યમથી સમાજકાર્યકરોને વિકાસ માટેની પ્રક્રિયા અને તેની કુટુંબસંસ્થા પર પડતી અસરોને યોગ્ય રીતે સમજી શકાશે.

## 1.3 વિકાસની વિભાવના :

વિકાસની પ્રક્રિયા દરેક સમાજમાં જોવા મળે છે; પરંતુ, સ્થળ કાળ, લોકસંસ્કૃતિ વગેરેની ભિન્નતાને કારણે વિકાસની તરેહ (Pettern) દરેક સમાજમાં જુદી–જુદી અને વિશિષ્ટ જોવા મળે છે. વિકાસને જુદી–જુદી રીતે સમજી શકાય છે. જેમકે સામાજિક વિકાસ, આર્થિક વિકાસ, માનવ વિકાસ, સાંસ્કૃતિક વિકાસ, ભૌતિક વિકાસ વગેરે. આ દરેક પ્રકારના વિકાસની અસરો કુટુંબજીવન પર પડતી જોવા મળે છે. જુદા–જુદા સમાજ વિજ્ઞાનીઓએ વિકાસને સૈદ્ધાંતિક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે, જે નીચે મુજબ છે :

**ડૉ. વિદ્યુત જોષીના મતે વિકાસ એટલે,**

ડૉ. વિદ્યુત જોષી તેમના પારિભાષિક કોષમાં 'વિકાસ'ને સમજાવતા જણાવે છે કે સજીવ પદાર્થો, તંત્રો તથા સાંસ્કૃતિક ક્ષેત્રોમાં થતા ફેરફારોની શ્રેણી માટે 'વિકાસ' શબ્દ વપરાય છે. તેમના મતે પ્રારંભથી માંડીને તેના અસ્તિત્વના અંત સુધી 'વિકાસ' પ્રસરેલો છે. જે સંખ્યાત્મક વધારો વર્ણવે છે. બીજી બાજુ વિવિધ તબક્કાઓની અવસ્થામાં થતા ગુણાત્મક ફેરફારો સૂચવે છે જેથી ઉચ્ચતર વિકાસાત્મક સ્વરૂપ મળે.

**સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO)ના મતે વિકાસ**

UNO એ વિકાસનો અર્થ સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, સામાજિક સંસ્થાઓ અને સેવાઓની વધતી ક્ષમતાઓના સંદર્ભમાં કરેલો છે. જે સ્રોતોનો ઉપયોગ એવી રીતે કરે છે જેથી જીવનસ્તરમાં પરિવર્તન આવે છે.

યુનોએ વિકાસ શબ્દનો પ્રયોગ વિશાળ અર્થમાં કરેલો છે. સામાજિક સેવાઓ અને સંસ્થાઓનો વધારો કરવાનો અને રચનાતંત્રની વ્યવસ્થા એવી રીતે ગોઠવવી કે જેથી તેની ક્ષમતાઓમાં વધારો થાય.

'વિકાસ'ની વિભાવનામાં કોઈ એક જ ક્ષેત્રની વાત કરવામાં નથી આવતી, પરંતુ, બધા જ ક્ષેત્રોનો તેમાં સમાવેશ પામે છે. વિકાસ એટલે આવકમાં સુધારો, આરોગ્ય અને શિક્ષણ સ્તરમાં સુધારો, સાથે સાથે પરંપરાગત મૂલ્યો અને સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી કરવી. આમ, વિકાસ એટલે સારી વૃદ્ધિ અને યોગ્ય આધુનિકીકરણ. અહીં વૃદ્ધિ એટલે આર્થિક રાષ્ટ્રીય ઉત્પાદનમાં, વ્યક્તિની માથાદીઠ આવકમાં થતી વૃદ્ધિ, અને નવી ટૅકનોલોજી અને નવા સાધનોનો લાભ સમાજના જુદા–જુદા સમૂહોને મળે તેને આધુનિકીકરણ કહેવાય. સામાન્ય રીતે આ લાભ સમાજના કેટલાક સ્થાપિત હિતોને મળતો હોય છે, તેને બદલે સમાજના બધા વર્ગોને વિકાસની પ્રક્રિયાના લાભો મળવા જોઈએ.

## 1.4 વિકાસની કુટુંબજીવનમાં અગત્યતા :

જીવનના દરેક તબક્કે વ્યક્તિને વિકાસ પામવાની ઝંખના હોય છે. કેટલીકવાર વ્યક્તિ પોતાના સ્વ–પ્રયત્નોથી વિકાસ પામે છે. જ્યારે કેટલીકવાર વ્યક્તિને કુદરતી રીતે સહજ વિકાસ પામે છે. જેમકે આર્થિક વિકાસની પ્રાપ્તિ માટે સખત મહેનત કરવી પડે છે, જ્યારે નાના બાળકને જૈવિક વિકાસ પામવા કોઈ વિશેષ પ્રયત્ન કરવા પડતા નથી પણ તેનો અર્થ એવો નથી કે બાળક પોતે કોઈ પ્રયત્ન કરતું નથી, ખોરાક મોઢામાં મુકવાની અને પચાવવાની મહેનત તો તેણે કરવી જ પડે છે.વિકાસ એ સાર્વત્રિક ખ્યાલ છે. તે સમાજની પ્રગતિને દર્શાવે છે. આવી પ્રગતિ હકારાત્મક પણ હોઈ શકે છે અને નકારાત્મક પણ હોઈ શકે છે; જેમકે, જમ્મુ કાશ્મીરમાં છેલ્લા દાયકામાં આતંકવાદનો વિકાસ થયો છે, જેને નકારાત્મક વિકાસ તરીકે ગણાવી શકાય.

**(રાવ હેમાક્ષી (2009) વિકાસનું સમાજશાસ્ત્ર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ)**

**જૈવિક વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા**

માતા ગર્ભ ધારણ કરે છે ત્યારથી જ વિકાસની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. બાળક નવ મહિના સુધી માતાના ગર્ભમાં રહે છે. આ ગાળા દરમિયાન તેના શારીરિક અંગો વિકાસ પામે છે. એક જીવિત વ્યક્તિ તરીકે બાળક નવ મહિના પછી જન્મ લે છે. પણ તેના વિકાસની પ્રક્રિયા તો નવ મહિના પૂર્વે જ શરૂ થઈ જતી હોય છે. વ્યક્તિનો જૈવિક વિકાસ તેના વારસા પર આધાર રાખે છે. આ વારસો બાળકને તેના કુટુંબ તરફથી મળે છે.

બાળકનો જૈવિક વિકાસ કુટુંબના વિકાસને આગળ વધારે છે. કુટુંબની રચનામાં કૌટુંબિક સંબંધોને વિકસાવવામાં, સામાજિક સંબંધોને ટકાવી રાખવા તેમજ આગળ વધારવા જૈવિક વિકાસની પ્રક્રિયા અગત્યની છે. જે કુટુંબમાં બાળકો જન્મતા નથી તેવા કુટુંબો પોતાનો વારસો આગળ વધારી શકતા નથી.

જૈવિક વિકાસની પ્રક્રિયાને કારણે જ કુટુંબમાં રહેલા સભ્યોનો દરજ્જો અને ભુમિકા બદલાય છે; જેમકે, બાળકો યુવાન બનતા તેનો દરજ્જો અને ભૂમિકા બદલાય છે. યુવાનો કુટુંબમાં આર્થિક અને અન્ય ઘણી રીતે યોગદાન આપે છે. આમ, શારીરિક અને જૈવિક વિકાસની પ્રક્રિયા કુટુંબ માટે ખૂબ જ મહત્ત્વની બની રહે છે.

**સામાજિક વિકાસ અને તેની કુટુંબજીવનમાં અગત્યતા**

સામાજિક વિકાસની પ્રક્રિયા વ્યક્તિના ઘડતરમાં અગત્યનો ભાગભજવે છે, તેથી જે સમાજમાં સામાજિક વિકાસ સારો થયેલો હોય ત્યાં સામાજિક સમસ્યાઓ ઓછા પ્રમાણમાં જોવા

મળે છે. સામાજિક વિકાસ ઊંચા માનવવિકાસ આંકને દર્શાવે છે. જે દેશમાં સામાજિક વિકાસ સારો હોય ત્યાં લોકોના કુટુંબજીવનમાં સુખ અને સમૃદ્ધિ જોવા મળે છે. ઊંચો સાક્ષરતાદર, માતા મૃત્યુદર અને બાળમૃત્યુદરનું નીચું કે નહીવત પ્રમાણ, આરોગ્યનું ઉચ્ચસ્તર અપરાધનો નીચો દર, સામાજિક સહિષ્ણુતા વગેરે સામાજિક વિકાસને દર્શાવે છે. સામાજિક વિકાસની હકારાત્મક અસરો કુટુંબજીવન પર પડે છે. સમાજ અને કુટુંબ એક બીજાના પૂરક છે સમાજની હકારાત્મક કે નકારાત્મક ઘટનાની અસરોકુટુંબ પર પડે છે તેવી જ રીતે કુટુંબજીવનની અસરો સમાજ પર પડતી હોય છે. કોઈપણ કુટુંબનું વિસ્થાપન થાયતો સમાજ નબળો પડે છે અને સમાજમાં કોઈ આપત્તિ આવે તો તેની સીધી અસર કુટુંબ પર પડે છે તેથી આપત્તિ અને વિસ્થાપનને કુટુંબના સંદર્ભમાં સમજવા જોઈએ.

**આર્થિક વિકાસ અને તેની કુટુંબજીવન પર પડતી અસરો**

આર્થિક વિકાસની પ્રક્રિયાની અસરો સમાજજીવન પર જોવા મળે છે. આર્થિક વિકાસને કારણે શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણમાં વૃદ્ધિ થાય છે. શહેરીકરણને કારણે ગંદાવસવાટો, બિનઆરોગ્યપ્રદ વાતાવરણ, ભિક્ષાવૃત્તિ, અપરાધ, દેહવ્યાપાર જેવી ઘણી અનૈતિક પ્રવૃતિઓને પ્રોત્સાહન મળે છે તેવી જ રીતે ઔદ્યોગિકીકરણને કારણે પ્રદૂષણ, મજૂરોની સમસ્યાઓ હડતાલ, જેવી સમસ્યાઓ વધવા પામે છે આ બધી જ સમસ્યાઓ સીધી કે આડકતરી રીતે કુટુંબ સંસ્થાને પ્રભાવિત કરે છે. જેમકે અપરાધની સમસ્યા વધવાથી સામાજિક સુરક્ષા જોખમાય છે તેથી કુટુંબના સભ્યો મુક્તપણે જીવન જીવી શકતા નથી.

આર્થિક વિકાસની કેટલીક હકારાત્મક અસરો પણ જોવા મળે છે; જેમકે, આર્થિક વૃદ્ધિ થતા કુટુંબમાં ખરીદશક્તિ વધે છે. સુખ સગવડના સાધનો વધે છે. આર્થિક સદ્ધરતાને કારણે કુટુંબના સભ્યો સારું શિક્ષણ મેળવી શકે છે, તેથી તેમના વિકાસને પ્રોત્સાહન મળે છે.આમ, આર્થિક વિકાસ સામાજિક વિકાસ માટે સહાયરૂપ બને છે.

મોંઘવારી, બજારની હરીફાઈ, ચીજ વસ્તુઓની ગુણવત્તા, સરકાર દ્વારા કરવામાં આવતા વિવિધ આર્થિક સુધારાઓ જેમકે, વર્તમાન સમયમાં અમલમાં આવેલ ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST) જેવી આર્થિક બાબતો કુટુંબજીવનને પ્રભાવિત કરે છે. કુટુંબમાં બાળકોનું ભરણપોષણ અને શિક્ષણની ગુણવત્તા વગેરે નક્કી કરવામાં દેશનો તેમજ કુટુંબનો આર્થિક વિકાસ ખૂબજ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

## 1.5 ઉપસંહાર :

કુટુંબના સભ્યોના ઘડતર વિકાસ અને દરેક પ્રકારની પ્રગતિમાં ઘણા પરિબળો ભૂમિકા ભજવતા હોય છે. સામાજિકીકરણની પ્રક્રિયામાં કુટુંબની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે, પણ સામાજિકીકરણની પ્રક્રિયા દરમિયાન વિવિધ સામાજિક, આર્થિક પરિબળો વિકાસની પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. કોઈપણ વ્યક્તિ પોતાની અંગત કુશળતા કે બુદ્ધિ માત્રથી જ વિકાસ પામી શકે છે તેવું નથી; પણ, તેની આસપાસના સામાજિક–આર્થિક પરિબળો તેના વિકાસ પર અસર ઉપજાવે છે. આમ, આપણી આસપાસની ઘટનાઓ કુટુંબજીવન અગત્યની ભૂમિકા ભજવે છે. આમ આ ઘટકમાં વિકાસની પ્રક્રિયા અને તેની કુટુંબજીવન પર પડતી અસરો તેમજ તેની અગત્યતા સમજવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. સમાજકાર્યના વિદ્યાર્થીઓએ

વિકાસની પ્રક્રિયા તેને અસર કરતા પરિબળો, કુટુંબજીવન પર વિકાસની પ્રક્રિયાનો પ્રભાવ જેવી વિવિધ બાબતોને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો :

1. "પારિભાષિક કોષ" – કોણે તૈયાર કર્યો છે ?

   (A) ડૉ. ગૌરાંગ જાની (B) ડૉ. હેમાક્ષી રાવ

   (C) ડૉ. વિદ્યુત જોષી (D) ડૉ. સુભાષ પાંડો

2. યુનોએ આપેલ વિકાસના અર્થમાં કઈ–કઈ બાબતોનો સમાવેશ કરેલ છે ?

   (A) સામાજિક વ્યવસ્થા (B) સામાજિક સંરચના

   (C) સામાજિક સંસ્થાઓ (D) ઉપરોક્ત તમામ

3. શહેરીકરણને કારણે કઈ સમસ્યાઓ ઊભી થઈ છે ? તે જણાવો.

   (A) ગંદા વસવાટ (B) અપરાધ (C) દેહવેપાર (D) ઉપરોક્ત તમામ

4. "વિકાસનું સમાજશાસ્ત્ર" – પુસ્તકના લેખક કોણ છે ?

   (A) ડૉ. અક્ષયકુમાર દેસાઈ (B) ડૉ. હેમાક્ષી રાવ

   (C) ડૉ. વિદ્યુત જોષી (D) ડૉ. ગૌરાંગ જાની

## 1.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (C) **2.** (D) **3.** (D) **4.** (B)

## 1.8 ચાવીરૂપ શબ્દો :

1. **શહેરીકરણ (Urbanisation) :** શહેરીકરણ એ વસ્તીવૃદ્ધિની એક એવી પ્રક્રિયા છે જેમાં ગામડાંનું શહેરમાં રૂપાંતરણ થાય છે અથવા ભૌગોલિક પરિબળોની અનુકૂળતાવાળા કોઈ એક મોકાના સ્થળે તેની આજુબાજુના ગામડાંઓની વસ્તી સ્થળાંતર કરીને વસવાટ કરે છે. ટૂંકમાં શહેરીકરણ એ શહેરોના ઉદ્દભવ અને વિકાસની પ્રક્રિયા છે.

2. **સંયુક્ત રાષ્ટ્રસંઘ :** સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.) એ આંતર્‌રાષ્ટ્રીય સંસ્થા છે જેના જાણીતા ઉદ્દેશોમાં કાયદા, સલામતિ, સામાજિક પ્રગતિ, માનવ અધિકારની દૃષ્ટિએ સહકાર આગળ ધપાવવો અને વિશ્વ શાંતિ હાંસલ કરવાના કાર્યોનો સમાવેશ થાય છે.

## 1.9 સ્વાધ્યાય લેખન :

1. વિકાસની વિભાવના વિગતવાર સમજાવો.
2. સામાજિક વિકાસની કુટુંબજીવનમાં અગત્યતા સમજાવો.
3. આર્થિક વિકાસની કુટુંબજીવનમાં અગત્યતા સમજાવો.
4. જૈવિક વિકાસની કુટુંબજીવનમાં અગત્યતા સમજાવો.

## 1.10 પ્રવૃત્તિ :

1. તમારા ફિલ્ડવર્કના ગામમાંથી શહેરમાં સ્થળાંતરીત થયેલ વ્યક્તિઓની યાદી તૈયાર કરી શહેરમાં જવાના કારણો અંગે માહિતી મેળવો.

## 1.11 કેસ સ્ટડી :

1. શહેરીકરણની અસરો વિશે કેસ સ્ટડી તૈયાર કરો.

## 1.12 સંદર્ભગ્રંથ :


- શાહ અને દવે (2003) : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ અને દવે (2003) : ભારતની સામાજિક સંસ્થાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.
- પટેલ એ. (1999) : વિસ્થાપિતોના પુનઃવસવાટ અંગેની રાષ્ટ્રીય નીતિ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત.
- પટેલ જે. (2009) : રાષ્ટ્રીય પુનઃસ્થાપન નીતિ 2007, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- રાવ હેમીક્ષા (2009) : વિકાસનું સમાજશાસ્ત્ર, પાર્શ્વ પબ્લીકેશન, અમદાવાદ.
- પરમાર બી. ડી. અને અન્ય (2009) : વિકાસ અને પર્યાવરણનું અર્થશાસ્ત્ર, સી. જમનાદાસ પ્રકાશન, અમદાવાદ.

# એકમ–2 સામાજિક પરિવર્તનના કારણો અને તેની અસરો

## : એકમનું માળખું :


2.0 એકમનો પરિચય

2.1 એકમના હેતુઓ

2.2 પ્રસ્તાવના

2.3 સામાજિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યા

2.4 સામાજિક પરિવર્તનના કારણો

2.5 સામાજિક પરિવર્તનની અસરો

2.6 ઉપસંહાર

2.7 તમારી પ્રગતિ ચકાસો

2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સ્વાધ્યાય લેખન

2.11 પ્રવૃત્તિ

2.12 કેસ સ્ટડી

2.13 સંદર્ભગ્રંથ


## 2.0 એકમનો પરિચય :

પરિવર્તન એ સમયની માંગ છે, દરેક સામાજિક વ્યવસ્થામાં બદલાવ જરૂરી છે. સમાજ પણ સતત બદલાતો રહે છે. આપણે પ્રાચિન અને અર્વાચીન વ્યવસ્થા અંગે જ્યારે તુલના કરીએ છીએ ત્યારે પહેલાની સરખામણીમાં અત્યારે કયા–કયા પ્રકારના બદલાવ આવ્યા છે તે અંગેનો ખ્યાલ આવી શકે છે.

પ્રસ્તુત એકમમાં આપણે સામાજિક પરિવર્તનની વિસ્તૃત વિભાવનાને સમજવાનો પ્રયત્ન કરીશું. જેમાં સામાજિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યા, સામાજિક પરિવર્તનનાં કારણો, તેની અસરોને સમજવાનો પ્રયત્ન કરીશું.

## 2.1 એકમનો હેતુ :

પ્રસ્તુત એકમના અભ્યાસને અંતે વિદ્યાર્થીઓ નીચે મુજબની માહિતી/જાણકારી મેળવી શકશે.

(1) પરિવર્તન શું છે ? પરિવર્તનની ઉપયોગિતા શું છે ? તે જાણવા મળશે.

(2) સામાજિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યા વિશે જાણવા મળશે.

(3) સામાજિક પરિવર્તનનાં કારણો વિશે જાણવા મળશે.

(4) સામાજિક પરિવર્તનની અસરો વિશે સમજ મેળવી શકાશે.

## 2.2 પ્રસ્તાવના :

સામાજિક પરિવર્તન એક સતત ચાલતી પ્રક્રિયા છે. કોઈપણ સમાજને યથાર્થ રીતે સમજવા માટે તેના પરિવર્તનની પ્રક્રિયાનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે. સામાજિક પરિવર્તનને સમજવા માટે જે–તે સમાજમાં સામાજિક સબંધો, સમાજની સંસ્થાઓ, સમાજના રીત–રિવાજો, ધોરણો, મૂલ્યો વગરેમાં આવી રહેલા હકારાત્મક કે નકારાત્મક ફેરફારોને સમજવા જરૂરી બની રહે છે. સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સાર્વત્રિક છે, એટલે કે વિશ્વના દરેક સમાજમાં ઓછા–વત્તા અંશે સતત પરિવર્તનઆવે જ છે. સામાજિક પરિવર્તન સમાજના રચનાતંત્ર અને સામાજિક કાર્યોમાં ફેરફાર સૂચવે છે. સામાજિક પરિવર્તન સ્વયં સંચાલિત પ્રક્રિયા છે; પરંતુ, આધુનિક યુગમાં આયોજિત રીતે માનવસર્જિત પરિવર્તનની પ્રક્રિયા પણ જોવા મળે છે. વિવિધ પંચવર્ષીય યોજનાઓ દ્વારા કરવામાં આવેલા આયોજનો અને કાર્યો આયોજિત સામાજિક પરિવર્તનના ઉદાહરણ ગણી શકાય.

## 2.3 સામાજિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યા :

સામાજિક પરિવર્તન વિશે જગતના જુદા–જુદા દાર્શનિકોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. હિપરાક્લિટસના માટે સમાજ સતત પરિવર્તનશીલ છે. સમાજ ક્ષણે ક્ષણે બદલાય છે જ્યારે અન્ય દાર્શનિક પર્મેનાઈડઝના મતે પરિવર્તન એ માત્ર એક ભ્રમણા છે; જ્યારે સામાજિક સાતત્ય એજ સાચી વાસ્તવિકતા છે. તેમછતાં વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રીઓએ વૈજ્ઞાનિક અભ્યાસોના અંતે કેટલીક વ્યાખ્યાઓ દ્વારા સામાજિક પરિવર્તનને સમજાવવાનો પ્રયત્ન કરેલ છે, જે નીચે મુજબ છે :

- "સામાજિક સંગઠનમાં એટલે કે સમાજના રચનાતંત્ર અને કાર્યમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન કહેવાય." ***– કીન્સલે ડેવિસ***
- "સામાજિક સંબંધોના ગૂંફનમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન કહેવાય." ***– મેકાઈવર અને પેજ***
- "મૂળભૂત રીતે જોઈએ તો સમાજના રચનાતંત્રમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન." ***– જ્હોન્સન***

ઉપરોક્ત વ્યાખ્યાઓ દ્વારા જુદા–જુદા સમાજશાસ્ત્રીઓએ સામાજિક પરિવર્તનને પરિભાષિત કરવાનો પ્રયત્ન કરેલ છે. કિંગ્સલે ડેવિસ જણાવે છે તેમ, સમાજના રચનાતંત્ર અને કાર્યોમાં આવતું પરિવર્તન સામાજિક પરિવર્તન તરફ નિર્દેશ કરે છે. અમેરિકન સમાજશાસ્ત્રી જહોન્સન પણ સમાજના રચનાતંત્રમાં આવતા પરિવર્તનને સામાજિક પરિવર્તન તરીકે પરિભાષિત કરે છે. સમાજમાં વિવિધ પ્રકારના રચનાતંત્રો કાર્યરત છે. કુટુંબ એક મહત્ત્વપૂર્ણ રચનાતંત્ર છે. જેમાં બાળઉછેર, કુટુંબના સભ્યોનું શારીરિક, માનસિક ઘડતર, સામાજિકીકરણ જેવા મહત્ત્વપૂર્ણ

કાર્યો થાય છે. જ્યારે કુટુંબના આવા કાર્યોમાં પરિવર્તન આવે ત્યારે તેને સામાજિક પરિવર્તન કહી શકાય.

તેવી જ રીતે મેકોઈવર અને પેજ "સામાજિક સંબંધોના ગૂંફનમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન તરીકે પરિભાષિત કરે છે તેમના માટે સમાજ સામાજિક સંબંધોને આધારે વિકસે છે અને ટકી રહે છે. જ્યારે, સમાજના આવા સામાજિક સંબંધોમાં પરિવર્તન આવે છે ત્યારે તેને સામાજિક પરિવર્તન કહેવાય છે.

## 2.4 સામાજિક પરિવર્તનના કારણો :

સામાજિક પરિવર્તન માટે ઘણા કારણો જવાબદાર ગણી શકાય. માનવસમાજની વિકાસની પ્રક્રિયાની સાથે સાથે પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બનતી ગઈ છે. નવી નવી શોધો, વિજ્ઞાન અને ટેકનોલોજી એ પરિવર્તનની પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવી છે. આવા સામાજિક પરિવર્તનો માત્ર સામાજિક ક્ષેત્રે જ નહી પણ આર્થિક, યંત્રવૈજ્ઞાનિક, ટેકનોલોજી, ભૌતિક રચનાતંત્ર વગેરે ક્ષેત્રે થતા પણ જોવા મળે છે. આમ, પરિવર્તન એક ખૂબ જ વિશાળ ખ્યાલ છે, જેમાં સામાજિક પરિવર્તનનો પણ સમાવેશ થઈ જાય છે, સામાજિક પરિવર્તન માટે નીચે મુજબના ઘણા કારણો જવાબદાર ગણી શકાય જેમકે,

(1) શહેરીકરણ

(2) ઔદ્યોગિકીકરણ

(3) યાંત્રિકીકરણ

(4) શિક્ષણ

(5) ભૌગોલિક પરિબળો

(6) વસ્તીવૃદ્ધિ

(7) વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ

ઉપરોક્ત કારણે વિશેની સવિસ્તૃત ચર્ચા નીચે પ્રમાણે છે.

**(1) શહેરીકરણ :** માનવ સંસ્કૃતિના વિકાસની સાથે સાથે જુદા–જુદા નગરો અસ્તિત્વમાં આવેલા છે. પ્રાચીન સમયમાં હડપ્પા અને મોહેંજો દડો જેવા નગરો અસ્તિત્વમાં આવેલા તે બાબતથી આપણે સૌ પરિચિત છીએ. વર્તમાન સમયમાં દિલ્હી, મુંબઈ જેવા મહાનગરો અસ્તિત્વ ધરાવે છે, જ્યાં લાખોની સંખ્યામાં વસ્તી વસવાટ કરે છે. શહેરીકરણ એટલે કે શહેરોના અસ્તિત્વમાં આવવાની અને વિકસવાની પ્રક્રિયા. શહેરીકરણ સામાજિક પરિવર્તન તરફ નિર્દેશ કરે છે. શહેરો વિકસવાની સાથે સાથે સામાજિક પરિવર્તન ઝડપી બને છે. શહેરોને કારણે ઉદ્યોગ–ધંધા, રોજગાર વગેરે પ્રવૃત્તિને વેગ મળે છે. તેથી સામાજિક પરિવર્તન ઝડપી બને છે. આમ, શહેરીકરણ સામાજીક પરિવર્તનનું પોષક પરિબળ છે. શહેરીકરણ સામાજિક પરિવર્તનને વિકસાવનારું મહત્ત્વનું પરિબળ છે.

**(2) ઔદ્યોગિકીકરણ :** ઔદ્યોગિકીકરણ સામાજિક પરિવર્તનને વિકસાવનારું મહત્ત્વનું પરિબળ છે. ઉદ્યોગોના વિકાસની સાથે સાથે સ્થળાંતરની પ્રક્રિયાને વેગ મળે છે. ઔદ્યોગિકીકરણ શહેરોના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉદ્યોગોના વિકાસને કારણે જુદી જુદી

સંસ્કૃતિ ધરાવતા લોકો પરસ્પર સંપર્કમાં આવે છે. તેથી જ્ઞાતિ આધારિત સમાજની જગ્યાએ વર્ગ આધારિત સમાજની રચના થાય છે. આમ, ઔદ્યોગિકીકરણ સમાજના રચનાતંત્રમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઔદ્યોગીકરણને લીધે સમાજની સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ થાય છે.

ઉદ્યોગોના વિકાસની સાથે સાથે લોકોની રોજગારીની તકો વધે છે. રોજગારી વધવાથી લોકોની ખરીદશક્તિ વધે છે તેથી, સમાજની માંગ અને પુરવઠાની તરેહ (pettern) બદલાય છે. આમ, ઔદ્યોગિકીકરણ સામાજિક પરિવર્તન લાવનારું મહત્ત્વનું પરિબળ છે.

(3) **યાંત્રિકીકરણ :** યંત્રો વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવવામાં મદદરૂપ પુરવાર થાય છે. યંત્રોના વિકાસની સાથે સાથે શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને બળ મળે છે. યંત્રોના વિકાસની સાથે સાથે શ્રમ વિભાજનની તરેહ બદલાય છે. જેમકે, પહેલા સાદું શ્રમ વિભાજન હતું જ્યારે, યંત્રોના વિકાસ પછી જટિલ શ્રમ વિભાજન વધ્યું છે તેમજ વિશેષીકરણ(specialization) વધ્યું છે. જે સામાજિક પરિવર્તનનો નિર્દેશ કરે છે. સ્વયં સંચાલિત યંત્રોનો ઉપયોગ વધવાથી બેરોજગારીની સમસ્યા વધી છે, જે નકારાત્મક સામાજિક પરિવર્તનનો નિર્દેશ કરે છે. યંત્રોને કારણે રોજગારી, આવક—જાવક, ઉત્પાદનની ગુણવત્તા જેવી વિવિધ બાબતોમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવે છે, જે સામાજિક પરિવર્તનનો નિર્દેશ કરે છે.યંત્રો આવવાથી માનવજીવન સતત ઝડપી અને યંત્રવત બન્યું છે, જેના કારણે સામાજિક સંબંધોમાં પરિવર્તન આવેલ છે.

(4) **શિક્ષણ :** શિક્ષણ સામાજિક પરિવર્તનનું મહત્ત્વનું પરિબળ છે. શિક્ષણ દ્વારા સમાજમાં નવા મૂલ્યોનું સંસ્થીકરણ થાય છે. શિક્ષણથી વિકાસની તકો વધે છે, જેથી સામાજિક—આર્થિક દરજ્જામાં પરિવર્તન આવે છે. શિક્ષણ દ્વારા સમાજમાં આધુનિક મૂલ્યોનું સ્થાપન થાય છે જેથી સમાજમાં સામાજિક પરિવર્તનને ગતિ મળે છે. શહેરો આજે શિક્ષણના મહત્ત્વના કેન્દ્રો બન્યા છે. શિક્ષણને કારણે ગામ અને શહેર વચ્ચેના સંપર્કો વધ્યાં છે. નવી—નવી કોલેજો અને યુનિવર્સિટીઓના વિકાસને કારણે બૌદ્ધિક પ્રવૃત્તિઓ અને આંદોલનોને વેગ મળ્યો છે. પ્રૌઢશિક્ષણ, સ્ત્રી શિક્ષણ, તેમજ આયોજિત સામાજિક વિકાસના કાર્યક્રમો દ્વારા પરંપરાગત સામાજિક મૂલ્યોમાં પરિવર્તન આવેલ છે. શિક્ષણ દ્વારા જ્ઞાતિ વ્યવસ્થામાં પરિવર્તન આવેલ છે, આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન મળે છે. શિક્ષણ વધવાની સાથે સાથે કુટુંબ વ્યવસ્થા અને સામાજિક મૂલ્યોમાં પરિવર્તન આવે છે. શિક્ષણ સામાજિક માળખામાં વૈચારિક પરિવર્તન દ્વારા સમાજમાં લાંબાગાળાનું પરિવર્તન નિપજાવે છે. આમ, શિક્ષણ સામાજિક પરિવર્તન લાવવામાં મહત્ત્વપૂર્ણ અને લાંબાગાળાની અસરો ઉપજાવે છે.

(5) **ભૌગોલિક પરિબળો :** વિવિધ ભૌગોલિક પરિબળો સામાજિક પરિવર્તન લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેમકે ભૂકંપ, પૂર, વાવાઝોડા જેવી કુદરતી આફતોથી માનવજીવન પર મોટાપાયે અસર પડે છે. ભૂકંપને કારણે સંયુકત કુટુંબના સભ્યોનું અવસાન થતા કુટુંબ વિભક્ત બને છે. કમાનાર સભ્યો મૃત્યુ પામતા કુટુંબમાં ગરીબી, બેરોજગારી, માનસિક બીમારીઓ, શારીરિક વિકલાંગતા જેવી વિવિધ બાબતો વ્યક્તિના

જીવનને અસર પહોંચાડે છે. આમ, ભૌગોલિક પરિબળો માનવજીવન પર નકારાત્મક અસરો ઉપજાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

ભૌગોલિક પરિબળો હંમેશા નકારાત્મક સામાજિક પરિવર્તન લાવે છે, એવું નથી; જેમકે, સારા વરસાદને કારણે ખેતીની આવક વધવાથી વ્યક્તિનો સામાજિક–આર્થિક દરજ્જો બદલાય છે. આર્થિક સમૃદ્ધિ આવતા વ્યક્તિનો સામાજિક દરજ્જો બદલાય છે.

**(6) વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના સાધનો :** વાહનવ્યવહારના વિકાસના કારણે માનવીની સામાજિક–ભૌતિક ગતિશીલતા વધી છે. વ્યક્તિ શિક્ષણ મેળવવા કે રોજગાર મેળવવા આ અગાઉ બહુ દૂરના સ્થળે જઈ શકતા ન હતાં, તેથી તેની આર્થિક વિકાસની તકો મર્યાદિત હતી; પરંતુ, વાહનવ્યવહારની સુગમતા થતા હવે દૂરના સ્થળે શહેરો તરફ વ્યક્તિ સરળતાથી આવ–જા કરી શકે છે. વાહનવ્યવહારની સરળતા વ્યક્તિના સામાજિક સંબંધોને વિકસાવે છે વ્યક્તિ હવે દૂરના સ્થળે રહેલી વ્યક્તિઓને મળી શકે છે.

તેવી જ રીતે સંદેશાવ્યવહારના સાધનો જેવા કે ટેલિફોન, મોબાઈલ,ઈ–મેઈલ વગેરેને કારણે સામાજિક સંબંધોમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવેલ છે. મોબાઈલ ટેકનૉલૉજીનો વિકાસ થતા હવે વિચારોની આપ–લે સરળ બની છે. સામાજિક પરિવર્તન લાવવામાં અને સામાજિક સંબંધો વિકસાવવામાં સંદેશા વ્યવહારના સાધનોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

**(7) સંચાર માધ્યમો અને સામાજિક પરિવર્તન :** ટેલિવિઝન અને રેડિયો જેવા સંચાર માધ્યમોએ સમાજના વ્યક્તિઓના વિચારોમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. નવા આંદોલનો અને સામાજિક ક્રાંતિઓના સર્જનમાં સંચાર માધ્યમોએ મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. સોશિયલ નેટવર્કીંગના વિકાસ બાદ સામાજિક પરિવર્તનની ગતિ વધુ ઝડપી બની છે. ફેસબુકના માધ્યમથી પરિચિત થયા બાદ લગ્ન કર્યા હોય તેવા ઉદાહરણો પણ હવે સમાજમાં જોવા મળે છે. સમૂહ સંચાર માધ્યમોના કારણે જુદી–જુદી સંસ્કૃતિ ધરાવતા લોકો પરિચયમાં આવ્યા છે. જેથી જ્ઞાતિના બંધનો નબળા પડયાં છે. જે સામાજિક પરિવર્તનને દર્શાવે છે.

## 2.5 સામાજિક પરિવર્તનની અસરો :

દરેક સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. સામાજિક પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. સામાજિક પરિવર્તનને કારણે સમાજજીવન પર ઘણી અસરો પડતો હોય છે. અહીં, આપણે સમાજજીવન પર પડતી આવી અસરોને સમજવાનો પ્રયત કરીશું.

**(1) ગ્રામીણ સમાજ પર સામાજિક પરિવર્તનની અસરો :** સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની સાથે સાથે ગ્રામીણ સમાજ પર તેની ઘણી જ અસરો ઊભી થઈ છે. ખેતીનું યાંત્રિકીકરણ થયું છે. શ્રમ વિભાજનની તરેહ (pettern) બદલાઈ છે. જ્ઞાતિ આધારિત સંબંધોને બદલે આર્થિક વ્યવહારોમાં કરાર આધારિત સંબંધો વિકાસ પામ્યા છે. પહેલા ગ્રામિણ સમાજમાં સંતોષકારક અને સાદગીથી જીવન જીવવાના મૂલ્યો અસ્તિત્વમાં હતાં, જ્યારે, સામાજિક પરિવર્તનની પ્રક્રિયાને કારણે હવે ભૌતિકવાદી સમાજ તરફ ગ્રામીણ સમાજ આગળ વધી રહ્યો છે. ગ્રામીણ સમાજમાં સ્થળાંતર અને સામાજિક ગતિશીલતાને વેગ મળ્યો છે.

જ્ઞાતિ આધારિત વ્યવસાયોને બદલે વર્ગ આધારિત સમાજ વ્યવસ્થા વિકસવા લાગી છે. રોજગારીની તકો વધી છે. આમ, જ્ઞાતિ આધારિત વ્યવસાયો અને જ્ઞાતિ આધારિત રિવાજો, ધોરણો, મૂલ્યો વગેરે દરેક ક્ષેત્રે સામાજિક પરિવર્તનની અસરો જોવા મળે છે.

(2) **જ્ઞાતિવ્યવસ્થા પર સામાજિક પરિવર્તનની અસરો :** સામાજિક પરિવર્તનની સાથે સાથે જ્ઞાતિવ્યવસ્થાના બંધનો નબળા પડ્યાં છે. હવે સુથારનો દીકરો સુથાર બને તેવું હવે જોવા મળતું નથી. જ્ઞાતિ આધારિત વ્યવસાયો ઘટવાની સાથે સાથે નવા–નવા વ્યવસાયો અસ્તિત્વમાં આવ્યા છે. જેમાં, જ્ઞાતિના નિયમો કરતાં વ્યક્તિનું જ્ઞાન અને કુશળતા અગત્યના બની રહે છે. સામાજિક પરિવર્તનની સાથે સાથે સામાજિક સંપર્કો વધ્યાં છે, તેમજ દરેકે દરેક જ્ઞાતિની વ્યક્તિઓ પોતાની જરૂરિયાતના સંદર્ભમાં પરસ્પર સંપર્કમાં આવતા છુઆછુત કે અસ્પૃશ્યતાના બંધનો હવે શહેરી સમાજમાં નાબૂદ થયા છે જ્યારે, ગ્રામીણ સમાજમાં પણ માત્ર અપવાદરૂપ જ આવા કિસ્સા જોવા મળે છે.

(3) **સ્ત્રીના દરજ્જા પર સામાજિક પરિવર્તનની અસરો :** સામાજિક પરિવર્તનને કારણે સ્ત્રીઓના અધિકારો અને સમાનતાવાદી મૂલ્યોનો વિકાસ થયો છે. ભારતીય બંધારણ સ્ત્રી–પુરુષ સમાનતાની હિમાયત કરે છે. સ્ત્રીઓ હવે દરેક ક્ષેત્રે આગળ વધી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સ્ત્રીઓની સાક્ષરતા અને સ્ત્રી શિક્ષણનું પ્રમાણ સતત વધ્યું છે. ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ દ્વારા સ્ત્રીઓમાં દરજ્જો પ્રાપ્તિની માંગ ઊભી થઈ છે. સરકારશ્રી દ્વારા પણ વિવિધ ક્ષેત્રે મહિલા અનામત દાખલ કરીને સામાજિક પરિવર્તનનું એક મહત્ત્વનું ઉદાહરણ પૂરું પડેલ છે. આમ, સામાજિક પરિવર્તનની સાથે હવે સ્ત્રીઓ માત્ર ઘરેલું કામ કરનારી ગૃહિણી જરૂરી નથી પણ દરેક ક્ષેત્રમાં આગળ વધવા લાગી છે.

(4) **સામાજિક પરિવર્તન અને આધુનિક મૂલ્યોનું સંસ્થાનિકીકરણ :** સામાજિક પરિવર્તનની પ્રક્રિયાની સાથે સાથે સમાજમાં આધુનિક મૂલ્યોનો વિકાસ થયેલો જોવા મળે છે; જેમકે, સ્ત્રી પુરષ સમાનતા, લોકશાહી, સર્વધર્મ સમભાવ જેવા મૂલ્યો સમાજમાં વિકસવા લાગ્યા છે. જ્ઞાતિ આધારિત અસમાનતાઓ ઘટી છે. લોકો પરંપરાગત ખ્યાલોને છોડીને તર્ક આધારિત બુદ્ધિજન્ય ખ્યાલોને સ્વીકારતા થયા છે. આધુનિક મૂલ્યોનું સંસ્થીકરણ થવામાં શિક્ષણની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની રહી છે. જેમ જેમ શિક્ષણ વધતું જાય છે તેમ તેમ આધુનિક મૂલ્યોની સ્વીકૃતિ વધતી જાય છે, જે સામાજિક પરિવર્તનનો નિર્દેશ કરે છે.

(5) **સામાજિક સમસ્યાઓનો ઉદ્‌ભવ :** સામાજિક પરિવર્તનને કારણે કેટલાક હકારાત્મક પરિવર્તન આવ્યાં છે, જ્યારે, સામાજિક પરિવર્તનની કેટલીક આડઅસરો પણ જોવા મળે છે. જેમકે શહેરીકરણને કારણે લોકોમાં રોજગારીનું પ્રમાણ વધ્યું છે. સુખ સુવિધાઓમાં વધારો થયો છે પણ તેની સાથે સાથે શહેરોમાં પ્રદૂષણ, ગંદકી, દેહવ્યાપાર, બાળમજૂરી, ભિક્ષાવૃત્તિ, ગુનાખોરી, કાયદા વિરુદ્ધનું ગુનાહિત વર્તન, ગંદા–વસવાટ, ટ્રાફિકની સમસ્યા વગેરે જેવી સમસ્યાઓ વધવા પામી છે, જે પરિવર્તનની પ્રક્રિયાની નકારાત્મક અસરો ગણી શકાય.

(6) **સમાજની મૂલ્ય વ્યવસ્થામાં પરિવર્તન :** આધુનિક ટેકનોલોજીનો વિકાસને કારણે સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ઝડપી બની છે. ટેલિવિઝનને કારણે વિવિધ સંસ્કૃતિઓનો પરિચય લોકોને થવા લાગ્યો છે. ચલચિત્રો અને કેટલાંક વિજ્ઞાપનો તેમજ લાગણીઓને ઉત્તેજિત

કરનારા દ્રશ્યો હવે સામાન્ય બની ગયા છે. જેથી, હવે નૈતિક ધોરણો અને વ્યક્તિગત જીવન પર વિપરીત અસરો પડવા લાગી છે. જાહેરાતોને લગતા વિજ્ઞાપનોથી કુટુંબજીવનમાં ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિ માટેનો અસંતોષ વધે છે. ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિ માટે સમાજમાં ચોરી–લુંટફાટ જેવા ગુનાઓ વધે છે.

## 2.6 ઉપસંહાર :

આમ, સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સમાજ પર ઘણી અસરો ઉપજાવે છે. કેટલીક અસરો હકારાત્મક હોય છે જે સમાજને વિકાસ તરફ દોરી જાય છે. જ્યારે, કેટલીક અસરો નકારાત્મક હોય છે જે સમાજના વિકાસને અવરોધે છે. સમાજમાં જે તે સમયની સામાજિક–આર્થિક અને રાજકીય પરિસ્થિતિ સમાજમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. સમાજકાર્યકારોએ સમાજમાં પરિવર્તન લાવનારા ઍજન્ટ તરીકે કામ કરવાનું છે. તેથી, સમાજકાર્ય કરતી વખતે પરિવર્તનની પ્રક્રિયાની લાંબાગાળાની અને ટૂંકાગાળાની સમાજ પર કેવી અસરો પડશે, તે બાબતે વિચારમંથન કરી લેવું જોઈએ.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો :

1. "સમાજના રચનાતંત્રમાં આવતું પરિવર્તન" – એટલે સામાજિક પરિવર્તન એવું કયા વિદ્વવાને કહ્યું છે ?

   (A) જહોન્સન (B) કિંગ્સલે ડેવિસ

   (C) વિલિયમ (D) મેકાઈવર અને પેજ

2. સામાજિક પરિવર્તનનાં મુખ્ય કારણો કયા છે ? તે જણાવો.

   (A) શહેરીકરણ (B) શિક્ષણ (C) વસતી વૃદ્ધિ (D) ઉપરોક્ત તમામ

3. સામાજિક પરિવર્તનની ગ્રામિણ સમાજ ઉપર કઈ અસરો ઊભી થયેલ છે ? તે જણાવો.

   (A) શહેર તરફ લોકોનું સ્થળાંતર

   (B) ખેત વ્યવસાય પડી ભાંગવો

   (C) શિક્ષણ વર્ગ ગામડામાં રહેવા તૈયાર નથી.

   (D) ઉપરોક્ત તમામ

4. સ્ત્રીના દરજ્જા પર સામાજિક પરિવર્તનની મુખ્ય કઈ અસરો જોવા મળે છે ?

   (A) સમાનતાવાદી મૂલ્યોનો વિકાસ (B) સ્ત્રી શિક્ષણમાં વધારો

   (C) દરજ્જાની માંગ (D) ઉપરોક્ત તમામ

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (D) **3.** (D) **4.** (D)

## 2.9 ચાવીરૂપ શબ્દો :

1. **પરિવર્તન :** પરિવર્તન એટલે ફેરફાર, ક્રાંતિ, પરિવર્તન માપવું/બદલાવું, ફેરફાર થવો વગેરે શબ્દોનું પ્રયોજન થાય છે. સમાજશાસ્ત્રમાં સામાજિક પરિવર્તન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે.
2. **જ્ઞાતિ :** જ્ઞાતિ એ વિભિન્ન ગોત્ર – જૂથોનાં કુટુંબનું બનેલું વિશિષ્ટ નામ ધરાવતું, સંગઠિત, અંતર્વિવાદી, કોટીક્રમિક ધરાવતું સ્તર જૂથ છે.

## 2.10 સ્વાધ્યાય લેખન :

1. સામાજિક પરિવર્તનનો અર્થ અને વ્યાખ્યાઓ સવિસ્તાર સમજાવો.
2. સામાજિક પરિવર્તનના કારણોની ચર્ચા કરો.
3. સામાજિક પરિવર્તનની અસરો વિગતવાર સમજાવો.

## 2.11 પ્રવૃત્તિ :

1. તમારા ફિલ્ડવર્કનાં ગામમાં જ્ઞાતિ વ્યવસ્થા પર સામાજિક પરિવર્તનની અસરો વિશે માહિતી મેળવી તે અંગેની નોંધ તૈયાર કરો.

## 2.12 કેસ સ્ટડી :

1. સામાજિક પરિવર્તનને કારણે સ્ત્રીઓના દરજ્જામાં આવેલ પરિવર્તન પૈકી કોઈ એક મહિલા વિશે વિગતવાર કેસ સ્ટડી તૈયાર કરો.

## 2.13 સંદર્ભગ્રંથ :


- શાહ અને દવે (2003) : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ અને દવે (2003) : ભારતની સામાજિક સંસ્થાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.
- પટેલ એ. (1999) : વિસ્થાપિતોના પુનઃવસવાટ અંગેની રાષ્ટ્રીય નીતિ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત.
- પટેલ જે. (2009) : રાષ્ટ્રીય પુનઃસ્થાપન નીતિ 2007, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- રાવ હેમીક્ષા (2009) : વિકાસનું સમાજશાસ્ત્ર, પાર્શ્વ પબ્લીકેશન અમદાવાદ.
- પરમાર બી. ડી. અને અન્ય (2009) : વિકાસ અને પર્યાવરણનું અર્થશાસ્ત્ર, સી. જમનાદાસ પ્રકાશન, અમદાવાદ.

# એકમ-3 વિસ્થાપન અને આપત્તિઓના કારણે કુટુંબમાં આવેલ પરિવર્તન અને તેની અસરો

: એકમનું માળખું :


3.0 એકમનો પરિચય

3.1 એકમના હેતુઓ

3.2 પ્રસ્તાવના

3.3 વિસ્થાપનની વિભાવના

3.4 આપત્તિની વિભાવના

3.5 વિસ્થાપન અને આપત્તિઓના કારણે કુટુંબમાં આવેલ પરિવર્તન અને તેની અસરો

3.6 ઉપસંહાર

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

3.9 ચાવીરૂપ શબ્દો

3.10 સ્વાધ્યાય લેખન

3.11 પ્રવૃત્તિ

3.12 કેસ સ્ટડી

3.13 સંદર્ભગ્રંથ


## 3.0 એકમનો પરિચય :

સમયની સાથે પરિવર્તન અનિવાર્ય છે. પરિવર્તન વગર નવીન બાબતોથી અજાણ રહેવા છે. સમાજમાં પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે. આર્થિ, સામાજિક અને રાજકીય ક્ષેત્રે ઘણાં પરિવર્તન થયેલ જોવા મળે છે. ઐતિહાસિક સંદર્ભથી કોઈપણ વ્યવસ્થાને જ્યારે આપણે જોઈએ છીએ ત્યારે આપણને વ્યવસ્થાતંત્રમાં પહેલાની સરખામણીએ સમયાંતરે તેમાં કયા-કયા ફેરફારો આવ્યા છે તેના વિશેનો ખ્યાલ આવી શકે.

આ એકમમાં વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં આવેલ પરિવર્તન અને તેની અસરો અંગેની વિસ્તૃત માહિતી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

## 3.1 એકમનો હેતુ :

આ એકમના અભ્યાસના અંતે વિદ્યાર્થીઓને નીચે મુજબની જાણકારી પ્રાપ્ત થશે.

(1) વિસ્થાપન એટલે શું ? તેની વિભાવના જાણવા મળશે.

(2) આપત્તિની વિભાવના જાણવા મળશે.

(3) વિસ્થાપન અને આપત્તિઓના કારણે કુટુંબમાં આવેલ પરિવર્તન અને તેની અસરો અંગે જાણવા મળશે.

## 3.2 પ્રસ્તાવના :

સામાજિક પરિવર્તન એક સતત ચાલતી પ્રક્રિયા છે. આયોજિત વિકાસની પ્રક્રિયા દરમિયાન ઘણીવાર જુદા–જુદા સ્થાનિક સમુદાયોને વિસ્થાપન કરવાની ફરજ પાડવામાં આવે છે. સરદાર સરોવર નર્મદા બંધના નિર્માણ દરમિયાન દક્ષિણ ગુજરાતના ઘણા આદિવાસી સમુદાયોને ફરજિયાત વિસ્થાપન કરવું પડ્યું હતું. આમ, વિસ્થાપનને કારણે સ્થાનિક મૂળનિવાસી લોકોએ પોતાના સામાજિક, સાંસ્કૃતિક વારસાને છોડવો પડે છે. વિસ્થાપિત થયેલા વ્યક્તિઓ અને તેના કુટુંબોનું પુનઃસ્થાપન કરવું તે તે સમાજકાર્યની મહત્ત્વની ભૂમિકા છે. વિસ્થાપિતોના પુનઃસ્થાપન માટે રાષ્ટ્રીય પુનઃસ્થાપન નીતિ 2007 કાર્યરત છે. સમાજકાર્યકરો કાયદાકીય નિયમોની મર્યાદામાં રહીને પોતાના વિસ્થાપિત થયેલા સેવાર્થીના વિકાસ માટે કાર્ય કરે છે. કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ પરસ્પર જોડાયેલ છે આપત્તીઓના કારણે ઘણીવાર વિસ્થાપન કરવાની ફરજ પડે છે. જેમકે ભૂકંપ કે પૂરના કારણે વિનાશ થવાથી સ્થાનિક લોકોએ ફરજિયાત વિસ્થાપન કરવાની ફરજ પડે છે. અહીં સ્થળાંતર અને વિસ્થાપન વચ્ચે રહેલ ભેદને સમજવો જરૂરી બની રહે છે. સ્થળાંતર કરીને ગયેલા લોકો ફરીવાર પોતના મૂળ સ્થાને પાછા ફરે છે. જ્યારે, વિસ્થાપિત થયેલા લોકો ફરી ક્યારે પોતાના મૂળ સ્થાને પાછા આવી શકતા સ્થાપિત થયેલા ફરી ક્યારે પોતાના મૂળ સ્થાને પાછા આવી શકતા નથી.

## 3.3 વિસ્થાપનની વિભાવના :

વિસ્થાપન એટલે કે વ્યક્તિ, પરિવાર અથવા પરિવારોના સમૂહ દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરવાની પ્રક્રિયા. કોઈપણ વ્યક્તિ અથવા સમાજની પ્રગતિ માટે સ્થાયીપણું ખૂબ જ જરૂરી છે. વારંવાર થતું વિસ્થાપન વ્યક્તિના વિકાસ માટે અવરોધક પુરવાર થાય છે. વિસ્થાપનના અનેક કારણો હોય છે જેમકે ભૂકંપ, વાવાઝોડું, સુનામી વગેરે જેવી કુદરતી આપત્તિઓને કારણે વિસ્થાપન થતું હોય છે. આ ઉપરાંત, દુશ્મન દેશનું આક્રમણ, ઉગ્રવાદી, નક્સલવાદી, કે આંતકવાદી હુમલાઓ, મોટા ઉદ્યોગોની સ્થાપના કે મોટા બંધોના નિર્માણ વખતે મોટાપાયે વિસ્થાપન થતું જોવા મળે છે. ભારતીય સમાજમાં જ્ઞાતિ આધારિત અસમાનતાઓને કારણે કોઈ ચોક્કસ જ્ઞાતિ સમૂહના કોઈ એક કુટુંબ અથવા તો કોઈ ચોક્કસ સમુદાયના બધા જ કુટુંબોએ ગામ કે સ્થાનિક વિસ્તારમાંથી વિસ્થાપન કરવાની ફરજ પડે છે.

ભારતમાં વિસ્થાપનની પ્રક્રિયા સતત ચાલુ રહી હોય તેમ જોવા મળે છે. વર્ષ 1960 પછી દેશના કુલ વિસ્થાપિત થયેલા લોકોમાંથી 45% લોકો અનુસૂચિત જનજાતીય વર્ગમાંથી આવે છે. વિસ્થાપિતોના પુનઃસ્થાપન માટે યોગ્ય અમલીકરણનો અભાવ હોવાથી ઘણા વિસ્થાપિતોએ શરણાર્થી તરીકે જીવન ગુજારવું પડે છે. વિસ્થાપિત થયેલા લોકો અસંગઠિત છે તેમના આરોગ્ય, શિક્ષણ, રોજગારી વગેરેના પ્રશ્નો ખૂબ જ વિકટ જોવા મળે છે. આમ, વિસ્થાપિતોનું યોગ્ય પુનઃસ્થાપન થાય તે જરૂરી બની રહે છે.

## 3.4 આપત્તિની વિભાવના :

આપત્તિ એટલે એવી અનિચ્છનીય પરિસ્થિતિ કે જે વ્યક્તિ અને સમાજને માટે લાંબાગાળાની પ્રતિકૂળ અસરો ઊભી કરે છે. આવી આપત્તિઓ બે પ્રકારની હોય છે. એક કુદરતી આપત્તિઓ અને બીજી માનવસર્જિત આપત્તિઓ. પૂર, ભૂકંપ, વાવાઝોડું, સુનામી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ વગેરેને કુદરતી આપત્તિઓ ગણી શકાય. જ્યારે, આગ લાગવી, કોમી રમખાણો, ઓદ્યોગિક અકસ્માતો, યુદ્ધ વગેરે માનવસર્જિત આપત્તિઓ છે.

આવી આપત્તિઓ માનવજીવન પર હંમેશા ઘણી જ નકારાત્મક અસરો પહોંચાડે છે. બીજા વિશ્વયુદ્ધ સમયે અમેરિકા દ્વારા જાપાનના હિરોશીમા અને નાગાશાકી શહેરો પર અણુબોમ્બ નાંખવામાં આવ્યાં હતાં. અણુબોમ્બથી ઉત્પન્ન થયેલા વિકિરણોની અસરને કારણે આજે પણ ત્યાં નવા જન્મતા બાળકો ખોડખાપણ સાથે જન્મે છે. આમ, આપત્તિઓ માનવ સમાજ માટે હંમેશા નુકસાનકારક અને અનિચ્છનીય રહેલ છે.

## 3.5 વિસ્થાપન અને આપત્તિઓના કારણે કુટુંબમાં આવેલ પરિવર્તન અને તેની અસરો :

વિસ્થાપન અને આપત્તિઓ પરસ્પર પૂરક બાબતો છે. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓને કારણે લોકો વિસ્થાપિત થતા હોય છે. જ્યારે, બીજી બાજુ વિસ્થાપનને કારણે લોકોના જીવનમાં ઘણી આપત્તિઓ આવી પડતી હોય છે. આમ, આપત્તિઓ અને વિસ્થાપનની પ્રક્રિયાને પરસ્પર એકબીજાની સાથે રાખીને જ યોગ્ય રીતે સમજી શકાય. અહીં આપણે વિસ્થાપન અને આપત્તિઓને કારણે આવેલ પરિવર્તનને નીચેના મુદ્દાઓના આધારે સમજવાનો પ્રયત્ન કરીશું :

(1) રહેઠાણની અનિશ્ચિતતા

(2) ભૌતિક સુવિધાઓનો અભાવ

(3) માનવ અધિકારોનો ભંગ

(4) ધર્માંતરણની શક્યતામાં વધારો

(5) અનાથ બાળકોના અને તેમની સુરક્ષાના પ્રશ્નોમાં વધારો

(6) મનોભાર અને માનસિક અસ્થિરતાની સમસ્યામાં વધારો

ઉપરોક્ત પરિવર્તનો વિશેની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે છે.

**(1) રહેઠાણની અનિશ્ચિતતા :** આપત્તિઓ અને વિસ્થાપનને કારણે લોકોએ પોતાના મૂળ સ્થાનથી બીજે રહેવા માટે જવું પડે છે. પોતાના સામાજિક સંસ્કૃતિક વારસાને છોડીને કુટુંબના બધા સભ્યોએ વિસ્થાપન કરવાની ફરજ પડે છે. તેથી કુટુંબના સભ્યોના પોતાના સંબંધી અને મિત્રો સાથેના સંબંધોમાં પરિવર્તન આવે છે. વિસ્થાપનને કારણે દૂર રહેવા જવાના કારણે કુટુંબના સામાજિક પ્રસંગોમાં હાજરી આપવી મુશ્કેલ બને છે. દા.ત. અમદાવાદમાં રોડ–રસ્તાના કામ વખતે કેટલા કુટુંબોને વિસ્થાપિત કરીને મહેસાણા નજીક જમીન અને મકાનો ફાળવવામાં આવ્યા. આમ, માનને બદલે મકાન મળી જવું એ પૂરતું નથી કારણે કે જે સામાજિક વિસ્થાપન થાય છે તેની કુટુંબજીવન પર ઘણી જ લાંબાગાળાની અસરો પડે છે. કૌટુંબિક સંબંધોમાં પરિવર્તન આવે છે. કુંટુંબના સભ્યો

પોતાના નજીકના સંબંધીઓની ગેરહાજરીને કારણે પોતાના ઘણા રીત–રિવાજો અને તહેવારો ઉજવી શકતા નથી.

(2) **ભૌતિક સુવિધાઓનો અભાવ :** વિસ્થાપનને કારણે વ્યક્તિ પોતાના મૂળ સ્થાનિક વિસ્તારથી દૂર રહેવા જાય છે આ નવા સ્થળે વ્યક્તિએ પોતાની જાતને બધી જ રીતે સમાયોજિત કરવી પડે છે. નવા સ્થળે રોજગારી, પાણી જેવી ભૌતિક જરૂરિયાતો માટે સતત સંઘર્ષ કરવો પડે છે .

તેવી જ રીતે કુદરતી કે માનવ સર્જિત આપત્તિઓને કારણે કટુંબમાં વિસ્થાપનની સ્થિતિ સર્જાય છે. ભૂકંપ અને પૂર જેવી આપત્તિઓને કારણે વ્યક્તિનું નિવાસ સ્થાન અને અન્ય ભૌતિક સુવિધાઓ જેવી કે જે વાહન, રાચરચીલું વગેરે નાશ પામે છે. આ સુવિધાઓનો અભાવ વ્યક્તિના જીવનમાં ઘણી મુશ્કેલીઓ સર્જે છે. ભૌતિક સુવિધાઓનો અભાવ કુટુંબના સભ્યોના વિકાસમાં અવરોધરૂપ બને છે.

(3) **માનવ અધિકારોનો ભંગ :** કુટુંબમાં વ્યક્તિની સુરક્ષા અને સંભાળની જરૂરિયાત પૂરી થાય છે. આ ઉપરાંત મનો–સામાજિક વિકાસમાં પણ કુટુંબની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની રહે છે. કુટુંબમાં વ્યક્તિના અધિકારોના રક્ષણ માટે કુટુંબના સભ્યો કાર્યરત હોય છે. વિસ્થાપન થવાથી વ્યક્તિની સામાજિક સુરક્ષા જોખમાય છે. તેના માનવ અધિકારોનો ભંગ થાય છે. કુદરતી કે માનવસર્જિત આપત્તિઓને કારણે પોતના ઘર છોડીને ગયેલા લોકોએ રાહત શિબિરોમાં રહેવું પડે છે જ્યાં તેમના વ્યક્તિ તરીકેના માનવઅધિકારોનો ભંગ થાય છે. આમ, વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબ સંસ્થામાં ઘણી નવી સમસ્યાઓ સર્જાય છે. કુદરતી આપત્તિઓના સમયે મહિલાઓ બાળકો અને વિકલાંગ વ્યક્તિઓએ સૌથી વધુ સહન કરવાનું આવે છે. બાળકો કુટુંબથી વિખૂટા પડી જાય છે ત્યારે તેમની સ્થિતિ દયનીય બની રહે છે. આમ, વિસ્થાપનથી કુટુંબજીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થાય છે.

(4) **ધર્માંતરણની શક્યતામાં વધારો :** વિસ્થાપન અને આપત્તિઓને કારણે કુટુંબમાં ઘણી મુશ્કેલીઓ સર્જાય છે. આજીવિકાના સ્ત્રોતો નાશ પામતા વ્યક્તિના જીવનમાં ઘણી મોટી કટોકટી સર્જાય છે.ઘરમાં કમાનાર સભ્યના અવસાન પછી ઘણી જ મુશ્કેલીઓ સર્જાય છે. કટોકટીમાં ફસાયેલા આવી વ્યક્તિઓને સહાય કરવા માટે ઘણી સામાજિક સંસ્થાઓ આગળ આવે છે. તેમાંથી ઘણી સંસ્થાઓ ચોક્કસ ધર્મના પ્રચાર માટે આપત્તિમાં ફસાયેલા લોકોની મજબૂરીનો લાભ લઈને ધર્માન્તરણની પ્રવૃત્તિઓ કરે છે. ધર્માન્તરણ દ્વારા કુટુંબ સંસ્થાની મૂલ્યવ્યવસ્થા રિવાજો ધોરણોના માળખામાં મોટાપાયે પરિવર્તન આવે છે.

(5) **અનાથ બાળકોના અને તેમની સુરક્ષાના પ્રશ્નોમાં વધારો :** વિસ્થાપન અને આપત્તિની પરિસ્થિતિને કારણે કુટુંબમાં ઘણા બાળકો અનાથ બની જાય છે. આવા અનાથ બાળકોનું પુનઃસ્થાપન એ સમાજકાર્યનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ કાર્ય છે. ખોવાયેલા બાળકોને તેમના માતા–પિતા પાસે મોકલવા અથવા તો તેમનું યોગ્ય પુનઃસ્થાપન કરવા માટે સરકાર દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. વર્તમાન સમયમાં સમાજ સુરક્ષા ખાતા દ્વારા દરેક જિલ્લામાં જિલ્લા બાળસુરક્ષા એકમ શરૂ કરવામાં આવેલ છે, જેના અંતર્ગત પાલક માતા–પિતાની યોજના કાર્યરત છે. કુટુંબથી વિખૂટા પડેલા બાળકોને આ યોજનાના માધ્યમથી

વ્યક્તિ કે સંસ્થાઓ પ્રાયોજિત (SPONSOR) કરીને તેના પુનઃસ્થાપન માટે કાર્ય કરી શકે છે. આમ, વિસ્થાપન કે આપત્તિની પરિસ્થિતિને કારણે કુટુંબમાં બાળકોના અનાથ થવાના, ખોવાઈ જવાના કે તેમનો દૂરુપયોગ થવાની શક્યતા વધી જાય છે.

**(6)** **મનોભાર અને માનસિક અસ્થિરતાની સમસ્યામાં વધારો :** કુદરતી કે માનવસર્જિત આપત્તિઓને કારણે વ્યક્તિના જીવનમાં ઘણી જ મોટી કટોકટી સર્જાય છે. આપત્તિઓ વ્યક્તિના મનો–સામાજિક જગતને હચમચાવી મૂકે છે. તેમાંય જ્યારે, આપત્તિઓના કારણે કોઈ નજીકના સગાનું અવસાન થાય ત્યારે વ્યક્તિ માનસિક રીતે અસ્થિર થઈ જાય છે. કુટુંબમાં આવી અસ્થિર કે માનસિક વિકલાંગ વ્યક્તિને કારણે ઘણા પ્રશ્નો ઊભા થાય છે. માનસિક વિકલાંગ વ્યક્તિની કાળજી લેવી તેની દેખરેખ રાખવી તે આપત્તિને સમયે ખૂબ જ મુશ્કેલ બની રહે છે, તેથી જે કુટુંબમાં આવી માનસિક વિકલાંગ વ્યક્તિ હોય ત્યાં કુટુંબ સતત સમસ્યાઓથી ઘેરાયેલું રહે છે. આમ, માનસિક વિકલાંગતા ઉદ્‌ભવવા માટે આપત્તિ કે વિસ્થાપન જવાબદાર હોઈ શકે. કોઈપણ પરિસ્થિતિને કારણે ઉદભવેલી વિકલાંગતા કુટુંબમાં સામાજિક–આર્થિક દરજ્જાને લગતા પરિવર્તનો સર્જે છે.

## 3.6 ઉપસંહાર :

પ્રસ્તુત એકમમાં આપણે વિસ્થાપન અને આપત્તિની વિભાવના જોઈ. બંને કુદરતી કે માનવસર્જિત હોઈ શકે છે. તેના કારણે કુટુંબજીવન પર પણ અસર પડે છે. કુટુંબજીવનમાં તેના કારણે અનેક પરિવર્તનો આવે છે. વ્યક્તિ અને કુટુંબના સભ્યોએ નવું અનુકૂલન સાધવું પડે છે. બાળકોથી માંડીને વૃદ્ધો સુધી કુટુંબના દરેક સભ્યએ બાહ્ય તેમજ આંતરિક અનુકૂલન સાધવું પડે છે. જે આ ઘટકમાં આપણે ખૂબ સારી રીતે સમજી શક્યા.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો :

1. કુદરતી આપત્તિઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

   (A) સુનામી (B) હુલ્લડો (C) મારામારી (D) ઉપરોક્ત તમામ

2. આપત્તિનાં મુખ્ય કેટલા પ્રકાર છે ?

   (A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

3. "જિલ્લા બાળસુરક્ષા એકમ" – સરકારના કયા વિભાગ અંતર્ગત ચાલે છે ?

   (A) સમાજ સુરક્ષા (B) સમાજ કલ્યાણ

   (C) ગ્રામવિકાસ વિભાગ (D) મહિલા અને બાળકલ્યાણ વિભાગ

4. પાલક માતા–પિતા યોજના અંતર્ગત બાળકોને દર મહિને કેટલા રૂપિયા મળે છે ?

   (A) એક હજાર રૂપિયા (B) બે હજાર રૂપિયા

   (C) ત્રણ હજાર રૂપિયા (D) પાંચ હજાર રૂપિયા

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**1.** (A) **2.** (A) **3.** (A) **4.** (C)

## 3.9 ચાવીરૂપ શબ્દો :

1. **વિસ્થાપન :** પરિસ્થિતિવશાત્ લોકોને પોતાના ઘરબાર છોડવા પડે તેવી સ્થિતિ કે ક્રિયા.
2. **પુનઃસ્થાપન :** ફરીથી સ્થાપવું તે; પુનઃ પ્રતિષ્ઠા.

## 3.10 સ્વાધ્યાય લેખન :

1. વિસ્થાપનની વિભાવના સવિસ્તાર સમજાવો.
2. આપત્તિની વિભાવના સવિસ્તાર સમજાવો.
3. વિસ્થાપન અને આપત્તિઓના કારણે કુટુંબમાં આવેલ પરિવર્તન અને તેની અસરો સવિસ્તાર સમજાવો.

## 3.11 પ્રવૃત્તિ :

1. વિકાસલક્ષી વિવિધ પ્રોજેક્ટનાં કારણે સ્થળાંતરિત કરવામાં આવેલ પરિવારો વિશેની માહિતી મેળવો અને તેઓના વિવિધ પ્રશ્નો વિશેની જાણકારી મેળવો.
2. જમીનસંપાદન અધિનિયમ – 2013 નો અભ્યાસ કરો.
3. પુનઃસ્થાપન અંગે સરકારશ્રીની વિવિધ નીતિઓ વિશે માહિતી મેળવો.

## 3.12 કેસ સ્ટડી :

1. વિકાસલક્ષી વિવિધ પ્રોજેક્ટના લીધે વિસ્થાપિત કરવામાં આવેલ પરિવારની મુલાકાત લઈ કોઈ એક પરિવાર વિશે વિગતવાર કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.13 સંદર્ભગ્રંથ :


- શાહ અને દવે (2003) : આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, અનડા પ્રકાશન, અમદાવાદ.
- શાહ અને દવે (2003) : ભારતની સામાજિક સંસ્થાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ.
- પટેલ એ. (1999) : વિસ્થાપિતોના પુનઃવસવાટ અંગેની રાષ્ટ્રીય નીતિ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત.
- પટેલ જે. (2009) : રાષ્ટ્રીય પુનઃસ્થાપન નીતિ 2007, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- રાવ હેમીક્ષા (2009) : વિકાસનું સમાજશાસ્ત્ર, પાર્શ્વ પબ્લીકેશન, અમદાવાદ.
- પરમાર બી. ડી. અને અન્ય (2009) : વિકાસ અને પર્યાવરણનું અર્થશાસ્ત્ર, સી. જમનાદાસ પ્રકાશન, અમદાવાદ.

**ડો. બાબાસાહેબ આંબેડકર**
# ઓપન યુનિવર્સિટી

**જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧**
**વેબસાઈટ : www.baou.edu.in**